ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ / 1213 / 990 / છ, તા. 8-1-2014 – થી મંજૂર

# સંસ્કૃત

## ધોરણ 10

**प्रतिज्ञापत्रम्**

भारतं मम देशः ।
सर्वे भारतीयाः मम भ्रातरः भगिन्यः च सन्ति ।
मम मानसे देशस्पृहा अस्ति । समृद्धिसहितं
विविधतापरिपूर्णं तस्य संस्कृतिगौरवम् अनुभवामि ।
अहं सदा तत्पात्रं भवितुं यत्नं करिष्यामि ।
अहं मम पितरौ आचार्यान् गुरुजनान् च प्रति
आदरभावं धारयिष्यामि ।
प्रत्येकेन सह शिष्टव्यवहारं करिष्यामि ।
अहं मम देशाय देशबान्धवेभ्यः च मम निष्ठाम् अर्पयामि ।
तेषां कल्याणे समृद्धौ च एव मम सुखम् अस्ति ।

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી સુરેશચંદ્ર જ. દવે

**લેખન-સંપાદન**
ડૉ. કમલેશકુમાર છ. ચોકસી (કન્વીનર)
ડૉ. મનસુખ કે. મોલિયા
ડૉ. મોહિની ડી. આચાર્ય
શ્રી પૂર્ણિમા એલ. દવે
શ્રી મહારુદ્ર કે. શર્મા
શ્રી સ્મિતાબહેન બી. જોષી

**સમીક્ષા**
ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યા
ડૉ. જે. કે. ભટ્ટ
ડૉ. સુરેશકુમાર ટી. વ્યાસ
ડૉ. મહાકાન્ત જે. જોષી
ડૉ. ભરતકુમાર ડી. પરમાર
ડૉ. ભાવપ્રકાશ એમ. ગાંધી
ડૉ. જયશ્રી કે. દવે
ડૉ. મહેશકુમાર એ. પટેલ
ડૉ. ધર્મેન્દ્રકુમાર પી. પટેલ
શ્રી મહેશભાઈ બી. જોષી
શ્રી મિહિર પી. ઉપાધ્યાય
શ્રી યોગેશકુમાર એમ. ગોરાને
શ્રી અજિતકુમાર એમ. ભાલૈયા
શ્રી જગદીશભાઈ ટી. ખાંટ

**ચિત્રાંકન**
શિલ્પ ગ્રાફિક્સ

**સંયોજન**
શ્રી કિશનભાઈ એફ. વસાવા
(વિષય-સંયોજક : ગુજરાતી-સંસ્કૃત)

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

એન.સી.ઈ.આર.ટી. તેમજ NCF-2005 અંતર્ગત નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ, પાઠ્યક્રમ તેમજ શિક્ષણ-પ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. તે અનુસંધાનમાં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલ **ધોરણ 10ના સંસ્કૃત** વિષયના અભ્યાસક્રમને આધારે પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકમાં સંસ્કૃતના ભાષાકીય, સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક વૈવિધ્યને લક્ષ્યમાં લીધેલું છે. જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ કેટલાંક સંપાદન તેમજ સ્વતંત્ર પાઠની સંરચના કરવામાં આવી છે. સંસ્કૃત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને અહીં પ્રતિનિધિત્વ અપાયું છે. પ્રસ્તુત પાઠ્યપુસ્તક દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ અને તર્કશક્તિ વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય તેમજ અધ્યયન-અધ્યાપન-પ્રક્રિયામાં મદદરૂપ થાય તે રીતે પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે અધ્યાપનકાર્ય કરતા શિક્ષકો અને વિષયના તજ્જ્ઞો દ્વારા વિવિધ દૃષ્ટિકોણથી સમીક્ષા કરાવવામાં આવેલી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં યોગ્ય સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારા-વધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તકની સંરચના કરવામાં જેમણે અથાગ પ્રયત્નો કર્યા છે અને સંપૂર્ણ સહકાર આપ્યો છે, તે સૌના યોગદાનની અત્રે નોંધ લઈએ છીએ.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

| | |
|---|---|
| **ડૉ. ભરત પંડિત** | **ડૉ. નીતિન પેથાણી** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા. 3-3-2015 | ગાંધીનગર |

પ્રથમ આવૃત્તિ : 2014, પુનઃમુદ્રણ : 2014

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી ભરત પંડિત, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે પ્રમાણે રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | सं वदध्वम् | 1 |
| 2. | यद्भविष्यो विनश्यति | 5 |
| 3. | स्वस्थवृत्तं समाचर | 10 |
| 4. | जनार्दनस्य पश्चिमः सन्देशः | 14 |
| 5. | गुणवती कन्या | 20 |
| 6. | काष्ठखण्डः | 26 |
| 7. | सुभाषितकुसुमानि | 31 |
| 8. | साक्षिभूतः मनुष्यः | 35 |
| 9. | चक्षुष्मान् अन्ध एव | 40 |
| 10. | त्वमेका भवानि | 44 |
| 11. | यस्य जननं तस्य मरणम् | 48 |
| 12. | कलिकालसर्वज्ञो हेमचन्द्रः | 53 |
| 13. | गीतामृतम् | 58 |
| 14. | क इदं दुष्करं कुर्यात् | 63 |
| 15. | जयः पराजयो वा | 69 |
| 16. | अद्भुतं युद्धम् | 74 |
| 17. | स्वाभाविकं सादृश्यम् | 79 |
| 18. | मुक्तानि मुक्तकानि | 83 |
| 19. | सत्यं मयूरः | 88 |
| 20. | तथैव तिष्ठति | 93 |
| | अभ्यास 1 : પુનરાવર્તન અને ક્રિયાપદ-પરિચય | 97 |
| | अभ्यास 2 : વિશેષણ-પ્રયોગ-પરિચય | 104 |
| | अभ्यास 3 : ઉપપદ-વિભક્તિ-પરિચય | 112 |
| | अभ्यास 4 : કૃદંત-પરિચય | 114 |
| | अभ्यास 5 : સમાસ-પરિચય | 119 |
| | अभ्यास 6 : વિસર્ગસંધિ-પરિચય | 122 |

# 1. सं वदध्वम्


વેદો ભારતીય જ્ઞાન અને ધર્મપરંપરાના આદિસ્રોત છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ નામથી જાણીતા આ ચાર વેદ પદ્યાત્મક છે. વેદનાં આ પદ્યોને મંત્ર તરીકે ઓળખવામાં આવે છે. આવા મંત્રોમાં અનેક પ્રકારની સ્તુતિઓ આવેલી છે. આવી સ્તુતિઓ દ્વારા ઉપદેશ પણ આપવામાં આવ્યો છે.

વેદની વિચારધારાને આગળ ધપાવવા માટે વેદની આ પ્રકારની પ્રાર્થનાઓમાંથી પ્રેરણા લઈને જુદા જુદા વિદ્વાન ભક્ત-કવિઓએ પણ અનેક સ્તુતિઓ, પ્રાર્થનાઓ જુદા જુદા લૌકિક છંદોમાં રચી છે. આવી પ્રાર્થનાઓ પણ પદ્યમાં હોય છે અને તેને શ્લોક તરીકે ઓળખવામાં આવે છે. આ રચનાઓમાં પણ વેદોની જેમ વૈશ્વિક ખ્યાલ રાખવામાં આવ્યો છે એટલું જ નહિ, મનુષ્યથી પણ આગળ વધીને પ્રાણીમાત્રના કલ્યાણની કામના વ્યક્ત કરવામાં આવી છે. આવી જ સુપ્રસિદ્ધ બે પ્રાર્થનાઓ પણ અહીં પ્રસ્તુત છે.

પ્રત્યેક કાર્યનો પ્રારંભ કરતા પહેલાં મંગલાચરણ કરવાની આપણી પરંપરા છે. આ પરંપરાને અનુસરીને આ મંત્રો તેમજ શ્લોકો દ્વારા સંસ્કૃતના અભ્યાસનું મંગલાચરણ કરીશું. પ્રસ્તુત પાઠમાં પસંદ કરાયેલા ઋગ્વેદના મંત્રમાં સામાજિક વ્યવહાર અંગેનો ઉપદેશ છે. યજુર્વેદમાંથી પસંદ કરાયેલા બીજા મંત્રમાં દુર્ગુણોને દૂર કરવા માટેની પ્રાર્થના છે. જ્યારે ત્રીજા અથર્વવેદના મંત્રમાં પારિવારિક જીવનનો આદર્શ બની રહે તેવો એક ઉપદેશ આપવામાં આવ્યો છે. છેલ્લાબે શ્લોકમાં સમગ્ર સમાજ તથા દેશનું હિત અને કલ્યાણ થાય એવી શુભકામના પ્રગટ થયેલી છે.

सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे सं जानाना उपासते ॥ 1 ॥ ऋग्वेदे 10.191.2

विश्वानि देव सवितर्दुरितानि परा सुव ।
यद्भद्रं तन्नऽ आ सुव ॥ 2 ॥ यजुर्वेदे 30.3



अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमनाः।
जाया पत्ये मधुमतीं वाचं वदतु शान्तिवाम् ॥ 3 ॥ अथर्ववेदे 3.30.2

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥ 4 ॥

काले वर्षतु पर्जन्यः पृथिवी सस्यशालिनी।
देशोऽयं क्षोभरहितो मानवाः सन्तु निर्भयाः ॥ 5 ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) अनुव्रतः** વ્રતની પાછળ ચાલનાર **निरामयः** આમય વગરનો એટલે રોગરહિત, નીરોગી **पर्जन्यः** વરસાદ

**(સ્ત્રીલિંગ) जाया** પત્ની **पृथिवी** ધરતી, ભૂમિ

**(નપુંસકલિંગ) दुरितम्** ખરાબ કાર્ય, દુર્ગુણ

**સર્વનામ : वः** તમારા **विश्वानि (નપું.)** બધાં **यत् (નપું.)** જે **तत् (નપું.)** તે **नः** અમારા **सर्वे (પું.)** બધા **अयम् (પું.)** આ

**વિશેષણ : मधुमतीम् ( वाचम् )** મધુરતાવાળી (વાણી)ને **क्षोभरहितः ( देशः )** ગભરાટરહિત, ઉચાટ વગરનો, **मानवाः** માનવો **निर्भयाः** ભય વગરના, ભયથી રહિત

**અવ્યય : यथा** જેમ **मा** નહિ, નિષેધ

**સમાસઃ क्षोभरहितः ( क्षोभेन रहितः - तृतीया तत्पुरुष )**

**ક્રિયાપદ : પ્રથમ ગણ :** (પરસ્મૈ.) **भू ( भवति )** હોવું, થવું **वद् ( वदति )** બોલવું, કહેવું **दृश् > पश्य् ( पश्यति )** જોવું, દેખવું **वर्ष् ( वर्षति )** વરસવું

## વિશેષ

**1. શબ્દાર્થ : सम् गच्छध्वम्** (તમે સહુ) સાથે સાથે ચાલો, સાથે સાથે જાવ. **सम् वदध्वम्** (તમે સહુ) સાથે સાથે બોલો **मनांसि** મન (બ.વ.) **सम् जानताम्** એક સરખું જાણો **भागम्** હવિના ભાગને, (અગ્નિમાં હોમવાના હવિના હિસ્સાને) **पूर्वे** પૂર્વેના, પહેલાંના **सम् जानानाः** સરખું જાણનારા, સમાન જ્ઞાન ધરાવનારા, એકમત રહેનારા **उपासते** ઉપાસે છે, ભોગવે છે **सवितः** હે સૂર્યદેવતા, હે ઉત્પત્તિ કરનારા દેવ (સંબોધન છે.) **परा सुव** (તું) દૂર કર **आ सुव** (તું) પ્રાપ્ત કરાવ. **पितुः** પિતાના **मात्रा** માતાની સાથે **संमनाः** સમાન મન-વિચારવાળો **वाचम्** વાણીને, વચનોને **शान्तिवाम्** શાન્તિ આપનારી, શાન્તિથી યુક્ત **भद्राणि** કલ્યાણકારી બાબતો, મંગલકારી ભાવનાઓ **कश्चित्** કોઈ પણ **दुःखभाग्** દુ:ખનો ભાગીદાર, દુ:ખ ભોગવનાર **काले** સમય થતાં, કાળ આવતાં **सस्यशालिनी** અન્ન આપવાના સ્વભાવવાળી, અનાજને લીધે શોભતી

**2. સંધિ :** सवितर्दुरितानि (सवितः दुरितानि)। यद्भद्रम् (यत् भद्रम्)। तन्न आसुव (तत् नः आसुव)। पुत्रो मात्रा (पुत्रः मात्रा)। देशोऽयं क्षोभरहितो मानवाः (देशः अयम् क्षोभरहितः मानवाः)।

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) पूर्वे के सं जानानाः भागम् उपासते ? ◯

(क) मनुष्याः (ख) असुराः (ग) देवाः (घ) सर्वे

(2) कविः किं याचते ? ◯

(क) भद्रम् (ख) दुरितम् (ग) सुखम् (घ) धनम्

(3) जाया कीदृशीं वाचं वदतु ? ◯

(क) ललिताम् (ख) शान्तिवाम् (ग) ज्ञानयुताम् (घ) शोभनाम्

(4) सर्वे कीदृशाः भवन्तु ? ◯

(क) योगिनः (ख) मानिनः (ग) सुखिनः (घ) बलिनः

(5) पर्जन्यः कदा वर्षतु ? ◯

(क) ह्यः (ख) अद्य (ग) श्वः (घ) काले

(6) हे देव ............... दुरितानि परासुव। ◯

(क) अग्ने (ख) वरुण (ग) सवितर् (घ) वायो

(7) पुत्रः ............... अनुव्रतः भवतु। ◯

(क) मित्रस्य (ख) मातुः (ग) पितुः (घ) स्वसुः

(8) ............... निरामयाः भवन्तु। ◯

(क) पक्षिणः (ख) जन्तवः (ग) सर्वे (घ) पशवः

(9) सर्वे ............... पश्यन्तु। ◯

(क) दुरितानि (ख) फलानि (ग) धनानि (घ) भद्राणि

(10) पृथिवी ............... भवतु। ◯

(क) बलशालिनी (ख) सस्यशालिनी (ग) जलपूर्णा (घ) धनपूर्णा

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरत ।**

(1) पूर्वे देवाः कथं भागम् उपासते ?

(2) जाया कस्मै मधुमतीं वाचं वदतु ?

(3) मानवाः कीदृशाः सन्तु ?

(4) कः क्षोभरहितः भवतु ?

**3. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं प्रयुज्य प्रश्नवाक्यं रचयत ।**

(कदा, कः, कीदृशी, का)

(1) जाया मधुमतीं वाचं वदतु।

(2) पुत्रः मात्रा संमनाः भवतु।

(3) काले वर्षतु पर्जन्यः।

**4. आज्ञार्थस्य अन्यपुरुष-बहुवचनरूपाणि चिनुत ।**

| | | |
|---|---|---|
| भवतु | सन्तु | भवेत् |
| पश्यन्तु | वर्षतु | भवन्तु |

**5. प्रश्नानाम् उत्तराणि मातृभाषायां लिखत ।**

(1) ઋષિ સૂર્ય પાસે શાની યાચના કરે છે ?

(2) પતિ પ્રત્યે પત્નીએ કેવી વાણી ઉચ્ચારવી જોઈએ ?

(4) ઋષિ બધાં માટે શી આશા વ્યક્ત કરે છે ?

(4) સંગઠિત રહેવા માટે કવિ શું કરવાનું સમજાવે છે ?

**6. मा कश्चिद् दुःखभाग् भवेत् –** સૂક્તિના આ ભાવને તમારા શબ્દોમાં વર્ણવો.

**7. श्लोकपूर्तिं कुरुत ।**

(1) सं गच्छध्वं ............... उपासते ॥

(2) सर्वे भवन्तु ............... भवेत् ॥

**प्रवृत्ति**

- શાળામાં યોજાતા કાર્યક્રમોમાં આ મંત્રો–શ્લોકોને પ્રાર્થના તરીકે રજૂ કરો.
- આવા જ પ્રકારના બીજા મંત્રો અને શ્લોકોનો સંગ્રહ કરો.

•

સંસ્કૃતમાં પંચતંત્ર અને હિતોપદેશ એ પ્રાણીકથાના પ્રસિદ્ધ ગ્રંથો છે. તેમાં પ્રાણીઓને પાત્રો તરીકે લઈને મનુષ્યોને જીવનમાં ઉપયોગી ડહાપણનો બોધ ખૂબ સરળ અને સહજ રીતે આપવામાં આવ્યો છે. બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સૌ કોઈને વાર્તા સાંભળવી ગમે છે. રસની અનુભૂતિ થતી હોવાથી વાર્તામાં ગૂંથવામાં આવેલા બોધનો સહેજ પણ ભાર લાગતો નથી.

આ પાઠ પંચતંત્ર અને હિતોપદેશ એમ બંને ગ્રંથોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. પંચતંત્રના રચયિતા વિષ્ણુશર્મા છે. તેમણે મિત્રભેદ, મિત્રસંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધપ્રણાશ અને અપરીક્ષિતકારક એમ પાંચ વિભાગોમાં પંચતંત્રની રચના કરી છે. તેમાં પ્રથમ વિભાગ મિત્રભેદમાં આ વાર્તા મળે છે. હિતોપદેશના રચયિતા નારાયણ પંડિત છે. હિતોપદેશમાં મિત્રલાભ, સુહૃદ્ભેદ, વિગ્રહ અને સંધિ એમ કુલ ચાર વિભાગો છે. તેમાં સંધિ નામના ચોથા વિભાગમાં આ વાર્તા છે.

અહીં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ અને યદ્ભવિષ્ય એમ ત્રણ માછલાંની વાર્તા છે. માછીમારોથી બચવા માટે અનાગતવિધાતા બીજા સરોવરમાં જતું રહે છે. પ્રત્યુત્પન્નમતિ જાળમાં ફસાય છે ત્યારે પોતાની શીઘ્રબુદ્ધિથી માર્ગ કાઢીને જાતનું રક્ષણ કરે છે. યદ્ભવિષ્ય નામનું ત્રીજું માછલું 'આવશે ત્યારે જોઈ લઈશું' એમ વિચારી ભવિષ્યને આધારે બેસી રહીને પોતાનો વિનાશ નોતરે છે. ત્રણેય માછલાંને આપવામાં આવેલાં નામ તેમના સ્વભાવનો નિર્દેશ કરે છે.

ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનો ઉપાય માણસે અગાઉથી વિચારવો જોઈએ અને મુશ્કેલી આવી પડે ત્યારે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને તેમાંથી માર્ગ શોધવો જોઈએ. માત્ર નસીબના જ આધારે બેસી રહેનાર આળસુ અને નિરુદ્યમીની દશા યદ્ભવિષ્ય જેવી થાય છે.

पुरा एकस्मिन् जलाशये अनागतविधाता, प्रत्युत्पन्नमतिः यद्भविष्यश्चेति त्रयो मत्स्याः वसन्ति स्म। अथ कदाचित् तं जलाशयं दृष्ट्वा धीवरैः उक्तम् – ''अहो बहुमत्स्योऽयं ह्रदः। कदाचिद् अपि न अस्माभिः अन्वेषितः। तदद्य आहारवृत्तिः सञ्जाता। श्वः अत्रागम्य मत्स्यकूर्मादयो व्यापादयितव्याः इति निश्चयः।''



अथ तेषां तत्कुलिशोपमं वचनं समाकर्ण्य मत्स्याः परस्परं प्राहुः – ''श्रुतोऽयं धीवरालापः। अधुना अस्माभिः किं कर्तव्यम्।'' तत्र अनागतविधाता नाम मत्स्यः प्राह – ''नूनं प्रभातसमये धीवराः अत्रागम्य मत्स्यसंक्षयं करिष्यन्ति इति मम मनसि वर्तते। तन्न युक्तं साम्प्रतं क्षणमपि अत्र अवस्थातुम्। अस्माभिः रात्रौ एव किञ्चित् समीपं सरः गन्तव्यम्। अहं तावत् जलाशयान्तरं गच्छामि।''

अपरः प्रत्युत्पन्नमतिः प्राह – ''भविष्यदर्थे प्रमाणाभावात् कुत्र मया गन्तव्यम्। तदुत्पन्ने यथाकार्यं तदनुष्ठेयम्। तथा चोक्तम् – उत्पन्नामापदं यस्तु समाधत्ते स बुद्धिमान्।''

ततो यद्भविष्येण उक्तम् – ''धीवराणां वचनमात्रेण पितृपैतामहिकस्य जलाशयस्य त्यागः न युज्यते। यदि आयुःक्षयोऽस्ति तदा अन्यत्र गतानामपि मृत्युः भविष्यति एव। उक्तं च –

यदभावि न तद्भावि भावि चेन्न तदन्यथा।
इति चिन्ताविषघ्नोऽयमगदः किं न पीयते॥''

अथ तयोः निश्चयं ज्ञात्वा अनागतविधाता निष्क्रान्तः सह परिजनेन। द्वौ इमौ तत्रैव जलाशये स्थितौ। अपरेद्युः धीवरैः आगत्य जलाशये जालं क्षिप्तम्। जालेन बद्धः प्रत्युत्पन्नमतिः मृतवद् आत्मानं संदर्श्य स्थितः। ततो जालाद् अपसारितः यथाशक्ति उत्प्लुत्य गम्भीरं नीरं प्रविष्टः। यद्भविष्यः धीवरैः प्राप्तः व्यापादितः च। अत एवोक्तम् –

अनागतविधाता च प्रत्युत्पन्नमतिस्तथा।
द्वावेतौ सुखमेधेते यद्भविष्यो विनश्यति॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) जलाशयः** તળાવ, સરોવર **अनागतविधाता** એક મત્સ્યનું નામ (આ શબ્દનો અર્થ છે - જે આવ્યું નથી, તેનું વિધાન કરનાર, આપત્તિ આવે તે પહેલાં તેનાથી બચવાનો ઉપાય કરનાર) **प्रत्युत्पन्नमतिः** એક મત્સ્યનું નામ (આ શબ્દનો અર્થ છે - પ્રત્યુત્પન્ન એટલે કે હાજરજવાબી, તત્કાળ નિર્ણય લેનારી બુદ્ધિ જેની છે તે) **यद्भविष्यः** એક મત્સ્યનું નામ (આ શબ્દનો અર્થ છે - જે થવાનું હોય તે થાય એવા ખ્યાલવાળો) **मत्स्यः** માછલો, માછલું (નર) **धीवरः** માછીમાર **आलापः** વાતચીત, સંવાદ **ह्रदः** તળાવ, સરોવર **मृत्युः** મૃત્યુ, મરણ (સંસ્કૃતમાં આ પું.માં વપરાય છે.) **अगदः** ઔષધ **परिजनः** પોતાના કુટુંબનો માણસ, પોતાનો બંધુ **कुलिशः** વજ્ર, ઈન્દ્રનું એ નામનું હથિયાર

**(સ્ત્રીલિંગ) आहारवृत्तिः** ખોરાકપાણી

**(નપુંસકલિંગ) जालम्** જાળ, માછલાં પકડવા માટે વપરાતી જાળી **नीरम्** પાણી, જળ

**સર્વનામ : एकस्मिन्** (પું.) એકમાં **तम्** (પું.) તેને **अस्माभिः** (પું. નપું.) અમારા દ્વારા, અમારાથી **तेषाम्** (પું. નપું.) તેમનું, તે બધાનું **मम** મારું **अपरः** બીજો **मया** મારાથી **यः** (પું.) જે **सः** (પું.) તે, પેલો **तयोः** (પું. નપું.) તે બંનેનું, તેમનું **इमौ** (પું.) આ બંને, આ બે **एतौ** (પું.) આ બંને, આ બે

**વિશેષણ : बहुमत्स्यः अयम् ( ह्रदः )** ઘણી બધી માછલીઓવાળો આ (તળાવ, સરોવર) **कुलिशोपमम् ( वचनम् )** કુલિશ-વજ્ર (ઈન્દ્રનું અણીદાર હથિયાર, પર્વતને પણ તોડી પાડે તેવું ઉગ્ર)ની ઉપમા આપી શકાય તેવું (વચન) **पितृपैतामहिकः ( जलाशयः )** બાપ-દાદાઓની સાથે સંબંધ ધરાવનાર (તળાવ), પૈતૃક વારસામાં જેનો વપરાશ કરવાનું પ્રાપ્ત થયું છે તેવું (જળાશય) **गम्भीरम् ( नीरम् )** ઘેરું (પાણી), ઊંડું (જળ)

**અવ્યય : पुरा** પહેલાં, અગાઉ **अथ** હવે, (પ્રારંભના અર્થમાં વપરાતો શબ્દ) **अद्य** આજે **श्वः** આવતી કાલે **अधुना** અત્યારે **मृतवत्** મરેલા જેવો **यथाशक्ति** શક્તિ પ્રમાણે **अतः एव** એટલા માટે જ

**કૃદંત : ( सं.भू.कृ. ) दृष्ट्वा** જોઈને **समाकर्ण्य** સાંભળીને **ज्ञात्वा** જાણીને **आगम्य** આવીને **संदर्श्य** દેખાડીને **उत्प्लुत्य** કૂદીને, કૂદકો મારીને **( विध्यर्थ कृदन्त ) व्यापादयितव्याः** મારવા જોઈએ, મારવા **कर्तव्यम्** કરવા જેવું, કરવા યોગ્ય, કરવું જોઈએ **गन्तव्यम्** જવા યોગ્ય, જવું જોઈએ **अनुष्ठेयम्** અનુષ્ઠાન કરવા યોગ્ય, અનુષ્ઠાન કરવું જોઈએ **( हेत्वर्थ कृदन्त ) अवस्थातुम्** ઊભા રહેવા માટે, ટકી રહેવા માટે **( कर्मणि भू. कृ. ) उक्तम्** કહ્યું, કહેલું **अन्वेषितः** શોધ્યું, શોધેલું **सञ्जाता** જન્મી, ઉત્પન્ન થઈ **निष्क्रान्तः** નીકળી ગયો. બહાર જતો રહ્યો. **स्थितौ** (બે જણ) રહ્યા. **क्षिप्तम्** ફેંક્યું. નાખેલું **बद्ध** બંધાયેલો **अपसारितः** દૂર સરકાવ્યો. દૂર કરેલો **प्रविष्टः** પ્રવેશ્યો.

**સમાસઃ** अनागतविधाता (न आगतम् – अनागतम्, नञ् तत्पुरुष), अनागतस्य विधाता – षष्ठी तत्पुरुष)। प्रत्युत्पन्नमतिः (प्रत्युत्पन्ना मतिः यस्य सः – बहुव्रीहि)। बहुमत्स्यः (बहवः मत्स्याः यस्मिन् सः – बहुव्रीहि)। आहारवृत्तिः (आहारस्य वृत्तिः – षष्ठी तत्पुरुष)। कुलिशोपमम् (कुलिशस्य उपमा यस्य सः, बहुव्रीहि)। धीवरालापः (धीवराणाम् आलापः – षष्ठी तत्पुरुष)। प्रभातसमये (प्रभातस्य समयः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। मत्स्यसंक्षयम् (मत्स्यानां संक्षयः, तम् – षष्ठी तत्पुरुष)। जलाशयान्तरम् (अन्यः जलाशयः – जलाशयान्तरम्, कर्मधारय)। (प्रमाणाभावात् (प्रमाणानाम् अभावः, तस्मात् – षष्ठी तत्पुरुष)। आयुःक्षयः (आयुषः क्षयः – षष्ठी तत्पुरुष)।

[**સૂચના :** આ પુસ્તકમાં આપવામાં આવેલા સમાસનાં વિગ્રહવાક્યો માત્ર અધ્યાપન સહાય માટે જ આપવામાં આવ્યાં છે.]

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) वस्** રહેવું, વસવું, નિવાસ કરવો **( वसति ) गम् › गच्छ्** જવું **( गच्छति )** (આત્મનેપદ) **वृत्** થવું, હોવું **( वर्तते ) एध्** વધવું, વૃદ્ધિ પામવું **( एधते )**

## વિશેષ

**1. શબ્દાર્થ : अस्माभिः अन्वेषितः** અમે (આપણે) શોધી લીધો. **आहारवृत्तिः सञ्जाता** જમવા જેટલી વ્યવસ્થા થઈ ગઈ છે. **धीवरालापः** માછીમારોની વાતચીત **मत्स्यसंक्षयम्** માછલાંઓનો નાશ **करिष्यन्ति इति मम मनसि वर्तते** (તેઓ) કરશે એવું મારા મનમાં છે. **तत् न युक्तम्** તે યોગ્ય નથી. તે વાજબી નથી. **साम्प्रतम्** અત્યારે **जलाशयान्तरम्** બીજા તળાવ તરફ **भविष्यदर्थे** ભવિષ્ય માટે, આવનાર સમયને માટે **प्रमाणाभावात्** પ્રમાણનો અભાવ હોવાથી, ખાતરી ન થતી હોવાથી **यथाकार्यम्** કાર્ય મુજબ, કાર્ય પ્રમાણે **उत्पन्नाम् आपदम्** ઉત્પન્ન થયેલી આપત્તિને **समाधत्ते** સમાધાન કરે છે **चिन्ताविषघ्नः** ચિંતારૂપી વિષથી હણાયેલો **किम् न पीयते** શા માટે પીવાતો નથી ?

**2. સંધિ :** यद्भविष्यश्चेति (यद्भविष्यः च इति)। त्रयो मत्स्याः (त्रयः मत्स्याः)। बहुमत्स्योऽयं ह्रदः (बहुमत्स्यः अयम् ह्रदः)। अत्रागम्य (अत्र आगम्य)। मत्स्यकूर्मादयो व्यापादयितव्याः (मत्स्यकूर्मादयः व्यापादयितव्याः)। श्रुतोऽयम् (श्रुतः अयम्)। अत्रागम्य (अत्र आगम्य)। तन्न युक्तम् (तत् न युक्तम्)। चोक्तम् (च उक्तम्)। यस्तु (यः तु)। आयुःक्षयोऽस्ति (आयुःक्षयः अस्ति)। चिन्ताविषघ्नोऽयमगदः (चिन्ताविषघ्नः अयम् अगदः)। तत्रैव (तत्र एव)। ततो जालात् (ततः जालात्)। अत एवोक्तम् (अतः एव उक्तम्)। द्वावेतौ (द्वौ एतौ)। यद्भविष्यो विनश्यति (यद्भविष्यः विनश्यति)।

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) धीवराणां वचनं कीदृशम् आसीत् ? ◯

(क) विषोपमम् (ख) अनलोपमम् (ग) कुलिशोपमम् (घ) कृतान्तोपमम्

(2) अन्यं जलाशयं गन्तुं कः मत्स्यः निश्चयं करोति ? ◯

(क) सर्वे (ख) अनागतविधाता (ग) यद्भविष्यः (घ) प्रत्युत्पन्नमतिः

(3) धीवरैः उक्तम्, अद्य अस्माकं वृत्तिः ............... । ◯

(क) सञ्जाता (ख) सञ्जातः (ग) सञ्जातिः (घ) सञ्जातम्

(4) अनागतविधाता ............... सह निष्क्रान्तः। ◯

(क) परिजनम् (ख) परिजनाय (ग) परिजनस्य (घ) परिजनेन

(5) प्रत्युत्पन्नमतिः प्राह, भविष्यदर्थे प्रमाणाभावात् कुत्र मया ............... । ◯

(क) गन्तुम् (ख) गतम् (ग) गन्तव्यम् (घ) गतः

(6) अनागतविधाता प्राह, अत्र क्षणमपि ............... न युक्तम्। ◯

(क) अवस्थातुम् (ख) अवस्थितः (ग) गन्तुम् (घ) अवगम्य

**2. एकवाक्येन संस्कृतभाषया उत्तरत ।**

(1) जलाशये के त्रयः मत्स्याः वसन्ति स्म ?

(2) अपरेद्युः धीवरैः जलाशये किं क्षिप्तम् ?

(3) कौ द्वौ मत्स्यौ जलाशये एव स्थितौ ?

(4) जालात् अपसारितः प्रत्युत्पन्नमतिः कीदृशं नीरं प्रविष्टः ?

(5) कः मत्स्यः धीवरैः व्यापादितः ?

**3. अधोलिखितानां कृदन्तानां प्रकारं लिखत ।**

(1) सञ्जाता ............... (2) अनुष्ठेयम् ...............

(3) समाकर्ण्य ............... (4) बद्धः ...............

(5) अवस्थातुम् ............... (6) गन्तव्यम् ...............

**4. समासप्रकारं लिखत ।**

(1) जलाशयान्तरम् ............... (2) बहुमत्स्यः ...............

(3) धीवरालापः ............... (4) प्रत्युत्पन्नमतिः ...............

(5) प्रमाणाभावात् ...............

**5. सन्धिविच्छेदं कुरुत ।**

(1) यद्भविष्यश्चेति ...............

(2) श्रुतोऽयम् ...............

(3) प्रत्युत्पन्नमतिस्तथा ...............

**6. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(कदा, कस्मात्, कीदृशः, केन, कः, किम्)

(1) बहुमत्स्यः अयं ह्रदः।

(2) अस्माभिः रात्रौ एव समीपं सरः गन्तव्यम्।

(3) अनागतविधाता परिजनेन सह निष्क्रान्तः।

(4) प्रत्युत्पन्नमतिः जालात् अपसारितः।

(5) धीवरैः यद्भविष्यः व्यापादितः।

**7. कथायाः क्रमानुसारेण वाक्यानि लिखत ।**

(1) अहं तावज्जलाशयान्तरं गच्छामि।

(2) पितृपैतामहिकस्य जलाशयस्य त्यागः न युज्यते।

(3) प्रमाणाभावात् कुत्र मया गन्तव्यम्।

(4) श्वः अत्र आगम्य मत्स्यकूर्मादयो व्यापादयितव्याः।

(5) धीवरैः जलाशये जालं क्षिप्तम्।

(6) यद्भविष्यः धीवरैः प्राप्तः व्यापादितः च।

**8. मातृभाषायाम् उत्तरत ।**

(1) સરોવર જોઈને માછીમારોએ શો વિચાર કર્યો ?

(2) માછીમારોનું વચન સાંભળીને માછલાંઓએ પરસ્પર શું કહ્યું ?

(3) અનાગતવિધાતાએ પોતાનો કયો મત દર્શાવ્યો ?

(4) પ્રત્યુત્પન્નમતિએ અન્ય જળાશયમાં જવાનું કેમ માંડી વાળ્યું ?

(5) સરોવર છોડવા અંગે યદ્ભવિષ્ય શું માને છે ?

(6) આ વાર્તામાંથી કયો બોધ મળે છે ?

**9. पात्रैः सह यथास्वम् उक्तिं संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) धीवराः | (1) तदुत्पन्ने यथाकार्यं तदनुष्ठेयम्। |
| (2) अनागतविधाता | (2) श्रुतोऽयं धीवरालापः ? |
| (3) यद्भविष्यः | (3) अहो बहुमत्स्योऽयं ह्रदः। |
| (4) प्रत्युत्पन्नमतिः | (4) यदभावि न तद्भावि। |
| | (5) तन्न युक्तं साम्प्रतं क्षणमपि अत्र अवस्थातुम्। |

**प्रवृत्ति**

- પંચતંત્ર અને હિતોપદેશની અન્ય વાર્તાઓ વાંચો.
- ભવિષ્યમાં આવનાર સંકટનો અગાઉથી ઉપાય વિચારવા અંગે અન્ય ભાષામાં મળતી સૂક્તિઓ એકત્રિત કરો.
- ઇન્ટરનેટનો ઉપયોગ કરી પંચતંત્ર અને હિતોપદેશની કથાઓનાં ચિત્રો જુઓ અને એકત્ર કરો.

•

# 3. स्वस्थवृत्तं समाचर

મહાકવિ કાલિદાસે કુમારસંભવમાં પાંચમા સર્ગમાં એક પ્રસંગમાં કહ્યું છે કે 'ધર્મ કરવા માટેનું સૌથી પ્રથમ સાધન શરીર છે.' આનો આશય એ છે કે માણસની પાસે ધર્મ કરવા માટે ભલે ઘણી બધી વસ્તુઓ ઉપલબ્ધ હોય, પણ જો તેની પાસે સ્વસ્થ શરીર ન હોય તો પેલી બધી વસ્તુઓ નકામી છે.

માણસનું શરીર સ્વસ્થ રહે તે માટે કેટલાક ઉપાયો કરવાના રહે છે. આ ઉપાયોમાં દિનચર્યા પણ એક છે. માણસની દિનચર્યા સારી હોય તો તેનું સ્વાસ્થ્ય સારું રહે છે. આયુર્વેદશાસ્ત્રના પ્રાચીન વિદ્વાનો અને આધુનિક ચિકિત્સાવિજ્ઞાનના ખ્યાતનામ વિદ્વાનો આ બાબતમાં સમાન રીતે સંમત છે.

પ્રસ્તુત પાઠમાં માનવીની આદર્શ દિનચર્યા આલેખવામાં આવી છે. આ દિનચર્યામાં માત્ર ખાવા-પીવા, ઊઠવા-બેસવાની, ચાલવા-સૂવાની બાબતોનો જ સમાવેશ થતો નથી પરંતુ માનવજીવનના ઉત્તમ નૈતિક આદર્શ મનાતા સજ્જનસંગતિ, ગુરુજનો પ્રત્યેનો સાદર વ્યવહાર, વિદ્યાપ્રાપ્તિ માટે સતત ઉદ્યમશીલતા, સત્યનું પરિપાલન જેવા સદ્ગુણોને પણ દિનચર્યાનાં અંગ માનવામાં આવ્યાં છે. અહીં વપરાયેલાં ટૂંકાં ટૂંકાં વાક્યોમાં આવતાં ક્રિયાપદોના માધ્યમથી આજ્ઞાર્થ ક્રિયાપદનાં રૂપોનો તથા તે ક્રિયાપદોથી વ્યક્ત થતા અર્થનો અભ્યાસ પણ અપેક્ષિત છે.

बाल उत्तिष्ठ शय्यातः स्वस्थवृत्तं समाचर ।
स्मर जगद्विधातारं ततः शुद्धं जलं पिब ॥ 1 ॥
शतं पदानि निष्क्रम्य शौचार्थं गच्छ सत्वरम् ।
फेनिलेन करौ कृत्वा शुद्धौ व्यायाममाचर ॥ 2 ॥
तैलं मर्दय काये त्वं ततः स्नानं समाचर ।
यथाविधि जलेनैव वस्त्रं स्वीयं प्रधावय ॥ 3 ॥
पूर्वाभिमुखमासीनः कुरु सन्ध्याविधिं तथा ।
वन्दस्व पितरौ नित्यं प्रातराशम् अशान च ॥ 4 ॥



पाठशालां समं मित्रैः गच्छ पाठं तथा पठ ।
एवं समादिशत् पुत्रं तातः पुत्रहिते रतः ॥ 5 ॥
त्यज दुर्जनसंसर्गं भज साधुसमागमम् ।
कुरु पुण्यमहोरात्रं स्मर नाम हरेः सदा ॥ 6 ॥
प्रविचार्योत्तरं देयं सहसा न वदेः क्वचित् ।
शत्रोरपि गुणाः ग्राह्या दोषास्त्याज्याः गुरोरपि ॥ 7 ॥
ध्येयं सनातनं ब्रह्म हेयं दुःखमनागतम् ।
कायिकं सुखमादेयं विधेयं जनसेवनम् ॥ 8 ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) फेनिलः** સાબુ **करः** હાથ, હસ્ત **कायः** શરીર (સંસ્કૃતભાષામાં આ શબ્દ પુંલ્લિંગમાં વપરાય છે.) **सन्ध्याविधिः** સંધ્યાવિધિ, સવારે અને સાંજે ઈશ્વરને ભજવાનો વિધિ (દિવસ અને રાત્રિની સંધ્યાએ તે થતો હોવાથી અને આ વિધિ દ્વારા આત્મા અને પરમાત્માની સંધિ થતી હોવાથી આને 'સંધ્યાવિધિ' કહે છે.) **प्रातराशः** સવારનો નાસ્તો, સવારનું ભોજન **तातः** પિતા

**(સ્ત્રીલિંગ) शय्या** પથારી, બિછાનું

**(નપુંસકલિંગ) वृत्तम्** આચરણ, વ્યવહાર **शतम्** એક સો **पदम्** ડગલું, પગલું **तैलम्** તેલ (તલનું) **पुण्यम्** સત્કર્મ **ब्रह्म** પરમ તત્ત્વ, પરમેશ્વર

**વિશેષણ : शुद्धम् ( जलम् )** ચોખ્ખું (પાણી) **शतम् ( पदानि )** સો (ડગલાં), એક સો (પગલાં) **स्वीयम् ( वस्त्रम् )** પોતાનું (કપડું) **सनातनम् ( ब्रह्म )** કાયમી કે શાશ્વત (બ્રહ્મ) **अनागतम् ( दुःखम् )** ન આવેલું (દુઃખ), હજુ સુધી આવ્યું નથી એવું (દુઃખ) **कायिकम् ( सुखम् )** શરીરને લગતું (સુખ) **रतः** લાગેલો, તલ્લીન

**અવ્યય : शय्यातः** પથારીમાંથી, પલંગ ઉપરથી **यथाविधि** વિધિ પ્રમાણે, વિધિસર **तथा** તે પ્રમાણે, તે રીતે **समम्** સાથે **एवम्** આ રીતે **सदा** હંમેશાં **सहसा** અચાનક **क्वचित्** ક્યાંક

**કૃદંત : ( सं.भू.कृ. ) निष्क्रम्य** નીકળીને, ચાલીને **कृत्वा** કરીને **प्रविचार्य** બરાબર વિચારીને, પાકો વિચાર કરીને **( विध्यर्थ कृ. ) देयम्** આપવું જોઈએ. **ग्राह्याः** ગ્રહણ કરવા યોગ્ય, ગ્રહણ કરવા જોઈએ. **त्याज्याः** ત્યાગ કરવા લાયક, છોડવા જોઈએ. **ध्येयम्** ધ્યાન કરવું જોઈએ. **हेयम्** છોડી દેવું જોઈએ, છોડવા યોગ્ય. **आदेयम्** લેવું જોઈએ. લેવા લાયક **विधेयम्** વિધાન કરવું જોઈએ. કરવું જોઈએ.

**સમાસઃ** स्वस्थवृत्तम् (स्वस्थं च तत् वृत्तम् – कर्मधारय) । जगद्विधातारम् (जगतः विधाता, तम् – षष्ठी तत्पुरुष) । शौचार्थम् (शौचेन अर्थः, तम् – तृतीया तत्पुरुष) । सन्ध्याविधिम् (सन्धायाः विधिः, तम् – षष्ठी तत्पुरुष) । पुत्रहिते (पुत्रेभ्यः हितम्, तस्मिन् – चतुर्थी तत्पुरुष) । दुर्जनसंसर्गम् (दुर्जनस्य संसर्गः, तम् – षष्ठी तत्पुरुष) । साधुसमागमम् (साधोः समागमः, तम् – षष्ठी तत्पुरुष) । अनागतम् (न आगतम् – नञ् तत्पुरुष) । जनसेवनम् (जनानां सेवनम् – षष्ठी तत्पुरुष) ।

**ક્રિયાપદ : (પરસ્મૈપદ) પ્રથમ ગણ उत् + स्था > तिष्ठ्** ઊભા થવું **( उत्तिष्ठति )**। **स्मृ** યાદ કરવું **( स्मरति )**। **पा > पिब्** પીવું **( पिबति )**। **स्था > तिष्ठ्** ઊભા રહેવું **( तिष्ठति )**। **सम् + आ + चर्** સારી રીતે આચરવું **( समाचरति )**। **प्र + धाव्** ધોવું, ચોખ્ખું કરવું **( प्रधावति )**। **सम् + आ + दिश्** આદેશ આપવો, આજ્ઞા કરવી **( समादिशति )**। **भज्** ભજવું, સેવવું **( भजति )**।

**(આત્મનેપદ) પ્રથમ ગણ वन्द्** વંદન કરવું **( वन्दते )**

## વિશેષ

**1. શબ્દાર્થ : जगद्विधातारम्** જગતનું સર્જન કરનારાને, જગતને બનાવનારાને **शौचार्थम्** શૌચક્રિયા કરવા માટે **गच्छ** જા. **मर्दय** માલીશ કર. **प्रधावय** બરાબર ધો. સારી રીતે સાફ કર. **पूर्वाभिमुखम्** પૂર્વ દિશા તરફ મુખ રાખીને, પૂર્વ તરફ મુખ કરીને **आसीनः** બેઠેલો **पितरौ** માતા અને પિતાને **अशान** ખા **एवम् समादिशत्** આ રીતે આદેશ કર્યો. **कुरु** કર. કરજે. **अहोरात्रम्** રાત-દિવસ **उत्तरं देयम्** ઉત્તર આપવો. જવાબ દેવો. **वदेः** બોલજે. તારે બોલવું જોઈએ.

**2. સંધિ :** जलेनैव (जलेन एव)। प्रविचार्योत्तरम् (प्रविचार्य उत्तरम्)। शत्रोरपि (शत्रोः अपि)। दोषास्त्याज्याः (दोषाः त्याज्याः)। गुरोरपि (गुरोः अपि)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) बालः किं समाचरेत् ? ◯

(क) भ्रमणम् (ख) स्वस्थवृत्तम् (ग) कार्यम् (घ) सौख्यम्

(2) किं कृत्वा स्नानं समाचरेत् ? ◯

(क) भोजनम् (ख) पठनम् (ग) तैलमर्दनम् (घ) व्यायामम्

(3) त्वं मित्रैः ............... पाठशालां गच्छ। ◯

(क) परितः (ख) समम् (ग) ऋते (घ) पुरतः

(4) शत्रोरपि गुणाः ............... । ◯

(क) ग्राह्याः (ख) त्याज्याः (ग) हेयाः (घ) ध्येयाः

(5) जनैः किं ध्येयम् ? ◯

(क) सुखम् (ख) दुःखम् (ग) ब्रह्म (घ) जनसेवनम्

(6) कथम् आसीनेन सन्ध्याविधिः करणीयः। ◯

(क) दक्षिणाभिमुखेन (ख) उत्तराभिमुखेन (ग) पश्चिमाभिमुखेन (घ) पूर्वाभिमुखेन

**2. एकवाक्येन संस्कृतभाषयां उत्तरत ।**

(1) प्रातःकाले कं स्मरेत् ?

(2) कीदृशं जलं पिबेत् ?

(3) कीदृशः तातः पुत्रं समादिशत् ?

(4) कस्य संसर्गं त्यजेत् ?

(5) किं कृत्वा उत्तरं देयम् ?

**3. पुरुषवचनानुसारं धातुरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|---|
| (1) | उ. पु. | ............... | गच्छाव | ............... |
| | म. पु. | गच्छ | ............... | ............... |
| | अ. पु. | ............... | ............... | गच्छन्तु |
| (2) | उ. पु. | वन्दे | ............... | ............... |
| | म. पु. | ............... | ............... | वन्दध्वम् |
| | अ. पु. | ............... | वन्देताम् | ............... |

**4. वचनानुसारं शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | गुरोः | ............... | ............... |
| (2) | ............... | ............... | मित्रैः |
| (3) | काये | ............... | ............... |
| (4) | वस्त्रम् | ............... | ............... |

**5. मातृभाषायाम् उत्तरं लिखत ।**

(1) પદ્યને આધારે દિનચર્યાનું આલેખન કરો.

(2) પદ્યમાં વપરાયેલાં વિધ્યર્થનાં રૂપોને વિધ્યર્થ કૃદન્તનાં રૂપોમાં બદલો.

**પ્રવૃત્તિ**

- તમારી રોજનીશી (दैनन्दिनी)માં દૈનિક કાર્યોની નોંધ કરો.
- તમારી પોતાની દિનચર્યાનું સમયપત્રક બનાવો.

•

# 4. जनार्दनस्य पश्चिमः सन्देशः

સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ ભાસ એમની નાટ્યરચના માટે જાણીતા છે. એમનાં રચેલાં 13 (તેર) રૂપકો નાટકો મળે છે, જે भासनाटकचक्रम् નામે ઓળખાય છે. આ તેર રૂપકો પૈકીનાં दूतघटोत्कचम् નામના એકાંકી રૂપકમાંથી પ્રસ્તુત નાટ્યાંશ લેવામાં આવ્યો છે.

આનું કથાવસ્તુ મહાભારત ઉપર આધારિત છે. કુરુક્ષેત્રમાં મહાભારતનું યુદ્ધ પ્રારંભ થઈ ચૂક્યું છે. તેમાં અભિમન્યુનો અન્યાયથી વધ થયો છે. આથી અર્જુન ભારે દુઃખી છે અને તેણે અભિમન્યુનો વધ કરનારાઓનો વધ કરવાનો સંકલ્પ જાહેર કર્યો છે. આ કરુણ પરિસ્થિતિમાં હજુ પણ કોઈ રીતે યુદ્ધ રોકાય, તે માટે શ્રીકૃષ્ણ એક વધુ પ્રયત્ન કરી લેવાનું વિચારે છે. અભિમન્યુના વધની કરુણ ઘટનાથી પાંડવોમાં જે શોક છવાયેલો છે, તેને ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનની નજર સામે મૂકીને શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને સમજાવવાનો ઉપક્રમ આદરે છે. તેઓ ઘટોત્કચને પોતાનો દૂત બનાવે છે અને શાંતિનો સંદેશ મોકલે છે. પણ યુદ્ધના ઉન્માદમાં ડૂબેલા દુર્યોધન અને તેના સહયોગી શકુનિ વગેરે આ શાંતિનો સંદેશ સાંભળવા તૈયાર નથી. છેવટે ઘટોત્કચ શ્રીકૃષ્ણનો પશ્ચિમ-અંતિમ સંદેશ સંભળાવે છે.

દૂત તરીકે ગયેલા ઘટોત્કચના દુર્યોધન અને શકુનિ સાથેના રોચક સંવાદો અહીં નાટ્યરસને જન્માવે છે. ભાસે રાક્ષસીના પુત્ર એવા ઘટોત્કચના પાત્રનો ઉપયોગ કરીને પ્રેક્ષકોના માનસપટલ ઉપર દુર્યોધનની રાક્ષસી વૃત્તિને સ્થાપવાનો સફળ પ્રયત્ન કર્યો છે. એક બાજુ રાક્ષસીનો પુત્ર ઘટોત્કચ માનવીય વર્તન આચરે છે અને બીજી બાજુ મનુષ્યનો પુત્ર દુર્યોધન રાક્ષસીય વર્તન આચરે છે. આ સરસ વિરોધાભાસ ભાસે પોતાની અનુપમ નાટ્યકળાના બળે અહીં ઊભો કરી આપ્યો છે. દુર્યોધનનું આ વર્તન છેવટે તો આખાય કુટુંબનો વિનાશ નોંતરે છે. સમાધાનનો પ્રસ્તાવ ન સ્વીકારનાર માણસ પોતાનો અને પોતાના કુટુંબનો વિનાશ કરી લે છે, તે તથ્ય આ રૂપક દ્વારા જણાવાયું છે.

---

**घटोत्कचः** – (प्रविश्य) अये अयम् अत्रभवान् धृतराष्ट्रः। अनार्यशतस्य उत्पादयिता। (उपसृत्य) पितामह ! अभिवादये घटोत्क.....। (इत्यर्धोक्ते) न न, अयम् अक्रमः। युधिष्ठिरादयश्च मे गुरवो भवन्तमभिवादयन्ति। पश्चात् घटोत्कचोऽहम् अभिवादये।

**धृतराष्ट्रः** – एहि एहि पुत्र !

**घटोत्कचः** – अहो कल्याणः खलु अत्रभवान्। कल्याणानां प्रसूतिं पितामहमाह भगवान् चक्रायुधः।

**धृतराष्ट्रः** – (आसनात् उत्थाय) किमाज्ञापयति भगवान् चक्रायुधः।

**घटोत्कचः** – न न न। आसनस्थेन एव भवता श्रोतव्यो जनार्दनस्य सन्देशः।

**धृतराष्ट्रः** – यदाज्ञापयति भगवान् चक्रायुधः। (उपविशति।)

**घटोत्कचः** – पितामह ! श्रूयताम्। हा वत्स ! अभिमन्यो ! हा वत्स ! कुरुकुलप्रदीप ! हा वत्स ! यदुकुलप्रवाल ! तव जननीं मातुलं मामपि परित्यज्य पितामहं द्रष्टुमाशया स्वर्गमभिगतोऽसि। पितामह ! एकपुत्रविनाशात् अर्जुनस्य तावत् ईदृशी खलु अवस्था, का पुनर्भवतो भविष्यति। ततः क्षिप्रम् इदानीम् आत्मबलाधानं कुरुष्व। यथा ते पुत्रशोकसमुत्थितोऽग्निर्न दहेत्प्राणमयं हविरिति।

**शकुनिः** – यदि स्याद्वाक्यमात्रेण निर्जितेयं वसुन्धरा
वाक्ये वाक्ये यदि भवेत्सर्वक्षत्रवधः कृतः ॥

**घटोत्कचः** – शकुनिरेष व्याहरति। भोः शकुने ! अक्षान् विमुच्य भव बाणयोग्यः।

**दुर्योधनः** – भो भोः प्रकृतिं गतः। वयमपि खलु रौद्राः राक्षसोग्रस्वभावाः।

**घटोत्कचः** – शान्तम् पापम् शान्तम् पापम्। राक्षसेभ्योऽपि भवन्त एव क्रूरतराः। कुतः –

न तु जतुगृहे सुप्तान् भ्रातृन् दहन्ति निशाचराः

शिरसि न तथा भ्रातुः पत्नीं स्पृशन्ति निशाचराः ॥


**दुर्योधनः** – दूतः खलु भवान् प्राप्तो न त्वं युद्धार्थमागतः।

गृहीत्वा गच्छ सन्देशं न वयं दूतघातकाः ॥

**घटोत्कचः** – (सरोषम्) किं दूत इति मां प्रधर्षयसि। मा तावत् भो ! न दूतोऽहम्। प्रहरध्वं समाहताः।

(सर्वे उत्तिष्ठन्ति।)

**धृतराष्ट्रः** – पौत्र ! घटोत्कच ! मर्षयतु भवान्। मद्वचनावगन्ता भव।



**घटोत्कचः** – भवतु भवतु। पितामहस्य वचनात् दूतोऽहमस्मि। भो भो राजानः ! श्रूयतां जनार्दनस्य पश्चिमः सन्देशः।

धर्मं समाचर कुरु स्वजनव्यपेक्षां

यत्काङ्क्षितं मनसि सर्वमिहानुतिष्ठ ।

जात्योपदेश इव पाण्डवरूपधारी

सूर्यांशुभिः सममुपैष्यति वः कृतान्तः ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) घटोत्कचः** ભીમ અને હિડિમ્બાનો પુત્ર **पितामहः** પિતાના પિતા, દાદા **चक्रायुधः** ચક્ર છે (આયુધ) હથિયાર જેનું તે, શ્રીકૃષ્ણ **जनार्दनः** દુષ્ટ માણસોનો નાશ કરનાર, શ્રીકૃષ્ણ **क्रूरतरः** અતિશય ક્રૂર, ભારે નિર્દય **निशाचरः** રાત્રેમાં વિચરનાર, રાક્ષસ **दूतघातकः** દૂતનો વધ કરનાર, દૂતને મારી નાખનારો **सूर्यांशुः** સૂર્યનું કિરણ **कृतान्तः** મૃત્યુ, યમરાજ **दूतः** સંદેશવાહક

**(સ્ત્રીલિંગ) वसुन्धरा** પૃથ્વી, ધરતી **प्रकृतिः** સ્વભાવ, આદત **अवस्था** સ્થિતિ, દશા

**(નપુંસકલિંગ) स्वर्गम्** સ્વર્ગ **जतुगृहम्** લાખનું ઘર, લાખમાંથી બનાવેલું ઘર

**સર્વનામ : अत्रभवान्** (પું.) આપશ્રી **मे** (મમનું વૈકલ્પિક રૂપ) મારું, **भवन्तम्** (પું.) આપને, તમને **माम्** મને **भवतः** (પું.) આપનો **इयम्** (સ્ત્રી.) આ **एषः** (પું.) આ **भवन्तः** (પું.) આપ સર્વે, તમે **सर्वम्** (નપું.) બધું

**વિશેષણ : पश्चिमः ( सन्देशः )** છેલ્લો, અંતિમ (સંદેશ) **आसनस्थेन भवता ( धृतराष्ट्रेण )** આસન ઉપર બેઠેલા એવા આપ (ધૃતરાષ્ટ્ર) દ્વારા **कुरुकुलप्रदीप ! यदुकुलप्रवाल ! ( अभिमन्यो ! )** કુરુઓના કુળને દીપાવનાર ! યદુઓના કુળના અંકુર ! (અભિમન્યુ !) **ईदृशी ( अवस्था )** આવી (અવસ્થા), આવી (સ્થિતિ) **पुत्रशोकसमुत्थितः ( अग्निः )** પુત્રના શોકથી ઊઠેલો (અગ્નિ) **प्राणमयम् ( हविः )** પ્રાણોથી ભરેલું (હવિ) **रौद्राः राक्षसोग्रस्वभावाः ( वयम् )** રૌદ્ર - રુદ્રરૂપ ધરાવનારા, રાક્ષસ જેવા ઉગ્ર સ્વભાવવાળા (અમે) **समाहताः** ભેગા થયેલા, એકત્ર થયેલા, ટોળે વળેલા **सुप्तान् ( भ्रातॄन् )** સૂતેલા (ભાઈઓ)ને

**અવ્યય : अये** અરે, આશ્ચર્ય સાથે કોઈકને સંબોધવા માટે વપરાતો અવ્યય **पश्चात्** પછી, ત્યાર બાદ **खलु** ખરેખર **हा** હાય, શોક કે દુઃખને વ્યક્ત કરવા વપરાતો અવ્યય **पुनः** ફરી **ततः** તે પછી **इदानीम्** અત્યારે, હાલમાં **इति** આવું, જે વસ્તુ કે વાત જેવી હોય તેવી રીતે રજૂ કરી છે તે સૂચવવા માટે વપરાતો અવ્યય **यदि** જો **भोः** હે, અરે, કોઈકને સંબોધવા માટે વપરાતો અવ્યય

**સમાસઃ** अनार्यशतस्य (आर्याणाम् शतम् (आर्यशतम्, षष्ठी तत्पुरुष), न आर्यशतम् – अनार्यशतम्, तस्य – नञ् तत्पुरुष)। अर्धोक्ते (अर्धम् उक्तस्य अर्धोक्तम्, तस्य – षष्ठी तत्पुरुष)। युधिष्ठिरादयः (युधिष्ठिरः आदिः येषां ते – बहुव्रीहि)। चक्रायुधः (चक्रम् आयुधं यस्य सः – बहुवीहि)। धृतराष्ट्रः (धृतं राष्ट्रं येन सः – बहुव्रीहि)। कुरुकुलप्रदीपः (कुरोः कुलम् (कुरुकुलम्, षष्ठी तत्पुरुष), कुरुकुलस्य प्रदीपः – षष्ठी तत्पुरुष)। यदुकुलप्रवालः (यदोः कुलम् (यदुकुलम् (षष्ठी तत्पुरुष), यदुकुलस्य प्रवालः – षष्ठी तत्पुरुष)। एकपुत्रविनाशात् (एकः चासौ पुत्रः (एकपुत्रः, कर्मधारय), एकपुत्रस्य विनाशः, तस्मात् – षष्ठी तत्पुरुष)। आत्मबलाधानम् (आत्मनः बलम् (आत्मबलम्, षष्ठी तत्पुरुष), आत्मबलस्य आधानम् – षष्ठी तत्पुरुष)। पुत्रशोकसमुत्थितः (पुत्रस्य शोकः (पुत्रशोकः, षष्ठी तत्पुरुष), पुत्रशोकेन समुत्थितः – तृतीया तत्पुरुष)। सर्वक्षत्रवधः (सर्वः चासौ क्षत्रः (सर्वक्षत्रः, कर्मधारय), सर्वक्षत्राणाम् वधः – षष्ठी तत्पुरुष)। बाणयोग्यम् (बाणस्य योग्यम् – षष्ठी तत्पुरुष)। राक्षसोग्रस्वभावाः (राक्षसाणाम् इव उग्रः (राक्षसोग्रः, षष्ठी तत्पुरुष), राक्षसोग्रः स्वभावः येषां ते – बहुव्रीहि)। जतुगृहे (जतुनः गृहम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)। युद्धार्थम् (युद्धेन अर्थः – युद्धार्थः, तम् – तृतीया तत्पुरुष)। दूतघातकाः (दूतस्य घातकः – दूतघातकः, ते – षष्ठी तत्पुरुष)। मद्वचनावगन्ता (मम वचनम् (मद्वचनम्, षष्ठी तत्पुरुष)। मद्वचनस्य अवगन्ता – षष्ठी तत्पुरुष)। जात्योपदेशः (जात्यस्य उपदेशः – षष्ठी तत्पुरुष)। सूर्यांशुभिः (सूर्यस्य अंशवः, तैः – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( सं.भू.कृ. ) प्रविश्य** પ્રવેશીને **उपसृत्य** પાસે જઈને **उत्थाय** ઊભા થઈને **परित्यज्य** છોડી દઈને **( हे. कृ. ) द्रष्टुम्** જોવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) उप + विश् ( उपविशति )** બેસવું, પાસે બેસવું **दह् ( दहति )** બાળવું

**स्पृश् છઠ્ઠો ગણ (પરસ્મૈપદ) ( स्पृशति )** સ્પર્શ કરવો, અડકવું **प्र + हृ ( प्रहरति )** પ્રહાર કરવો, હુમલો કરવો **वि + आ + हृ ( व्याहरति )** કહેવું

## વિશેષ

**1. શબ્દાર્થ : अनार्यशतस्य** એક સો અનાર્ય (પુત્રો)ના **उत्पादयिता** ઉત્પન્ન કરનારા, જન્મ આપનારા **अभिवादये** હું અભિવાદન કરું છું. **घटोत्क...। इति अर्धोक्ते** ઘટોત્ક... એટલું અડધું (નામ) બોલી રહ્યો ત્યારે **अयम् अक्रमः** આ ક્રમ નથી. **एहि एहि पुत्र !** આવ પુત્ર આવ ! **अहो कल्याणः खलु अत्रभवान्** અહો, આપ તો કલ્યાણરૂપ છો. **प्रसूतिम्** જન્મદાતાને **आह** કહે છે. કહી રહ્યા છે. **श्रूयताम्** સાંભળો. **आसनस्थेन** આસન ઉપર બેઠેલા રહીને **श्रोतव्यः**

સાંભળવો જોઈએ. **हा वत्स ! अभिमन्यो !** હાય રે દીકરા અભિમન્યુ **अभिगतः असि** તું ગયો છે. **एकपुत्रविनाशात्** એક પુત્રના વિનાશના કારણે **क्षिप्रम्** સત્વરે, તરત જ **आत्मबलाधानम् कुरुष्व** આત્મામાં બળને ધારણ કર. **वाक्यमात्रेण** કેવળ કહેવા માત્રથી, ફક્ત બોલવાથી **सर्वक्षत्रवधः** બધા ક્ષત્રિયોનો વધ **बाणयोग्यम्** બાણને છાજે તેવું **प्रकृतिं गतः** પોતાના સ્વભાવ પર ગયો. **शान्तं पापम्** પાપ શાંત થાઓ. (સંસ્કૃત નાટકોમાં, બે પાત્રોના સંવાદની વચ્ચે જ્યારે વક્તા દ્વારા કહેવામાં આવેલી કોઈ વાતને સામું પાત્ર સાંભળવા યોગ્ય ન સમજતો હોય, ત્યારે તે પાત્ર તરફથી આ વાક્યનો પ્રયોગ કરવામાં આવે છે. આ વાક્યનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવો હોય, તો 'આમ ના કહેશો' એવો થઈ શકે છે.) **प्रधर्षयसि** (તું મને દૂત એમ કહીને) અપમાનિત કરે છે. **मा तावत् भोः** (જો એમ હોય, તો રહેવા દો -) ના, ના, **प्रहरध्वम्** પ્રહાર કરો. હુમલો કરો. **मर्षयतु भवान्** આપ ક્ષમા કરો. તમે માફ કરી દો. **मद्वचनावगन्ता भव** મારાં વચનોને સમજનારો થા. મારા વચનનો સ્વીકાર કર. **कुरु स्वजनव्यपेक्षाम्** પોતાના માણસો (ને બચાવવાની)ની ચિંતા કરો. **काङ्क्षितं मनसि** મનમાં ઇચ્છ્યું હોય તે **सर्वम् इह अनुतिष्ठ** બધું અહીં કરી લો, માણી લો. **जात्योपदेशः इव** જન્મના રહસ્યનો ઉપદેશ (હોય તે રીતે) **जात्य** ઊંચુંકુળ **पाण्डवरूपधारी** પાંડવ-અર્જુનનું રૂપ ધરેલો **उपैष्यति** આવી પહોંચશે. **वः** તમારા માટે, તમારી પાસે

**2. સંધિ :** युधिष्ठिरादयश्च (युधिष्ठिरादयः च)। गुरवो भवन्तम् (गुरवः भवन्तम्)। घटोत्कचोऽहम् (घटोत्कचः अहम्)। श्रोतव्यो जनार्दनस्य (श्रोतव्यः जनार्दनस्य)। स्वर्गमभिगतोऽसि (स्वर्गम् अभिगतः असि)। पुनर्भवतो भविष्यति (पुनः भवतः भविष्यति)। पुत्रशोकसमुत्थितोऽग्निर्न (पुत्रशोकसमुत्थितः अग्निः न)। हविरिति (हविः इति)। शकुनिरेष व्याहरति (शकुनिः एषः व्याहरति)। राक्षसेभ्योऽपि (राक्षसेभ्यः अपि)। भवन्त एव (भवन्तः एव)। प्राप्तो न (प्राप्तः न)। दूत इति (दूतः इति)। दूतोऽहम् (दूतः अहम्)। जात्योपदेश इव (जात्योपदेशः इव)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) यदुकुलप्रवालः कः ? ◯

(क) घटोत्कचः (ख) अर्जुनः (ग) अभिमन्युः (घ) दुर्योधनः

(2) अभिमन्युः कस्य पुत्रः आसीत् ? ◯

(क) जनार्दनस्य (ख) धृतराष्ट्रस्य (ग) अर्जुनस्य (घ) शकुनेः

(3) अभिमन्योः मातुलः कः ? ◯

(क) दुर्योधनः (ख) शकुनिः (ग) जनार्दनः (घ) घटोत्कचः

(4) 'शान्तं पापम् शान्तं पापम्।' इति कः वदति ? ◯

(क) घटोत्कचः (ख) धृतराष्ट्रः (ग) शकुनिः (घ) अर्जुनः

(5) 'वयं दूतघातकाः न।' – इदं वाक्यं केन कथितम् ? ◯

(क) दुर्योधनेन (ख) घटोत्कचेन (ग) शकुनिना (घ) धृतराष्ट्रेण

(6) चक्रायुधः कः ?

(क) अभिमन्युः (ख) जनार्दनः (ग) धृतराष्ट्रः (घ) शकुनिः

(7) भवन्तः ............... अपि क्रूरतराः।

(क) राक्षसान् (ख) राक्षसैः (ग) राक्षसेभ्यः (घ) राक्षसेषु

(8) कृतान्तः शब्दस्य कः अर्थः ?

(क) पांडवः (ख) सूर्यः (ग) यमराजः (घ) नष्ट पामेलुं

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) घटोत्कचः कस्य सन्देशं नयति ?

(2) अभिमन्युः कं द्रष्टुं स्वर्गम् अभिगतः ?

(3) कुत्र सुप्तान् भ्रातॄन् निशाचराः न दहन्ति ?

(4) घटोत्कचः कस्य वचनात् दूतः भवति ?

**3. कृदन्तानां प्रकारं लिखत ।**

(1) श्रोतव्यः ............... (2) परित्यज्य ...............

(3) अभिगतः ............... (4) उपसृत्य ...............

(5) द्रष्टुम् ............... (6) काङ्क्षितम् ...............

**4. सन्धिविच्छेदं कुरुत ।**

(1) घटोत्कचोऽहम् ...............

(2) शकुनिरेषः ...............

(3) दूतोऽहमस्मि ...............

(4) दूत इति ...............

**5. समासप्रकारं लिखत ।**

(1) कुरुकुलप्रदीपः ............... (2) चक्रायुधः ...............

(3) पुत्रशोकसमुत्थितः ............... (4) धृतराष्ट्रः ...............

**6. रेखाङ्कितपदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(कस्य, केन, कीदृशाः, कम्, किमर्थम्)

(1) घटोत्कचः <u>पितामहम्</u> अभिवादयति।

(2) त्वं <u>युद्धार्थं</u> न आगतः।

(3) वयं <u>दूतघातकाः</u> न।

(4) <u>जनार्दनस्य</u> पश्चिमः सन्देशः श्रोतव्यः।

**7. उदाहरणानुसारं नामरूपस्य परिचयं कारयत ।**

| | शब्द | लिङ्ग | विभक्ति | वचन |
|---|---|---|---|---|
| **उदाहरणम् –** वचनात् | वचन | नपुंसकलिंग | पञ्चमी | एकवचन |
| (1) अंशुभिः | ............... | ............... | ............... | ............... |
| (2) शकुनेः | ............... | ............... | ............... | ............... |
| (3) आशया | ............... | ............... | ............... | ............... |
| (4) पितामहम् | ............... | ............... | ............... | ............... |
| (5) राक्षसेभ्यः | ............... | ............... | ............... | ............... |

**8. धातुरूपाणां परिचयं कारयत ।**

| धातुरूपम् | धातु | पद | काल | पुरुष | वचन |
|---|---|---|---|---|---|
| गच्छ | गम् | परस्मैपद | आज्ञार्थ | मध्यम | एकवचन |
| (1) प्रहरध्वम् | ............... | ............... | ............... | ............... | ............... |
| (2) दहेत् | ............... | ............... | ............... | ............... | ............... |
| (3) भवतु | ............... | ............... | ............... | ............... | ............... |
| (4) समाचर | ............... | ............... | ............... | ............... | ............... |

**9. कोष्ठगतपदानि प्रयुज्य वाक्यानि रचयत ।**

(1) ધૃતરાષ્ટ્ર કૌરવોના પિતા હતા.
(धृतराष्ट्र कौरव जनक अस्।)

(2) ઘટોત્કચ જનાર્દનનો સંદેશ લાવે છે.
(घटोत्कच जनार्दन सन्देश आ + नी–नय्)

(3) અમે દૂતને હણનારા નથી.
(अस्मद् दूतघातक न।)

(4) ઘટોત્કચ ધૃતરાષ્ટ્રને પ્રણામ કરે છે.
(घटोत्कच धृतराष्ट्र प्र + नम्)

**10. मातृभाषायाम् उत्तराणि लिखत ।**

(1) ઘટોત્કચ શકુનિને શું સલાહ આપે છે ?
(2) ઘટોત્કચ દુર્યોધનને રાક્ષસથી પણ વધારે ક્રૂર શા માટે કહે છે ?
(3) અભિમન્યુનું મૃત્યુ થતા અર્જુને કરેલા વિલાપ વિશે લખો.

**11. मातृभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।**

(1) ઘટોત્કચનું પાત્રાલેખન
(2) શ્રીકૃષ્ણનો સંદેશ

**પ્રવૃત્તિ**

- પ્રસ્તુત નાટ્યાંશનો વાચિક અભિનય કરો.
- ભાસનાં રૂપકોની ઉપલબ્ધ સી.ડી. મેળવીને જુઓ.

# 5. गुणवती कन्या

સંસ્કૃત સાહિત્યમાં કવિ દંડી ગદ્યકાર તરીકે સુપ્રસિદ્ધ છે. તેમણે दशकुमारचरितम् નામનો ગદ્યગ્રંથ રચ્યો છે. તેનું કથાવસ્તુ કવિએ પોતે કલ્પેલું છે. દસ કુમારો નક્કી કર્યા મુજબ જુદી જુદી દસ દિશામાં યાત્રાએ નીકળે છે. પોતપોતાની આ યાત્રા દરમિયાન જે કુમારને જે અનુભવો થયા હતા તે અનુભવોને વર્ણવતા દસ ઉચ્છ્‌વાસ આ ગ્રંથમાં આવેલા છે. છઠ્ઠા ઉચ્છ્‌વાસમાં મંત્રગુપ્ત પોતાના યાત્રાનુભવને વર્ણવે છે. એ દરમિયાન તે શક્તિકુમારનું એક આખ્યાન કહે છે. આ આખ્યાનને સંક્ષિપ્ત બનાવી સંપાદિત કરીને અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

સ્ત્રી અને પુરુષ એ ગૃહસ્થજીવનરૂપી રથનાં બે પૈડાં છે. જેમ રથનાં બંને પૈડાં આકારમાં અને પ્રકારમાં એક સરખાં હોવાં જરૂરી છે, તેમ ગૃહસ્થજીવનરૂપી રથનાં પૈડાં બનતાં સ્ત્રી-પુરુષ પણ આકાર અને પ્રકારમાં સરખાં હોય તે જરૂરી છે. પ્રસ્તુત કથાનો નાયક શક્તિકુમાર પોતે ગુણવાન છે. તેથી તે પોતાના જેવી ગુણવતી કન્યાને પરણવા ચાહે છે. પોતાને જોઈએ તેવા ગુણો કન્યામાં છે કે નહિ, તે શોધી કાઢવા માટે તેણે એક યોજના વિચારી છે. તે મુજબ જે કન્યા માત્ર એક પ્રસ્થ ડાંગરમાંથી વિવિધ વાનગીઓ બનાવી જમાડી શકે તે ગુણવતી છે એમ સમજવું. એ પછી આવી કન્યાની સામે વિવાહનો પ્રસ્તાવ કરી, જો તે સંમત થાય તો, તેની સાથે લગ્ન કરીશ.

ગુણવતી કન્યાને મેળવવા માટે દેશ-દેશાન્તરમાં ભ્રમણ કરી રહેલા આ શક્તિકુમારને કાવેરી નદીના કાંઠે વસેલા કાંચીનગરમાં આવી એક કન્યા મળી આવે છે. આ કન્યા માત્ર એક પ્રસ્થ ડાંગરમાંથી પોતાની બુદ્ધિપ્રતિભાના બળે વિવિધ વાનગીઓ તૈયાર કરે છે અને તે વાનગીઓને પ્રેમપૂર્વક જમાડીને શક્તિકુમારને પ્રસન્ન કરી દે છે. આમ, આ કન્યા શક્તિકુમારની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. શક્તિકુમાર તેની સામે વિવાહનો પ્રસ્તાવ કરી, કન્યાની સંમતિથી તેની સાથે વિવાહ કરે છે. આ કથા શીખવે છે કે સાધનો ઓછાં હોય, તો પણ ગુણવાન માણસ પોતાની બુદ્ધિપ્રતિભાથી પોતાની ઇચ્છા મુજબનું સુખ મેળવી શકે છે. અહીં આવતાં કર્તરિ ભૂતકૃદંત (क्तवत्)નાં રૂપો ધ્યાનમાં લેવાનાં છે.

---

काञ्चीनगरे शक्तिकुमारो नाम एकः श्रेष्ठिपुत्रः प्रतिवसति स्म। स यदा स्वकीयस्य जीवनस्य द्वाविंशतितमे वर्षे प्रविष्टस्तदा चिन्तामापन्नः – नास्ति दारविहीनानाम् अननुरूपगुणदाराणां च सुखम्। तत्कथं गुणवतीं भार्याम् अहं विन्देयमिति।

ततः स प्रभूतं विचार्य वस्त्रान्ते पिनद्धशालिः दारग्रहणाय विविधान् देशान् अभ्रमत्। एकदा स कावेरीतीरपत्तने समागतः। अत्र सः कूपे विरलभूषणां कुमारीमेकाम् अपश्यत्। तस्याः रूपसम्पदाभिभूतः सोऽचिन्तयत् – आकृष्टं मे हृदयम् अस्याम्। तदेतां परीक्ष्य विवाहप्रस्तावं कृत्वा, सत्याम् सम्मतौ उद्वहामि। स तां निकषा संगत्य सविनयम् आह – अस्ति ते कौशलं शालिप्रस्थेन अनेन सम्पन्नमाहारं मां भोजयितुम् ?

ततः सा ओमिति उक्त्वा प्रस्थमात्रं धान्यमादाय श्रेष्ठिपुत्रस्य याचनानुसारं कर्तुं प्रवृत्ता।



ततः सा बुद्धिमती कन्या तान् शालीन् प्रथमम् आतपे तप्तवती। ततः समायां परिशुद्धायां भूमौ तान् अघट्टयत् । अनेन तुषेभ्यस्तण्डुलाः पृथक् सञ्जाताः।

तण्डुलान् सम्प्राप्य सा तुषान् भूषणानां मार्जनार्थं स्वर्णकाराय विक्रेतुं धात्रीम् अकथयत्। तस्मात् यत् धनं मिलति, तेन काष्ठानि आहर इति च धात्रीं निवेदितवती।

धात्री काष्ठानि आनीतवती। तदनन्तरं सा तण्डूलान् असकृत् जलेन प्रक्षालितवती, उष्णीकृते जले च तान् प्रक्षिप्तवती। अल्पीयसा कालेनैव तण्डुलाः सिद्धाः सञ्जाताः। ततः इन्धनानि जलेन शमयित्वा कृष्णाङ्गारानपि तदर्थिभ्यः प्रेषयित्वा यत् धनं लब्धं तेन धनेन शाकं घृतं दधि तैलं च क्रीतवती। तेन च सा विविधानि व्यञ्जनानि सम्पादितवती।

सम्पन्ने आहारे सा कन्या धात्रीमुखेन अतिथये प्रथमं स्नातुं निवेदितवती। ततः स्नानशुद्धाय तस्मै अतिथये सा पेयोपाहारपूर्वं भोजनं घृतसहितम् ओदनं व्यञ्जनञ्च अयच्छत्।

मध्ये मध्ये सा भोज्यादीनां विविधानां पदार्थानां वर्णनं कृत्वा अतिथेः भोजनरुचिमपि अवर्धयत्। भुक्ते तु तस्मिन् अतिथौ तया ताम्बूलस्यापि व्यवस्था कृता। एवं स्वकीयया गुणसम्पदा प्रस्थपरिमितेन धान्येन विविधानि व्यञ्जनानि विरचितवतीं कन्यां प्रति समाकृष्टः शक्तिकुमारः विवाहस्य प्रस्तावं कृतवान्। कन्यया स्वीकृते प्रस्तावे तां विधिवदुपयम्य स्वनगरमनयत्।

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) श्रेष्ठिपुत्रः** શેઠનો દીકરો, શાહુકારનો પુત્ર **दाराः** પત્ની (આ પુંલ્લિંગનો દાર શબ્દ હંમેશા બહુવચનમાં જ વપરાય છે અને પત્ની એવો સ્ત્રીલિંગનો અર્થ આપે છે.) **तण्डुलः** ચોખા **तुषः** અનાજનું ફોતરું **आतपः** તડકો **स्वर्णकारः** સોની **कृष्णाङ्गारः** કોલસો **प्रस्तावः** પોતાનો વિચાર રજૂ કરવો તે, ઉલ્લેખ કરેલી બાબત

**(સ્ત્રીલિંગ) भार्या** પત્ની **सम्मतिः** અનુમતિ, મંજૂરી, સહમતિ **शालि** ડાંગર **धात्री** માતાની ઉંમરની સેવિકા

**(નપુંસકલિંગ) काञ्चीनगरम्** દક્ષિણ ભારતમાં આવેલું એક પ્રાચીન નગર **कौशलम्** કુશળતા, હોશિયારી **धान्यम्** અનાજ (અન્ન) **काष्ठम्** લાકડું **इन्धनम्** બળતણ **शाकम्** શાક **घृतम्** ઘી **दधि** દહીં **व्यञ्जनम्** વાનગી

**સર્વનામ : एकः** (પું.) એક **तस्याः** (સ્ત્રી.) તેનું **एताम्** (સ્ત્રી.) આને **ताम्** (સ્ત્રી.) તેને **ते** (તવ્નું વૈકલ્પિક રૂપ) તારું, તને **अनेन** (પું.) આનાથી, આના દ્વારા **सा** તે (સ્ત્રી) **तान्** (પું.) તેમને **तस्मात्** (પું. નપું.) તેથી, તેમાંથી **तेन** (પું.) તેના દ્વારા, તેણે **तस्मै** (પું. નપું) તેને માટે **तस्मिन्** (પું. નપું) તેમાં **तया** (સ્ત્રી.) તેણે, તેના દ્વારા

**વિશેષણ : स्वकीयस्य ( जीवनस्य )** પોતાના (જીવનના) **द्वाविंशतितमे ( वर्षे )** બાવીસમા (વર્ષે) **गुणवतीम् ( भार्याम् )** ગુણવાળી (પત્ની)ને **विरलभूषणाम् एकाम् ( कुमारीम् )** વિરલ છે ભૂષણ - શણગાર જેનો તેવી એક (કુમારી)ને, આછાં ઘરેણાંવાળી એક (કન્યા)ને **सम्पन्नम् ( आहारम् )** તૈયાર થયેલા (ભોજન)ને, બનાવેલા (ભોજન)ને **प्रस्थमात्रम् ( धान्यम् )** માત્ર એક જ પ્રસ્થ (= અંદાજે બે કિલો જેટલી) (ડાંગર)ને **बुद्धिमती** બુદ્ધિશાળી **समायाम् परिशुद्धायाम् ( भूमौ )** સમતલ અને ચોખ્ખી (જમીન) ઉપર **उष्णीकृते ( जले )** ગરમ કરેલા (પાણી)માં **अल्पीयसा ( कालेन )** થોડાક જ (વખત)માં **सम्पन्ने ( आहारे )** (ખોરાક) તૈયાર થઈ જતાં **स्नानशुद्धाय तस्मै ( अतिथये )** સ્નાનથી શુદ્ધ થયેલા તે મહેમાનને **विविधानाम् ( पदार्थानाम् )** અનેક જાતના (પદાર્થો)નું **प्रस्थपरिमितेन ( धान्येन )** માત્ર એક પ્રસ્થ જેટલા (અનાજ)થી

**અવ્યય : यदा** જ્યારે **तदा** ત્યારે **एकदा** એક વાર **निकषा** પાસે **ओमिति** ઓમ્ એમ કહી, હા પાડીને (સંસ્કૃત ભાષામાં કોઈ વાતનો સ્વીકાર કરવા માટે ઓમ્ શબ્દ બોલવામાં આવે છે.) **असकृत्** વારંવાર, અનેક વખત

**સમાસઃ** श्रेष्ठिपुत्रः (श्रेष्ठिनः पुत्रः – षष्ठी तत्पुरुष)। दारविहीनानाम् (दारैः विहीनः, तेषाम्–तृतीया तत्पुरुष)। अननुरूपगुणदाराणाम् (न अनुरूपम् – अननुरूपम्, नञ् तत्पुरुष। अननुरूपं गुणाः यस्याः सा अननुरूपगुणा, बहुव्रीहि) अननुरूपगुणा च अमी दाराः अननुरूपगुणदाराः, तेषाम् – अननुरूपगुणदाराणाम् – बहुव्रीहि)। वस्त्रान्ते (वस्त्रस्य अन्तः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। पिनद्धशालिः (पिनद्धा शालिः येन सः – बहुव्रीहि)। दारग्रहणाय (दाराणां ग्रहणम् तस्मै – षष्ठी तत्पुरुष)। कावेरीतीरपत्तने (कावेर्याः तीरम् – कावेरीतीरम्, षष्ठी तत्पुरुष) कावेरीतीरस्य पत्तनम्, तस्मिन् – षष्ठी

तत्पुरुष)। विरलभूषणाम् (विरलं भूषणं यस्याः सा, ताम् – बहुव्रीहि)। रूपसम्पदा (रूपस्य सम्पद्, तया – षष्ठी तत्पुरुष)।, विवाहप्रस्तावम् (विवाहस्य प्रस्तावः, तम् – षष्ठी तत्पुरुष)। शालिप्रस्थेन (शालीनाम् प्रस्थः, तेन – षष्ठी तत्पुरुष)। स्वगृहम् (स्वस्य गृहम् – षष्ठी तत्पुरुष)। प्रक्षालितपादम् (प्रक्षालितौ पादौ येन सः, तम् – बहुव्रीहि)। कृष्णाङ्गारान् (कृष्णः च असौ अङ्गारः कृष्णाङ्गारः, तान् – कर्मधारय)। धात्रीमुखेन (धात्र्याः मुखम्, तेन – षष्ठी तत्पुरुष)। स्नानशुद्धाय (स्नानेन शुद्धः, तस्मै – तृतीया तत्पुरुष)। पेयोपाहारपूर्वम् पेयस्य उपाहारः – षष्ठी तत्पुरुष, पेयोपाहारः पूर्वं यस्य तद् – बहुव्रीहि)। घृतसहितौदनम् (घृतेन सहितम् घृतसहितम्, तृतीया तत्पुरुष), घृतसहितं च तद् ओदनम् घृतसहितौदनम् – कर्मधारय)। भोजनरुचिम् (भोजने रुचिः – सप्तमी तत्पुरुष)। गुणसम्पदा (गुणानां सम्पद्, तया – षष्ठी तत्पुरुष)। प्रस्थपरिमितेन (प्रस्थेन परिमितम्, तेन – तृतीया तत्पुरुष)। स्वनगरम् (स्वस्य नगरम् – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( सं.भू.कृ. ) उक्त्वा** કહીને, બોલીને **आदाय** લઈને, ગ્રહણ કરીને **सम्प्राप्य** પ્રાપ્ત કરીને, પામીને **शमयित्वा** ઠારીને, બુઝાવીને **प्रेषयित्वा** મોકલીને **( क.भू.कृ. ) प्रविष्टः** પ્રવેશ્યો, પ્રવેશ કર્યો **आपन्नः** પ્રાપ્ત થયેલો **समागतः** આવી પહોંચેલો **अभिभूतः** હારેલો **आकृष्टम्** આકર્ષિત થયેલું, ખેંચાયેલું **तप्तवती** તપાવ્યા. **उक्तवती** કહ્યું. બોલી. **निवेदितवती** નિવેદન કર્યું. **प्रक्षालितवती** ધોયા. **प्रक्षिप्तवती** નાખ્યા. **क्रीतवती** ખરીદ્યા. **सम्पादितवती** સંપાદિત કર્યું. **वर्धितवती** વધારી દીધું. **कृता** કરી **विरचितवती** રચાવ્યું. બનાવ્યું. **समाकृष्टः** ખેંચાયેલો, આકર્ષાયેલો **कृतवान्** કર્યું. **( हे.कृ ) भोजयितुम्** જમાડવા માટે **विक्रेतुम्** વેચવા માટે **स्नातुम्** સ્નાન કરવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) प्रति + वस् ( प्रतिवसति )** વસવું, રહેવું, નિવાસ કરવો **भ्रम् ( भ्रमति )** ભ્રમણ કરવું, ફરવું **उत् + वह् ( उद्वहति )** વિવાહ કરવો, વહન કરવું **नी ( नयति )** લઈ જવું

**છઠ્ઠો ગણ (પરસ્મૈપદ) मिल् ( मिलति )** મળવું

**(આત્મનેપદ) विन्द् ( विन्दते )** પ્રાપ્ત કરવું

**દસમો ગણ (પરસ્મૈપદ) चिन्त् ( चिन्तयति )** વિચાર કરવો, ચિંતન કરવું **घट्ट् ( घट्टयति )** ઘસવું, ઘોટવું

## વિશેષ

**1. શબ્દાર્થ : चिन्तामापन्नः** ચિંતામાં આવી પડ્યો **अननुरूपगुणदाराणाम्** અનુરૂપ ગુણ વગરની પત્નીવાળાઓને **विन्देयम्** હું પ્રાપ્ત કરું. **प्रभूतम् विचार्य** ઘણું બધું વિચારીને **वस्त्रान्ते** કપડાને છેડે **पिनद्धशालिः** બાંધેલી ડાંગરવાળો **दारग्रहणाय** પત્નીને મેળવવા માટે **रूपसम्पदाभिभूतः** રૂપની સંપત્તિથી અંજાઈ ગયેલો **तदेताम्** તેથી આની **सत्याम् सम्मतौ** સંમતિ હોય તો **एनाम् उद्वहामि** એને પરણીશ. **आह** બોલ્યો. **शालिप्रस्थेन** એક પ્રસ્થ જેટલી ડાંગરથી **ओमिति उक्त्वा 'ॐ'** એમ કહીને, સ્વીકૃતિ આપીને **आतपे तप्तवती** તડકામાં તપાવ્યા. **तान् अघट्टयत्** તે (ડાંગર)ને ઘસી. ખાંડી. **मार्जनार्थम्** સાફ કરવા માટે, ધોવા માટે **धात्रीमुक्तवती** ધાત્રીને - સેવિકાને કહ્યું. **आहर** લઈ આવ. **जलेन प्रक्षालितवती** પાણીથી ધોયા. પાણીથી સાફ કર્યા. **सिद्धाः सञ्जाताः** તૈયાર થઈ ગયા. **इन्धनानि शमयित्वा** લાકડાંને ઠારી દઈને **कृष्णाङ्गारान्** કોલસાઓને **तदर्थिभ्यः** તેને યાચનારને માટે, તેની જરૂરિયાતવાળાને **धात्रीमुखेन** ધાત્રીના મોઢાથી, ધાત્રી મારફતે **पेयोपाहारपूर्वम्** પીણા અને નાસ્તા સાથેનું **घृतसहितौदनम्** ઘી સાથે હોય તેવા ભાતને **भुक्ते तु तस्मिन् अतिथौ** તે મહેમાન જમી રહ્યા ત્યારે **व्यञ्जनानि** વાનગીઓને ताम्बूलस्यापि તાંબૂલની ય, પાનની પણ गुणसम्पदा ગુણરૂપી સંપત્તિથી कन्याम् प्रति કન્યા પ્રત્યે कन्यया स्वीकृते प्रस्तावे કન્યાએ જ્યારે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો ત્યારે विधिवत् (અવ્યય) વિધિ મુજબ, કાયદેસર उपयम्य વિવાહ કરીને, પરણીને

**2. સંધિ :** शक्तिकुमारो नाम (शक्तिकुमारः नाम)। स यदा (सः यदा)। प्रविष्टस्तदा (प्रविष्टः तदा)। सोऽचिन्तयत् (सः अचिन्तयत्)। स ताम् (सः ताम्)। तुषेभ्यस्तण्डुलाः (तुषेभ्यः तण्डुलाः)। कालेनैव (कालेन एव)। व्यञ्जनञ्च (व्यञ्जनं च)।

## स्वाध्याय

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कस्मिन् वर्षे प्रविष्टः शक्तिकुमारः चिन्तामापन्नः। ◯

(क) द्वाविंशतितमे (ख) विंशतितमे (ग) एकविंशतितमे (घ) चतुर्विंशतितमे

(2) श्रेष्ठिपुत्रः किमर्थं देशम् अभ्रमत् ? ◯

(क) धनार्जनार्थम् (ख) विद्याग्रहणाय (ग) दारग्रहणाय (घ) धनग्रहणाय

(3) बुद्धिमती कन्या शालीन् कुत्र तप्तवती ? ◯

(क) अग्नौ (ख) आतपे (ग) चत्वरे (घ) समानायां भूमौ

(4) तुषान् विक्रीय धात्री किम् आनीतवती ? ◯

(क) घृतम् (ख) काष्ठानि (ग) जलम् (घ) शाकम्

(5) कन्या धात्रीमुखेन अतिथिं प्रथमं किं निवेदितवती ? ◯

(क) प्रतीक्षाकरणाय (ख) आसनग्रहणाय (ग) भोजनाय (घ) स्नानाय

(6) इन्धनानि जलेन शमयित्वा कन्या किं प्राप्तवती ? ◯

(क) कृष्णाङ्गारान् (ख) काष्ठानि (ग) जलम् (घ) शाकम्

(7) भोजनान्ते कन्यया कस्य व्यवस्था कृता ? ◯

(क) शयनस्य (ख) ताम्बूलस्य (ग) तक्रस्य (घ) मिष्टान्नस्य

(8) कन्या विविधं व्यञ्जनं केन विरचितवती ? ◯

(क) स्वकीयेन बुद्धिबलेन (ख) क्रीतेन इन्धनेन

(ग) प्रस्थपरिमितेन धान्येन (घ) स्वकीयेन धनेन

**2. एकवाक्येन संस्कृतभाषायां उत्तरत ।**

(1) श्रेष्ठिपुत्रस्य नाम किम आसीत् ?

(2) देशान् भ्रमन् एकदा शक्तिकुमारः कुत्र समागतः ?

(3) शक्तिकुमारः विरलभूषणां कुमारीं कुत्र अपश्यत् ?

(4) कन्या तण्डूलान् केन प्रक्षालितवती ?

(5) भोज्यादीनां पदार्थानां वर्णनं कृत्वा कन्या किं कृतवती ?

## 3. कृदन्तप्रकारं लिखत ।

(1) प्रविष्टः ............... (2) आकृष्टम् ...............

(3) भोजयितुम् ............... (4) उक्त्वा ...............

(5) आदाय ............... (6) निवेदितवती ...............

## 4. सन्धिविच्छेदं कुरुत ।

(1) प्रविष्टस्तदा ...............

(2) सोऽचिन्तयत् ...............

(3) तुषेभ्यस्तण्डुलाः ...............

(4) व्यञ्जनञ्च ...............

## 5. समासप्रकारं लिखत ।

(1)दारविहीनानाम् ............... (2) घृतसहितम् ...............

(3) पिनद्धशालिः ............... (4) विरलभूषणाम् ...............

(5) शालिप्रस्थेन ............... (6) कृष्णाङ्गारान् ...............

(7) गुणसम्पदा ............... (8) स्वनगरम् ...............

## 6. उदाहरणानुसारं शब्दरूपं लिखत ।

| | शब्द | लिङ्ग | विभक्ति | वचन |
|---|---|---|---|---|
| उदाहरणम् - वचनात्। | वचन | नपुंसकलिङ्ग | पञ्चमी | एकवचन |
| (1) काञ्चीनगरे | ............... | ............... | ............... | ............... |
| (2) जीवनस्य | ............... | ............... | ............... | ............... |
| (3) भार्याम् | ............... | ............... | ............... | ............... |
| (4) दारग्रहणाय | ............... | ............... | ............... | ............... |
| (5) सम्मतौ | ............... | ............... | ............... | ............... |
| (6) अनेन | ............... | ............... | ............... | ............... |

## 7. कोष्ठगतानि पदानि प्रयुज्य वाक्यानि रचयत ।

(1) શેઠનો દીકરો શક્તિકુમાર નિવાસ કરતો હતો.
(श्रेष्ठिपुत्र शक्तिकुमार नि + वस्)

(2) કૂવા ઉપર એક વિરલભૂષણા કન્યાને જોઈ.
(कूप एका विरलभूषणा कुमारी दृश्)

(3) શેઠના પુત્રને પોતાના ઘરે લઈ આવી.
(श्रेष्ठिपुत्र स्वगृह आ + नी)

(4) તેનાથી ધન મળે છે.
(तत् धन मिल्)

(5) ધનથી શાક ઘી અને તેલ લાવું છું.
(धन शाक घृत तैल च आ + नी)

**8. मातृभाषायाम् उत्तराणि लिखत ।**

(1) શક્તિકુમાર બાવીસ વર્ષનો થતાં શું વિચારે છે ?

(2) ગુણવતી કન્યાની પરીક્ષા માટે શક્તિકુમારની યોજના શી હતી ?

(3) કન્યા શું વેચે છે અને તેનાથી શું મેળવે છે ?

(4) કન્યાએ શક્તિકુમારની ભોજનરુચિ કેવી રીતે વધારી ?

(5) શક્તિકુમારે શેનાથી આકૃષ્ટ થઈને કન્યાની સામે વિવાહનો પ્રસ્તાવ કર્યો ?

**9. मातृभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।**

(1) શક્તિકુમારની પરીક્ષાયોજના

(2) ગુણવતી કન્યાનું આયોજન

**10. मातृभाषायाम् अनुवादं कुरुत ।**

(1) तत्कथं गुणवतीं भार्याम् अहं विन्देयमिति।

(2) एकदा स कावेरीतीरपत्तने समागतः।

(3) स्वर्णकाराय विक्रेतुं धात्रीमुक्तवती।

(4) उष्णीकृते जले च तान् प्रक्षिप्तवती।

(5) अतिथये प्रथमं स्नातुं निवेदितवती।

**પ્રવૃત્તિ**

- આદર્શ નાગરિકના ગુણોની સૂચિ બનાવો.
- કોઈ એક જ ધાન્યમાંથી તૈયાર કરી શકાતી અનેક વાનગીઓની યાદી બનાવો.

•

# 6. काष्ठखण्डः

પ્રાચીન ભારતીય શિક્ષણપ્રણાલીમાં ગુરુ-શિષ્યનું સાંનિધ્ય મહત્ત્વનું હતું. ગુરુકુળમાં નિવાસ કરીને વિદ્યાભ્યાસ કરવાની પરંપરાને કારણે આખો દિવસ બંનેનો સાથ રહેતો. તેથી ગમે તે ઘડીએ અને ગમે તે સ્થળે ગુરુ પોતાના શિષ્યને જ્ઞાન પીરસવાનું રાખતા. આ કારણે નિયત અભ્યાસક્રમનો પાઠ ભણવાની સાથે સાથે ક્યારેક સાહજિક રીતે અને ક્યારેક આકસ્મિક રીતે પણ શિષ્યને જ્ઞાન પ્રાપ્ત કરવાનો અવસર મળતો. આ પરંપરા આજે પણ પ્રાચીન પદ્ધતિથી સંસ્કૃતનું અધ્યયન-અધ્યાપન કરાવતી પાઠશાળાઓમાં અને ગુરુકુળોમાં સચવાયેલી છે. આવો જ એક પ્રસંગ આ પાઠમાં છે. નદીકિનારે શિષ્ય સાથે ભ્રમણ કરતા ગુરુને આકસ્મિક રીતે નદીના પાણીમાં તરતો એક કાષ્ઠખંડ-લાકડાનો ટુકડો નજરે પડે છે કે તરત જ ગુરુની પ્રજ્ઞા પોતાના શિષ્યને એક મહત્ત્વનું જ્ઞાન પીરસવા માટે સક્રિય બને છે. એ સમયે અને એ સ્થળે કોઈ ગુરુએ પોતાના શિષ્યને જે જ્ઞાન આપ્યું હતું તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે.


કાષ્ઠખંડ પોતાના જન્મકાળથી જ પાણીમાં તરવાનો ગુણ ધરાવે છે. સદ્‌ભાગ્યે તે સમુદ્રને મળતી નદીના પાણીમાં આવી પહોંચ્યો છે. તેથી હવે આ કાષ્ઠખંડને રત્નાકર મનાતા સમુદ્રમાં પહોંચવાનું સ્વાભાવિક રીતે સૌભાગ્ય પ્રાપ્ત થવાનું છે. પણ, જ્ઞાની ગુરુની દૃષ્ટિ આ સૌભાગ્યપ્રાપ્તિના માર્ગમાં વિઘ્નો પણ જોઈ શકે છે. આ વિઘ્નો તરફ પોતાના શિષ્યનું ધ્યાન દોરીને ગુરુ જણાવે છે કે જો આ કાષ્ઠખંડ પોતાને આ વિઘ્નોથી બચાવતો રહે તો જ તે સમુદ્રમાં પહોંચી શકે છે, અન્યથા નહિ.

માણસને કાષ્ઠખંડ તરીકે કલ્પીને ગુરુએ સરસ રૂપક ગોઠવી આપ્યું છે અને તે દ્વારા ખૂબ જ સહજ રીતે શિષ્યને ઉપદેશ આપ્યો છે. ગુરુનો ઉપદેશ છે કે માણસ પણ જીવનમાં આવતાં ચાર વિઘ્નોથી પોતાની જાતને બચાવી લે, તો જ સુખરૂપી સમુદ્રને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મેળવી શકે છે.

---

गङ्गातीरे एकः गुरुः शिष्येण सह वर्तमानः आसीत्। स जलप्रवाहेण नीयमानं कञ्चन काष्ठखण्डं दर्शयन् शिष्यमाह – अयं जलप्रवाहेण सह समुद्रं प्राप्स्यति, परन्तु गमनमार्गे तीरे संलग्नता, भाराधिक्येन जले निमग्नता, आवर्तपातता, नदीजलवियोगश्चेति चत्वारो विघ्नाः न भवेयुः तदा एव।

गुरुरग्रे उपदिशति शिष्यम्। वयं सर्वे मानवाः अपि काष्ठखण्डा इव। अस्माकं जीवनमेव नदी। परिवारः प्रवाहरूपः। तत्र स्नेहरूपं जलं वहति। स्वकीये परिवारे जीवनं जीवन्तः काष्ठरूपा वयं सुखपूर्णं संसाररूपं समुद्रम् अवश्यं प्राप्तुं शक्नुमः, यदि चत्वारो विघ्ना न भवन्ति।



जीवने कीदृशाः विघ्नाः भवन्तीति शिष्यः अपृच्छत्।

गुरुः समुपादिशत् – नदीरूपे जीवने आहार–निद्रा–भयादयः तीरभूताः सन्ति। तीरेषु संलग्नता नाम आहार–निद्रा–भयादीनां सेवने सततं प्रवृत्तिः। वस्तुतस्तु आहारादयः सेवनीयाः भवन्ति, तथापि तत्र सततं संलग्नता विघ्न एव। आहार–निद्रा–भयादिषु सततं प्रवृत्तिरूपः विघ्नः भवति चेत् काष्ठखण्डरूपाः वयं सुखरूपं समुद्रं प्राप्तुं न शक्नुमः।

सामाजिको व्यवहारः भाररूपो भवति। यद्यपि सामाजिको व्यवहारः सर्वत्रैव अपेक्षितो भवति। परन्तु सः शक्तिमतिक्रम्य न भवेत्। ये जनाः स्वकीयां शक्तिमतिक्रम्य सामाजिकान् व्यवहारान् कुर्वन्ति ते अतिभारत्वात् निमज्जन्ति एव। निमज्जितः जनः सुखमयं संसारसमुद्रं प्राप्तुं न शक्नोति।

सुरापानम् अक्षक्रीडा तमाखुभक्षणं चौरकर्म इत्यादीनि दुर्व्यसनानि मानवजीवने आवर्तभूतानि सन्ति। एषु पतितो जनः बहिः

आगन्तुं न शक्नोति। अतः तत्र पतनमेव न भवेत् तादृशः प्रयत्नः सततं करणीयो भवति। ये जनाः व्यसनेषु पतिताः सन्ति ते तरन्तः अपि एकस्मिन् स्थाने परितः भ्रमन्ति। तेषां प्रगतिः बाधिता भवति। ततस्ते सुखादिरूपं संसारसमुद्रं प्राप्तुं नार्हन्ति।

परिवारात् मुखत्वम् एव नदीजलवियोगः। सामान्यतया परिवारे निवसन्तः एव वयं संसारसमुद्रं प्राप्तुं समर्थाः भवामः। परन्तु यदि कश्चित् जनः स्वार्थवशात् क्रोधवशात् वा परिवारात् प्रतिमुखो भवति, सोऽपि नदी (परिवार)–जल–(स्नेह)–वियुक्तः कदाचिदपि ज्ञानेन सुखेन च पूर्णम् आनन्दमयं संसारसमुद्रं न प्राप्नोति।

चतुर्भ्यः विघ्नेभ्यः रक्षिताः जनाः ज्ञानेन सुखेन च पूर्णम् आनन्दमयं संसाररूपं समुद्रम् अवश्यं प्राप्नुवन्ति।

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) काष्ठखण्डः** લાકડાનો ટુકડો **आवर्तः** પાણીનું વમળ, ચક્રાકારે ગોળ ફરવું તે.

**(સ્ત્રીલિંગ) संलग्नता** જોડાણ **निमग्नता** ડૂબેલા રહેવું તે, ડુબાણ **प्रवृत्तिः** પ્રવૃત્તિ, કામકાજ **अक्षक्रीडा** જુગારની રમત

**(નપુંસકલિંગ) स्नेहरूपम्** સ્નેહના રૂપવાળું **जीवनम्** જીવન, જિંદગી **सुरापानम्** દારૂ પીવો તે **तमाखुभक्षणम्** તમાકુ ખાવી તે **मुखत्वम्** વિમુખતા, જે-તે વસ્તુથી પોતાનું મુખ ફેરવી લેવું તે

**સર્વનામ : कञ्चन** કોઈ એકને, કોઈકને **अस्माकम्** અમારું, આપણું **ये** (પું.) જે (બ.વ.) **ते** (પું.) તેઓ (બ.વ.), પેલાઓ **एषु** (પું.) એ સર્વમાં, એ બધામાં

**વિશેષણ : नीयमानम् ( काष्ठखण्डम् )** લઈ જવામાં આવતા (લાકડાના ટુકડા)ને **स्वकीये ( परिवारे )** પોતાના (પરિવાર)માં **चत्वारः ( विघ्नाः )** ચાર (વિઘ્નો), ચાર (બાધાઓ) **कीदृशाः ( विघ्नाः )** કેવા પ્રકારનાં (વિઘ્નો) **सुखरूपम् ( समुद्रम् )** સુખરૂપી (સમુદ્ર)ને **सामाजिकः ( व्यवहारः )** સામાજિક (વ્યવહાર) **भाररूपः ( व्यवहारः )** બોજો લાગે તેવો (વ્યવહાર) **पतितः ( जनः )** પડેલો (માણસ) **तादृशः ( प्रयत्नः )** તેવો (પ્રયત્ન), તેવો (પ્રયાસ) **आनन्दमयं ( संसारसमुद्रम् )** આનંદથી ભરેલા (સંસારરૂપી સમુદ્ર)ને

**અવ્યય : सह** સાથે **अपि** પણ **इव** ની જેમ **तत्र** ત્યાં, તે સ્થળે **नाम** નામે ઓળખાતું, એ નામનું **वस्तुतः** હકીકતમાં, વાસ્તવમાં **तु** તો **तथापि** તેમ છતાં, છતાંય **चेत्** જો **यद्यपि** જોકે **सर्वत्र** બધી જગ્યાએ, દરેક સ્થળે **बहिः** બહાર **परितः** ચારે બાજુ **वा** અથવા, વિકલ્પના અર્થમાં **सततम्** સતત, અટક્યા વિના

**સમાસઃ** काष्ठखण्डः (काष्ठस्य खण्डः – षष्ठी तत्पुरुष)। गङ्गातीरे गङ्गायाः तीरम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)। जलप्रवाहेण (जलस्य प्रवाहः, तेन – षष्ठी तत्पुरुष)। गमनमार्गे (गमनस्य मार्गः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। भाराधिक्येन (भारस्य आधिक्यम्, तेन – षष्ठी तत्पुरुष)। आवर्तपातता (आवर्ते पातता – सप्तमी तत्पुरुष)। प्रवाहरूपः (प्रवाहः रूपं यस्य सः – बहुव्रीहि)। स्नेहरूपम् (स्नेहः रूपम् यस्य सः – बहुव्रीहि)। काष्ठरूपाः (काष्ठं रूपं येषां ते –बहुव्रीहि)। सुखपूर्णम् (सुखेन पूर्णम् – तृतीया तत्पुरुष)। संसाररूपम् (संसारः रूपम् यस्य सः, तम् – बहुव्रीहि)। नदीरूपे (नदी रूपम् यस्य तत्, तस्मिन् – बहुव्रीहि)। आहारनिद्राभयादयः (आहारः च निद्रा च भयं च (– आहार–निद्रा–भयानि, इतरेतर द्वन्द्व), आहारनिद्राभयानिः आदिः येषाम् ते – बहुव्रीहि)। प्रवृत्तिरूपः (प्रवृत्तिः रूपं यस्य सः – बहुव्रीहि)। सुखरूपम् (सुखं रूपं यस्य सः, तम् –बहुव्रीहि)। भाररूपः (भारः रूपम् यस्य सः – बहुव्रीहि)। संसारसमुद्रम् (संसारः एव समुद्रः, तम् – कर्मधारय)। अक्षक्रीडा (अक्षाणां क्रीडा – षष्ठी तत्पुरुष)। तमाखुभक्षणम् (तमाखोः भक्षणम् – षष्ठी तत्पुरुष)। चौरकर्म (चौरस्य कर्म – षष्ठी तत्पुरुष)। मानवजीवने (मानवस्य जीवनम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)। आवर्तभूतानि (आवर्तः भूतः यस्य तत्, तानि – बहुव्रीहि)। सुखादिरूपम् (सुखम् आदिः यस्य सः – सुखादिः, (बहुव्रीहि), सुखादिः रूपं यस्य सः, तम् – बहुव्रीहि)। स्वार्थवशात् (स्वार्थस्य वशः, तस्मात् – षष्ठी तत्पुरुष)। क्रोधवशात् (क्रोधस्य वशः, तस्मात् – षष्ठी तत्पुरुष)। नदीजलवियोगः (नद्याः जलम् (– नदीजलम्, षष्ठी तत्पुरुष), नदीजलात् वियोगः – पञ्चमी तत्पुरुष)।

**કૃદંત : ( वि.कृ. ) सेवनीया:** સેવવા યોગ્ય **करणीया:** કરવા યોગ્ય, કરવા લાયક **( क.भू.कृ ) उपविष्ट:** બેઠેલો **अपेक्षित:** અપેક્ષા રખાયેલો **निमज्जित:** ડૂબેલો, તળિયે જઈ બેઠેલો **पतित:** પડેલો **बाधिता** અટકી ગયેલી **रक्षिता:** રક્ષા પામેલા, સચવાયેલા **( हे.कृ ) प्राप्तुम्** પ્રાપ્ત કરવા માટે, મેળવવા માટે **आगन्तुम्** આવવા માટે, આવવા વાસ્તે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) वह् ( वहति )** વહેવું **प्रच्छ् > पृच्छ् ( पृच्छति )** પૂછવું, પ્રશ્ન કરવો **अर्ह् ( अर्हति )** યોગ્ય હોવું, લાયક હોવું

**છઠ્ઠો ગણ (પરસ્મૈપદ) उप + दिश् ( उपदिशति )** ઉપદેશ આપવો

## વિશેષ

**1. શબ્દાર્થ : प्रदर्शयन्** દેખાડતો, બતાવતો **प्राप्स्यति** પ્રાપ્ત કરશે, પામશે **भाराधिक्येन** ભારની અધિકતાને કારણે **आवर्तपातता** વમળમાં ફસાઈ જવું તે **चत्वार:** ચાર (પું.) **न भवेयु:**થાય નહિ **जीवनम् जीवन्त:** જીવનને જીવતા **सुखपूर्णम्** સુખથી ભરેલાને **शक्नुम:** (આપણે સહુ) શક્તિમાન થઈશું **सेवने** સેવન કરવામાં **शक्तिम् अतिक्रम्य** શક્તિનું અતિક્રમણ કરીને, શક્તિ કરતાં વધારે કામ કરીને **न भवेत्** થાય નહિ. થતું નથી. **अतिभारत्वात्** અતિશય ભારે હોવાને કારણે **निमज्जन्ति** ડૂબી જાય છે. તળિયે બેસે છે. **इत्यादीनि** વગેરે **आवर्तभूतानि** વમળ બનેલાં, વમળ થઈ ગયેલાં **तरन्त:** તરતા રહેનારા **निवसन्त:** નિવાસ કરતા **समर्था: भवाम:** (આપણે સહુ) સમર્થ બનીએ છીએ. **स्वार्थवशात्** સ્વાર્થને વશ થવાને કારણે **क्रोधवशात्** ક્રોધને વશ થવાને કારણે **प्रतिमुखम् नदी ( परिवार )-जल ( स्नेह )-वियुक्त:** નદી (એટલે કે પરિવાર)ના જળ (એટલે કે સ્નેહ)થી વિયુક્ત-જુદો થયેલો **प्राप्नोति** મેળવે છે. પામે છે.

**2. સંધિ :** नदीजलवियोगश्चेति चत्वारो विघ्ना: (नदीजलवियोग: च इति चत्वार: विघ्ना:)। गुरुरग्रे (गुरु: अग्रे)। काष्ठखण्डा इव (काष्ठखण्डा: इव)। भवन्तीति (भवन्ति इति)। वस्तुतस्तु (वस्तुत: तु)। सामाजिको व्यवहार: (सामाजिक: व्यवहार:)। भाररूपो भवति (भाररूप: भवति)। सर्वत्रैव (सर्वत्र एव)। अपेक्षितो भवति (अपेक्षित: भवति)। करणीयो भवति (करणीय: भवति)। ततस्ते (तत: ते)। नार्हन्ति (न अर्हन्ति)। सोऽपि (स: अपि)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्य: विकल्पेभ्य: समुचितम् उत्तरं चिनुत ।**

(1) जलप्रवाहे गुरु: शिष्यं किं दर्शयति ? ◯

(क) पाषाणखण्डम् (ख) काष्ठखण्डम् (ग) काञ्चनम् (घ) गमनमार्गम्

(2) वयं सर्वे मानवा: कीदृशा: इव स्म: ? ◯

(क) जलम् इव (ख) नदी इव (ग) विघ्ना इव (घ) काष्ठखण्डा इव

(3) सामाजिको व्यवहार: कुत्र अपेक्षितो भवति ? ◯

(क) सुखे (ख) शुभप्रसङ्गे (ग) सर्वत्र (घ) अतिदु:खे

(4) केषां जनानां प्रगति: बाधिता भवति ? ◯

(क) भयग्रस्तानाम् (ख) व्यसनिजनानाम् (ग) व्यावहारिकानाम् (घ) शिष्यजनानाम्

(5) गुरु: ............... सह उपविष्ट: आसीत्। ◯

(क) शिष्ये (ख) शिष्येण (ग) शिष्यस्य (घ) शिष्यम्

(6) ............... प्रतिमुखत्वम् एव नदीजलवियोगः।

(क) परिवारात् (ख) संसारात् (ग) व्यवहारात् (घ) प्रवाहात्

(7) आहारादयः ............... भवन्ति।

(क) सेवनीयाः (ख) सेवनीयः (ग) सेवनीयो (घ) सेवनीयम्

(8) सामाजिको व्यवहारः शक्तिमनतिक्रम्य न ............... ।

(क) भवेताम् (ख) भवेयुः (ग) भवेत् (घ) भवेयम्

(9) गमनमार्गे ............... विघ्नाः भवन्ति।

(क) एकः (ख) सप्त (ग) त्रयः (घ) चत्वारः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) गुरुः कुत्र वर्तमानः आसीत् ?

(2) गुरुः कम् उपदिशति ?

(3) प्रवाहरूपे परिवारे किं वहति ?

(4) कीदृशाः जनाः एकस्मिन् स्थाने भ्रमन्ति ?

(5) विघ्नरहिताः जनाः कीदृशं समुद्रं प्राप्नुवन्ति ?

**3. कृदन्तप्रकारं लिखत ।**

(1) आगन्तुम् ............... (2) अतिक्रम्य ...............

(3) पतिताः ............... (4) करणीयाः ...............

(5) बाधिता ...............

**4. सन्धिं योजयत ।**

(1) शिष्यः + अपृच्छत् ...............

(2) पतितः + जनः ...............

(3) अतः + तत्र ...............

(4) प्रगतिः + तेषाम् ...............

(5) गुरुः + अग्रे ...............

**5. अधः प्रदत्तानां पदानां समासप्रकारं लिखत।**

(1) भाराधिक्येन ............... (2) आहारनिद्राभयादयः ...............

(3) संसारसमुद्रम् ............... (4) सुखपूर्णम् ...............

**6. धातुरूपाणां परिचयं कारयत ।**

| | | | | | |
|---|---|---|---|---|---|
| यथा : गच्छन्ति | गम् ( गच्छ् ) | परस्मैपद | वर्तमानकाल | अन्यपुरुष | बहुवचन |
| (1) भ्रमन्ति | ............... | ............... | ............... | ............... | ............... |
| (2) अपृच्छत् | ............... | ............... | ............... | ............... | ............... |
| (3) भवेयुः | ............... | ............... | ............... | ............... | ............... |
| (4) भवामः | ............... | ............... | ............... | ............... | ............... |

**7. पुरुषवचनानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।**

| | | | | |
|---|---|---|---|---|
| यथा : देशे | देश | सप्तमी | एकवचनम् | દેશમાં |
| (1) प्रवाहेण | ............... | ............... | ............... | ............... |
| (2) अस्माकम् | ............... | ............... | ............... | ............... |
| (3) तीरेषु | ............... | ............... | ............... | ............... |
| (4) व्यवहारान् | ............... | ............... | ............... | ............... |
| (5) परिवारात् | ............... | ............... | ............... | ............... |

**8. प्रश्नानाम् उत्तराणि मातृभाषयां लिखत ।**

(1) સાચુ સુખ મેળવવા માટે કોણ યોગ્ય નથી ?

(2) લેખકે મનુષ્યોને કાષ્ઠખંડ જેવા શા માટે કહ્યા છે ?

(3) સમુદ્ર સુધી જવામાં કાષ્ઠખંડને કયાં કયાં વિઘ્ન આવી શકે છે ?

(4) આવર્તપાત નામના વિઘ્નને સમજાવો.

**9. विभागद्वयं यथार्थरीत्या संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) आवर्तपातता | (1) परिवारात् प्रतिमुखत्वम् |
| (2) तीरे संलग्नता | (2) सामाजिकव्यवहाराणां भाराधिक्यम् |
| (3) जलवियोगः | (3) व्यसनेषु सततं पतनम् |
| (4) जले निमग्नता | (4) आहारादीनां सेवने सततं प्रवृत्तिः |
| | (5) तन्न युक्तं साम्प्रतं क्षणमपि अत्र अवस्थातुम्। |

**પ્રવૃત્તિ**

- માનવીય દુર્વ્યસનોની સૂચિ બનાવો અને તેનાથી થનારી હાનિઓ લખો.
- દુર્ગુણોનો ત્યાગ કરી મહાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધિ પામેલા મહાનુભાવોની યાદી બનાવો.

# 7. सुभाषितकुसुमानि

सुष्ठु भाषितं सुभाषितम्। અર્થાત્ જે સારી રીતે કહેવાયેલું છે તે સુભાષિત છે. સંસ્કૃતમાં આવાં સુભાષિતોનો અખૂટ ખજાનો છે. સાહિત્યકારોની માન્યતા છે કે पृथिव्यां त्रीणि रत्नानि जलम् अन्नं सुभाषितम्। અર્થાત્ પૃથ્વી ઉપર ત્રણ રત્નો છે - જળ, અન્ન અને સુભાષિત. માનવીય જીવન માટે જેમ જળ અને અન્ન અનિવાર્ય છે, તેવી જ રીતે સુભાષિત પણ અનિવાર્ય છે.

સંસ્કૃતનાં આ સુભાષિતો માત્ર ભારતીય પ્રજા કે સંસ્કૃતિને અભિવ્યક્ત કરતાં નથી પરંતુ તે તો સમગ્ર માનવ સંસ્કૃતિની ઓળખ કરાવે છે. પરિણામે તે સ્થળ અને કાળનાં બંધન વગર માનવમાત્રના જીવનને માર્ગદર્શન આપે છે. અહીં માનવજીવનમાં મૂલ્યોની સ્થાપના કરવાનો ઉપક્રમ હોય છે. વ્યક્તિના ચારિત્ર્યઘડતર માટે મિત્રની જેમ તે સહાયક બને છે. જીવનમાં જે ગ્રહણ કરવા યોગ્ય બાબતો છે તેમનું અનુસરણ કરવાથી માનવને કેવી રીતે સુખ અને આનંદની અનુભૂતિ થઈ શકે છે, તેનાં સરસ ઉદાહરણો પણ આ સુભાષિતો પૂરાં પાડતાં હોય છે. ટૂંકા વાક્યમાં લાંબી વાત મૂકવાની વિશેષતા તો અહીં છે જ.

પ્રસ્તુત પાઠમાં સાત સુભાષિતોનો સંગ્રહ છે જેમાં સજ્જનોનાં વચનોનું મૂલ્ય, વૃક્ષોની ઉપયોગિતા, પ્રયત્નપૂર્વક ગુણોની પ્રાપ્તિ, અસ્થિર ચિત્તવાળી વ્યક્તિથી થનારી હાનિ, વ્યક્તિની પરીક્ષાના ઉપાયો, મહાપુરુષોના અનુકરણીય ગુણો અને ધૈર્યવાન માણસના સ્વભાવનું સુચારુ વર્ણન કરવામાં આવ્યું છે. આવતીકાલના નાગરિકો અને આજના વિદ્યાર્થીઓમાં જીવનનાં મૂલ્યો, સદ્‌ગુણો તેમજ જીવનકૌશલ્યોનું સિંચન કરવાના ઉદ્દેશ સાથે આ સુભાષિતકુસુમો પ્રસ્તુત છે.

सद्भिस्तु लीलया प्रोक्तं शिलालिखितमक्षरम् ।
असद्भिः शपथेनापि जले लिखितमक्षरम् ॥ 1 ॥

सेवितव्यो महावृक्षः फल-च्छाया-समन्वितः ।
यदि दैवात्फलं नास्ति च्छाया केन निवार्यते ॥ 2 ॥

आरोप्यते शिला शैले यत्नेन महता यथा ।
निपात्यते क्षणेनाधः तथात्मा गुणदोषयोः ॥ 3 ॥

क्षणे रुष्टः क्षणे तुष्टः रुष्टः तुष्टः क्षणे क्षणे ।
अव्यवस्थितचित्तस्य प्रसादोऽपि भयङ्करः ॥ 4 ॥

यथा चतुर्भिः कनकं परीक्ष्यते
निघर्षण-च्छेदन-ताप-ताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते
श्रुतेन शीलेन गुणेन कर्मणा ॥ 5 ॥
आपत्सु रामः समरेषु भीमः
दानेषु कर्णश्च नयेषु कृष्णः ।
भीष्मः प्रतिज्ञापरिपालनेषु
विक्रान्तकार्येषु भवाञ्जनेयः ॥ 6 ॥

प्रारम्भते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहताः विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥ 7 ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) शपथः** સોગંદ **शैलः** પર્વત **प्रसादः** કૃપા, પ્રસન્નતા **पुरुषः** માણસ (સંસ્કૃતમાં પુરુષ શબ્દનો પ્રયોગ સ્ત્રી અને પુરુષ - એમ માણસમાત્રને માટે થાય છે. અહીં પણ સ્ત્રી અને પુરુષ બંને માટે તે વપરાયો છે.) **समरः** યુદ્ધ **नयः** નીતિ **आञ्जनेयः** અંજનાનો પુત્ર, હનુમાન

**(સ્ત્રીલિંગ) लीला** સરળતા, સહેલાઈ **छाया** છાંયડો **शिला** મોટો પથ્થર

**(નપુંસકલિંગ) अक्षरम्** વર્ણ, અકારાદિ - અ વગેરે અક્ષર **कनकम्** સોનું, સુવર્ણ **श्रुतम्** જ્ઞાન **शीलम्** ચારિત્ર્ય

**સર્વનામ : केन** (પું. નપું.) કોના દ્વારા, કોનાથી

**વિશેષણ : शिलालिखितम् ( अक्षरम् )** શિલા ઉપર લખાયેલ (અક્ષર) **फलच्छायासमन्वितः ( महावृक्षः )** ફળ અને છાયાથી યુક્ત (મોટું વૃક્ષ)

**અવ્યય : अधः** નીચે **अद्यैव** આજે જ

**સમાસઃ** शिलालिखितम् ( शिलायां लिखितम् – सप्तमी तत्पुरुष) । महावृक्षः (महान् चासौ वृक्षः – कर्मधारय) । फलच्छायासमन्वितः (फलम् च छाया च (–फलच्छाये, इतरेतर द्वन्द्व), फलच्छायाभ्याम् समन्वितः, तम् – तृतीया तत्पुरुष) । गुणदोषयोः (गुणः च दोषः च, तयोः – इतरेतर द्वन्द्व) । अव्यवस्थितचित्तस्य (व्यवस्थितं चित्तं यस्य सः – व्यवस्थितचित्तः – बहव्रीहि), न व्यवस्थितचित्तः, तस्य – नञ् तत्पुरुष) । निघर्षणच्छेदनतापताडनैः, (निघर्षणं च छेदः च तापः च ताडनं च निघर्षणच्छेदनतापताडनानि, तैः इतरेतर द्वन्द्व) । विक्रान्तकार्येषु (विक्रान्तं च तत् कार्यम्, तेषु – कर्मधारय) । नीतिनिपुणाः (नीतिषु निपुणाः – सप्तमी तत्पुरुष) । विघ्नभयेन (विघ्नात् भयम्, तेन – पञ्चमी तत्पुरुष) । विघ्नविहताः (विघ्नैः विहताः – तृतीया तत्पुरुष) । उत्तमजनाः (उत्तमः च असौ जनः, ते – कर्मधारय) ।

**કૃદંત : ( क.भू.कृ. ) प्रोक्तम्** કહેલું **लिखितम्** લખેલું **रुष्टः** રોષે ભરાયેલો **तुष्टः** સંતોષ પામેલો **( वि.कृ. ) सेवितव्यः** સેવવા યોગ્ય, સેવા કરવી જોઈએ. **( सं.भू.कृ. ) प्रारभ्य** પ્રારંભ કરીને

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) वि + रम् ( विरमति )** વિરામ લેવો, રોકાઈ જવું **परि + त्यज् ( परित्यजति )** ત્યાગ કરવો, છોડવું

## વિશેષ

**1. શબ્દાર્થ :** **सद्भिः** સજ્જનો દ્વારા **असद्भिः** દુર્જનો દ્વારા **केन निवार्यते** કોણ નિવારી શકે છે ? કોણ અટકાવી શકે છે ? **आरोप्यते** મૂકવામાં આવે છે. ચઢાવવામાં આવે છે. **यत्नेन महता** મોટા-ભારે પ્રયત્નથી **क्षणेनाधः निपात्यते** ક્ષણમાત્રમાં નીચે પાડી દેવામાં આવે છે. **तथात्मा गुणदोषयोः** તેવી જ રીતે આત્મા ગુણ અને દોષમાં (આત્માને, પોતાની જાતને ગુણમાં ઉપર ઊઠતાં મુશ્કેલી પડે છે, પણ દોષમાં નીચે પડતાં વાર લાગતી નથી.) **अव्यवस्थितचित्तस्य** અવ્યવસ્થિત ચિત્તવાળાનો, જેનું ચિત્ત વ્યવસ્થિત રીતે કામ કરતું નથી તેવા માણસનો **चतुर्भिः** ચાર રીતથી- રીતે **परीक्ष्यते** પરીક્ષા કરવામાં આવે છે. તપાસ કરવામાં આવે છે. **निघर्षणच्छेदनतापताडनैः** નિઘર્ષણ-ઘસવું, છેદન-કાપવું, તાપ-તપાવવું, તાડન-ટીપવું, એ (ચાર) ક્રિયાઓ દ્વારા **कर्मणा** કર્મથી **आपत्सु** આપત્તિઓમાં **प्रतिज्ञापरिपालनेषु** પ્રતિજ્ઞાનું પાલન કરવાના કામમાં **विक्रान्तकार्येषु** પરાક્રમભર્યાં કાર્યોમાં **भव** થજે. થા. બન. **प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः** નીચ માણસો દ્વારા વિઘ્નોના ડરથી આરંભ કરાતો નથી. **मध्याः** મધ્યમ પ્રકારના માણસો **विघ्नैः प्रतिहन्यमानाः** વિઘ્નો વડે હણાતા, વિઘ્નોનો સામનો કરતા

**2. संधि :** सद्भिस्तु (सद्भिः तु)। शपथेनापि (शपथेन अपि)। सेवितव्यो महावृक्षः (सेवितव्यः महावृक्षः)। नास्ति च्छाया (न अस्ति छाया)। क्षणेनाधः (क्षणेन अधः)। तथात्मा (तथा आत्मा)। प्रसादोऽपि (प्रसादः अपि)। कर्णश्च(कर्णः च)। भवाञ्जनेयः (भव आञ्जनेयः)। पुनरपि (पुनः अपि)।

## સ્વાધ્યાય

### 1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।

(1) सद्भिः लीलया प्रोक्तं कीदृशम् ? ◯

(क) अचलम् (ख) चलम् (ग) नश्वरम् (घ) असत्यम्

(2) महता यत्नेन शिला कुत्र आरोप्यते ? ◯

(क) भूमौ (ख) नदीतटे (ग) शैले (घ) गृहे

(3) अव्यवस्थितचित्तस्य प्रसादः कीदृशः ? ◯

(क) भयङ्करः (ख) दयनीयः (ग) अनुकरणीयः (घ) तुष्टिकरः

(4) पुरुषः केन परीक्ष्यते ? ◯

(क) शीलेन (ख) धनेन (ग) पदेन (घ) कनकेन

(5) ............... कर्णः भव। ◯

(क) नयेषु (ख) दानेषु (ग) समरेषु (घ) आपत्सु

(6) विक्रान्तकार्येषु ............... भव। ◯

(क) भीमः (ख) भीष्मः (ग) आञ्जनेयः (घ) कृष्णः

(7) कैः कार्यं न प्रारभ्यते ? ◯

(क) उत्तमजनैः (ख) नीचैः (ग) मध्यमैः (घ) जनैः

(8) के कार्यं प्रारभ्य न परित्यजन्ति ? ◯

(क) मध्यमजनाः (ख) नीचजनाः (ग) सामान्यजनाः (घ) उत्तमजनाः

**2. एकेन वाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) कैः प्रोक्तं जले लिखितमक्षरं भवति ?

(2) शिला कथं शैले आरोप्यते ?

(3) गुणेन कः परीक्ष्यते ?

(4) कार्यं प्रारभ्य के परित्यजन्ति ?

**3. उदाहरणानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।**

| उदाहरणम् : जले | जल | अकारान्त | नपुंसकलिङ्ग | सप्तमी | एकवचन |
|---|---|---|---|---|---|
| (1) लीलया | ............... | ............... | ............... | ............... | ............... |
| (2) समरेषु | ............... | ............... | ............... | ............... | ............... |
| (3) गुणदोषयोः | ............... | ............... | ............... | ............... | ............... |
| (4) ताडनैः | ............... | ............... | ............... | ............... | ............... |

**4. मातृभाषायाम् उत्तरत ।**

(1) સુવર્ણની પરીક્ષા કઈ કઈ રીતે થાય છે ?

(2) આપત્તિમાં અને પ્રતિજ્ઞાપાલનમાં કોને આદર્શ માનવા જોઈએ ? શા માટે ?

(3) કાર્યનો પ્રારંભ ન કરનારને કેવા માણસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે ?

**5. मातृभाषायाम् अनुवादं कृत्वा अर्थं विस्तरत ।**

(1) यथा चतुर्भिः कनकं परीक्ष्यते ।
निघर्षण-च्छेदन-ताप-ताडनैः॥

(2) सेवितव्यो महावृक्षः फल-च्छाया-समन्वितः ।
यदि दैवात्फलं नास्ति च्छाया केन निवार्यते ॥

**6. श्लोकस्य पूर्तिं कुरुत ।**

(1) आपत्सु रामः ......................... भवाञ्जनेयः ॥

**પ્રવૃત્તિ**

- સંસ્કૃતભાષાનાં આવાં બીજાં સુભાષિત વચનોનો સંગ્રહ કરો.
- બે-ચાર સંસ્કૃત સુભાષિતોને કંઠસ્થ કરો અને તેમનો અર્થ સમજો.

•

# 8. साक्षिभूतः मनुष्यः

સંસારને જોવાની અનેક રીત છે. તેમાંની એક રીત એ છે કે સંસાર ઘટના-દુર્ઘટનાઓની માયાજાળ છે. દરેક ક્ષણે, દરેક સ્થળે જાતજાતની ઘટનાઓ બનતી રહે છે. સંસારના વિવિધ પદાર્થો એકબીજાના સંદર્ભે આ બધી ઘટનાઓના સાક્ષી બનતા રહે છે. આવા સાક્ષીઓમાં પથ્થર જેવા જડ પદાર્થો, પશુ-પક્ષી અને મનુષ્ય જેવા ચેતન પદાર્થોનો સમાવેશ થાય છે.

પોતાની લાક્ષણિકતાને કારણે આ સાક્ષીભૂત પદાર્થો જુદી જુદી ભૂમિકા અદા કરતા હોય છે. પથ્થર વગેરે જડ પદાર્થો કશું જ કર્યા વિના, નિષ્ક્રિય રહીને જે-તે ઘટનાના સાક્ષી બને છે. ગાય વગેરે જેવાં પશુઓ ઘટના સ્થળથી દૂર ભાગીને પોતાની જાતને સાચવી લેવાનો ઉપક્રમ આદરે છે. આ બંને પદાર્થો પાસે આ સિવાય બીજી કોઈ આશા રાખી શકાતી નથી. પરંતુ માણસની સ્થિતિ આ બંને કરતાં જરા જુદા પ્રકારની છે. જેમ કે, દુર્ઘટનાનો સાક્ષી બનેલો માણસ દુર્ઘટનાગ્રસ્તને જોઈ તેના દુઃખથી પોતે પણ દુઃખની અનુભૂતિ કરે છે. એ સાથે જ તે દુઃખી માણસની મદદ કરવા સક્રિય બને છે અને એ રીતે પોતાના કર્તવ્યનો નિર્વાહ કરે છે. વળી, એ દુર્ઘટનાથી કોઈક બોધપાઠ લેવાનો પણ તે ઉપક્રમ આદરે છે.

આજકાલ યાતાયાતનાં સાધનોની અધિકતાને કારણે રાજમાર્ગ ઉપર અનેક દુર્ઘટનાઓ ઘટે છે. આવી દુર્ઘટનાના સાક્ષીભૂત માણસ પાસે જે અપેક્ષા રાખવાની હોય છે, તે અપેક્ષાઓ પૂરી થતી નથી. આ સ્થિતિમાં દુર્ઘટનાઓના સાક્ષીભૂત મનુષ્યની ફરજ છે, જેને બજાવવા માટે તત્પર રહેવા તરફ દિશાસૂચન કરવા માટે આ સંવાદાત્મક પાઠ પ્રસ્તુત છે.

---

(मार्गे घटमानायाः दुर्घटनायाः साक्षिणः के के भवन्ति, किं किं च ते आचरन्ति इति विषयमधिकृत्य पुनीतसुनीतौ परस्परं संवदतः।)

**पुनीतः** – भ्रातः ! मार्गे कदाचित् दुर्घटनाः अपि घटन्ति। तत्र प्रायः प्रस्तरादयो जडपदार्थाः, गवादयः पशवः मनुष्याश्चेति त्रयः साक्षिणः भवन्ति। किं त्वं जानासि यत् घटितायाः दुर्घटनायाः सन्दर्भे एते त्रयोऽपि भिन्नं भिन्नं कर्म समाचरन्ति।

**सुनीतः** – न जानामि। प्रथमं कथयतु यत् प्रस्तरादयः किं कुर्वन्ति ?

**पुनीतः** – प्रस्तरादयस्तु अचेतनाः सन्ति, ते स्वयं क्रियां कर्तुं समर्थाः न भवन्ति। अतः ते तथैव तिष्ठन्ति।

**सुनीतः** – सचेतनाः पशवः पक्षिणश्च किं कुर्वन्ति ?

**पुनीतः** – एते घटनया उत्थितात् ध्वनेः भयमनुभवन्ति। अतः घटनास्थलात् दूरे धावन्ति।

**सुनीतः** – सत्यं वदति भवान्। गवादयः पशवस्तु निर्बुद्धयः सन्ति। परन्तु कश्चित् सबुद्धिः मानवोऽपि यदि घटनास्थलात् दूरे धावति, तर्हि पशुरेव सः।

**पुनीतः** – वस्तुतस्तु मनुष्यः यदि मनुष्यः इव वर्तते, तदा सः दुर्घटनायाः साक्षी भूत्वा त्रिविधं कार्यम् आचरति।

**सुनीतः** – कानि कानि तानि त्रिविधानि कार्याणि ?

**पुनीतः** – प्रथमं कार्यम् अस्ति दुःखानुभूतिः। मनुष्य एव दुःखेन दुःखितो भवितुमर्हति, सुखेन च सुखितः। अतः दुर्घटनया पीडाग्रस्तं दुःखितं जनं दृष्ट्वा मनुष्येण दुःखानुभूतिः करणीया भवति। यः खलु एतादृशं जीवं पश्यन् अपि दुःखं न अनुभवति, सः मनुष्यः नास्ति, अपि तु सः प्रस्तरः एव। यतो हि प्रस्तरः कदापि अन्यस्य दुःखं न अनुभवति।

**सुनीतः** – यथार्थं भवानाह। मयापि बहुधा अपरिचितं दुर्घटनाग्रस्तं जनं पश्यता दुःखमनुभूतमस्ति। द्वितीयं कार्यं किमस्ति ?

**पुनीतः** – द्वितीयं कार्यं तु कर्तव्यस्य निर्वाहः। दुर्घटनाग्रस्तः जनः सद्यः एव ओषधालयश्रितः करणीयः भवति येन तस्य उचितः उपचारः स्यात्। तत्र सङ्गत्य कदाचित् तस्मै रक्तस्य आवश्यकता भवति चेत्, स्वकीयं रक्तमपि तस्मै दातव्यं भवति। तस्य परिवारे सूचना दातव्या भवति येन तस्य परिवारजनः ओषधालयमागत्य तस्य विशेषः सहायो भवेत्। दुर्घटनायाः साक्षिणः मनुष्यस्य एतादृशं कर्तव्यम्। सर्वैः मनुष्यैः अस्य कर्तव्यस्य निर्वाहः करणीयः एव।

**सुनीतः** – तृतीयं कार्यं किमस्ति, यत् घटनायाः साक्षी मनुष्यः आचरेत् ?

**पुनीतः** – तृतीयं कार्यम् अस्ति बोधप्राप्तिः। मनुष्येण सदैव बोधप्राप्तये प्रयत्नः करणीयो भवति। यदा वयं कस्याश्चित् दुर्घटनायाः साक्षिणः भवामः तदा कर्तव्यं समाचरन्तः दुःखमनुभवन्तः तस्याः दुर्घटनायाः कञ्चित् बोधमपि प्राप्तुम् अर्हामः। विना कारणं दुर्घटना न भवति। तत्र कस्यचित् जनस्य त्रुटिः कारणं भवति। सा त्रुटिः ज्ञातव्या। तदनन्तरं तादृशीं त्रुटिमहं न कदापि करिष्यामीति बोधोऽपि प्राप्तव्य एव।

**सुनीतः** – साधु कथितं भवता। घटनायाः साक्षिणः सन्तः कर्तव्यं निर्वहन्तोऽपि, दुःखमनुभवन्तोऽपि यदि वयं बोधपाठं न प्राप्नुमः तदा वयं मनुष्याः न स्मः।

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) प्रस्तरः** પથ્થર **ध्वनिः** અવાજ **उपचारः** સારવાર **परिजनः** કુટુંબીજન, જ્ઞાતિબંધુ **सहायः** મદદગાર, સહાયક

**(સ્ત્રીલિંગ) त्रुटिः** ભૂલ **दुर्घटना** અકસ્માત્, દુર્ઘટના

**(નપુંસકલિંગ) भयम्** ડર (સંસ્કૃતમાં આ શબ્દ નપુંસકલિંગમાં વપરાય છે, જ્યારે ગુજરાતીમાં તે પુલ્લિંગમાં વપરાય છે.) **रक्तम्** લોહી, **ओषधालयम्** દવાખાનું

**સર્વનામ : एते** (પું.) આ બધા **तानि** (નપું.) તે બધાં **कानि** (નપું.) કોણ, કયાં **येन** (પું. નપું.) જેનાથી, જેના દ્વારા **तस्य** (પું. નપું.) તેનું **अस्य** (પું.) આનું **वयम्** અમે, આપણે

**વિશેષણ : उत्थितात् ( ध्वनेः )** ઊઠેલા (અવાજથી) **त्रिविधम् ( कार्यम् )** ત્રણ પ્રકારનું (કામ) **तानि त्रिविधानि ( कार्याणि )** તે ત્રણ પ્રકારનાં (કાર્યો) **प्रथमम् ( कार्यम् )** પહેલું (કામ) **पीडाग्रस्तं दुःखितम् ( जनम् )** પીડામાં ફસાયેલા દુઃખી (માણસ)ને **द्वितीयम् ( कार्यम् )** બીજું (કામ) **उचितः ( उपचारः )** યોગ્ય (ઇલાજ), વાજબી (સારવાર) **स्वकीयम् ( रक्तम् )** પોતાનું (લોહી) **तृतीयम् ( कार्यम् )** ત્રીજું (કામ) **तादृशीम् ( त्रुटिम् )** તેવી (ભૂલ)ને

**અવ્યય : प्रायः** ઘણું કરીને **तथैव** તેમ ને તેમ **तर्हि** તો **खलु** ખરેખર **अपि तु** પરંતુ **यतो हि** કેમકે **यथार्थम्** જે છે તેવા રૂપમાં **बहुधा** અનેક પ્રકારે **सद्यः** તરત **सदैव** હંમેશાં **कदापि** ક્યારેય પણ

**સમાસઃ** प्रस्तरादयः (प्रस्तरः आदिः येषां ते – बहुव्रीहि)। (અહીં વપરાયેલો आदि શબ્દ 'પ્રકાર'ના અર્થમાં છે. તેથી પથ્થર જેવા, તે પ્રકારના પદાર્થોને प्रस्तरादि કહે છે.) जडपदार्थाः (जडः चासौ पदार्थः च, ते – कर्मधारय)। घटनास्थलात् (घटनायाः स्थलम्, तस्मात् – षष्ठी तत्पुरुष)। दुःखानुभूतिः (दुःखस्य अनुभूतिः – षष्ठी तत्पुरुष)। पीडाग्रस्तम् (पीडया ग्रस्तः, तम् – तृतीया तत्पुरुष)। दुर्घटनाग्रस्तम् (दुर्घटनया ग्रस्तः, तम् – तृतीया तत्पुरुष)। ओषधालयश्रितः (ओषधस्य आलयः (– ओषधालयः, षष्ठी तत्पुरुष), ओषधालयं श्रितः – द्वितीया तत्पुरुष)।बोधप्राप्तिः (बोधस्य प्राप्तिः – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( सं.भू.कृ. ) भूत्वा** થઈને, બનીને **संगत्य** પ્રાપ્ત કરીને, જઈને **( वि.कृ. ) दातव्यम्** આપવું જોઈએ. **ज्ञातव्या** જાણવા યોગ્ય, જાણવી જોઈએ **प्राप्तव्यः** મેળવવા યોગ્ય, મેળવી લેવું જોઈએ. **( क.भू.कृ ) कथितम्** કહ્યું, કહેલું

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) घट् ( घटति )** બનવું **धाव् ( धावति )** દોડવું

## વિશેષ

**1. શબ્દાર્થ : भ्रातः !** હે ભાઈ (સંબોધન) **त्रयः साक्षिणः** ત્રણ સાક્ષીઓ **प्रथमं कथयतु यत्** પહેલાં કહો કે **कर्तुम् समर्थाः** કરવાને સમર્થ, કરી શકે તેવા **तथैव तिष्ठन्ति** તેમ જ રહે છે. તેમ જ સ્થિર રહે છે. **निर्बुद्धयः भवन्ति** બુદ્ધિ વગરના હોય છે. **कश्चित् सबुद्धिः** કોઈ બુદ્ધિવાળો, કોઈ બુદ્ધિમાન **परस्य दुःखेन दुःखितः** પારકાના દુઃખે દુઃખી **भवितुमर्हति** થઈ શકે છે. **सुखेन च सुखितः** અને સુખથી સુખી થયેલો, સુખે સુખી **करणीया भवति** કરવાની હોય છે. **जीवं पश्यन् अपि** જીવને જોઈને પણ **पश्यता मया** જોતા એવા મેં **दुःखमनुभूतमस्ति** દુઃખ અનુભવ્યું છે. **ओषधालयश्रितः** હૉસ્પિટલને - દવાખાનાને પ્રાપ્ત કરેલો, દવાખાને પહોંચેલો **कर्तव्यम् समाचरन्तः** કર્તવ્યનું પાલન કરતા **दुःखम् अनुभवन्तः** દુઃખનો અનુભવ કરતા, દુઃખ અનુભવતા **प्राप्तुम् अर्हामः** પ્રાપ્ત કરી શકીએ છીએ. **साधु कथितम्** બરાબર કહ્યું. **साक्षिणः सन्तः** સાક્ષી થઈને **कर्तव्यं निर्वहन्तः** કર્તવ્યનો નિર્વાહ કરતા રહીને **न प्राप्नुमः** પ્રાપ્ત કરીએ નહિ.

**2. સંધિ :** प्रस्तरादयो जडपदार्थाः (प्रस्तरादयः जडपदार्थाः)। मनुष्याश्चेति (मनुष्याः च इति)। त्रयोऽपि (त्रयः अपि)। प्रस्तरादयस्तु (प्रस्तरादयः तु)। पक्षिणश्च (पक्षिणः च)। पशवस्तु (पशवः तु)। मानवोऽपि (मानवः अपि)। पशुरेव (पशुः एव)। मनुष्य एव (मनुष्यः एव)। दुःखितो भवितुमर्हति (दुःखितः भवितुम् अर्हति)। करणीयो भवति (करणीयः भवति)। बोधोऽपि (बोधः अपि)। प्राप्तव्य एव (प्राप्तव्यः एव)। निर्वहन्तोऽपि (निर्वहन्तः अपि)। दुःखमनुभवन्तोऽपि (दुःखम् अनुभवन्तः अपि)।

## સ્વાધ્યાય

### 1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।

(1) के स्वयं क्रियां कर्तुं समर्थाः न सन्ति ? ◯

(क) पशवः (ख) मनुष्याः (ग) प्रस्तराः (घ) पक्षिणः

(2) गवादयः पशवः कीदृशाः भवन्ति ? ◯

(क) अचेतनाः (ख) सबुद्धयः (ग) असमर्थाः (घ) निर्बुद्धयः

(3) दुर्घटनाग्रस्तः जनः कुत्र नेतव्यः ? ◯

(क) गृहम् (ख) ओषधालयम् (ग) कुत्रापि न (घ) पुलिसस्थानकम्

(4) घटनाया उत्थितेन .............. भयमनुभवन्ति। ◯

(क) दुःखेन (ख) ध्वनेः (ग) सुखेन (घ) ध्वनिना

(5) साक्षिभूतेन मनुष्येण सदैव किमर्थं प्रयत्नः करणीयः ? ◯

(क) बोधप्राप्तये (ख) धनप्राप्तये (ग) सुखप्राप्तये (घ) शान्तिप्राप्तये

(6) कः परस्य दुःखेन दुःखितः भवितुमर्हति ? ◯

(क) पशुः (ख) वृक्षः (ग) मनुष्यः (घ) प्रस्तरः

(7) साक्षिभूतस्य मनुष्यस्य द्वितीयं कार्यं किम् अस्ति ? ◯

(क) बोधप्राप्तिः (ख) दुःखानुभूतिः (ग) भयानुभूतिः (घ) कर्तव्यस्य निर्वाहः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) दुर्घटनाया: साक्षिण: के भवन्ति ?

(2) घटनया उत्थिता%त् ध्वने: भीता: पशव: किं कुर्वन्ति ?

(3) दुर्घटनाया: कारणं किं भवति ?

(4) कर्तव्यस्य निर्वाह: कस्य कार्यमस्ति ?

**3. अध: प्रदत्तानां कृदन्तानां प्रकारं लिखत ।**

(1) भूत्वा ................ (2) संगत्य ................

(3) करणीय: ................ (4) दातव्यम् ................

(5) भवितुम् ................ (6) प्राप्तव्य: ................

**4. सन्धिविच्छेदं कुरुत ।**

(1) मनुष्याश्चेति ................

(2) प्रस्तरादयस्तु ................

(3) मानवोऽपि ................

(4) निर्वहन्तोऽपि ................

(5) पशुरेव ................

(4) यतो हि ................

**5. रेखाङ्कितपदानां समासप्रकारं लिखत ।**

(1) जडपदार्था: साक्षिण: भवन्ति।

(2) अत: घटनास्थलात् दूरे धावन्ति।

(3) दुर्घटनाग्रस्तं दु:खितं जीवं पश्यन् जन: किं कुर्यात्।

**6. रेखाङ्कितपदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत।**

(का, कस्या:, कस्मात्, कम्, कै:)

(1) पशव: ध्वने: भयमनुभवन्ति।

(2) मनुष्यै: कर्तव्यस्य निर्वाह: करणीय:।

(3) विना कारणं दुर्घटना न भवति।

(4) दुर्घटनाया: बोधं प्राप्तुम् अर्हाम:।

**7. प्रदत्तपदानि प्रयुज्य वाक्यानि रचयत ।**

(1) કારણ વિના દુર્ઘટના થતી નથી.

(कारण विना दुर्घटना न भू)

(2) આપણાં ત્રણ કર્તવ્યો છે.

(अस्मद् त्रि कर्तव्य अस्)

(3) પથ્થરો અચેતન હોય છે.

(प्रस्तर अचेतन भू)

(4) માણસ સુખ અને દુ:ખનો અનુભવ કરે છે.

(मानव सुख च दु:ख अनु + भू)

**8. निम्नलिखितानां प्रश्नानाम् उत्तराणि मातृभाषायां लिखत ।**

(1) દુર્ઘટનાના સાક્ષી કોણ કોણ બને છે ?

(2) કયા મનુષ્યની પશુમાં ગણના થાય ?

(3) દુર્ઘટનાની સાક્ષી બનેલા માણસનાં ત્રણ કર્તવ્યો કયાં કયાં છે ?

(4) કયા મનુષ્યને પથ્થર સાથે સરખાવવામાં આવ્યો છે ? શા માટે ?

**प्रवृत्ति**

- દુર્ઘટના સમયે કરવાની તાત્કાલિક સેવાઓની સૂચિ બનાવો.
- તમે જોયેલી કોઈ ઘટના કે દુર્ઘટનાનો અહેવાલ લખો.
- માર્ગ સલામતીના નિયમોનો ચાર્ટ બનાવો.

•

# 9. चक्षुष्मान् अन्ध एव

સંસ્કૃત સાહિત્યમાં બાણભટ્ટ ગદ્યસમ્રાટ તરીકે જાણીતા છે. તેઓ સાતમી સદીના પૂર્વાર્ધમાં સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં (ઉત્તર ભારતમાં) થઈ ગયા. તેમનો જન્મ વત્સ ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ ચિત્રભાનુ અને માતાનું નામ રાજદેવી હતું. તેમણે હર્ષચરિત અને કાદમ્બરી નામે ગદ્યકાવ્યના બે ગ્રંથો રચ્યા છે. આ પૈકી કાદમ્બરીનું કથાવસ્તુ કાલ્પનિક છે, જ્યારે હર્ષચરિતનું કથાવસ્તુ ઐતિહાસિક છે. પોતાના સમકાલીન સમ્રાટ હર્ષવર્ધનના જીવનના કેટલાક પ્રસંગોનું આ હર્ષચરિતમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં કુલ આઠ પ્રકરણો છે, જેને ઉચ્છ્‌વાસ નામ આપવામાં આવ્યું છે. આ પાઠ હર્ષચરિતના પ્રથમ ઉચ્છ્‌વાસમાંથી સંપાદિત કરીને લેવામાં આવ્યો છે.

પિતામહ બ્રહ્માની સભામાં દુર્વાસા સામવેદના મંત્રનું ગાન કરતા હતા ત્યારે તેઓ કોઈ કારણથી અન્ય મુનિ સાથે ઝઘડી પડ્યા અને મંત્રના ગાનમાં ભૂલ થઈ ગઈ. આથી દેવી સરસ્વતીને હસવું આવ્યું. હસી રહેલાં સરસ્વતીને જોઈને દુર્વાસા ગુસ્સે ભરાયા. ગુસ્સામાં ને ગુસ્સામાં ભાન ભૂલેલા દુર્વાસાએ સરસ્વતીને પૃથ્વી પર અવતરવાનો શાપ આપી દીધો. દુર્વાસાના ક્રોધી સ્વભાવથી ડરીને અન્ય ઋષિમુનિઓ તો મૌન જ રહ્યા, પણ પિતામહ બ્રહ્માએ દુર્વાસાને કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો. બ્રહ્માએ આપેલા ઠપકાનું આ પાઠમાં વર્ણન છે.

ક્રોધથી માણસની મતિ સારા કે નરસાનો ભેદ કરી શકતી નથી. તેથી તે આંખવાળો હોવા છતાં પણ અંધ જ બની રહે છે. માનવના મનમાં પ્રગટતા ક્રોધથી શરીરમાં શી-શી પ્રતિક્રિયા થાય છે તે અને ક્રોધને લીધે આવી પડનારાં દુષ્પરિણામો તરફ અહીં અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. ક્રોધાંધ માણસ આંખો હોવા છતાં કઈ કઈ બાબતોને જોઈ શકતો નથી તેનું વર્ણન કરીને ક્રોધથી દૂર રહેવાનો બોધ આ પાઠમાં સરસ રીતે આપવામાં આવ્યો છે.

---

अथ तां तथा शप्तां सरस्वतीं दृष्ट्वा पितामहो मङ्गलपटहेनेव स्वरेण आशाः पूरयन् सुधीरं दुर्वाससम् उवाच।



ब्रह्मन्, न खलु साधुसेवितोऽयं पन्थाः येनासि प्रवृत्तः। निहन्त्येष परस्तात्। इन्द्रियाश्वसमुत्थापितं हि रजः कलुषयति दृष्टिम् अनक्षजिताम्। कियद् दूरं वा चक्षुरीक्षते। विशुद्धया हि धिया पश्यन्ति कृतबुद्धयः सर्वान् अर्थान् असतः सतो वा। निसर्गविरोधिनी चेयं पयःपावकयोरिव धर्मक्रोधयोरेकत्र वृत्तिः। आलोकमपहाय कथं तमसि निमज्जसि। क्षमा हि मूलं सर्वतपसाम्। परदोषदर्शनदक्षा दृष्टिरिव कुपिता बुद्धिः न ते आत्मदोषं पश्यति। क्व महातपोभारवैवधिकता, क्व पुरोभागित्वम्। अतिरोषणः चक्षुष्मान् अन्ध एव जनः।

न हि कोपकलुषिता विमृशति मतिः कर्तव्यमकर्तव्यं वा। कुपितस्य प्रथमम् अन्धकारीभवति विद्या, ततो भृकुटिः। आदौ इन्द्रियाणि रागः समास्कन्दति, चरमं चक्षुः। आरम्भे तपो गलति, पश्चात् स्वेदसलिलम्। पूर्वम् अयशः स्फुरति, अनन्तरम् अधरः।

कथं लोकविनाशाय ते विषपादपस्येव जटावल्कलानि जातानि। अनुचिता खलु अस्य मुनिवेषस्य हारयष्टिरिव वृत्तमुक्ता चित्तवृत्तिः। शैलूष इव वृथा वहसि कृत्रिमम् उपशमशून्येन चेतसा तापसाकल्पम्। अल्पमपि न ते पश्यामि कुशलजातम्।

– हर्षचरिते प्रथम-उच्छ्वासे

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) पितामहः** બ્રહ્મા (પુરાણાનુસાર માનવસૃષ્ટિ બ્રહ્માથી થઈ છે. તેથી તે પિતાના પિતા એટલે કે પિતામહ તરીકે ઓળખાય છે.) **पटहः** નગારું **दुर्वासाः** એ નામના એક ઋષિ (તેઓ ક્રોધી વ્યક્તિ તરીકે પ્રખ્યાત છે.) **अर्थः** પદાર્થ કે ગુણ **आलोकः** પ્રકાશ **रागः** (અહીં એક અર્થ) આસક્તિ (અને બીજો અર્થ) લાલાશ **निसर्गः** સ્વભાવ, પ્રકૃતિ **विषपादपः** ઝેરનું ઝાડ **शैलूषः** નટ **आकल्पः** વેષ

**(સ્ત્રીલિંગ) आशा** દિશા **वृत्ति** સ્થિતિ, વ્યવહાર **भृकुटि** ભમર, ભવું **हारयष्टि** હારમાળા **वैवधिकता** ભાર સહન કરવાની શક્તિ

**વિશેષણ : शप्ताम् ( सरस्वतीम् )** શાપ પામેલી (સરસ્વતીને) **इन्द्रियाश्वसमुत्थापितम् ( रजः )** ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ દ્વારા ઉડાડવામાં આવેલી (રજ-ધૂળ) **कियद् ( दूरम् )** કેટલું (દૂર) **विशुद्धया ( धिया )** શુદ્ધ (બુદ્ધિ વડે) **परदोषदर्शनदक्षा ( दृष्टिः )** બીજાના દોષને જોવામાં નિપુણ (દૃષ્ટિ) **कोपकलुषिता ( मतिः )** કોપથી મલિન થયેલી (બુદ્ધિ) **अतिरोषणः चक्षुष्मान् ( जनः )** અતિશય ગુસ્સે થયેલી આંખવાળો (મનુષ્ય) **वृत्तमुक्ता ( चित्तवृत्तिः )** સદાચારરહિત (મનોવૃત્તિ) **उपशमशून्येन ( चेतसा )** શાન્તિરહિત (મનથી)

**અવ્યય : परस्तात्** પછીથી, ભવિષ્યમાં **एकत्र** એકી સાથે **क्व** ક્યાં **अनन्तरम्** પછી **पश्चात्** પછી

**સમાસઃ** मङ्गलपटहेन (मङ्गलः चासौ पटहः, तेन – कर्मधारय)। साधुसेवितः (साधुभिः सेवितः – तृतीया तत्पुरुष)। इन्द्रियाश्वसमुत्थापितम् – इन्द्रियाणि एव अश्वाः ( – इन्द्रियाश्वाः, कर्मधारय), इन्द्रियाश्वैः समुत्थापितम् – तृतीया तत्पुरुष)। कृतबुद्धयः (कृता बुद्धिः येन, ते – बहुव्रीहि)। निसर्गविरोधिनी (निसर्गस्य विरोधिनी – षष्ठी तत्पुरुष)। पयःपावकयोः (पयः च पावकश्च, तयोः – इतरेतर द्वन्द्व)। धर्मक्रोधयोः (धर्मः च क्रोधः च, तयोः – इतरेतर द्वन्द्व)। सर्वतपसाम् (सर्वम् च तत् तपः, तेषाम् – कर्मधारय)। परदोषदर्शनदक्षा (परस्य दोषः – परदोषः, षष्ठी तत्पुरुष), परदोषस्य दर्शनम् ( – परदोषदर्शनम्, षष्ठी तत्पुरुष), परदोषदर्शने दक्षा – सप्तमी तत्पुरुष)। आत्मदोषम् (आत्मनः दोषः, तम् – षष्ठी तत्पुरुष)। महातपोभारवैवधिकता (महत् च तत् तपः (कर्मधारय), महातपसः भारः महातपोभारः (षष्ठी तत्पुरुष), महातपोभारस्य वैवधिकता – षष्ठी तत्पुरुष)। कोपकलुषिता (कोपेन कलुषिता – तृतीया तत्पुरुष)। स्वेदसलिलम् (स्वेदस्य सलिलम् – षष्ठी तत्पुरुष)। लोकविनाशाय (लोकानां विनाशः, तस्मै – षष्ठी तत्पुरुष)। विषपादपस्य (विषस्य पादपः, तस्य – षष्ठी तत्पुरुष)। जटावल्कलानि (जटा च वल्कलानि च – इतरेतर द्वन्द्व)। मुनिवेषस्य (मुनेः वेषः, तस्य – षष्ठी तत्पुरुष)। हारयष्टिः (हारः एव यष्टिः – कर्मधारय)। वृत्तमुक्ता (वृत्तेन मुक्ता – तृतीया तत्पुरुष)। चित्तवृत्तिः (चित्तस्य वृत्तिः – षष्ठी तत्पुरुष)। उपशमशून्येन (उपशमेन शून्यम्, तेन – तृतीया तत्पुरुष)। तापसाकल्पम् (तापसस्य आकल्पः, तम् – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( सं.भू.कृ. ) दृष्ट्वा** જોઈને **अपहाय** છોડી દઈને **( क.भू.कृ. ) प्रवृत्तः** પ્રવૃત્ત થયેલો, લાગેલો

## વિશેષ

**1. શબ્દાર્થ : चक्षुष्मान् अन्ध एव** આંખો હોવા છતાં પણ આંધળો જ **पूरयन्** પૂરી દેતાં, ભરી દેતાં **सुधीरम्** ગંભીરતાપૂર્વક **उवाच** બોલ્યા. **ब्रह्मन्** હે બ્રાહ્મણ (અહીં આ સંબોધન દુર્વાસા માટે બ્રહ્માએ કર્યું છે.) **साधुसेवितः** સજ્જનો દ્વારા આચરવામાં આવેલો **पन्थाः** માર્ગ **निहन्ति** હણી નાખે છે. **कलुषयति** મલિન કરે છે. **अनक्षजिताम्** ચંચળ આંખોવાળાઓનો **धिया** બુદ્ધિથી **कृतबुद्धयः** શુદ્ધ બુદ્ધિવાળાઓ **असतः सतः वा अर्थान्** ખોટા કે સાચા વિષયને **पयःपावकयोः इव** પાણી અને આગની જેમ **तमसि** અંધારામાં **निमज्जसि** (તું) ડૂબી રહ્યો છે. **महातपोभारवैवधिकता** મહાન તપના ભારને વહન કરવાની શક્તિ **पुरोभागित्वम्** બીજામાં દોષ જોવાની વૃત્તિ **अन्धकारीभवति** આંધળી બની જાય છે. નાશ પામે છે. **समास्कन्दति** આક્રમણ કરે છે. વ્યાપી વળે છે. **चरमम्** છેવટનું, પછીનું **तापसाकल्पम्** તપસ્વીના વેષને **( आकल्प=वेष ) कुशलजातम्** કુશળતાના સમૂહને, અનેક કુશળતાઓને

**2. સંધિ :** पितामहो मङ्गलपटहेनेव (पितामहः मङ्गलपटहेन इव)। साधुसेवितोऽयम् (साधुसेवितः अयम्)। येनासि (येन असि)। निहन्त्येष परस्तात् (निहन्ति एषः परस्तात्)। चक्षुरीक्षते (चक्षुः ईक्षते)। सतो वा (सतः वा)। चेयम् (च इयम्))। पयःपावकयोरिव (पयःपावकयोः इव)। धर्मक्रोधयोरेकत्र (धर्मक्रोधयोः एकत्र)। आलोकमपहाय (आलोकम् अपहाय)। दृष्टिरिव (दृष्टिः इव)। ततो भृकुटिः (ततः भृकुटिः)। तपो गलति (तपः गलति)। विषपादपस्येव (विषपादपस्य इव)। हारयष्टिरिव (हारयष्टिः इव)। शैलूष इव (शैलूषः इव)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) इन्द्रियाश्वसमुत्थापितं रजः किं कलुषयति ? ◯

(क) मनः (ख) मस्तकम् (ग) दृष्टिम् (घ) सत्यम्

(2) कुपिता बुद्धिः किं न पश्यति ? ◯

(क) मार्गम् (ख) परदोषम् (ग) आलोकम् (घ) आत्मदोषम्

(3) कुपितस्य स्वेदसलिलात् पूर्वं किं गलति ? ◯

(क) तपः (ख) कर्तव्यम् (ग) रागः (घ) अधरः

(4) कुपितस्य पूर्वम् अयशः ............... , अनन्तरम् अधरः। ◯

(क) विमृशति (ख) स्फुरति (ग) कलुषयति (घ) निमज्जति

(5) 'शैलूष' शब्दस्य कः अर्थः ? ◯

(क) નર્તક (ख) નટ (ग) ગાયક (घ) પર્વત

(6) वृत्तमुक्ता चित्तवृत्तिः कीदृशी इव ? ◯

(क) हारयष्टिः (ख) विषवल्ली (ग) दुष्टबुद्धिः (घ) अविद्या

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) कृतबुद्धयः कथं पश्यन्ति ?

(2) धर्मक्रोधयोः एकत्र वृत्तिः कीदृशी ?

(3) कोपकलुषिता मतिः किं न विमृशति ?

(4) मुनिवेषस्य का अनुचिता ?

(5) क्रोधान्धस्य किम् अन्धकारीभवति ?

(6) दुर्वासाः कीदृशेन चेतसा तापसाकल्पं वहति ?

## 3. समासप्रकारं लिखत ।

(1) मङ्गलपटहेन ……………  (2) साधुसेवितः ……………

(3) कृतबुद्धयः ……………  (4) कोपकलुषिता ……………

(5) धर्मक्रोधयोः ……………  (6) विषपादपस्य ……………

## 4. सन्धिविच्छेदं कुरुत ।

(1) साधुसेवितोऽयम् ……………

(2) चक्षुरीक्षते ……………

(3) ततो भृकुटिः ……………

(4) अन्ध एव ……………

## 5. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।

(कदा, कस्य, कीदृशी, कथम्, कः)

(1) पितामहः सुधीरम् उवाच।

(2) आरम्भे तपो गलति।

(3) कुपितस्य मतिः कर्तव्यमकर्तव्यं न विमृशति।

(4) कुपिता बुद्धिः आत्मदोषं न पश्यति।

## 6. मातृभाषायां उत्तरत ।

(1) દુર્વાસાએ કોને શાપ આપ્યો ? શા માટે ?

(2) ધર્મ અને ક્રોધનું સાથે હોવું તે કોના સમાન છે ?

(3) બ્રહ્મા દુર્વાસાને નટ સાથે કેમ સરખાવે છે ?

(4) દુર્વાસાનાં જટાવલ્કલ કોના જેવાં છે ? શા માટે ?

(5) બ્રહ્મા ક્ષમા અંગે શું કહે છે ?

## 7. નીચેના પર ટૂંક નોંધ લખો :

(1) ક્રોધની શારીરિક અસરો

(2) બ્રહ્માનો દુર્વાસાને ઠપકો

## 8. यथायोग्यं संयुज्य पूर्णं वाक्यं रचयत ।

| क | ख |
|---|---|
| (1) आरम्भे तपो गलति | (1) अनन्तरम् अधरः। |
| (2) आदौ इन्द्रियाणि रागः समास्कन्दति | (2) पश्चात्स्वेदसलिलम्। |
| (3) प्रथमम् अन्धकारीभवति विद्या | (3) विमृशति मतिः। |
| (4) पूर्वम् अयशः स्फुरति | (4) चरमं चक्षुः। |
| | (5) ततो भ्रुकुटिः। |

### પ્રવૃત્તિ

- ક્રોધથી દૂર રહેવા માટે બોધ આપતી વિવિધ સૂક્તિઓ કે કહેવતો એકઠી કરો.
- દુર્વાસા મુનિ અંગેની અન્ય કથાઓની માહિતી મેળવો.

•

# 10. त्वमेका भवानि

સંસ્કૃત સાહિત્યમાં સ્તોત્રકાવ્યની એક આગવી પરંપરા છે. સ્તુતિ કરવા માટેના સાધનરૂપ પદ્યોને સ્તોત્ર કહે છે. આવાં સ્તોત્રો ક્યારેક મુક્તકના રૂપે એકાદી સંખ્યામાં તો ક્યારેક ચાર, પાંચ, છ, સાત, આઠ વગેરે શ્લોકોની સંખ્યામાં નિબદ્ધ હોય છે. સ્તોત્રસાહિત્યમાં સૌથી વધારે પ્રસિદ્ધિ આદિશંકરાચાર્યે રચેલાં સ્તોત્રોને પ્રાપ્ત થઈ છે. એમણે કેટલાં સ્તોત્રો રચેલાં છે, તે ચોક્કસ કહી શકાતું નથી. ઘણાં સ્તોત્રો એમના નામે પ્રસિદ્ધ થઈ ગયાં છે. તેમના નામે પ્રસિદ્ધિ પામેલા આવા જ એક આઠ શ્લોક ધરાવતા સ્તોત્રમાંથી પાંચ શ્લોકો પસંદ કરીને અહીં પ્રસ્તુત કર્યા છે.

જગદંબા ભવાનીની અહીં સ્તુતિ છે. સ્તુતિના પ્રત્યેક શ્લોકમાં ભક્તની અનન્ય શરણાગતિનું અને અબોધ બાળકની ભક્તિનું સતત દર્શન થાય છે. અહીં વર્ણન છે તે પ્રમાણે આ સ્તોત્રનું ગાન કરનાર ભક્તને પોતાના સાંસારિક સંબંધીઓ, જેવા કે - માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી કે પતિ-પત્ની જેવા દુન્યવી સંબંધોમાં જરાય રસ નથી. તેને મન તો આ ભવાની મા જ સર્વસ્વ છે. વળી, શાસ્ત્ર, તપ અને તીર્થ, વ્રત કે ઉપવાસ જેવા સ્થૂળ કર્મકાંડ તરફ પણ રુચિ નથી. તેને તો માત્ર પોતાની આ આરાધ્યા દેવી ભવાનીના શરણે રહેવાનું પસંદ છે. તેને પૂરેપૂરી ખાતરી છે કે ગમે તેવા પ્રસંગે મારી રક્ષા કરનાર તો મારી આ ભવાની માતા જ છે.

સુંદર રીતે ગાઈ શકાતા આ સ્તોત્ર દ્વારા એ બોધ લેવાનો છે કે બાહ્ય કર્મકાંડ કરતાં અનન્ય શ્રદ્ધા સાથે સાદાઈથી અને ગુણાત્મક જીવાતું જીવન વધારે મહત્ત્વનું છે. આ રીતે જીવતા માણસની રક્ષા ભવાની માતા સદૈવ કરે છે.

न तातो न माता न बन्धुर्न दाता
न पुत्रो न पुत्री न भृत्यो न भर्ता।
न जाया न विद्या न वृत्तिर्ममैव
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ 1 ॥

न जानामि दानं न च ध्यानयोगं
न जानामि तन्त्रं न च स्तोत्रमन्त्रम्।
न जानामि पूजां न च न्यासयोगं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ 2 ॥

न जानामि पुण्यं न जानामि तीर्थं
न जानामि मुक्तिं लयं वा कदाचित्।
न जानामि भक्तिं व्रतं वापि मातः
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ 3 ॥

विवादे विषादे प्रमादे प्रवासे
जले चानले पर्वते शत्रुमध्ये।
अरण्ये शरण्ये सदा मां प्रपाहि
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ 4 ॥

अनाथो दरिद्रो जरारोगयुक्तो
महाक्षीणदीनः सदा जाड्यवक्त्रः।
विपत्तौ प्रविष्टः प्रणष्टः सदाऽहं
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि ॥ 5 ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) तातः** પિતા **बन्धुः** ભાઈ, સગો **भृत्यः** નોકર, ચાકર **विषादः** દુઃખ, અફસોસ **प्रमादः** આળસ **अनलः** અગ્નિ **लयः** લીન થવું તે

**(સ્ત્રીલિંગ) जाया** પત્ની **वृत्तिः** નોકરી, ધંધો **भवानी** પાર્વતીનું એક નામ, ભવનાં એટલે કે શિવનાં પત્ની **मुक्तिः** મોક્ષ (જન્મમરણના ચક્રમાંથી છૂટી જવું તે) **भक्तिः** ભગવાનને ભજવાની ક્રિયા (પુરાણ મુજબ ભક્તિના નવ પ્રકાર છે.) **विपत्तिः** આપત્તિ, મુશ્કેલી

**(નપુંસકલિંગ) व्रतम्** વ્રત (સંસ્કૃતમાં આ શબ્દ પુંલ્લિંગમાં પણ વપરાય છે. નિયમિત રીતે આચરવાનાં પુણ્યકર્મને અને ધર્મની ભાવનાથી અમુક કાર્ય ન કરવા અંગે સ્વેચ્છાએ કરવામાં આવેલા નિશ્ચયને વ્રત કહે છે.) **अरण्यम्** વન, જંગલ **शरण्यम्** શરણું, આશ્રયસ્થાન

**વિશેષણ : अनाथः** જેનો કોઈ નાથ-સ્વામી નથી તેવો **दरिद्रः** નિર્ધન **जरारोगयुक्तः** ઘડપણ અને રોગથી યુક્ત **महाक्षीणदीनः** ખૂબ જ ક્ષીણ-ઘસાઈ ગયેલો અને કંગાલ (દીન = કંગાલ, બીકણ) **जाड्यवक्त्रः** જેનું મુખ જડ થઈ ગયું છે તેવો **( अहम् હું ) विपत्तौ प्रविष्टः ( अहम् )** આફતમાં પ્રવેશેલો (હું) **प्रणष्टः ( अहम् )** નાશ પામેલો (હું)

**અવ્યય : कदाचित्** ક્યારેક, કોઈકવાર **वापि** અને વળી

**સમાસઃ** ध्यानयोगम् ( ध्यानस्य योगः, तम् – षष्ठी तत्पुरुष ) । स्तोत्रमन्त्रम् ( स्तोत्रम् च मन्त्रः च – स्तोत्रमन्त्रम् – समाहार द्वन्द्व ) । न्यासयोगम् (न्यासस्य योगः, तम् – षष्ठी तत्पुरुष ) । शत्रुमध्ये (शत्रूणां मध्यः, तस्मिन् – षष्ठी तत्पुरुष ) । अनाथः ( न विद्यते नाथः यस्य सः – बहुव्रीहि ) । जरारोगयुक्तः ( जरा च रोगः च ( जरारोगौ – इतरेतर द्वन्द्व ), जरारोगाभ्यां युक्तः – तृतीया तत्पुरुष ) । महाक्षीणदीनः ( क्षीणः च दीनः च ( क्षीणदीनौ – इतरेतर द्वन्द्व ), महान्तौ च तौ क्षीणदीनौ – कर्मधारय ) । जाड्यवक्त्रः ( जाड्यं वक्त्रं यस्य सः – बहुव्रीहि ) ।

## વિશેષ

**1. શબ્દાર્થ : न जानामि** હું જાણતો નથી. **ध्यानयोगम्** ધ્યાનયોગને (કોઈ દેવતા કે પરબ્રહ્મના માનસિક ચિંતનની પ્રક્રિયાને ધ્યાનયોગ કહે છે.) **तन्त्रम्** તંત્રને, પૂજાની એક પ્રકારની પદ્ધતિને (અતિમાનવીય શક્તિની પ્રાપ્તિ માટે આ પ્રકારની પૂજા કરાતી હોય છે.) **स्तोत्रमन्त्रम्** સ્તોત્ર અને મંત્રને (જે પદ્ય દ્વારા સ્તુતિ કરવામાં આવે છે તે. આવાં પદ્ય લૌકિક છંદમાં રચાયેલાં હોય છે. વેદમાં આવતાં પદ્યોને મંત્ર કહે છે. તે ઋષિઓનું દર્શન છે.) **न्यासयोगम्** ન્યાસ-યોગને (શરીરના જુદા જુદા અવયવોમાં ભિન્ન ભિન્ન દેવતાઓનું મંત્રપાઠની સાથે ધ્યાન કરવાની પ્રક્રિયાને ન્યાસયોગ કહે છે.) **मातः** હે મા ! **मां प्रपाहि** મારી રક્ષા કરો.

**2. સંધિ :** तातो न ( तातः न ) । बन्धुर्न ( बन्धुः न ) । पुत्रो न ( पुत्रः न ) । भृत्यो न ( भृत्यः न ) । वृत्तिर्ममैव ( वृत्तिः मम एव ) । ममैव ( मम एव ) । गतिस्त्वम् ( गतिः त्वम् ) । चानले ( च अनले ) । अनाथो दरिद्रो जरारोगयुक्तो महाक्षीणदीनः ( अनाथः दरिद्रः जरारोगयुक्तः महाक्षीणदीनः ) । सदाऽहम् ( सदा अहम् ) ।

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) वृत्तिः शब्दस्य कः अर्थः ? ◯

(क) जीवनचर्या (ख) वर्तनम् (ग) प्रवृत्तिः (घ) निर्वृतिः

(2) कुत्र प्रविष्टस्य भक्तस्य भवानी एका एव गतिः वर्तते ? ◯

(क) व्रते (ख) वने (ग) विपत्तौ (घ) सर्वत्र

(3) भवानि इति ............... पदम् अस्ति। ◯

(क) क्रियापदम् (ख) संबोधनपदम् (ग) कर्तृकारकम् (घ) कर्मकारकम्

(4) न जानामि ............... लयं वा कदाचित्। ◯

(क) पूजाम् (ख) व्रतम् (ग) मुक्तिम् (घ) प्रलयम्

(5) गतिस्त्वं ............... भवानि। ◯

(क) प्रपाहि (ख) वयम् (ग) त्वमेका (घ) भवान्

**2. उदाहरणानुसारं परिचयं कारयत ।**

| पद | शब्द | लिङ्ग | विभक्ति-वचन |
|---|---|---|---|
| **उदाहरणम् :** विपत्तौ | विपत्ति | इकारान्त स्त्रीलिङ्ग | सप्तमी एकवचन |
| (1) पूजाम् | ............... | ............... | ............... |
| (2) वृत्तिः | ............... | ............... | ............... |
| (3) जले | ............... | ............... | ............... |
| (4) त्वम् | ............... | ............... | ............... |
| (5) व्रतम् | ............... | ............... | ............... |

**3. रेखाङ्कितपदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(कुत्र, किम्, कः, का)

(1) अहं <u>ध्यानयोगं</u> न जानामि।

(2) मम <u>वृत्तिः</u> नास्ति।

(3) <u>अरण्ये</u> सदा मां प्रपाहि।

**4. समासप्रकारं लिखत ।**

(1) अनाथः ............... (2) शत्रुमध्ये ...............

(3) जाड्यवक्त्रः ............... (4) ध्यानयोगम् ...............

**5. गुर्जरभाषायाम् उत्तरं लिखत ।**

(1) ભક્ત પોતાના કયા કયા સ્વજનને છોડીને માતાને પોતાની એક માત્ર ગતિ માને છે ?

(2) ભક્ત શું-શું નથી જાણતો ?

(3) કઈ કઈ પરિસ્થિતિમાં ભક્ત માતાને રક્ષણ કરવા પ્રાર્થે છે ?

(4) अनाथो दरिद्रो.... શ્લોકમાં ભક્ત પોતાને માટે કયાં વિશેષણો વાપરે છે ?

**6. श्लोकपूर्तिं कुरुत ।**

(1) विवादे विषादे ......................... त्वमेका भवानि ॥

(2) अनाथो दरिद्रो ......................... त्वमेका भवानि ॥

**પ્રવૃત્તિ**

- આદિ શંકરાચાર્યે રચેલું આવું કોઈ એક બીજું સ્તોત્ર મેળવીને વાંચો.
- વર્ગખંડમાં આ સ્તોત્રનું સમૂહગાન કરો.

•

# 11. यस्य जननं तस्य मरणम्

કથાના માધ્યમથી ઉપદેશ આપવાની પરંપરા ઘણી પ્રાચીન છે. આજે સંસ્કૃતસાહિત્ય વિશે આપણી પાસે જે માહિતી ઉપલબ્ધ છે, તેના આધારે વિચાર કરવામાં આવે, તો આ પરંપરાનો પ્રારંભ આર્યશૂરની જાતકમાલાથી થાય છે. તેમાં ભગવાન બુદ્ધના પૂર્વ જન્મની કથાઓ છે. પૂર્વના પોતાના વિવિધ જન્મોમાં બુદ્ધે ક્યાં અને કેવી રીતે ધર્મકાર્ય કર્યું હતું તે વિષયવસ્તુને લક્ષ્યમાં રાખીને આ કથાઓ ઘડવામાં આવી છે. એ પછી સંસ્કૃતસાહિત્યમાં ઘણું કથાસાહિત્ય આવ્યું. આજે પણ આ કથાસાહિત્યમાં સતત વૃદ્ધિ થઈ રહી છે.

સંસ્કૃત કથાઓની એક વિશેષતા એ છે કે તેમાં પાત્રોનું જે નામકરણ હોય છે, તે પાત્રનાં કર્મ કે ગુણને વ્યક્ત કરીને તે-તે પાત્રના ચરિતને વર્ણવતું હોય છે. પ્રસ્તુત કથામાં જે બે પાત્રો છે, તેમાં એક વિત્તદાસ છે અને બીજું પાત્ર કૂટનાથ છે. વિત્તદાસ એટલે પૈસાનો ગુલામ અને કૂટનાથ એટલે કૂટનીતિનો સ્વામી. વિત્તદાસ પોતાના નામ પ્રમાણે પૈસાનો ગુલામ હોઈ લોભી તરીકે પ્રસ્તુત છે. જ્યારે કૂટનાથ પોતાના નામ પ્રમાણે કૂટનીતિ દ્વારા કોઈને પણ (અહીં લોભી વિત્તદાસને) પાઠ ભણાવનાર પાત્ર તરીકે પ્રસ્તુત છે.

સંસ્કૃતમાં એક સૂક્તિ છે – लोभः पापस्य कारणम्। અર્થાત્ લોભ પાપનું કારણ છે. લોભ જુદી જુદી રીતનાં પાપ કરાવીને કેવી રીતે માણસને હાનિ પહોંચાડે છે તે આ કથા ઉપરથી સમજી શકાય છે. પાઠની વાક્યાવલિમાં વિશેષણ-વિશેષ્યના પ્રયોગ પર્યાપ્ત પ્રમાણમાં છે અને તેમને ધ્યાનમાં લઈને વિશેષણ-વિશેષ્યના પ્રયોગની પદ્ધતિને પણ બરાબર રીતે જાણી શકાશે.

---

अस्ति वित्तदासो नाम प्रभूतलोभः समृद्धः कश्चित् वणिग्जनः। तस्य कूटनाथाभिधः वैश्यः प्रातिवेशिकः आसीत्।

एकदा कूटनाथेन चिन्तितं यदयं वित्तदासः धनिकोऽपि लुब्धो वर्तते। अतः केनापि उपायेन मया असौ वञ्चनीयः। एवं विचार्य सः कूटनाथः एकदा वित्तदासस्य गृहमुपगम्य अकथयत्, ''भोः श्रेष्ठिन्, अस्माकं बहवः कुटुम्बिजनाः श्वः अतिथयः भविष्यन्ति। तेषामर्थे भोजनादिनिर्माणाय कानिचित् पात्राणि कृपया मह्यं यच्छतु। परश्वः तानि प्रत्यर्पयिष्यामि।''

प्रातिवेशिकधर्मभावेन वित्तदासः कूटनाथाय पात्राणि प्रायच्छत्।

पात्रोपयोगावसाने कूटनाथः पात्राणि प्रत्यर्पयितुं वित्तदासस्य गृहमगच्छत्। तैः पात्रैः सह कूटनाथः अन्यानि कानिचित् लघूनि नूतनानि पात्राणि अपि तत्र स्थापितवान्। लघूनां नूतनानां पात्राणां दर्शनेन विस्मितः वित्तदासः कूटनाथमपृच्छत्, ''भो वयस्य ! एतानि पात्राणि मम न सन्ति।'' कूटनाथः अकथयत् ''मित्र ! यानि पात्राणि भवता



दत्तानि तानि मम गृहे रात्रौ प्रसूतानि। एतानि लघूनि नूतनानि पात्राणि भवतः पात्राणामपत्यानि सन्ति।''

अपत्यरूपेण नूतनानि पात्राणि सम्प्राप्य वित्तदासः प्रसन्नः जातः।


व्यतीतेषु कतिपयेषु दिवसेषु कूटनाथः पुनरपि वित्तदासं पात्रार्थं प्रार्थयत। प्रदत्तेभ्यः पात्रेभ्यः अपि अधिकानां पात्राणां लाभो भविष्यति इति दुर्मत्या प्रेरितो वित्तदासः तस्मै सर्वाणि इष्टानि पात्राणि दत्तवान्।

व्यतीतेऽपि एकमासे यदा कूटनाथः पात्राणि न प्रत्यर्पितवान् तदा चिन्तामापन्नः वित्तदासः कूटनाथगृहं गत्वा स्वकीयानि पात्राणि अयाचत। कूटनाथः सशोकम् अकथयत्, ''भवतः सर्वाणि पात्राणि मृतानि''।

वित्तदासः कोपाविष्टः सन् अकथयत् ''एवं कथं भवेत्। भो वञ्चक ! त्वं मिथ्या वदसि। निर्जीवानां पात्राणां मरणं कथं सम्भवति ?''

कूटनाथः धैर्यमवलम्ब्य शान्तवचसा अवदत्, ''महोदय ! यदि पात्राणां जन्म भवति, तर्हि तेषां मरणमपि भवति। पूर्वं जातानि पात्राणि भवतः गृहे विलसन्ति। यानि पात्राणि भवद्भिः दत्तानि तानि मम गृहे मृतानि। तत्र अहं किं कर्तुं समर्थः। पश्य,

जन्म भवति पात्राणां मरणे संशयः कथम् ।
जगति यत्समुत्पन्नं नश्यति सर्वथा ध्रुवम् ॥''



**ટિપ્પણ**

**નામ : (પુંલ્લિંગ) प्रातिवेशिक** પડોશી **वैश्यः** વણિક **धनिकः** પૈસાદાર, ધનવાન **अतिथिः** મહેમાન (જેના આવવાની તિથિ નક્કી હોતી નથી, તે અતિથિ છે.) **वञ्चकः** ઠગ

**(સ્ત્રીલિંગ) मिथ्या** ખોટું, જુઠ્ઠું **दुर्मतिः** ખરાબ બુદ્ધિ, ખોટી મતિ

**સર્વનામ : मह्यम्** મારા માટે, મારા કાજે तैः (પું. નપું.) તેમના દ્વારા, તેઓથી **अन्यानि** (નપું.)બીજાં **एतानि** (નપું.) આ બધાં **भवता** આપના દ્વારા **सर्वाणि** (નપું.) બધાં **यानि** (નપું.) જે (બ.વ.)

**વિશેષણ : कूटनाथाभिधः यथार्थाभिधानः वैश्यः ( प्रातिवेशकः )** કૂટનાથ નામનો, નામના અર્થ પ્રમાણેનો, વાણિયો (પડોશી) **कानिचित् ( पात्राणि )** કેટલાંક (વાસણો), કેટલાંક (વાસણોને) **तैः ( पात्रैः )** તે (પાત્રો) દ્વારા **अन्यानि कानिचित् लघूनि नूतनानि ( पात्राणि )** બીજાં કેટલાંક, નાનાં, નવાં (વાસણો) **लघूनां नूतनानाम् ( पात्राणाम् )**

નાનાં, નવાં (વાસણોનું) **स्वकीयानि ( पात्राणि )** પોતાનાં (વાસણો) **अधिकानाम् ( पात्राणाम् )** વધારે (પાત્રો)નો **सर्वाणि इष्टानि ( पात्राणि )** બધાં ઇચ્છેલાં (પાત્રો)ને, બધાં જોઈતાં હતાં તે (વાસણો)ને **निर्जीवानाम् ( पात्राणाम् )** નિર્જીવ (વાસણો)નું **जातानि ( पात्राणि )** ઉત્પન્ન થયેલાં (વાસણો),જન્મેલાં (વાસણ)

**અવ્યય : परश्वः** પરમ દિવસ **पुनरपि** ફરી પણ **कथम्** કેવી રીતે, કેમ **हि** નિશ્ચયનો અર્થ આપે છે. **सर्वथा** બધી રીતે **ध्रुवम्** ચોક્કસ

**સમાસઃ** प्रभूतलोभः (प्रभूतः लोभः यस्य सः – बहुव्रीहि)। वणिग्जनः (वणिक् च असौ जनः – कर्मधारय)। कूटनाथाभिधः (कूटस्य नाथः (कूटनाथः, षष्ठी तत्पुरुष), कूटनाथः अभिधा यस्य सः – बहुव्रीहि)। यथार्थाभिधानः (यथार्थम् अभिधानं यस्य सः – बहुव्रीहि)। कुटुम्बिजनाः (कुटुम्बी च असौ जनः, ते – कर्मधारय)। अतिथिः (न विद्यते तिथिः यस्य सः – बहुव्रीहि)। भोजनादिनिर्माणाय (भोजनादीनां निर्माणाय – षष्ठी तत्पुरुष))। प्रातिवेशिकधर्मभावेन (प्रातिवेशिकस्य धर्मः (–प्रातिवेशिकधर्मः, षष्ठी तत्पुरुष), प्रातिवेशिकधर्मस्य भावः, तेन – षष्ठी तत्पुरुष)। वित्तदासः (वित्तस्य दासः – षष्ठी तत्पुरुष)। कूटनाथः (कूटस्य नाथः – षष्ठी तत्पुरुष)। पात्रोपयोगावसाने (पात्राणाम् उपयोगः (पात्रोपयोगः, षष्ठी तत्पुरुष), पात्रोपयोगस्य अवसानम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)। अपत्यरूपेण (अपत्यं रूपं यस्य सः, तेन – बहुव्रीहि)। एकमासे (एकः च असौ मासः, तस्मिन् – कर्मधारय)। कूटनाथगृहम् (कूटनाथस्य गृहम् – षष्ठी तत्पुरुष)। सशोकम् (शोकेन सहितं यथा स्यात् तथा – अव्ययीभाव)। कोपाविष्टः (कोपेन आविष्टः – तृतीया तत्पुरुष)। शान्तवचसा (शान्तम् च तद् वचः, तेन – कर्मधारय)।

**કૃદંત : ( सं.भू.कृ. ) विचार्य** વિચારીને **उपगम्य** પાસે જઈને **( क.भू.कृ. ) चिन्तितम्** વિચાર્યું **प्रेरितः** પ્રેરાયેલો **विस्मितः** આશ્ચર્ય પામ્યો. આશ્ચર્ય પામેલો. **जातः** થયો. બન્યો. **दत्तवान्** આપ્યા. **प्रत्यर्पितवान्** પાછાં આપ્યાં. **प्रसूतानि** જન્મેલાં **( वि.कृ. ) वञ्चनीयः** ઠગવો-છેતરવો જોઈએ. **( हे.कृ. ) प्रत्यर्पयितुम्** પાછાં આપવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ :** (પરસ્મૈપદ) **दा › यच्छ्** **( यच्छति )** આપવું **सम् + भू ( संभवति )** હોવાની કે થવાની શક્યતા હોવી **वि + लस् ( विलसति )** વિલસવું, શોભવું

**(આત્મનેપદ) याच्** **( याचते )** માંગવું

**દશમ ગણ** (આત્મનેપદ) **प्र + अर्थ् ( प्रार्थयते )** પ્રાર્થના કરવી, માંગવું

## વિશેષ

**1. શબ્દાર્થ : प्रभूतलोभः** ખૂબ લોભી **भोजनादिनिर्माणाय** ભોજન વગેરે બનાવવા માટે **प्रत्यर्पयिष्यामि** પાછાં આપી દઈશ. **प्रातिवेशिकधर्मभावेन** પાડોશીનો ધર્મ છે એવી ભાવનાથી **पात्रोपयोगावसाने** પાત્રોનો ઉપયોગ પતી જાય પછી **तत्र स्थापितवान्** ત્યાં મૂકી દીધાં. ત્યાં રાખી દીધાં. **रात्रौ प्रसूतानि** રાત્રે જન્મ્યાં. **अपत्यरूपेण** સંતાનરૂપે **व्यतीतेषु कतिपयेषु ( दिवसेषु )** કેટલાક (દિવસો) વીતી ગયા ત્યારે **व्यतीते अपि एकमासे** એક મહિનો વીતી ગયા પછી પણ **न प्रत्यर्पितवान्** પાછાં આપ્યાં નહિ. **चिन्तामापन्नः** ચિન્તાને પામેલો, ચિંતિત થયેલો **सशोकम्** શોક સાથે **कोपाविष्टः सन्** ગુસ્સે ભરાઈને, ગુસ્સે થઈને. **एवं कथं भवेत्** આવું કેવી રીતે બની શકે ? **धैर्यमवलम्ब्य** ધીરજ ધારણ કરીને **भवतः गृहे विलसन्ति** આપના ઘરમાં શોભે છે. **जगति** જગતમાં **यत्समुत्पन्नम्** જે ઉત્પન્ન થયેલું છે **नश्यति** નાશ પામે છે.

**2. સંધિ :** वित्तदासो नाम (वित्तदासः नाम)। धनिकोऽपि (धनिकः अपि)। लुब्धो वर्तते (लुब्धः वर्तते)। पुनरपि (पुनः अपि)। लाभो भविष्यति (लाभः भविष्यति)। व्यतीतेऽपि (व्यतीते अपि)। प्रेरितो वित्तदासः (प्रेरितः वित्तदासः)।

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) वित्तदासः धनिकोऽपि कीदृशः आसीत् ? ◯

(क) सन्तुष्टः (ख) उदारः (ग) लुब्धः (घ) असन्तुष्टः

(2) कूटनाथस्य गृहे के अतिथयः भविष्यन्ति ? ◯

(क) कुटुम्बिजनाः (ख) प्रातिवेशिकाः (ग) साधवः (घ) ग्रामजनाः

(3) वित्तदासः कूटनाथाय केन भावेन पात्राणि प्रायच्छत् ? ◯

(क) मात्रधर्मभावेन (ख) दयाभावेन (ग) मित्रधर्मभावेन (घ) प्रातिवेशिकधर्मभावेन

(4) कूटनाथः कदा पात्राणि प्रत्यर्पयितुं वित्तदासस्य गृहम् अगच्छत् ? ◯

(क) भोजनावसाने (ख) पात्रोपयोगावसाने (ग) कार्यावसाने (घ) आगामिनि दिवसे

(5) किं सम्प्राप्य वित्तदासः विस्मितः अभवत् ? ◯

(क) पुरातनानि पात्राणि (ख) अर्वाचीनानि पात्राणि

(ग) नूतनानि पात्राणि (घ) गुरूणि पात्राणि

(6) भवतः सर्वाणि पात्राणि मृतानि। – एतत् वाक्यं कः वदति ? ◯

(क) कूटनाथः (ख) वित्तदासः (ग) कूटमतिः (घ) वित्तनाथः

**2. अधोलिखितानां प्रश्नानां प्रकोष्ठगतस्य योग्यरूपेण उत्तरं लिखत ।**

(1) अस्ति वित्तदासो नाम प्रभूतलोभः ............... वणिग्जनः। (समृद्ध)

(2) कानिचित् लघूनि ............... पात्राण्यपि तत्र स्थापितानि। (नूतन)

(3) ............... कतिपयेषु दिवसेषु कूटनाथः पुनरपि वित्तदासं पात्रेभ्यः प्रार्थयते। (व्यतीत)

(4) तस्मै ............... ............... पात्राणि दत्तवान्। (सर्व, इष्ट)

(5) कूटनाथः ............... अकथयत्। (सशोक)

**3. एकवाक्येन संस्कृतभाषायां उत्तरत ।**

(1) कूटनाथः किमर्थं पात्राणि अयाचत ?

(2) किं सम्प्राप्य वित्तदासः प्रसन्नः सञ्जातः ?

(3) कूटनाथगृहं गत्वा वित्तदासः किम् अयाचत ?

(4) निर्जीवानां पात्राणां किं न सम्भवति ?

(5) किं सर्वथा नश्यति ?

**4. अधोलिखितानां पदानां कृदन्तप्रकारं लिखत ।**

(1) लुब्धः ............... (2) प्रत्यर्पयितुम् ...............

(3) दत्तानि ............... (4) वञ्चनीयः ...............

(5) सम्प्राप्य ............... (6) आपन्नः ...............

**5. सन्धिं प्रयोजयत ।**

(1) वित्तदासः नाम ...............

(2) कः चित् ...............

(3) धनिकः अपि ...............

(4) श्वः अतिथयः ...............

(5) वित्तदासः तस्मै ...............

**6. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(कदा, कुत्र, कैः, कस्य, केषाम्, कः)

(1) पात्रैः सह अन्यानि पात्राणि स्थापितानि।

(2) पात्राणि रात्रौ प्रसूतानि।

(3) कूटनाथः पात्रेभ्यः प्रार्थयत।

(4) पात्राणि भवतः गृहे विलसन्ति।

(5) पात्राणां जन्म भवति।

**7. सूचनानुसारं शब्दरूपं लिखत।**

| | शब्द | लिङ्ग | विभक्ति | वचन |
|---|---|---|---|---|
| उदाहरणम् – नूतनानि | नूतन | नपुंसकलिङ्गम् | प्रथमा-द्वितीया | बहुवचन |
| (1) पात्राणाम् | ............... | ............... | ............... | ............... |
| (2) उपायेन | ............... | ............... | ............... | ............... |
| (3) रात्रौ | ............... | ............... | ............... | ............... |
| (4) दिवसेषु | ............... | ............... | ............... | ............... |
| (5) मया | ............... | ............... | ............... | ............... |

**8. कियापदं वर्तमानकाले परिवर्त्य वाक्यं पुनः लिखत ।**

(1) कूटनाथः वित्तदासम् अकथयत्।

(2) कुटुम्बिजनाः अतिथयः भविष्यन्ति।

(3) वित्तदासः कूटनाथाय पात्राणि प्रायच्छत्।

**9. मातृभाषायाम् उत्तरत ।**

(1) કૂટનાથે વિત્તદાસને છેતરવા માટે કઈ યોજના બનાવી ?

(2) વિત્તદાસે કૂટનાથને બીજી વાર પાત્રો શા માટે આપ્યાં ?

**પ્રવૃત્તિ**

- લોભને કારણે થતી હાનિને સૂચવતી આવી બીજી વાર્તાઓ એકત્ર કરો.
- લોભ વિશેની અન્ય ભાષાઓમાં મળતી કહેવતોનો સંગ્રહ કરો.


# 12. कलिकालसर्वज्ञो हेमचन्द्राचार्यः

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું નામ સુપ્રસિદ્ધ છે. વિક્રમ સંવત્ ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાના દિવસે અમદાવાદ જિલ્લાના ધંધુકા ગામે તેમનો જન્મ થયો હતો. તેમનું નામ ચંગદેવ રાખવામાં આવ્યું. આ ચંગદેવે માત્ર આઠ વર્ષની વયે ખંભાત મુકામે દેવચંદ્રસૂરિજી મહારાજ પાસેથી દીક્ષા લીધી. પછી તેઓ સોમચંદ્ર નામે જાણીતા બન્યા. તે પછી માત્ર એકવીસ વર્ષની વયે તેમણે સૂરિ-પદ પ્રાપ્ત કર્યું અને હેમચંદ્રસૂરિના નામે ઓળખાવા લાગ્યા. પોતાના જમાનામાં ઉપલબ્ધ બધી જ વિદ્યાશાખાઓનો તેમણે અભ્યાસ કર્યો, તેમાં નિપુણતા પ્રાપ્ત કરી અને સ્વરચિત કૃતિઓથી જુદી જુદી વિદ્યાશાખાઓમાં પોતાનું પ્રદાન પણ નોંધાવ્યું. આમ, જ્ઞાનની વિશાળ સમૃદ્ધિને કારણે તેમને કલિકાલસર્વજ્ઞનું બિરુદ આપવામાં આવ્યું છે.

સિદ્ધરાજ જયસિંહ માળવાના રાજા ભોજ ઉપર વિજય પ્રાપ્ત કરી, પુષ્કળ ધન તથા તેમનો સમૃદ્ધ ગ્રંથાગાર પોતાની સાથે લઈને અણહિલપુર પાટણ આવ્યા, ત્યારે તેમને આવકારવા વિદ્વાનોનું એક વૃંદ પણ સામેલ હતું. આ વિદ્વાનોના વૃંદના અગ્રણી હેમચંદ્રસૂરિ હતા.

એમ કહેવાય છે કે कीर्तिः यस्य सः जीवति। અર્થાત્ જેની કીર્તિ છે, તે (મૃત્યુ પામેલ હોવા છતાં) જીવતો હોય છે. આવી કીર્તિ લક્ષ્મીથી નહિ પરંતુ સરસ્વતીથી થતી હોય છે, તે જાણી ચૂકેલા રાજા સિદ્ધરાજ જયસિંહે હેમચન્દ્રાચાર્યને વિવિધ સાહિત્ય રચવાની પ્રાર્થના કરી. વિશેષ આગ્રહ કરીને તેમની પાસે સંસ્કૃતવ્યાકરણનો એક અદ્ભુત ગ્રંથ તૈયાર કરાવ્યો. આ ગ્રંથ સિદ્ધહૈમશબ્દાનુશાસન તરીકે પ્રસિદ્ધ છે. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની આ ઘટનાને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં એ તથ્યને ઉજાગર કરવાનો ઉપક્રમ રખાયો છે કે પોતાની કીર્તિ જાળવી રાખવાની ઇચ્છા ધરાવતા પ્રત્યેક માણસે સાહિત્યની ઉપાસના કરવા જેવી છે.

---



विक्रमस्य द्वादश्यां शताब्द्यां सिद्धराजः जयसिंहः मालवविजयं कृतवान्। विजयानन्तरं जयसिंहः नृपतेः यशोवर्मणः सर्वं धनं गृहीत्वा अणहिलपुरं प्रत्यागतवान्। धनेन सह तत्रत्यः ग्रन्थागारोऽपि तस्य हस्तगतो जातः। अस्मिन् ग्रन्थागारे बहवोऽनुपमाः ग्रन्थाः आसन्। तेषु भोजेन विरचितं सरस्वतीकण्ठाभरणनाम्ना प्रसिद्धं भोजव्याकरणमपि एकतमम् आसीत्।

एकदा सिद्धराजः विचारपथम् आरूढः। सः अचिन्तयत्, 'मालवविजयेन अहं धनस्य स्वामित्वं प्राप्तवान्। तस्य ग्रन्थागारः अपि मया प्राप्तः। परन्तु भोजव्याकरणेन भोजस्य यादृशी कीर्तिर्वर्तते तादृशी कीर्तिर्मया न प्राप्ता। अतः एतादृशं किमपि करणीयं येन मदीया कीर्तिरपि तादृशी भवेत् यादृशी भोजस्यास्ति।'

एवं विचार्य सः जैनमुनिमाचार्यं हेमचन्द्रं प्राप्तवान्, निवेदितवान् च, "अयि आचार्यवर्याः! भवन्तो भोजव्याकरणसदृशं व्याकरणं विरचयन्तु, येन भवतां मम च कीर्तिः अमरा भवेत्" इति।

सिद्धराजस्य जयसिंहस्य निवेदनेन प्रेरिताः हेमचन्द्राचार्याः एकमपूर्वं व्याकरणग्रन्थं रचितवन्तः। सः सिद्धहैमव्याकरणम् इति नाम्ना प्रसिद्धः अस्ति। अस्मिन् अष्टौ अध्यायाः सन्ति। तेषु प्रारम्भिकेषु षट्सु अध्यायेषु संस्कृतभाषायाः अन्तिमयोः द्वयोः अध्याययोः प्राकृतभाषाणाञ्च व्याकरणमप्यस्ति।

हेमचन्द्राचार्यैः लक्षश्लोकपरिमितं साहित्यं विरचितमस्ति। अस्मिन् साहित्ये 'अभिधानचिन्तामणिः' नामकः कोषग्रन्थः, 'चालुक्यवंशोत्कीर्तनम्' नामकं संस्कृत-प्राकृतभाषानिबद्धं द्व्याश्रयं महाकाव्यम्, 'काव्यानुशासनम्' नामकः अलंकारशास्त्रीयः ग्रन्थः, 'छन्दोऽनुशासन' ञ्चेत्यादीनां बहूनां ग्रन्थानां समावेशो भवति।

गुर्जरप्रदेशे लब्धजनिरयं हेमचन्द्राचार्यः न केवलं गुर्जरप्रान्तेऽपि तु समग्रेऽपि संस्कृतसाहित्याकाशे सूर्यवत् प्रकाशते।

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) विक्रमः** સમ્રાટ વિક્રમાદિત્ય (જેઓ આજથી લગભગ 2070 વર્ષ પહેલાં થઈ ગયા છે.) **ग्रन्थागारः** પુસ્તકાલય, ગ્રંથભંડાર **सिद्धराजः** સિદ્ધરાજ જયસિંહ, અણહિલવાડનો રાજા **कोषग्रन्थः** શબ્દકોશ

**(સ્ત્રીલિંગ) शताब्दी** એક સો વર્ષોનો સમૂહ, એક સો વર્ષ **कीर्तिः** યશ, ખ્યાતિ **प्राकृतभाषा** સંસ્કૃત નાટકોમાં અમુક પાત્રો દ્વારા બોલાતી વિવિધ પ્રાદેશિક ભાષાઓ (શૌરસેની, અપભ્રંશ, માગધી, મહારાષ્ટ્રી વગેરે), જૈન આગમગ્રંથોની ભાષા

**(નપુંસકલિંગ) अणहिलपुरम्** પાટણ (ઉ. ગુજ.)નું પ્રાચીન નામ

**સર્વનામ : अस्मिन्** (પુ. નપું.) આમાં **तेषु** (પુ. નપું.) તેમાં (બ.વ.) **भवताम्** (પું. બ. વ.) આપની, તમારી

**વિશેષણ : द्वादश्याम् ( शताब्द्याम् )** બારમી (સદી)માં **बहवः अनुपमाः ( ग्रन्थाः )** અનેક અનુપમ (ગ્રંથો) **मदीया ( कीर्तिः )** મારી (કીર્તિ) **अमरा ( कीर्तिः )** અમર (કીર્તિ) **अष्टौ ( अध्यायाः )** આઠ (અધ્યાયો) **प्रारम्भिकेषु षट्सु ( अध्यायेषु )** આરંભના છ (અધ્યાયો)માં **अन्तिमयोः द्वयोः ( अध्याययोः )** છેલ્લા બે (અધ્યાયો)માં **लक्षश्लोकपरिमितम् ( साहित्यम् )** એક લાખ શ્લોક પ્રમાણનું (સાહિત્ય) **अभिधानचिन्तामणिः नामकः ( कोषग्रन्थः )** અભિધાનચિંતામણિ નામનો (શબ્દકોશ) **काव्यानुशासनम् नामकः अलंकारशास्त्रीयः ( ग्रन्थः )** કાવ્યાનુશાસન નામનો અલંકારશાસ્ત્રનો (ગ્રંથ) **बहूनाम् ( ग्रन्थानाम् )** અનેક (ગ્રંથો)નું

**અવ્યય : एकदा** એકવાર **एवम्** આમ **सूर्यवत्** સૂર્યની જેમ यादृशी, જેવી तादृशी તેવી

**કૃદંત : ( सं.भू.कृ. ) आनीय** લઈ આવીને **विचार्य** વિચારીને **( कर्तरि भू.कृ. ) कृतवान्** કર્યું **प्रत्यागतवान्** પાછો આવ્યો **प्राप्तवान्** પ્રાપ્ત કર્યું **गतवान्** ગયો. **निवेदितवान्** નિવેદન કર્યું. **रचितवन्तः** રચ્યા. (બહુવચન) **( क.भू.कृ. ) जातः** થયો. **विरचितम्** રચેલું, રચ્યું **प्राप्तः** મેળવ્યું. **प्राप्ता** મેળવી. **( वि.कृ. )**

**સમાસઃ** मालवविजयम् (मालवानां विजयः, तम् - षष्ठी तत्पुरुष)। ग्रन्थागारः (ग्रन्थानाम् आगारः - षष्ठी तत्पुरुष)। हस्तगतः (हस्तं गतः - द्वितीया तत्पुरुष)। अनुपमाः (न विद्यते उपमा यस्य सः अनुपमः, ते-बहुव्रीहि)। विचारपथम् (विचारस्य पन्थाः, तम् - षष्ठी तत्पुरुष)। व्याकरणग्रन्थम् (व्याकरणस्य ग्रन्थः, तम् - षष्ठी तत्पुरुष)। लब्धजनिः (लब्धा जनिः येन सः - बहुव्रीहि)। संस्कृतसाहित्याकाशे (संस्कृतसाहित्यस्य आकाशः, तस्मिन् - षष्ठी तत्पुरुष)।

**ક્રિયાપદ : પ્રથમ ગણ (આત્મનેપદ) वृत् ( वर्तते )** હોવું, થવું **(આત્મનેપદ) प्र + काश् ( प्रकाशते )** પ્રકાશવું, ચમકવું
**દસમો ગણ (પરસ્મૈપદ) वि + रच् ( विरचयति )** રચવું, બનાવવું

## વિશેષ

**1. શબ્દાર્થ : विजयानन्तरम्** વિજય મેળવ્યા પછી **तत्रत्यः** ત્યાંનો **हस्तगतो जातः** હાથમાં આવી ગયો. **सरस्वतीकण्ठाभरणनाम्ना प्रसिद्धम्** સરસ્વતીકંઠાભરણ નામથી પ્રસિદ્ધ **भोजव्याकरणमपि** રાજા ભોજે રચેલું વ્યાકરણ પણ **विचारपथम् आरूढः** વિચાર કરવા લાગ્ય / વિચારે ચઢ્યો **धनस्य स्वामित्वम्** ધનના માલિકીપણાને

**एवम्** એમ **अयि आचार्यवर्याः** માનનીય આચાર્ય મહોદય ! **प्रेरिताः** પ્રેરણા પામેલા **एकम् अपूर्वम्** અગાઉ ક્યારેય ન હોય તેવો એક **सिद्धहैमव्याकरणम् इति नाम्ना** સિદ્ધહૈમવ્યાકરણ એવા નામે **चालुक्यवंशोत्कीर्तनम् नामकं द्व्याश्रयं महाकाव्यम्** ચાલુક્યવંશોત્કીર્તન નામનું (એક જ શ્લોકમાં એક બાજુ વ્યાકરણનાં ઉદાહરણો આપતું અને બીજી બાજુ પોતાના કથાવસ્તુને આગળ વધારતું એવું) બંનેનો આશ્રય લઈને રચાયેલું મહાકાવ્ય **गुर्जरप्रदेशे** ગુજરાત પ્રદેશમાં **लब्धजनिः** લીધેલો છે જન્મ જેણે એવા, જન્મ પામેલા **संस्कृतसाहित्याकाशे** સંસ્કૃત સાહિત્યરૂપી આકાશમાં **सूर्यवत् प्रकाशते** સૂર્યની માફક પ્રકાશી રહ્યા છે.

**2. સંધિ :** ग्रन्थागारोऽपि (ग्रन्थागारः अपि)। हस्तगतो जातः (हस्तगतः जातः)। बहवोऽनुपमाः (बहवः अनुपमाः)। कीर्तिर्वर्तते (कीर्तिः वर्तते)। कीर्तिर्मया (कीर्तिः मया)। कीर्तिरपि (कीर्तिः अपि)। भोजस्यास्ति (भोजस्य अस्ति)। भवन्तो भोजव्याकरणस्य (भवन्तः भोजव्याकरणस्य)। कीर्तिर्भवेत् (कीर्तिः भवेत्)। प्राकृतभाषाणाञ्च (प्राकृतभाषाणां च)। छन्दोऽनुशासनञ्चेत्यादीनाम् (छन्दः -अनुशासनम् च इत्यादीनाम्)। समावेशो भवति (समावेशः भवति)। लब्धजनिरयम् (लब्धजनिः अयम्)। गुर्जरप्रान्तेऽपि (गुर्जरप्रान्ते अपि)। समग्रेऽपि (समग्रे अपि)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) सिद्धराजः जयसिंहः मालवविजयं कदा कृतवान्। ◯

(क) द्वादश्यां शताब्द्याम् (ख) विंशतितमायां शताब्द्याम्
(ग) एकविंशतितमायां शताब्द्याम् (घ) एकादश्यां शताब्द्याम्

(2) सरस्वतीकण्ठाभरणनाम्ना प्रसिद्धं व्याकरणं केन विरचितम् अस्ति ? ◯

(क) जयसिंहेन (ख) हेमचन्द्रेण (ग) भोजेन (घ) यशोवर्मणा

(3) भोजस्य कीर्तिः केन आसीत् ? ◯

(क) भोजव्याकरणेन (ख) दयाभावेन (ग) न्यायेन (घ) भोजसाहित्येन

(4) हेमचन्द्राचार्येण रचितं व्याकरणं केन नाम्ना प्रसिद्धमस्ति ? ◯

(क) प्राकृतव्याकरणम् (ख) जैनव्याकरणम्
(ग) सिद्धहैमव्याकरणम् (घ) सिद्धव्याकरणम्

(5) सिद्धहैमव्याकरणे कति अध्यायाः सन्ति ? ◯

(क) षड् (ख) दश (ग) अष्टौ (घ) सप्त

(6) हेमचन्द्राचार्येण रचितं साहित्यं ............... वर्तते। ◯

(क) दशसहस्रश्लोकपरिमितम् (ख) लक्षश्लोकपरिमितम्
(ग) सहस्रश्लोकपरिमितम् (घ) दशलक्षश्लोकपरिमितम्

(7) हेमचन्द्राचार्येण विरचितस्य कोषग्रन्थस्य नाम किमस्ति ? ◯

(क) भट्टिकाव्यम् (ख) अभिधानचिन्तामणिः
(ग) काव्यालंकारः (घ) अमरकोषः

## 2. एकवाक्येन संस्कृतभाषया उत्तरत ।

(1) जयसिंहः कं नृपतिं पराजितवान् ?

(2) भोजेन विरचितं व्याकरणं केन नाम्ना प्रसिद्धमस्ति ?

(3) कस्य निवेदनेन प्रेरिताः हेमचन्द्राचार्याः व्याकरणग्रन्थं रचितवन्तः ?

(4) सिद्धहैमव्याकरणस्य षट्सु अध्यायेषु कस्य व्याकरणं वर्तते ?

(5) हेमचन्द्राचार्येण रचितस्य अलंकारशास्त्रीयस्य ग्रन्थस्य नाम किमस्ति ?

## 3. सन्धिविच्छेदं कुरुत ।

(1) ग्रन्थागारोऽपि ...............

(2) कीर्तिर्वर्तते ...............

(3) व्याकरणमप्यस्ति ...............

(4) प्राकृतभाषाणाञ्च ...............

(5) लब्धजनिरयम् ...............

## 4. रेखाङ्कितपदानां स्थाने कर्तरि भूतकृदन्तस्य योग्यं रूपं लिखत ।

(1) विजयानन्तरं जयसिंहः अणहिलपुरं <u>प्रत्यागच्छत्</u>।

(2) एकदा सिद्धराजः <u>अचिन्तयत्</u>।

(3) सः हेमचन्द्रस्य समीपम् <u>अगच्छत्</u>।

(4) हेमचन्द्राचार्याः व्याकरणग्रन्थम् <u>अरचयन्</u>।

(5) सः लक्षश्लोकपरिमितं साहित्यं <u>अरचयत्</u>।

## 5. सूचनानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।

| | शब्दः | लिङ्गम् | विभक्तिः | वचनम् |
|---|---|---|---|---|
| उदाहरणम् – विक्रमस्य | विक्रम | पुंल्लिंग | षष्ठी | एकवचन |
| (1) शताब्द्याम् | ............... | ............... | ............... | ............... |
| (2) नृपतेः | ............... | ............... | ............... | ............... |
| (3) धनेन | ............... | ............... | ............... | ............... |
| (4) ग्रन्थागारे | ............... | ............... | ............... | ............... |
| (5) ग्रन्थानाम् | ............... | ............... | ............... | ............... |
| (6) आचार्यवर्याः | ............... | ............... | ............... | ............... |

## 6. कोष्ठगतपदानि प्रयुज्य वाक्यानि रचयत ।

(1) અભિધાનચિંતામણિ એક કોષગ્રંથ છે.
(अभिधानचिन्तामणि एक कोषग्रन्थ अस्)

(2) હેમચંદ્રાચાર્યે એક મહાકાવ્ય રચ્યું છે.
(हेमचन्द्राचार्य एक महाकाव्य रच्)

(3) જયસિંહ અણહિલપુર પાછા આવ્યા.
(जयसिंह अणहिलपुर प्रति + आ + गम् (कर्तरि भू.कृ. (क्तवतु))

(4) સિદ્ધહૈમશબ્દાનુશાસનમાં આઠ અધ્યાયો છે.
(सिद्धहैमशब्दानुशासन अष्टन् अध्याय अस्)

(5) જયસિંહે એકવાર વિચાર કર્યો.
(जयसिंह एकदा विचार कृ (क.भू.कृ. (क्त))

## 7. मातृभाषायां उत्तरत ।

(1) સિદ્ધરાજ જયસિંહે ક્યારે માલવવિજય કર્યો હતો ?

(2) માલવવિજયથી જયસિંહને શું-શું પ્રાપ્ત થયું હતું ?

(3) ભોજની ખ્યાતિ શાના કારણે હતી ?

(4) હેમચંદ્રાચાર્યે રચેલા સાહિત્યનું પ્રમાણ કેટલું છે ?

## 8. क-विभागं ख-विभागेन सह संयोजयत ।

| क | ख |
|---|---|
| (1) काव्यानुशासनम् | (1) अन्तिमयोः अध्याययोः |
| (2) प्राकृतभाषायाः व्याकरणम् | (2) कोषग्रन्थः |
| (3) अभिधानचिन्तामणिः | (3) जयसिंहः |
| (4) मालवविजयः | (4) अलंकारशास्त्रीयः ग्रन्थः |
| (5) सरस्वतीकण्ठाभरणम् | (5) भोजराजः |
| | (6) शिक्षाशास्त्रम् |

### પ્રવૃત્તિ

- આચાર્ય હેમચંદ્રનું જીવનચરિત મેળવો અને વાંચો.
- હેમચંદ્રાચાર્યે રચેલા સંસ્કૃત સાહિત્યની સૂચિ બનાવો.

# 13. गीतामृतम्

શ્રીમદ્ભગવદ્ગીતા મહાભારતના ભીષ્મપર્વનો એક અંશ છે. તેમાં કુલ અઢાર અધ્યાયો અને આ સાતસો શ્લોકો છે. કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવો અને કૌરવો વચ્ચે મહાયુદ્ધ થયું હતું. શત્રુપક્ષમાં ઊભેલા પોતાના સ્વજનો અને મિત્રો ની સાથે યુદ્ધ કરવાનું હોઈ તેમના તરફની લાગણીને કારણે અર્જુન વિષાદ અનુભવે છે. વળી, સ્વજનો સાથેના યુદ્ધનાં પરિણામોથી ડરી જઈને યુદ્ધ કરવાનો વિચાર પડતો મૂકે છે.

અર્જુનના સારથિ તરીકે રહેલા ભગવાન શ્રીકૃષ્ણ તેને કર્તવ્ય અને અકર્તવ્યનો ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણનો આ ઉપદેશ ભગવદ્ગીતા તરીકે અખિલ વિશ્વમાં પ્રસિદ્ધ છે. તે સમયે અર્જુનને આપવામાં આવેલો આ ઉપદેશ આજે પણ એટલો જ પ્રસ્તુત છે. જગતના તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં ભગવદ્ગીતા ઉચ્ચ સ્થાને વિરાજે છે.

ફળની પરવા કર્યા સિવાય પ્રત્યેક માણસ જો પોતાનાં કર્તવ્ય કર્મમાં લાગેલો રહે, તો સંસારમાં સર્વત્ર સુખ પ્રસરી જાય એમ છે. ગીતાનો આ કેન્દ્રવર્તી ઉપદેશ છે. પ્રસ્તુત પાઠમાં ગીતાના સાત શ્લોક પસંદ કરીને મૂકવામાં આવ્યા છે. આ શ્લોકોમાં ક્રમશઃ આત્માની અમરતા, જન્મ અને મરણની અનિવાર્યતા, કર્મયોગનું સ્વરૂપ, જ્ઞાનનો મહિમા, ભક્તના પ્રકારો તથા સ્વભાવ અને સાત્ત્વિકી બુદ્ધિનું સ્વરૂપ - આટલી બાબતોનું નિરૂપણ થયું છે. માણસના વ્યક્તિત્વના વિકાસ માટે આ બધી બાબતો ખૂબ જ મહત્ત્વની છે.

न जायते म्रियते वा कदाचि –
न्नायं भूत्वा भविता वा न भूयः।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ 1 ॥ (2. 20)

जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ 2 ॥ (2. 27)



कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूः मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ 3 ॥ (2. 47)

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ 4 ॥ (4. 39)

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ 5 ॥ (7. 16)

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैः मुक्तो यः स च मे प्रियः ॥ 6 ॥ (12. 15)

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये।
बन्धं मोक्षं च यो वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ॥ 7 ॥ (18. 30)

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) लोकः** લોક, સંસારનાં તમામ પ્રાણીઓ **पार्थः** અર્જુન (કુંતીનું એક નામ પૃથા છે. પૃથાનો પુત્ર હોવાથી અર્જુનને પાર્થ પણ કહે છે.) **सङ्गः** આસક્તિ, મોહ

**(સ્ત્રીલિંગ) प्रवृत्तिः** કોઈ કાર્યમાં પ્રવૃત્ત થવું, વ્યવહારમાં સક્રિય રહેવું **निवृत्तिः** પ્રવૃત્ત હોઈએ તેવાં કામમાંથી ખસી જવું, વ્યવહારમાં નિષ્ક્રિય થઈ રહેવું

**વિશેષણ : अजः** જન્મ ન લેનારો **नित्यः** હમેશાં રહેનારો, ત્રણેય કાળમાં જેનું અસ્તિત્વ રહે છે તે (આત્મા) **शाश्वतः** કાયમી, સનાતન **पुराणः** પુરાણો - અનાદિ એવો (આત્મા) **हन्यमाने ( शरीरे )** હણાઈ જનારા (શરીર)માં, નાશ પામનારા (શરીર)માં **ध्रुवः ( मृत्युः )** નિશ્ચિત એવું (મૃત્યુ), ચોક્કસ (મરણ) **ध्रुवम् ( जन्म )** નિશ્ચિત (જન્મ), ચોક્કસ (જન્મ) **पराम् ( शान्तिम् )** પરમ (શાંતિ)ને **आर्तः** દુ:ખી **सात्त्विकी ( बुद्धिः )** સાત્ત્વિક ગુણ ધરાવતી (બુદ્ધિ), ઉત્તમ (બુદ્ધિ). (બુદ્ધિના બીજા બે પ્રકારો રાજસી તથા તામસી છે.)

**અવ્યય : भूयः** ફરી, પુનઃ **कदाचन** ક્યારેય, કોઈક વાર

**સમાસ:** गीतामृतम् (गीतायाः अमृतम् – षष्ठी तत्पुरुष)। अपरिहार्ये (न परिहार्यम्, तस्मिन् – नञ् तत्पुरुष)। कर्मफलहेतुः (कर्मणः फलम्, कर्मफलम्, (षष्ठी तत्पुरुष) कर्मफलस्य हेतुः – षष्ठी तत्पुरुष)। अकर्मणि (न कर्म, अकर्म, तस्मिन् – नञ् तत्पुरुष)। संयतेन्द्रियः (संयतानि इन्द्रियाणि यस्य सः – बहुव्रीहि)। हर्षामर्षभयोद्वेगैः (हर्षः च अमर्षः च भयम् च उद्वेगः च इति हर्षामर्षभयोद्वेगाः, तैः हर्षामर्षभयोद्वेगैः – इतरेतर द्वन्द्व)। कार्याकार्ये (कार्यं च अकार्यं च, कार्याकार्ये – इतरेतर द्वन्द्व)। भयाभये (भयं च अभयं च – इतरेतर द्वन्द्व)।

**કૃદંત : ( सं.भू.कृ. ) भूत्वा** થઈને, બનીને **लब्ध्वा** મેળવીને, પ્રાપ્ત કરીને. **( हे.कृ ) शोचितुम्** શોક કરવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) अधि + गम् > गच्छ् ( अधिगच्छति )** પામવું, જવું, પહોંચવું (આત્મનેપદ) **लभ् ( लभते )** મેળવવું, પ્રાપ્ત કરવું **भज् ( भजते )** સેવા કરવી **उद् + विज् ( उद्विजते )** ઉદ્વેગ પામવો, બેચેન થવું

## વિશેષ

**1. શબ્દાર્થ : न जायते** જન્મ લેતો નથી. જન્મતો નથી. **म्रियते न** મરતો નથી. મરણ પામતો નથી. **भविता वा न भूयः** ફરી થશે કે ફરી થવાનો છે તેમ પણ નથી. **न हन्यते** હણાતો નથી. **हन्यमाने शरीरे** હણાઈ જનારું શરીર (હણાય છે) ત્યારે, નાશ પામનારું શરીર (નાશ પામે છે) ત્યારે **जातस्य** ઉત્પન્ન થયેલાનું, જન્મેલાનું **अपरिहार्ये अर्थे** ટાળી ન શકાય તેવી બાબતમાં, અટકાવી ન શકાય તેવા વિષયમાં **मा कर्मफलहेतुः भूः** કર્મનાં ફળની ઇચ્છાવાળો થઈશ નહિ. (કર્મના ફળની પ્રાપ્તિને કર્મ કરવાનું પ્રયોજન તું માનીશ નહિ.) **अकर्मणि ते सङ्गः मा अस्तु** કર્મના અભાવમાં, કર્મ ન કરવામાં તારો સંગ થશો નહિ. **तत्परः** તે પછી, તેથી આગળ **संयतेन्द्रियः** સંયત - કાબૂમાં છે ઇન્દ્રિય જેની તે **चतुर्विधाः** ચાર પ્રકારના **सुकृतिनः** સારાં કર્મ કરનારા, સદાચારી, પુણ્યશાળી માણસો (સારાં કર્મ કરવાથી જ માણસ સુકૃતી બને છે.) **आर्तः** દુ:ખી (કોઈ કારણથી દુ:ખમાં આવી પડીને જે માણસ ભગવાનનું ભજન કરે છે, તે આર્ત પ્રકારનો ભક્ત છે.) **जिज्ञासुः** (ઈશ્વરના સ્વરૂપને) જાણવાની ઇચ્છાવાળો (જે ભક્ત બીજી કોઈ સાંસારિક વસ્તુને પ્રાપ્ત કરવાની કામના ન રાખતાં માત્ર ને માત્ર ઈશ્વરના સ્વરૂપને જાણવાની કામના ધરાવે છે, તે જિજ્ઞાસુ ભક્ત છે.) **अर्थार्थी** સંસારના પદાર્થોની કામના ધરાવતો (ધન, પદ કે પુત્ર વગેરે જેવા સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ કરવાની કામનાથી ભગવાનની ભક્તિ કરનાર અર્થાર્થી ભક્ત છે.) **ज्ञानी** જ્ઞાની, જ્ઞાનસમ્પન્ન વિદ્વાન (જેને સંસારની અનિત્યતા અને આત્માની અમરતાનું તથા ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું છે, તે ભક્તને જ્ઞાની ભક્ત કહ્યો છે.) **भरतर्षभ** હે ઉત્તમ ભરતવંશી રાજા ! (અર્જુનનો જન્મ ભરતના વંશમાં થયો છે.) **न उद्विजते** (જેનાથી કોઈ) સંતાપ પામતું નથી. **न उद्विजते च यः** અને જે પોતે પણ (અન્ય પ્રાણીઓથી) સંતાપ કે ઉદ્વેગ પામતો નથી **हर्षामर्षभयोद्वेगैः** હર્ષ (એટલે કે અનુકૂળ સ્થિતિમાં હર્ષનો અનુભવ કરતા રહેવાની વૃત્તિ), અમર્ષ (એટલે કે પારકાના સુખને સહન ન કરી શકવાની વૃત્તિ), ભય (ડરી જવાની વૃત્તિ) અને ઉદ્વેગ (સતત ઉચાટમાં રહેવાની વૃત્તિ)થી **मुक्तः** મુક્ત થયેલો, છૂટી ગયેલો **कार्याकार्ये** કર્તવ્ય અને અકર્તવ્યને **भयाभये** ભય અને અભયને **बन्धनं मोक्षं च** બન્ધન અને મોક્ષને **वेत्ति** જાણે છે.

**2. સંધિ :** नायम् (न अयम्)। अजो नित्यः (अजः नित्यः)। शाश्वतोऽयम् (शाश्वतः अयम्)। पुराणो न (पुराणः न)। ध्रुवो मृत्युः (ध्रुवः मृत्युः)। तस्मादपरिहार्येऽर्थे (तस्मात् अपरिहार्ये अर्थे)। कर्मण्येवाधिकारस्ते (कर्मणि एव अधिकारः ते)। कर्मफलहेतुर्भूः (कर्मफलहेतुः भूः)। सङ्गोऽस्त्वकर्मणि (सङ्गः अस्तु अकर्मणि)। शान्तिमचिरेणाधिगच्छति (शान्तिम् अचिरेण अधिगच्छति)। सुकृतिनोऽर्जुन (सुकृतिनः अर्जुन)। आर्तो जिज्ञासुरर्थार्थी (आर्तः जिज्ञासुः अर्थार्थी)। यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते (यस्मात् न उद्विजते लोकः लोकात् न उद्विजते)। मुक्तो यः (मुक्तः यः)। स च (सः च)। यो वेत्ति (यः वेत्ति)।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कः न जायते म्रियते वा कदाचित् ? ◯

(क) मनुष्यः (ख) भक्तः (ग) आत्मा (घ) देहः

(2) कस्य मृत्युः ध्रुवः ? ◯

(क) पदार्थस्य (ख) जातस्य (ग) धनस्य (घ) आत्मनः

(3) कस्मिन् अर्थे त्वं न शोचितुमर्हसि ? ◯

(क) अपरिहार्ये (ख) परिहार्ये (ग) मरणे (घ) दुःखे

(4) कस्मिन् सङ्गः ते सङ्गः न स्यात् ? ◯

(क) कर्मणि (ख) अकर्मणि (ग) ज्ञाने (घ) धने

(5) ज्ञानं कः लभते ? ◯

(क) भक्तिमान् (ख) गुणवान् (ग) श्रद्धावान् (घ) धनवान्

(6) कतिविधाः भक्ताः भवन्ति ? ◯

(क) चतुर्विधाः (ख) द्वाविधौ (ग) त्रिविधाः (घ) एकविधः

## 2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।

(1) अजः नित्यः शाश्वतः पुराणः कः ?

(2) मृतस्य किं ध्रुवम् ?

(3) कस्मिन् ते अधिकारः अस्ति ?

(4) कदा शान्तिम् अधिगच्छति ?

(5) कः भक्तः भगवतः प्रियः ?

## 3. वचनानुसारं शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | शरीरे | ............... | ............... |
| (2) | ............... | ............... | जनाः |
| (3) | लोकात् | ............... | ............... |
| (4) | प्रवृत्तिः | ............... | ............... |

## 4. रिक्तस्थानानां पूर्तिः विधेया ।

(1) न ............... म्रियते वा कदाचित् आत्मा।

(2) कर्मण्येवाधिकारस्ते मा ............... कदाचन।

(3) श्रद्धावान् लभते ............... ।

(4) बन्धं मोक्षं च यो वेत्ति सा ............... सात्त्विकी।

**5. रेखाङ्कितपदानां स्थाने प्रश्नवाचकं पदं लिखित्वा प्रश्नवाक्यं रचयत।**

(कम्, कीदृशे, किम्, कीदृशी, कस्य)

(1) आत्मा हन्यमाने शरीरे न हन्यते।

(2) ज्ञानं लब्धा शान्तिम् अधिगच्छति।

(3) सुकृतिनः जनाः मां भजन्ते।

(4) सा बुद्धिः सात्त्विकी वर्तते।

**6. सन्धिविच्छेदं कुरुत ।**

(1) अजो नित्यः ...............

(2) शाश्वतोऽयम् ...............

(3) कर्मण्येवाधिकारस्ते ...............

(4) सङ्गोऽस्त्वकर्मणि ...............

**7. समासप्रकारं लिखत ।**

(1) गीतामृतम् ...............

(2) अपरिहार्ये ...............

(3) संयतेन्द्रियः ...............

(4) हर्षामर्षभयोद्वेगाः ...............

(5) भयाभये ...............

**8. अधस्तनयोः श्लोकयोः पूर्तिं कुरुत ।**

(1) जातस्य हि ......................... शोचितुमर्हसि॥

(2) यस्मान्नोद्विजते ......................... मे प्रियः॥

**9. अर्थविस्तारं कुरुत ।**

(1) कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूः मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥

(2) श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥

(3) चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥

**પ્રવૃત્તિ**

- શ્રીમદ્ ભગવદ્ગીતાનું ગુજરાતી અનુવાદ સાથેનું પુસ્તક મેળવીને વાંચો.
- તમને ગમતા ગીતાના બીજા ત્રણેક શ્લોક લખો અને તેનો અનુવાદ કરો.

•

# 14. क इदं दुष्करं कुर्यात्

ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં મગધમાં નંદવંશનું રાજ્ય હતું. મગધની રાજધાની પાટલિપુત્રમાં જન્મેલા વિષ્ણુગુપ્તે નંદના અત્યાચારી શાસનનો અંત કર્યો. આ વિષ્ણુગુપ્ત તક્ષશિલા વિદ્યાપીઠમાં રાજનીતિશાસ્ત્રના આચાર્ય હતા. વ્યવસાયે શિક્ષક એવા આ રાજનીતિશાસ્ત્રના પંડિતે ખંડિત થતાં રાજ્યોને અખંડ બનાવવા અને અત્યાચારથી પીડાતી પ્રજાને અત્યાચારથી મુક્ત કરવા સક્રિય રાજનીતિમાં રસ લીધો અને નંદવંશના અત્યાચારી શાસનનો અંત આણ્યો. તે સાથે ખંડિત ભારતને અખંડ બનાવ્યું. સામાન્ય પરિવારમાં જન્મેલા ચંદ્રગુપ્ત નામના બાળકને આચાર્ય કૌટિલ્યે રાજનીતિના પાઠ ભણાવ્યા. પોતાની કડક પરીક્ષામાંથી પાર ઊતરેલા આ સુયોગ્ય શિષ્ય ચંદ્રગુપ્ત મૌર્યને મગધના રાજસિંહાસન ઉપર પ્રસ્થાપિત કર્યો. આ ઐતિહાસિક ઘટનાને કથાવસ્તુ તરીકે લઈને વિક્રમની સાતમીથી નવમી શતાબ્દીની વચ્ચે થઈ ગયેલા મનાતા વિશાખદત્ત નામના સંસ્કૃત કવિએ મુદ્રારાક્ષસ નામનું એક નાટક રચ્યું છે. સાત અંકના આ નાટકના પ્રથમ અંકમાંથી એક દશ્ય પસંદ કરી, તેને સમ્પાદિત કરીને પ્રસ્તુત પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

નંદરાજાનો રાક્ષસ નામનો એક અમાત્ય હતો. તે ખૂબ જ સજ્જન, વફાદાર અને પ્રજાવત્સલ હતો. નંદવંશના રાજ્યનો અંત થતાં અમાત્ય રાક્ષસ પોતે પણ પદભ્રષ્ટ થાય છે અને છદ્મવેશે અજાણ્યા સ્થળે ચાલ્યો જાય છે. પોતાનાં કર્તવ્ય અને દેશહિત માટે ખૂબ જ નિષ્ઠાવાન આ અમાત્યને આચાર્ય ચાણક્ય પોતાના પક્ષે લાવીને મગધના નવપ્રસ્થાપિત ચંદ્રગુપ્તના અમાત્ય તરીકે નીમવા માંગતા હતા. તેથી તેની ભાળ મેળવવા માટે ચંદનદાસ નામના શ્રેષ્ઠીને બોલાવે છે. આ ચંદનદાસ અમાત્ય રાક્ષસનો ખાસ અંગત મિત્ર હતો. તેણે રાક્ષસના કુટુંબને ગુપ્ત રીતે પોતાને ઘેર રક્ષણ આપ્યું હતું. ચાણક્યને આની જાણ થતાં તે ચંદનદાસને બોલાવે છે અને અમાત્ય રાક્ષસને મેળવી આપવા જણાવે છે. પ્રસ્તુત પાઠમાં આ સંદર્ભનો ચાણક્ય અને ચંદનદાસ સાથેનો સંવાદ છે.

અહીં ચંદનદાસની રાક્ષસ પ્રત્યેની વફાદારીભરી મિત્રતાનું સુંદર નિરૂપણ થયું છે. પોતાનો મિત્ર અને તેના પરિવારના રક્ષણ માટે પોતાનો અને પોતાના પરિવારનો ભોગ આપવા ચંદનદાસ તૈયાર થઈ જાય છે અને મિત્ર તો પોતાના પ્રાણથી પણ વધારે પ્રિય છે, એ પુરવાર કરી આપે છે. મિત્ર પ્રત્યેની ચંદનદાસની આ ભાવના પ્રત્યે ચાણક્ય પણ મનોમન પ્રસન્નતા અનુભવે છે. સંવાદોમાં આવતાં વાક્યોમાં વપરાયેલાં વિધ્યર્થ કૃદન્તનાં રૂપોનો પણ અભ્યાસ કરવાનો છે.

---

**चाणक्यः** – (स्वशिष्यं प्रति) वत्स, श्रेष्ठी चन्दनदासः अत्र आनेतव्यः।

**शिष्यः** – यदाज्ञापयति उपाध्यायः।

(इति निष्क्रम्य चन्दनदासेन सह पुनः प्रविश्य)

**चन्दनदासः** – (स्वगतम्) चाणक्यः यदा आह्वयति तदा निर्दोषस्य अपि शङ्का वर्धते किं पुनः जातदोषस्य। अत एव मया अमात्यराक्षसस्य गृहजनोऽन्यत्र प्रेषितः। मम तावत् यद्भवति तद्भवतु नाम।

**शिष्यः** – भोः श्रेष्ठिन् ! इतः इतः।

**चन्दनदासः** – अयमागतोऽस्मि। (उभौ परिक्रामतः।)

**शिष्यः** – उपाध्याय, अयं श्रेष्ठी चन्दनदासः।


**चन्दनदासः** – (उपसृत्य) जयतु जयत्वार्यः।

**चाणक्यः** – श्रेष्ठिन्, स्वागतं ते। इदमासनम्, तत्र स्थातव्यम्।

**चन्दनदासः** – यदार्य आज्ञापयति। (उपविष्टः।)

**चाणक्यः** – अपि प्रचीयन्ते संव्यवहाराणां वृद्धिलाभाः वः।

**चन्दनदासः** – (स्वगतम्) अत्यादरः शङ्कनीयः। (प्रकाशम्) आर्य ! अथ किम्, आर्यस्य प्रसादेन अखण्डिता मे वाणिज्या।



**चाणक्यः** – भोः श्रेष्ठिन् ! अपि कदाचित् चन्द्रगुप्तस्य दोषान् पूर्वनृपतेः नन्दस्य गुणान् अधुना स्मरन्ति प्रकृतयः ?

**चन्दनदासः** – शान्तं पापम्। शारदनिशासमुद्गतेन पूर्णिमाचन्द्रेण अधिकं नन्दन्ति प्रकृतयः।

**चाणक्यः** – भोः श्रेष्ठिन्! प्रीताभ्यः प्रकृतिभ्यः प्रतिप्रियमिच्छन्ति प्रकृतयः।

**चन्दनदासः** – आज्ञापयतु आर्यः। किं कियत् च अर्थजातम् अस्माज्जनादिष्यते।

**चाणक्यः** – भोः श्रेष्ठिन्, चन्द्रगुप्तराज्यमिदं, न नन्दराज्यम्। अर्थः तु नन्दाय एव रोचते स्म, चन्द्रगुप्तस्य तु प्रजानां परिक्लेशाभावे एव रुचिः।

**चन्दनदासः** – (सहर्षम्) अनुगृहीतोऽस्मि।

**चाणक्यः** – स च परिक्लेशाभावः कथमाविर्भवतीति न प्रष्टव्यम्।

**चन्दनदासः** – आज्ञापयतु आर्यः।

**चाणक्यः** – संक्षेपतः नृपतिं प्रति अविरुद्धा वृत्तिः वर्तितव्या।

**चन्दनदासः** – कः पुनः अधन्यो नृपतेः विरुद्धमाचरति।

**चाणक्यः** – भवानेव तावत् प्रथमः।

**चन्दनदासः** – शान्तं पापम् शान्तं पापम्। कीदृशस्तृणानाम् अग्निना सह विरोधः।

**चाणक्यः** – अयम् ईदृशः विरोधः यत् त्वमद्यापि राजविरोधिनः अमात्यराक्षसस्य गृहजनं स्वगृहम् अभिनीय रक्षसि।

**चन्दनदासः** – आर्य, अलीकमेतत्, केनापि अनभिज्ञेन आर्यस्य एतत् निवेदितम्।

**चाणक्यः** – भोः श्रेष्ठिन् ! अलमाशङ्कया। भीताः पूर्वराजपुरुषाः पौराणां गृहेषु गृहजनं निक्षिप्य देशान्तरं व्रजन्ति। ततः तत्प्रच्छादनमेव दोषमुत्पादयति।

**चन्दनदासः** – एवं नु इदम्। तस्मिन् समये अमात्यराक्षसस्य गृहजनः मम गृहे आसीत्।

**चाणक्यः** – प्रथमम् अनृतम्, इदानीम् आसीत् इति परस्परविरुद्धे वचने।

**चन्दनदासः** – एतावदेव अस्ति मे वाक्छलम्।

**चाणक्यः** – भोः श्रेष्ठिन् ! चन्द्रगुप्तस्य राज्ये अपरिग्रहः छलानाम्। तत् समर्पयितव्यः राक्षसस्य गृहजनः। अच्छलेन भवितव्यम् भवता।

**चन्दनदासः** – आर्य ! ननु विज्ञापयामि, तस्मिन् समये आसीत् मम गृहे अमात्यराक्षसस्य गृहजनः।

**चाणक्यः** – अथ इदानीं क्व गतः।

**चन्दनदासः** – न जानामि कुत्र गतः।

**चाणक्यः** – कथं न जानासि नाम। भोः श्रेष्ठिन् चन्दनदास ! राजविरोधिषु तीक्ष्णदण्डः नृपतिः चन्द्रगुप्तः। सः न मर्षयिष्यति राक्षसकलत्रस्य प्रच्छादनं भवतः। तत् रक्षितव्यं परकलत्रेण आत्मनः कलत्रं जीवितं च।

**चन्दनदासः** – आर्य, किं मे भयं दर्शयति भवान्। सन्तमपि गेहे अमात्यराक्षसस्य गृहजनं न समर्पयामि, किं पुनः असन्तम्।

**चाणक्यः** – चन्दनदास, एष एव ते निश्चयः।

**चन्दनदासः** – बाढम्, एष मे स्थिरः निश्चयः।

**चाणक्यः** – (स्वगतम्) साधु चन्दनदास ! साधु।

सुलभेष्वर्थलाभेषु परसंवेदने जनः ।
क इदं दुष्करं कुर्यात् इदानीं शिबिना विना ॥

### ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) चाणक्यः** પાટલિપુત્રના મહામંત્રી કૌટિલ્યનું એક નામ **वत्सः** પુત્ર, શિષ્ય **चन्दनदासः** એ નામનો એક ધનિક વાણિયો **उपाध्यायः** ગુરુ (જેની પાસે જઈને અધ્યયન કરવામાં આવે, તેને ઉપાધ્યાય કહેવાય છે.) **गृहजनः** ઘરનું માણસ, પોતાનું માણસ **प्रसादः** કૃપા, પ્રસન્નતા **अर्थः** ધન, રૂપિયા-પૈસા **अपरिक्लेशः** ક્લેશ - દુઃખનો અભાવ, દુઃખ ન હોય તેવી સ્થિતિ **अधन्यः** ભાગ્યહીન, અભાગિયો, દુર્ભાગી માણસ **अमात्यराक्षसः** આ નામનો રાજા નંદનો મહામંત્રી **आर्यः** શ્રેષ્ઠ માણસ, પ્રતિષ્ઠિત વ્યક્તિ, મહાનુભાવ (કોઈક વ્યક્તિને માનથી સંબોધવા કે બોલાવવા માટે સંસ્કૃતમાં આ શબ્દ વપરાય છે. વળી કહેવાય છે કે कर्तव्यमाचरन् कर्म अकर्तव्यमनाचरन्। तिष्ठति प्रकृताचारे स वै आर्य इति स्मृतः॥ અર્થાત્ જે માણસનું જે કર્તવ્ય કર્મ હોય તેનું તે આચરણ કરતો હોય અને જે અકર્તવ્ય હોય, તેનું આચરણ ન કરતો હોય - એ રીતે જે પોતાના આચારમાં જ કાયમ રહે, તેને આર્ય કહે છે.) **अनभिज्ञेन** અજાણ, ન જાણનારા માણસથી **चन्द्रगुप्तः** ચાણક્યનો શિષ્ય, નંદવંશનો નાશ કરીને પાટલિપુત્રના સિંહાસન ઉપર બેઠેલો રાજા **पौरः** પુરમાં નિવાસ કરનાર, શહેરીજન, નાગરિક

**(સ્ત્રીલિંગ) वाणिज्या** આજીવિકા, વેપારધંધો **प्रकृतिः** (રાજાની) પ્રજા, જનતા **वृत्तिः** વર્તન, વ્યવહાર, વર્તણૂક

**(નપુંસકલિંગ) अलीकम्** અસત્ય, જૂઠું, ખોટું **प्रच्छादनम्** સંતાડવું તે, છુપાવવું તે **अनृतम्** અસત્ય, જૂઠ **कलत्रम्** પરિવાર, પત્ની **जीवितम्** જીવન **गेहम्** ઘર.

**સર્વનામ : उभौ** (પું.) બંને इदम् (નપું.) આ **अस्मात्** (પું. નપું.) આથી, આમાંથી **भवताम्** તમારું, આપનું **कः** (પું.) કોણ **एतत्** (નપું.) આ

**વિશેષણ : अखण्डिता ( वाणिज्या )** ખંડિત ન થાય તેવો (વેપાર-વાણિજ્ય) **शारदनिशासमुद्गतेन ( पूर्णिमाचन्द्रेण )** શરદ ઋતુની રાત્રિમાં નીકળેલા (પૂર્ણિમાના ચન્દ્ર થકી)) **पूर्वनृपतेः ( नन्दस्य )** પૂર્વેના રાજા (નંદ)ના **कियत् ( अर्थजातम् )** કેટલું, (ધન), કેટલા પ્રમાણમાં (અર્થ-પૈસો) **प्रीताभ्यः ( प्रकृतिभ्यः )** ખુશ થયેલી એવી (પ્રજા પાસેથી) **अविरुद्धा ( वृत्तिः )** અનુકૂળ (વર્તન) **भीताः ( पूर्वराजपुरुषाः )** ભય પામેલા, ડરેલા (પહેલાંના રાજપુરુષો) **परस्परविरुद्धे ( वचने )** એકબીજાથી વિરોધી (વચન) **तीक्ष्णदण्डः ( नृपतिः )** ઉગ્ર છે દંડ જેનો તેવો (રાજા), ભારે સજા કરનારો (રાજા) **स्थिरः ( निश्चयः )** ટકી રહેનાર, સ્થિર રહેનાર (નિશ્ચય) **सुलभेषु ( अर्थलाभेषु )** સરળતાથી મળી રહે તેવા, સૌને ઉપલબ્ધ હોય તેવા (ધનના લાભોમાં)

**અવ્યય : प्रति** ની તરફ, ના પ્રત્યે **अत एव** એ કારણે જ, એથી જ **अन्यत्र** બીજી જગ્યાએ, અન્ય સ્થાને **इतः इतः** આ બાજુથી, આ તરફથી, આમથી **अपि** સંભાવનાના અર્થનો સંદર્ભ બતાવવા માટે વાક્યમાં વપરાય છે. **अथ किम्** તો શું, આમ જ, હા **संक्षेपतः** ટૂંકમાં, સંક્ષેપમાં **अद्यापि** આજે પણ **अलम्** બસ, પર્યાપ્ત, સમર્થ **नु** નિશ્ચિતતાનો અર્થ સૂચવવા વાક્યમાં વપરાય છે. **कुत्र** ક્યાં **कथम्** શા માટે, શા કારણે **बाढम्** બરાબર, સ્વીકૃતિ આપવા માટે વપરાતો અવ્યય **साधु** ઠીક, બરાબર **कीदृशः** કેવો **इदृशः** આવો

**સમાસઃ** स्वशिष्यम् (स्वस्य शिष्यः, तम् – षष्ठी तत्पुरुष)। जातदोषस्य (जातः दोषः यस्य सः, तस्य – बहुव्रीहि)। गृहजनः (गृहस्य जनः – षष्ठी तत्पुरुष)। वृद्धिलाभाः (वृद्धेः लाभः, ते – षष्ठी तत्पुरुष)। अखण्डिता (न खण्डिता – नञ् तत्पुरुष)। पूर्वनृपतेः (पूर्वस्य नृपतिः, तस्य – षष्ठी तत्पुरुष)। शारदनिशासमुद्गतेन (शारदस्य निशा शारदनिशा (षष्ठी तत्पुरुष), शारदनिशायां समुद्गतः, तेन – सप्तमी तत्पुरुष)। पूर्णिमाचन्द्रेण (पूर्णिमायाः चन्द्रः, तेन – षष्ठी तत्पुरुष)। प्रतिप्रियम् (प्रतिगतं प्रियम्)। चन्द्रगुप्तराज्यम् (चन्द्रगुप्तस्य राज्यम् – षष्ठी तत्पुरुष)। नन्दराज्यम्। (नन्दस्य राज्यम् – षष्ठी तत्पुरुष)। परिक्लेशाभावे (परिक्लेशस्य अभावः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। अविरुद्धा (न विरुद्धा – नञ् तत्पुरुष)। अधन्यः (न धन्यः – नञ् तत्पुरुष)। राजविरोधिनः (राज्ञः विरोधिनः – षष्ठी तत्पुरुष)। स्वगृहम् (स्वस्य गृहम्, तस्मिन् – षष्ठी तत्पुरुष))। अनभिज्ञेन (न अभिज्ञः, तेन – नञ् तत्पुरुष)। पूर्वराजपुरुषाः (राज्ञः पुरुषाः, राजपुरुषाः (षष्ठी तत्पुरुष), पूर्वे च ते राजपुरुषाः – कर्मधारय)। देशान्तरम् (अन्यः देशः – कर्मधारय)। अनृतम् (न ऋतम् – नञ् तत्पुरुष)। परस्परविरुद्धे (परस्परस्मात् विरुद्धम्, ते – पञ्चमी तत्पुरुष)। वाक्छलम् (वाचः छलम् – षष्ठी तत्पुरुष))। अपरिग्रहः (न परिग्रहः – नञ् तत्पुरुष)। तीक्ष्णदण्डः (तीक्ष्णः दण्डः यस्य सः – बहुव्रीहि)। नृपतिः (नृणाम् पतिः – षष्ठी तत्पुरुष)। राक्षसकलत्रस्य (राक्षसस्य कलत्रम्, तस्य – षष्ठी तत्पुरुष)। परकलत्रेण (परस्य कलत्रम्, तेन – षष्ठी तत्पुरुष))। असन्तम् (न सत्, तम् – नञ् तत्पुरुष) अर्थलाभेषु (अर्थस्य लाभाः, तेषु – षष्ठी तत्पुरुष)। परसंवेदने (परस्य संवेदनम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : (सं.भू.कृ.) निष्क्रम्य** નીકળીને **प्रविश्य** પ્રવેશીને **अभिनीय** લઈ જઈને **निक्षिप्य** મૂકીને, રાખીને **(क.भू.कृ) प्रेषितः** મોકલેલ, મોકલ્યો. **आगतः** આવેલ, આવ્યો **उपविष्टः** બેઠો. બેઠેલો **अनुगृहीतः** અનુગ્રહ કરાયેલો **निवेदितम्** નિવેદન કર્યું. નિવેદન કરેલું **भीताः** ભય પામેલા, ડરેલા, **गतः** ગયો. ગયેલો **(वि.कृ.) आनेतव्यः** લાવવો જોઈએ. લઈ આવ. લાવ. **स्थातव्यम्** બેસવું જોઈએ. બેસો. **प्रष्टव्यम्** પૂછવું જોઈએ. પૂછવા યોગ્ય **वर्तितव्या** વર્તવું જોઈએ. **समर्पयितव्यः** સમર્પિત કરી દેવો જોઈએ. સમર્પિત કરવા યોગ્ય **भवितव्यम्** થવું જોઈએ. થવા યોગ્ય **रक्षितव्यम्** રક્ષા કરવી જોઈએ. રક્ષા કરવા યોગ્ય

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) जि (जयति)** જીતવું **नन्द् (नन्दति)** ખુશ થવું, પ્રસન્ન થવું **व्रज् (व्रजति)** જવું **आ + ह्वे > ह्वय् (आह्वयति)** બોલાવવું

**(આત્મનેપદ) वृध् (वर्धते)** વધવું, વૃદ્ધિ પામવું

**દસમો ગણ (પરસ્મૈપદ) मर्ष् (मर्षयति)** ક્ષમા આપવી, માફ કરવું

## વિશેષ

**1. શબ્દાર્થ : श्रेष्ठी** શેઠ, શાહુકાર **स्वगतम्** પોતાને જ સંભળાય તે રીતે બોલાતી ઉક્તિ, મનમાં બોલાતું એક પ્રકારનું વાક્ય **जातदोषस्य** ઉત્પન્ન થયો છે દોષ જેનાથી તેવાને **मम तावत् यद्भवति तद्भवतु नाम** મારું તો જે થવું હોય તે ભલે થાય. (**उभौ परिक्रामतः।** બંને ફરે છે.) (કૌંસમાં મૂકવામાં આવેલાં વાક્યો નાટ્યકારે આપેલી રંગસૂચનાઓ છે. નાટકને ભજવતી વખતે જે-તે પાત્રે મંચ ઉપર તે મુજબનો અભિનય કરવાનો હોય છે.) **प्रचीयन्ते** વધી રહ્યા છે. **संव्यवहाराणाम्** ખરીદ અને વેચાણના, વેપાર-વાણિજ્યના, વ્યાપારના **वृद्धिलाभाः** વેપારની વૃદ્ધિના લાભો (વૃદ્ધિનો અર્થ વ્યાજ પણ થાય.) **प्रकाशम्** સ્વગત ઉક્તિ પછી સૌને સંભળાય એ રીતે બોલાતી ઉક્તિ, સહુ સાંભળી શકે તે રીતે બોલવાનો સંવાદ (સામાન્ય રીતે નાટકમાં બધી ઉક્તિઓ પ્રકાશમ્ હોય છે, પરંતુ સ્વગત ઉક્તિ બોલાઈ જાય અને તે પછી ફરી પાછા પ્રગટ રીતે સંવાદો બોલવાનો પ્રારંભ કરવાનો હોય ત્યારે (प्रकाशम्) એવી રંગસૂચના મૂકવામાં આવે છે.) **आर्यस्य प्रसादेन** આપ મહાનુભાવની કૃપાથી **प्रकृतयः अपि** પ્રજા પણ, જનતા પણ **प्रतिप्रियम्** પ્રિયની સામેનું ભલું,

વળતું પ્રિય **अर्थजातम्** ધનનો સમૂહ, ધનનો ઢગલો **ईष्यते** ચાહવામાં આવી રહ્યો છે. ચાહો છો. ઇચ્છો છો. **परिक्लेशाभावे** દુઃખના અભાવમાં, ક્લેશ ન હોવામાં **सहर्षम्** હર્ષ સાથે **कथमाविर्भवतीति** કેવી રીતે પેદા થાય છે. કેવી રીતે ઉત્પન્ન થાય છે. **अलमाशङ्कया** શંકા કરવી રહેવા દો. શંકા કરવાની જરૂર નથી. **देशान्तरं व्रजन्ति** અન્ય દેશમાં ચાલ્યા જાય છે, જઈ રહ્યા છે. **तत्प्रच्छादनमेव** તેમને છુપાવવું એ જ **दोषमुत्पादयति** દોષ ઉત્પન્ન કરે છે. ગુનો પેદા કરે છે. **वाक्छलम्** વાણીનો દોષ - છળ, બહાનું **छलानाम्** છળોનો, દોષોનો **अपरिग्रहः** સંગ્રહનો અભાવ, ત્યાગભાવ **अच्छलेन** છળ કે દોષ વગરના રહેવાથી **भवता भवितव्यम्** આપે થવું જોઈએ. તમારે બનવું જોઈએ **न मर्षयिष्यति** માફ કરશે નહિ. ક્ષમા આપશે નહિ. **गेहे सन्तमपि** ઘરમાં હોય તો પણ **न समर्पयामि** સમર્પિત કરું નહિ. સોંપું નહિ. **किं पुनः असन्तम्** તો પછી (ઘરમાં) ન હોય તેને શું **परसंवेदने** પારકાના દુઃખમાં, અન્યની તકલીફમાં **दुष्करम्** મુશ્કેલ કાર્ય **शिबिना विना** શિબિ નામના રાજા સિવાય (પ્રાચીન કાળમાં એક શિબિ નામનો રાજા થઈ ગયો. તેણે પોતાને ત્યાં આશ્રય લેવા આવેલા હોલાને બચાવવા ખાતર બાજ પક્ષીને પોતાના શરીરનું માંસ આપી દીધું હતું. જોકે આ તેની કસોટી માટેનો પ્રસંગ હતો જેની તેને ખબર ન હતી.)

**2. સંધિ :** गृहजनोऽन्यत्र (गृहजनः अन्यत्र)। यद्भवति (यत् भवति)। तद्भवतु (तत् भवतु)। अयमागतोऽस्मि (अयम् आगतः अस्मि)। अस्माज्जनादिष्यते (अस्मात् जनात् इष्यते)। अनुगृहीतोऽस्मि (अनुगृहीतः अस्मि)। कथमाविर्भवतीति (कथम् आविर्भवति इति)। कीदृशस्तृणानाम् (कीदृशः तृणानाम्)। त्वमद्यापि (त्वम् अद्य अपि)। एष एव (एषः एव)। एष मे (एषः मे)। क इदानीम् (कः इदानीम्)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) चन्दनदासेन अमात्यराक्षसस्य गृहजनः कुत्र निर्वाहितः ?

(क) स्वगृहे (ख) अन्यत्र (ग) मित्रगृहे (घ) अरण्ये

(2) नन्दाय किं रोचते स्म ?

(क) अर्थः (ख) प्रजाकल्याणम् (ग) युद्धम् (घ) धर्मवृद्धिः

(3) तृणानाम् ............. सह विरोधः कीदृशः ?

(क) अग्निम् (ख) अग्निना (ग) अग्नेः (घ) अग्निः

(4) चन्दनदासः स्वगतं वदति, अहं तु ............. ।

(क) निर्दोषः (ख) साशङ्कः (ग) मुक्तदोषः (घ) जातदोषः

(5) भीताः पूर्वराजपुरुषाः पौराणां गृहेषु गृहजनं निक्षिप्य देशान्तरं ............. ।

(क) व्रजति (ख) व्रजतः (ग) व्रजन्ति (घ) व्रजन्ते

(6) चाणक्यः यदा आह्वयति तदा ............. अपि साशङ्कः भवति।

(क) निर्दोषः (ख) निर्दोषाः (ग) निर्दोषेन (घ) निर्दोषैः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) चाणक्यः स्वशिष्याय किं कथयति ?

(2) चन्द्रगुप्ताय किं रोचते ?

(3) भूपाः प्रीताभ्यः प्रकृतिभ्यः किम् इच्छन्ति ?

(4) भीताः राजपुरुषाः कुत्र गृहजनं निक्षिपन्ति ?

**3. अधोलिखितानां कृदन्तानां प्रकारं लिखत ।**

| | | | |
|---|---|---|---|
| (1) निष्क्रम्य | ............... | (2) निर्वाहितः | ............... |
| (3) शङ्कनीयः | ............... | (4) इष्टः | ............... |
| (5) प्रष्टव्यम् | ............... | (6) निक्षिप्य | ............... |

**4. समासप्रकारं लिखत ।**

| | | | |
|---|---|---|---|
| (1) जातदोषः | ............... | (2) वृद्धिलाभाः | ............... |
| (3) नन्दराज्यम् | ............... | (4) परकलत्रम् | ............... |
| (5) देशान्तरम् | ............... | | |

**5. वचनानुसारं धातुरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | | | |
|---|---|---|---|
| (1) | इच्छामि | ............... | ............... |
| (2) | ............... | ............... | व्रजन्ति |
| (3) | ............... | परिक्रामतः | ............... |
| (4) | पराजेष्यति | ............... | ............... |

**6. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत ।**

(केन, कः, किम्, कीदृशम्, कस्य)

(1) <u>नन्दस्य</u> अर्थसम्बन्धः प्रीतिजनकः।

(2) एतत् <u>प्रच्छादनदोषम्</u> उत्पादयति।

(3) <u>अमात्यराक्षसः</u> चन्द्रगुप्तं न पराजेष्यति।

(4) शिष्यः <u>चन्दनदासेन</u> सह प्रविशति।

**7. मातृभाषायां उत्तराणि लिखत ।**

(1) ચાણક્ય કઈ રીતે ચંદનદાસ પ્રત્યે અત્યાદર વ્યક્ત કરે છે ?

(2) ચાણક્યના મતાનુસાર નંદના અને ચંદ્રગુપ્તના રાજ્યમાં શો ફરક છે ?

(3) ચાણક્ય ચંદનદાસને ચંદ્રગુપ્તનો પ્રથમ વિરોધી કેમ ગણાવે છે ?

(4) ચાણક્ય ચંદનદાસને કઈ રીતે ભય બતાવે છે ?

(5) રાક્ષસના પરિવારની સોંપણી કરવા અંગે ચંદનદાસ શો ઉત્તર આપે છે ?

**प्रवृत्ति**

- વિષ્ણુગુપ્ત - કૌટિલ્યના જીવન વિશે માહિતી એકત્ર કરો.
- ચાણક્યનાં પ્રેરક વચનોને પોતાની શાળામાં સુવિચાર તરીકે લખો.

# 15. जयः पराजयो वा

યુદ્ધનું પરિણામ સદૈવ અત્યંત ભયંકર હોય છે. છતાંય મનુષ્ય સતત યુદ્ધ કરતો જ રહે છે. આધુનિક યુગમાં વિવિધ પ્રકારનાં રાસાયણિક અસ્ત્ર-શસ્ત્રોને લીધે યુદ્ધો ખૂબ જ અનિષ્ટકારક બન્યાં છે, તેનું વર્ણન આ પાઠનો વિષય છે.

પ્રાચીન સમયમાં યુદ્ધો થતાં હતાં અને તેમાં મોટો નરસંહાર પણ થતો હતો. તેને લીધે અનેક સ્ત્રીઓ અને બાળકો નિરાધાર બનતાં હતાં. પરંતુ પૃથ્વી, જળ, વાયુ, આકાશ વગેરે જેવાં કુદરતી તત્ત્વોને કોઈ હાનિ થતી ન હતી. તેઓ જેમનાં તેમ જ શુદ્ધ રહેતાં હતાં. આધુનિક યુગમાં રાસાયણિક શસ્ત્રોના વધારે પડતા ઉપયોગથી આ કુદરતી તત્ત્વો પ્રદૂષિત બન્યાં છે. દૂષિત જળ અને વાયુને કારણે અનેક લોકો અસાધ્ય રોગનો ભોગ બને છે અને સક્રિય રીતે યુદ્ધમાં જોડાયા ન હોય તો પણ મરણને શરણ થાય છે. એટલું જ નહિ ભાવીની અનેક પેઢીઓ સુધી આવાં દુષ્પરિણામો માનવજાતે ભોગવવાનો વારો આવે છે.


આવાં દુષ્પરિણામો આપનારા યુદ્ધમાં વિજય ગમે તે પક્ષનો થાય, પણ તે જયને જય કહેવાય કે પરાજય એવો પ્રશ્ન થાય છે. મહાભારતકાલીન યુદ્ધ અને આધુનિક યુદ્ધનાં પરિણામોમાં રહેલા તફાવતને સ્વર્ગમાં રહેતો અર્જુન પૃથ્વી ઉપર આવીને પ્રત્યક્ષ નિહાળે છે. સ્વર્ગીય પાત્રને પૃથ્વી ઉપર ઊતરી આવેલો કલ્પીને પ્રવર્તમાન સમયમાં ચાલતાં યુદ્ધનાં દુષ્પરિણામો તરફ ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું છે. યુદ્ધના પરિણામે નિર્દોષ પ્રાણીઓને ભોગવવાં પડતાં દુઃખોનો ખ્યાલ મેળવીને યુદ્ધથી દૂર રહેવાની ભાવના કેળવાય, તે હેતુથી આ પાઠનું કથાવસ્તુ વિચારવામાં આવ્યું છે.

---

एकदा स्वर्गस्थितः अर्जुनः पृथिवीं द्रष्टुकामः भूलोकमागच्छत्। प्राप्तभूलोकः सः महान्तं जयघोषं श्रुतवान्। सः जयघोषकारकं जनसमूहस्य समीपं गच्छति। सद्यः विरमिते विश्वयुद्धे लब्धविजयाः जनाः विजयोत्सवम् अनुभावयन्तः आसन्। तान् दृष्ट्वा अर्जुनोऽपि पुरातनं महाभारतविजयं तदानीन्तनान् प्राप्तविजयान् जनान् च स्मरति। एतम् अपरिचितपूर्वं समुपस्थितम् अर्जुनं ते जनाः स्वकीये विजयोत्सवे योजितवन्तः। अर्जुनोऽपि जातहर्षः तैः सह संलग्नोऽभवत्।

कञ्चित्कालानन्तरं सः तृषामनुभूतवान्। अभ्यागतेन तेन अश्व एको याचितः। याचिताश्वोऽसौ अश्वमारुह्य जलं पातुं नगराद्बहिः स्थितमेकं परिचितपूर्वं सरोवरं गतवान्। तत्र यदा सः जलपानाय उद्यतो भवति, तदा कस्यचित् पुरुषस्य ध्वनिं श्रुतवान् – "महाशय, सगरम् इदं जलम्। अधुना अपेयमस्ति।" अर्जुनः साश्चर्यः तमदृष्टपूर्वं पुरुषं पृच्छति, "कथमिदं सगरं जलम्। प्रकृतिनिर्मिताः सरोवराः तु सर्वदैव पेयजलाः एव भवन्तीति।"

स्वरेण युवकः कायेन वृद्धः इव कश्चित् भग्नदन्तः धवलकेशः सदण्डः एकः जनः अर्जुनस्य समीपमागतवान्। अदृष्टपूर्वं तादृशं जनं दृष्ट्वा अर्जुनः आश्चर्यचकितः सञ्जातः। महाभारतकालिकान् स्थूलकायान् बलिष्ठान् जनान् स्मरन् स कष्टमपि अनुभूतवान्। अस्य एतादृशीं स्थितिं दृष्ट्वा अर्जुनः साश्चर्यं पृष्टवान् – "को भवान् ? कस्मात् तव ईदृशी अवस्था जाता।"



सः प्रत्यवदत् – ''अहम् अस्य देशस्य एकः सैनिकः। विगतेषु कतिपयेषु मासेषु बहूनां देशानां परस्परं युद्धम् अभवत्। तत्र विविधानि शस्त्राणि प्रयुक्तानि। तस्मात् कारणात् जलं स्थलं वायुः प्राणिनः इत्येवं बहुविधं जगत् विविधरूपेण प्रभावितमस्ति। किं ते कथयामि, शस्त्रास्त्रनिर्गतैः प्रदूषितैः सर्वं वस्तुजातं प्रदूषितं विषमयं च सञ्जातम्। अस्य सरोवरस्य जलमपि एतस्मादेव कारणात् सगरमस्ति। अत्रत्यं जलं पीत्वा पीत्वा मदीया एषा स्थितिः सञ्जाता। मदीयः पुत्रः इदमेव जलं पीत्वा विगतदृष्टिः गभीरे कूपे पतितो मृतश्च। मदीया भार्या विषमयस्य वायोः प्रभावेन निरुद्धश्वासा दिवंगता। प्रतिदिनं जलस्यास्य पानेन गतप्राणान् जीवान् पश्यन् भुक्तभोगः अहमत्र स्थित्वा पशुपक्षिमानवान् अस्य जलपानात् वारयामि।''

अर्जुनः वृत्तान्तमेतं श्रुत्वा पुरातनीयस्य महाभारताभिधस्य युद्धस्य परिणामं स्मृतिपथमानयति। स विचारयति यत् तदा बहूनां जनानां संहारः सञ्जातः, तेन च परिवारेषु आपदानां परम्परा प्रवर्तिता। परन्तु जलवायुभूम्याकाशादयो महाभूतास्तथैव शुद्धाः आसन्। ते जीवानां कृते यथापूर्वम् उपयोगिनः एवासन्। सम्प्रति यदहं पश्यामि तत् अधिकं शोचनीयमस्ति। किमयम् अधुना प्रवर्तितः मावनस्य जयः, जयः अस्ति पराजयो वा ? एवं सशोकः अर्जुनः अपीतजलः एव गृहीतचिन्तश्च पुनः स्वर्गं प्रत्यावर्तत।

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) अर्जुनः** મહાભારતનો પ્રસિદ્ધ યોદ્ધા (આ કથાવસ્તુમાં તેને કાલ્પનિક પાત્ર તરીકે લેવામાં આવ્યો છે.) **भूलोकः** પૃથ્વીલોક **महाशयः** મહાન છે આશય જેનો તે (સજ્જન વ્યક્તિને સંબોધવા માટે આ શબ્દ વપરાય છે.) **अभ्यागतः** મહેમાન, અતિથિ **सरोवरः** મોટું તળાવ **जीवः** પ્રાણી, સજીવ **परिणामः** પરિણામ, ફળ (સંસ્કૃતમાં આ શબ્દ પુંલ્લિંગમાં છે.) **महाभूताः** મહાભૂત, (અગ્નિ, વાયુ, જલ, પૃથ્વી અને આકાશ - એ પાંચને મહાભૂત કહેવાય છે.) **पराजयः** હાર **स्वर्गः** જ્યાં સુખ જ સુખ હોય તેવું સ્થાન, દેવલોક.

**(સ્ત્રીલિંગ) तृषा** તરસ **भार्या** પત્ની **आपदा** આફત, મુશ્કેલી **परंपरा** સતત ચાલતો પ્રવાહ

**વિશેષણ : स्वर्गस्थितः ( अर्जुनः )** સ્વર્ગમાં રહેલો (અર્જુન) **जयघोषकारकम् ( जनसमूहम् )** જયનો અવાજ કરનારા (માણસોના સમૂહ)ને **विरमिते ( विश्वयुद्धे )** રોકાઈ ગયેલું (વિશ્વયુદ્ધ) **लब्धविजयाः ( जनाः )** પ્રાપ્ત કર્યો છે વિજય જેમણે તેવા (માણસો) **तदानीन्तनान् प्राप्तविजयान् ( जनान् )** તે સમયના પ્રાપ્ત કરેલા વિજયવાળા (માણસો)ને **एतम् अपरिचितपूर्वं समुपस्थितम् ( अर्जुनम् )** આ પહેલાં પરિચિત નથી તેવા હાજર થયેલા (અર્જુન)ને **परिचितपूर्वम् ( सरोवरम् )** અગાઉથી જે પરિચિત છે તેવા (સરોવર) તરફ **सगरम् इदम् ( जलम् )** ગર એટલે કે ઝેર સાથેનું ઝેરી આ (પાણી) **प्रकृतिनिर्मिताः ( सरोवराः )** પ્રકૃતિએ-કુદરતે બનાવેલાં (તળાવો) **भग्नदन्तः धवलकेशः सदण्डः एकः ( जनः )** પડી ગયા છે દાંત જેના તેવો, ધોળા વાળવાળો, દંડ સાથેનો એક (માણસ) **अदृष्टपूर्वम् ( जनम् )** અગાઉ ન જોયો હોય તેવા (માણસ)ને **महाभारतकालिकान् स्थूलकायान् बलिष्ठान् ( जनान् )** મહાભારતકાળના, સ્થૂળ-જાડાં શરીરવાળા, અત્યંત બળશાળી (માણસો)ને **विगतेषु कतिपयेषु ( मासेषु )** વીતી ગયેલા કેટલાક (મહિનાઓ)માં **बहूनाम् ( देशानाम् )** ઘણા (દેશો)નું **शस्त्रास्त्रनिर्गतैः प्रदूषितैः ( पदार्थैः )** શસ્ત્ર અને અસ્ત્રમાંથી નીકળેલા પ્રદૂષિત (પદાર્થો)થી-(પદાર્થો) વડે **मदीया ( स्थितिः )** મારી (સ્થિતિ-દશા) **मदीयः ( पुत्रः )** મારો (પુત્ર) **गभीरे ( कूपे )** ઊંડા (કૂવા)માં **गतप्राणान् ( जीवान् )** ચાલ્યા ગયા છે પ્રાણ જેમના તેવાં (પ્રાણીઓ)ને.

**અવ્યય : सद्यः** તરત જ **सर्वदैव** હંમેશાં જ **इत्येवम्** આ રીતે **प्रतिदिनम्** દરરોજ, રોજેરોજ **कृते** માટે **यथापूर्वम्** અગાઉની જેમ **सम्प्रति** અત્યારે.

**સમાસઃ** स्वर्गस्थितः (स्वर्गं स्थितः – द्वितीया तत्पुरुष)। प्राप्तभूलोकः (प्राप्तः भूलोकः येन सः – बहुव्रीहि)। जयघोषम् (जयस्य घोषः, तम् – षष्ठी तत्पुरुष)। जयघोषकारकम् (जयघोषस्य कारकः, तम् – षष्ठी तत्पुरुष)। जनसमूहम् (जनानां समूहः, तम् – षष्ठी तत्पुरुष)। विश्वयुद्धे (विश्वस्य युद्धम्, तस्मिन् – षष्ठी तत्पुरुष)। लब्धविजयाः (लब्धः विजयः येन सः, ते – बहुव्रीहि)। विजयोत्सवम् (विजयस्य उत्सवः, तम् – षष्ठी तत्पुरुष)। महाभारतविजयम् (महाभारतस्य विजयः, तम् – षष्ठी तत्पुरुष)। अपरिचितपूर्वम् (न परिचितपूर्वम् – नञ् तत्पुरुष)। जातहर्षः (जातः हर्षः

यस्य सः – बहुव्रीहि)। याचिताश्वः (याचितः अश्वः येन सः – बहुव्रीहि)। जलपानाय (जलस्य पानम्, तस्मै – षष्ठी तत्पुरुष)। सगरम् (गरेण सहिततम् – बहुव्रीहि)। अपेयम् (न पेयम् – नञ् तत्पुरुष)। साश्चर्यः (आश्चर्येण सहितः – बहुव्रीहि)। अदृष्टम् (न दृष्टः, तम् – नञ् तत्पुरुष)। प्रकृतिनिर्मिताः (प्रकृत्या निर्मितः, ते – तृतीया तत्पुरुष)। पेयजलाः (पेयं जलं यस्य सः, ते – बहुव्रीहि)। भग्नदन्तः (भग्नाः दन्ताः यस्य सः – बहुव्रीहि)। धवलकेशः (धवलाः केशाः यस्य सः – बहुव्रीहि)। सदण्डः (दण्डेन सहितः – बहुव्रीहि)। अदृष्टपूर्वम् (न दृष्टपूर्वः, तम् – नञ् तत्पुरुष)। आश्चर्यचकितः (आश्चर्येण चकितः – तृतीया तत्पुरुष)। स्थूलकायान् (स्थूलः कायः यस्य सः, तान् – बहुव्रीहि)। विविधरूपेण (विविधं रूपं यस्य सः, तेन – बहुव्रीहि)। शस्त्रास्त्रनिर्गतैः (शस्त्रं च अस्त्रं च शस्त्रास्त्रे, – इतरेतर द्वन्द्व) शस्त्रास्त्रेभ्यः निर्गतम्, तैः – पञ्चमी तत्पुरुष)। विगतदृष्टिः (विगता दृष्टिः यस्य सः – बहुव्रीहि)। निरुद्धश्वासा (निरुद्धः श्वासः यस्याः सा – बहुव्रीहि)। गतप्राणान् (गताः प्राणाः येषां ते, तान् – बहुव्रीहि)। भुक्तभोगः (भुक्तः भोगः येन सः – बहुव्रीहि)। पशुपक्षिमानवान् (पशवः च पक्षिणः च मानवाः च, तान् – इतरेतर द्वन्द्व)। महाभारताभिधस्य (महाभारतम् अभिधा यस्य सः, तस्य – बहुव्रीहि)। स्मृतिपथम् (स्मृतेः पन्थाः, तम् – षष्ठी तत्पुरुष)। जलवायुभूम्याकाशादयः (जलं च वायुः च भूमिः च आकाशः च –जलवायुभूम्याकाशाः, इतरेतर द्वन्द्व), जलवायुभूम्याकाशाः आदिः येषाम् ते –जलवायुभूम्याकाशादयः – बहुव्रीहि)। महाभूताः (महान् चासौ भूतः, ते – कर्मधारय)। अपीतजलः (पीतं जलं येन सः –पीतजलः, बहुव्रीहि, न पीतजलः – नञ् तत्पुरुष)। सशोकः (शोकेन सहितः – बहुव्रीहि)। गृहीतचिन्तः (गृहीता चिन्ता येन सः, – बहुव्रीहि)।

**કૃદંત : (क.भू.कृ.) अनुभूतम्** અનુભવ કર્યો. **समुपस्थितम्** ઉપસ્થિત થયેલાને, હાજર રહેલાને **(क.भू.कृ.) श्रुतवान्** સાંભળ્યું. **अनुभूतवान्** અનુભવ કર્યો. **पृष्टवान्** પૂછ્યું. **गतवान्** ગયો. **आगतवान्** આવ્યો. **याचितः** માંગ્યો. **सञ्जातः** થયો. બન્યો. **जाता** થઈ. બની. **पतितः** પડ્યો. પતન પામ્યો. **मृतः** મરી ગયો. ગુજરી ગયો. **प्रवर्तिता** પ્રવર્તી હતી. પ્રવર્તી. **शोचनीयम् (वि.कृ)** વિચારવા લાયક, ચિંતા કે શોક કરવા લાયક **(हे.कृ.) पातुम्** પીવા માટે **(सं.भू.कृ.) श्रुत्वा** સાંભળીને

## વિશેષ

**1. શબ્દાર્થ : पृथ्वीं द्रष्टुकामः** પૃથ્વીને જોવાની ઇચ્છાવાળો **महान्तं जयघोषं श्रुतवान्** મોટા-ભારે જયનાદને સાંભળ્યો. **तेन अनुभूतम्** તેણે અનુભવ કર્યો. **समीपं गच्छति** પાસે જાય છે. **सद्यः विरमिते विश्वयुद्धे** હાલમાં જ બંધ થયેલું રોકાયેલું છે વિશ્વયુદ્ધ ત્યારે **विजयोत्सवम् अनुभावयन्तः आसन्** વિજયનો ઉત્સવ ઊજવી રહ્યા હતા. **तदानीन्तनान्** તે સમયના **विजयोत्सवे योजितवन्तः** વિજયના ઉત્સવમાં જોતરી દીધો. **जातहर्षः** ઉત્પન્ન થયો છે હર્ષ જેને તેવો **तैः सह संलग्नोऽभवत्** તેઓની સાથે સંલગ્ન થઈ ગયો-જોડાઈ ગયો. **कञ्चित्कालानन्तरम्** થોડા વખત પછી **तृषामनुभूतवान्** તરસનો અનુભવ કર્યો. તરસ લાગી. **अभ्यागतेन तेन** આવેલા તે મહેમાને **अश्व एको याचितः** એક ઘોડો માંગ્યો. **याचिताश्वोऽसौ** માગેલા ઘોડાવાળા તેણે **जलपानाय** પાણી પીવા માટે **उद्यतो भवति** ઉદ્યત થાય છે. તૈયાર થાય છે. **अपेयमस्ति** પીવાય નહિ તેવું છે. પીવા જેવું નથી. **तमदृष्टं पुरुषं** તે ન દેખેલા-જોયેલા પુરુષને **पेयजलाः एव भवन्तीति** પીવા લાયક પાણીવાળાં જ હોય છે એમ **स्वरेण युवकः** અવાજ ઉપરથી યુવક **कायेन वृद्धः** શરીર ઉપરથી ઘરડો **कश्चित्** કોઈક **समीपमागतवान्** પાસે આવ્યો. **आश्चर्यचकितः सञ्जातः** આશ્ચર્યચકિત થઈ ગયો. **कष्टमपि अनुभूतवान्** દુઃખનો પણ અનુભવ કર્યો. **साश्चर्यं पृष्टवान्** આશ્ચર્ય સાથે પૂછ્યું. **कस्मात्** શા કારણે **ईदृशी अवस्था जाता** આવી દશા થઈ છે. **प्रत्यवदत्** તે બોલ્યો. તેણે જવાબ વાળ્યો. **बहुविधम्** અનેક પ્રકારનું **किं ते कथयामि** તને શું કહું ? **सर्वं वस्तुजातम्** બધી જ વસ્તુઓ **अत्रत्यं जलम्** અહીંના પાણીને **पीत्वा पीत्वा** પી પીને **विगतदृष्टिः** ચાલી ગઈ છે દૃષ્ટિ જેની તેવો **विषमयस्य वायोः** ઝેરથી ભરેલા વાયુના **प्रभावेन** પ્રભાવથી **निरुद्धश्वासा** રોકાઈ ગયો છે શ્વાસ

જેનો તેવી **दिवंगता** ગુજરી ગઈ. **पश्यन्** જોતો, દેખતો **पशुपक्षिमानवान्** પશુઓ, પક્ષીઓ અને માનવોને **अस्य जलपानात्** આ (સરોવર)નું જલપાન કરવાથી **वारयामि** રોકું છું. **स्मृतिपथमानयति** સ્મૃતિમાં લઈ આવે છે. યાદ કરે છે. **संहारः** મરણ, વિનાશ **आपदानां परम्परा प्रवर्तिता** આપત્તિઓની પરંપરા પ્રવર્તી હતી. **परन्तु जलवायुभूम्याकाशादयो महाभूताः** પણ પાણી, પવન, પૃથ્વી અને આકાશ વગેરે મહાભૂતો **तथैव** તેવાં જ **जीवानां कृते** જીવોને માટે, પ્રાણીઓને કાજે **शोचनीयमस्ति** ચિંતા કરવા યોગ્ય છે. **प्रवर्तितः** પ્રવર્તેલો **जयः अस्ति पराजयो वा** વિજય છે કે પછી પરાજય - હાર છે ? **स्वर्गं प्रत्यावर्तत** સ્વર્ગમાં પાછો ચાલ્યો ગયો.

**2. સંધિ :** श्रुतपूर्वोऽयम् (श्रुतपूर्वः अयम्)। ध्वनिरिति (ध्वनिः इति)। अर्जुनोऽपि (अर्जुनः अपि)। संलग्नोऽभवत् (संलग्नः अभवत्)। अश्व एको याचितः (अश्वः एकः याचितः)। याचिताश्वोऽसौ (याचिताश्वः असौ)। उद्यतो भवति (उद्यतः भवति)। पतितो मृतश्च (पतितः मृतः च)। स्मृतिपथमानयति (स्मृतिपथम् आनयति)। स विचारयति (सः विचारयति)। महाभूतास्तथैव (महाभूताः तथा एव)। एवासन् (एव आसन्)। पराजयो वा (पराजयः वा)। गृहीतचिन्तश्च (गृहीतचिन्तः च)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) अर्जुनः किं द्रष्टुकामः भूलोकम् आगच्छत् ? ◯

(क) युद्धम् (ख) विजयोत्सवम् (ग) पृथिवीम् (घ) जनस्थितिम्

(2) तृषातुरः अर्जुनः कुत्र गतवान् ? ◯

(क) नगरम् (ख) नदीम् (ग) सागरम् (घ) सरोवरम्

(3) प्रकृतिनिर्मिताः सरोवराः कीदृशाः भवन्ति ? ◯

(क) अपेयजलाः (ख) अगाधजलाः (ग) उष्णजलाः (घ) पेयजलाः

(4) युवकः कीदृशः आसीत् ? ◯

(क) भग्नहस्तः (ख) भग्नदन्तः (ग) भग्नदण्डः (घ) भग्नपादः

(5) महाभारतकालिकाः जनाः कीदृशाः आसन् ? ◯

(क) स्थूलकायाः (ख) हतबलाः (ग) कृशकायाः (घ) स्थूलोदराः

(6) भटस्य पुत्रः कीदृशे कूपे पतितः ? ◯

(क) निर्जले (ख) गभीरे (ग) क्षीणजले (घ) विशाले

(7) कीदृशः अर्जुनः पुनः स्वर्गं प्रस्थितः ? ◯

(क) गृहीतचिन्तः (ख) गृहीतजलः (ग) क्रोधाविष्टः (घ) पराजितः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) अर्जुनः कस्य समीपं गच्छति ?

(2) सरोवरस्य जलं कीदृशम् आसीत् ?

(3) अपरिचितः स्वरेण कीदृशः आसीत् ?

(4) सर्वं वस्तुजातं केन प्रदूषितं विषमयं च संजातम् ?

(5) कः विगतदृष्टिः जातः ?

**3. ह्यस्तनभूतकाले धातुरूपाणि परिवर्तयत ।**

(1) स्मरति ...............

(2) पश्यामि ...............

(3) वदति ...............

**4. समासप्रकारं लिखत ।**

(1) लब्धविजयाः ............... (2) तृषातुरः ...............

(3) धवलकेशः ............... (4) प्रकृतिनिर्मिताः ...............

(5) सशोकः ...............

**5. निम्नशब्दरूपाणां विभक्तिं वचनं च लिखत ।**

(1) नगरात् ............... ...............

(2) बलिष्ठान् ............... ...............

(3) स्थितिम् ............... ...............

(4) मासेषु ............... ...............

(5) बहूनाम् ............... ...............

**6. मातृभाषायाम् उत्तरत ।**

(1) અર્જુન સરોવરનું પાણી પીવા ગયો ત્યારે તેને અજાણ્યા પુરુષે શું કહ્યું ?

(2) અજાણ્યા પુરુષને જોઈને અર્જુનને કેમ આશ્ચર્ય થયું ?

(3) યુદ્ધમાં વપરાયેલાં અસ્ત્ર-શસ્ત્રોથી શું-શું પ્રદૂષિત થઈ ગયું હતું ?

(4) અજાણ્યા પુરુષના પુત્રની શી દશા થઈ હતી ?

(5) આધુનિક યુદ્ધ અને મહાભારતકાલીન યુદ્ધ વચ્ચે કયો તફાવત છે ?

**પ્રવૃત્તિ**

- યુદ્ધના કારણે આવી પડતી આપત્તિઓની સચિત્ર સૂચિ બનાવો.
- યુદ્ધની ભયાનકતાને દર્શાવતાં ચિત્રોનો સંગ્રહ કરો.

# 16. अद्भुतं युद्धम्

મહર્ષિ વાલ્મીકિ દ્વારા રચિત રામાયણ આદિકાવ્ય તરીકે પ્રસિદ્ધ છે. રામાયણ આદિકાવ્ય હોવાને કારણે તેના રચયિતા વાલ્મીકિ પણ આદિકવિ છે. આ રામાયણમાં કુલ સાત કાંડ અને ચોવીસ હજાર શ્લોકો છે. રામાયણનું કથાવસ્તુ સુપ્રસિદ્ધ છે. તે મુજબ રાજા દશરથ રામને અયોધ્યાની રાજગાદી સોંપવા માગતા હતા પરંતુ કૈકયીનાં વચન અનુસાર રામને વનમાં જવાનું થયું. સીતા અને લક્ષ્મણે પણ તેમની સાથે વનગમન કર્યું. વનમાં ફરતાં ફરતાં રામ દંડકારણ્યના પંચવટી વિસ્તારમાં આવ્યા. અહીં તેમણે પર્ણકુટીર બનાવી અને સુખપૂર્વક રહેવા લાગ્યા. આ સમય દરમિયાન જે ઘટનાઓ ઘટી, તેનું વર્ણન રામાયણના ચોથા અરણ્યકાંડમાં આવે છે. આ પાઠમાં સંગૃહીત પદ્યો એમાંથી લેવામાં આવ્યાં છે.

આ જ નિવાસસ્થળેથી લંકાપતિ રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. સીતાને બળપૂર્વક હરી જતા રાવણને માર્ગમાં ગીધરાજ જટાયુનો ભેટો થાય છે. સીતા જટાયુને મદદ માટે વિનવે છે. રાવણ ખૂબ જ શક્તિશાળી હતો. તેની પાસે ધનુષ્ય, બાણ, રથ વગેરે અનેક સાધનો હતાં જ્યારે જટાયુ પાસે તો માત્ર પોતાનાં શારીરિક અંગો, જેવાં કે ચાંચ, પાંખ અને નખ સિવાય બીજું કોઈ આયુધ ન હતું. પોતાની સીમિત અને રાવણની અસીમિત શક્તિઓને જાણતો હોવા છતાં તે રાવણને પડકારે છે અને તેને રોકવાનો ઉદ્યમ કરે છે. જોકે દુર્ભાગ્યે તેને સફળતા સાંપડતી નથી, છતાં જટાયુના એ ઉદ્યમે, રામાયણની કથાની સાથે જટાયુના આ પાત્રને અમર કરી દીધું છે.

જટાયુ પક્ષી હોવા છતાં રાવણ સાથે સંઘર્ષમાં ઊતરે છે કારણ કે તે એક દુઃખી નારીને પ્રાણના ભોગે પણ મદદ કરવી એને પોતાનું કર્તવ્ય સમજે છે. જટાયુના આ સંઘર્ષે થોડા સમય માટે રાવણને જે રીતે હતપ્રભ કરી નાખ્યો હતો તેનું સુંદર આલેખન આ કાવ્યાંશમાં કરવામાં આવ્યું છે. આ કાવ્યમાંથી માણસે એ બોધ લેવાનો છે કે અત્યાચારી ગમે તેવો શક્તિશાળી હોય અને તેની સામે આપણે ભલે ને સામાન્ય શક્તિવાળા હોઈએ, તો પણ એકવાર તો તેની સામે થવું જ જોઈએ અને દુઃખીજનના દુઃખને દૂર કરવારૂપ પોતાનો માનવધર્મ બજાવવો જોઈએ.

ततः पर्वतशृङ्गाभः तीक्ष्णतुण्डः खगोत्तमः।
वनस्पतिगतः श्रीमान् व्याजहार शुभां गिराम् ॥ 1 ॥

यत् कृत्वा न भवेद् धर्मो न कीर्तिः न यशो ध्रुवम्।
शरीरस्य च भवेत् खेदः कस्तत् कर्म समाचरेत् ॥ 2 ॥

निवर्तय गतिं नीचां परदाराभिमर्शनात्।
न तत् समाचरेत् धीरो यत्परोऽस्य विगर्हयेत् ॥ 3 ॥

वृद्धोऽहं त्वं युवा धन्वी सरथः कवची शरी।
न चाप्यादाय कुशली वैदेहीं मे गमिष्यसि ॥ 4 ॥

इत्युक्तः क्रोधताम्राक्षः तप्तकाञ्चनकुण्डलः।
राक्षसेन्द्रोऽभिदुद्राव पतगेन्द्रम् अमर्षणः ॥ 5 ॥

तद् बभूवाद्भुतं युद्धं गृध्रराक्षसयोस्तदा।
सपक्षयोर्माल्यवतोः महापर्वतयोरिव ॥ 6 ॥



विददार नखैरस्य तुण्डं पृष्ठे समर्पयन्।
केशांश्चोत्पाटयामास नखपक्षमुखायुधः ॥ 7 ॥

ततोऽस्य सशरं चापं मुक्तामणिविभूषितम्।
चरणाभ्यां महातेजा बभञ्ज पतगोत्तमः ॥ 8 ॥

स भग्नधन्वा विरथो हताश्वो हतसारथिः।
हस्तेनादाय वैदेहीं पपात भुवि रावणः ॥ 9 ॥

जटायुस्तमतिक्रम्य तुण्डेनास्य खगाधिपः।
वामबाहून् दश तदा व्यपाहरत् अरिन्दमः ॥ 10 ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) खेदः** દુઃખ, નિરાશા **धीरः** ધૈર્યવાળો, ગંભીર **पतगोत्तमः** પક્ષીઓમાં ઉત્તમ **जटायुः** એ નામનું રામાયણનું પ્રસિદ્ધ પાત્ર, પક્ષીરાજ **चापः** ધનુષ્ય **वामबाहुः** ડાબો ખભો **अरिन्दमः** શત્રુનું દમન કરનાર

**(સ્ત્રીલિંગ) गिरा** વાણી **वैदेही** સીતા, વિદેહરાજની પુત્રી

**(નપુંસકલિંગ) तुण्डम्** મુખ, ચાંચ **पृष्ठम्** પીઠ

**સર્વનામ : परः** અન્ય, બીજો

**વિશેષણ : पर्वतशृङ्गाभः तीक्ष्णतुण्डः खगोत्तमः वनस्पतिगतः श्रीमान् महातेजाः पतगोत्तमः ( जटायुः )** પર્વતના શિખર જેવી શોભાવાળો, તીક્ષ્ણ એટલે કે ધારદાર ચાંચવાળો, ખગ એટલે કે પક્ષીઓમાં ઉત્તમ, વનસ્પતિમાં રહેલો - વનસ્પતિને પ્રાપ્ત થયેલો, શોભાથી યુક્ત, મહાન્ તેજવાળો - મહાતેજસ્વી, પતગોમાં એટલે કે પક્ષીઓમાં ઉત્તમ એવો (જટાયુ) **शुभाम् ( गिराम् )** શુભ-કલ્યાણકારી (વાણી)ને **नीचाम् ( मतिम् )** નીચ, ઊતરતી કક્ષાની (બુદ્ધિ, વિચાર)ને **त्वं धन्वी ( युवा )** તું ધનુષ્યવાળો (યુવક) **सरथः कवची शरी ( रावणः )** રથવાળો, કવચવાળો, બાણવાળો (રાવણ) **कुशली** કુશળ, હેમખેમ **वैदेहीम्** વૈદેહીને **क्रोधताम्राक्षः तप्तकाञ्चनकुण्डलः राक्षसेन्द्रः अमर्षणः ( रावणः )** ક્રોધને કારણે તાંબા જેવી લાલ આંખવાળો, તપેલા સોના જેવાં કુંડળવાળો, રાક્ષસોનો રાજા, ક્રોધી (રાવણ) **सपक्षयोः महापर्वतयोः ( माल्यवतोः )** પાંખો સાથેના મહાન પર્વત એવા (બે માલ્યવાન પર્વતો)નું **नखपक्षमुखायुधः ( जटायुः )** નખ, પાંખો અને મુખ (ચાંચ)ના આયુધ-હથિયારવાળો (જટાયુ) **मुक्तामणिविभूषितम् सशरम् ( चापम् )** મુક્તા નામના મણિથી શોભતા, બાણ સાથેના (ધનુષ્ય)ને **भग्नधन्वा विरथः हताश्वः हतसारथिः ( रावणः )** ભાંગેલા ધનુષ્યવાળો, રથ વગરનો થયેલો - રથ વિહોણો, હણાયેલા ઘોડાવાળો, હણાયેલા સારથિવાળો (રાવણ) **खगाधिपः अरिन्दमः ( जटायुः )** પક્ષીરાજ, શત્રુનું દમન કરનાર (જટાયુ)

**અવ્યય : मुहुर्मुहुः** વારંવાર **आशु** જલદી, સત્વરે

**સમાસઃ** पर्वतशृङ्गाभः (पर्वतस्य शृङ्गम् पर्वतशृङ्गम् (षष्ठी तत्पुरुष), पर्वतशृङ्गस्य आभा इव आभा यस्य सः – (बहुव्रीहि)। तीक्ष्णतुण्डः (तीक्ष्णं तुण्डं यस्य सः – बहुव्रीहि)। खगोत्तमः (खगेषु उत्तमः – सप्तमी तत्पुरुष)। वनस्पतिगतः (वनस्पतिं गतः – द्वितीया तत्पुरुष)। परदाराभिमर्शनात् (परस्य दाराः, परदाराः (षष्ठी तत्पुरुष), परदाराणाम् अभिमर्शनम्, तस्मात् – षष्ठी तत्पुरुष)। सरथः (रथेन सहितः – बहुव्रीहि)। नखपक्षमुखायुधः (नखाः च पक्षौ च मुखं च (नखपक्षमुखानि – इतरेतर द्वन्द्व), नखपक्षमुखानि आयुधानि यस्य सः – बहुव्रीहि)। सशरः (शरेण सहितः – बहुव्रीहि)। मुक्तामणिविभूषितम् (मुक्ता चासौ मणिः (मुक्तामणिः – कर्मधारय), मुक्तामणिना विभूषितः, तम् – तृतीया तत्पुरुष)। महातेजाः (महत् तेजः यस्य सः – बहुव्रीहि)। पतगोत्तमः (पतगेषु उत्तमः – षष्ठी तत्पुरुष)। भग्नधन्वा (भग्नं धनुः यस्य सः – बहुव्रीहि)। हताश्वः (हताः अश्वाः यस्य सः – बहुव्रीहि)। हतसारथिः (हतः सारथिः यस्य सः – बहुव्रीहि)। गृध्रराजेन (गृध्राणां राजा, तेन – षष्ठी तत्पुरुष)। क्रोधमूर्छितः (क्रोधेन मूर्छितः – तृतीया तत्पुरुष)। खगाधिपः (खगानाम् अधिपः – षष्ठी तत्पुरुष)। वामबाहून् (वामः च असौ बाहुः च, तान् – कर्मधारय)।

**કૃદંત : ( सं.भू.कृ. ) कृत्वा** કરીને **आदाय** લઈને **अतिक्रम्य** અતિક્રમણ કરીને, હુમલો કરીને

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) पत् ( पतति )** પડવું, નીચે તરફ જવું

**દશમ ગણ (પરસ્મૈપદ) वि + गर्ह् ( विगर्हयति )** નિંદા કરવી, ઠપકો આપવો

## વિશેષ

**1. શબ્દાર્થ : व्याजहार** બોલ્યો. **न भवेद् धर्मः** ધર્મ ન થાય. **न कीर्तिः** કીર્તિ ન થાય. **न यशो ध्रुवम्** સ્થિર રહેનારો યશ ન થાય. **शरीरस्य च भवेत् खेदः** અને શરીરને દુઃખ થાય. **समाचरेत्** આચરે. કરે. **परदाराभिमर्शनात्** પારકી સ્ત્રીનો સ્પર્શ કરવાથી થનારી **नीचा** હલકટ, નીચી **गतिम्** ગતિને (પ્રાપ્ત કરવાથી) **निवर्तय** અટકી જા. રોકાઈ જા. **यत्परः अस्य विगर्हयेत्** જેની અન્ય માણસ નિંદા કરે **इत्युक्तः** આમ કહેવાયેલો, આમ કહ્યું (ત્યારે) **अमर्षणः राक्षसेन्द्रः** ગુસ્સે થયેલો રાક્ષસરાજ (રાવણ) **अभिदुद्राव पतगेन्द्रम्** પતગેન્દ્ર-પક્ષીરાજ જટાયુ તરફ દોડ્યો. **तद् बभूव अद्भुतं युद्धम्** તે પછી અદ્‌ભુત યુદ્ધ થયું. **गृध्रराक्षसयोः** ગીધ - જટાયુ અને રાક્ષસ-રાવણનું **विददार नखैः** નખોથી ઉઝરડા પાડ્યા. ઈજા પહોંચાડી. **तुण्डं पृष्ठे समर्पयन्** ચાંચને પીઠ ઉપર મૂકીને - મારતા રહીને. **केशान् च उत्पाटयामास** વાળને ઉખાડી નાખ્યા. **चरणाभ्याम्** બે પગોથી **बभञ्ज** તોડી નાંખ્યું. **हस्तेनादाय** હાથથી લઈને **पपात भुवि रावणः** રાવણ જમીન ઉપર પડ્યો. **दश वामबाहून्** ડાબા પડખાના દસ બાહુઓને **व्यपाहरत्** ઉખાડી નાંખ્યા.

**2. સંધિ :** धर्मो न (धर्मः न)। यशो ध्रुवम् (यशः ध्रुवम्)। कस्तत् (कः तत्)। धीरो यत्परोऽस्य (धीरः यत्परः अस्य)। वृद्धोऽहम् (वृद्धः अहम्)। चाप्यादाय (च अपि आदाय)। इत्युक्तः (इति उक्तः)। राक्षसेन्द्रोऽभिदुद्राव (राक्षसेन्द्रः अभिदुद्राव)। बभूवाद्भुतम् (बभूव अद्भुतम्)। गृध्रराक्षसयोस्तदा (गृध्रराक्षसयोः तदा)। सपक्षयोर्माल्यवतोः (सपक्षयोः माल्यवतोः)। महापर्वतयोरिव (महापर्वतयोः इव)। नखैरस्य (नखैः अस्य)। केशांश्चोत्पाटयामास (केशान् च उत्पाटयामास)। ततोऽस्य (ततः अस्य)। महातेजा बभञ्ज (महातेजाः बभञ्ज)। स भग्नधन्वा (सः भग्नधन्वा)। विरथो हताश्वो हतसारथिः (विरथः हताश्वः हतसारथिः)। हस्तेनादाय (हस्तेन आदाय)। जटायुस्तमतिक्रम्य (जटायुः तम् अतिक्रम्य)। तुण्डेनास्य (तुण्डेन अस्य)।

## स्वाध्याय

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) सीतायाः अपनयनकाले जटायुः कुत्र तिष्ठन् आसीत् ? ◯

(क) वनस्पतिम् (ख) पर्वतशृङ्गम् (ग) रथम् (घ) समीपम्

(2) जटायुः रावणस्य कस्मिन् गात्रे तुण्डं समर्पयत् ? ◯

(क) नेत्रे (ख) चरणे (ग) मुखे (घ) पृष्ठे

(3) क्रोधमूर्च्छितः रावणः जटायुं कथम् अभिजघान ? ◯

(क) तलेन (ख) हस्तेन (ग) बाणेन (घ) खड्गेन

(4) जटायुः तुण्डप्रहारेण किं व्यपाहरत् ? ◯

(क) दश मस्तकानि (ख) दश मुखानि (ग) दश दक्षिणबाहून् (घ) दश वामबाहून्

(5) जटायुः वदति – परदाराभिमर्शनात् नीचां गतिं .................. । ◯

(क) निवर्तय (ख) निवर्तते (ग) निवर्तयन्तु (घ) निवृत्तिः

(6) किं विशेषणं जटायोः पक्षिराजत्वं सूचयति ? ◯

(क) तीक्ष्णतुण्डः (ख) अरिन्दमः (ग) महाबलः (घ) खगाधिपः

**2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) श्रीमान् जटायुः कीदृशीं गिरां व्याजहार ?
(2) जटायुरावणयोः कः वृद्धः, कः च युवा ?
(3) रावणस्य चापं कीदृशम् आसीत् ?
(4) भग्नधन्वा रावणः कुत्र पतितः ?
(5) जटायुः रावणस्य किम् उत्पाटयामास ?

**3. समासप्रकारं लिखत ।**

(1) खगोत्तमः ............... (2) तीक्ष्णतुण्डः ...............
(3) भग्नधन्वा ............... (4) हतसारथिः ...............
(5) वामबाहून् ............... (6) क्रोधमूर्च्छितः ...............

**4. उदाहरणानुसारम् अनुस्वारस्य स्थाने परसवर्णम् अनुनासिकं वा लिखत ।**

**उदाहरणम् : पर्वतशृंगः पर्वतशृङ्गः**

(1) तीक्ष्णतुंडः ...............
(2) बभंज ...............
(3) अरिंदमः ...............

**5. वचनानुसारं शब्दरूपैः रिक्तस्थानानि पूरयत ।**

(1) ............... ............... निवर्तयत

(2) समाचरेत् ............... ...............

(3) गमिष्यसि ............... गमिष्यथ

**6. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्नवाक्यं रचयत।**

(काम्, कुत्र, कीदृशीम्, कः, केन, कीदृशः)

(1) जटायुः <u>शुभां</u> गिरां व्याजहार।

(2) विरथः रावणः <u>भुवि</u> पपात।

(3) <u>जटायुः</u> तस्य पृष्ठे तुण्डं समर्पयत्।

(4) रावणः <u>वैदेहीम्</u> आदाय गच्छति।

(5) जटायुः <u>तुण्डेन</u> तस्य दश वामबाहून् व्यपाहरत्।

**7. गुर्जरभाषायाम् उत्तराणि लिखत ।**

(1) વૃદ્ધ જટાયુ રાવણને કયા શબ્દોમાં પડકારે છે ?

(2) જટાયુ પાસે કયાં આયુધો હતાં ?

(3) રાવણ કઈ રીતે ધરતી પર પડ્યો ?

(4) ક્રોધાન્વિત રાવણે શું કર્યું ?

(5) અંતે જટાયુએ શું કર્યું ?

**8. નીચે આપેલાં વિશેષણોમાંથી જટાયુ અને રાવણનાં વિશેષણોને જુદાં તારવો.**

कवची, श्रीमान्, अरिन्दमः, भग्नधन्वा, धन्वी, पर्वतशृङ्गाभः, युवा, पतगोत्तमः, विरथः, क्रोधमूर्च्छितः, वृद्धः, तीक्ष्णतुण्डः, महातेजाः।

**પ્રવૃત્તિ**

- જટાયુ જેવાં અન્ય પરોપકારી પશુ-પક્ષીઓની વાર્તાઓનો સંગ્રહ કરો.
- રામાયણના જટાયુવધ પ્રસંગ જેવા અન્ય પ્રસંગોનાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવો.

•

# 17. स्वाभाविकं सादृश्यम्

આજથી લગભગ છવ્વીસ સો વર્ષ પહેલાં આચાર્ય પાણિનિએ અષ્ટાધ્યાયી નામનો સંસ્કૃતભાષાના વ્યાકરણનો ગ્રંથ રચ્યો હતો. સૂત્રશૈલીમાં લખાયેલા આ ગ્રંથમાં લગભગ ચાર હજાર જેટલાં સૂત્રોમાં (ટૂંકાં ટૂંકાં વાક્યોમાં) સમગ્ર સંસ્કૃત ભાષાનું વ્યાકરણ આવરી લેવામાં આવ્યું છે. આચાર્ય પાણિનિ પછી અંદાજે સો-દોઢસો વર્ષ પછી થયેલા મનાતા આચાર્ય કાત્યાયને આ સૂત્ર ઉપર વાર્તિકો રચ્યાં છે. આ વાર્તિકોમાં પાણિનિનાં સૂત્ર ઉપર વિમર્શ કરવામાં આવ્યો છે. એ પછી બીજાં સો-દોઢસો વર્ષના સમય પછી આચાર્ય પતંજલિ થઈ ગયા છે. તેમણે આ સૂત્રો અને વાર્તિકોનો આધાર લઈને મહાભાષ્ય નામે એક ભાષ્યગ્રંથ રચ્યો છે. આ મહાભાષ્યમાંથી પ્રસ્તુત પાઠનું વિષયવસ્તુ પસંદ કરવામાં આવ્યું છે.


આચાર્ય પતંજલિનો આ મહાભાષ્ય નામે જાણીતો ગ્રંથ વ્યાકરણશાસ્ત્રનો ગ્રંથ છે, છતાં તેમાં અમુક પ્રસંગો દરમિયાન સામાજિક, રાજનૈતિક, આર્થિક, વિજ્ઞાનના તથા ખગોળ, ભૂગોળ જેવા વિવિધ ભૌતિક વિજ્ઞાનના કેટલાક સિદ્ધાંતોના પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ ઉલ્લેખો તે જમાનામાં પ્રચલિત જ્ઞાન-વિજ્ઞાનના વિસ્તારને સૂચવે છે.

स्थानेऽन्ततमः (પા. 1. 1. 49) એ પાણિનિના સૂત્ર ઉપરની ચર્ચા દરમિયાન માનવ દ્વારા કરવામાં આવતા પરસ્પરના વ્યવહારનો, ગુરુત્વાકર્ષણનો અને પૃથ્વી ઉપરના અગ્નિનો સૂર્યની સાથે જે સંબંધ છે તેની સ્વીકૃતિ આપતા સિદ્ધાંતોનું જે રીતે સૂચન થયું છે, તે પ્રસ્તુત પાઠમાં દર્શાવવામાં આવ્યું છે. ભાષાના વ્યાકરણનો વિચાર કરનાર ગ્રંથમાં વિવિધ શાસ્ત્રોને લગતી વાતોનો સંગ્રહ કરવાની આ રીત વિવિધ શાસ્ત્રોમાં પારંગત થવાની પ્રેરણા પૂરી પાડે છે. કોઈ એક શાસ્ત્રના વિદ્યાર્થી હોવા છતાં વિવિધ શાસ્ત્રોના સિદ્ધાંતોની જાણકારી વિદ્યાર્થીને હોવી ઘટે, એ કૌશલ્ય કેળવવાની પ્રેરણા મળે, એ માટે આ પાઠ અહીં પસંદ કરવામાં આવ્યો છે.

---

संसारे विविधाः पदार्थाः सन्ति। तद्यथा, स्वर्ण–लौहादयो धातवः, वट–खदिरादयो वृक्षाः, गो–घोटकादयः पशवः च। एषु पुनः प्रत्येकमपि पदार्थाः भिन्नाः भिन्नाः भवन्ति। तद्यथा – स्वर्णं लौहात् भिन्नं भवति। अथ च प्रत्येकः सुवर्णखण्डः परस्परम् आकारेण प्रकारेण च भिन्नः भिन्नः भवति।

वस्तुतः अस्तित्वरूपेण सत्तारूपेण वा एते पदार्थाः परस्परं भिन्नाः सन्तीति प्रतीयन्ते। परन्तु प्रत्यक्षतः परस्परं भिन्नेषु पदार्थेषु अपि किञ्चिदेकं स्वाभाविकम् आन्तर्यमपि भवति। ते ते पदार्थाः यदा क्रियायां प्रयुक्ताः भवन्ति, तदा अस्य प्रतीतिः भवति। अस्य सिद्धान्तस्य उपदेशः द्वाविंशतिशतवर्षेभ्यः पूर्वम् आचार्येण पतञ्जलिना स्वकीये व्याकरणमहाभाष्ये कृतः। तत्र ते कथयन्ति –



'समाजेषु समाशेषु समवायेषु चास्यताम् इत्युक्ते नैव कृशाः कृशैः सहासते, न पाण्डवः पाण्डुभिः। येषामेव किंचिदर्थकृतमान्तर्यं तैरेव सहासते।' अर्थात् सामाजिके व्यवहारे भोजनार्थं निमन्त्रिताः जनाः आकारतः प्रकारतश्च भिन्नाः भिन्नाः भवन्ति। परन्तु यदा तेषां भोजनविधौ प्रवृत्तिः भवति, तदा ते स्वकीयम् आन्तरिकं समानत्वं पश्यन्तः परस्परं निकटासनाः भवन्ति। आकारेण कश्चित् कृशः जनः कृशेन सह न तिष्ठति, न तु कश्चित् पीनः पीनेन सह। परन्तु येषां किञ्चिदर्थकृतम् अर्थात् प्रयोजनकृतं सादृश्यं भवति, तत् सादृश्यमनुसरन्तः ते एव परस्परं निकटासनाः भवन्ति। मातुलकुलाः मातुलकुलैः सह, पितृव्याः पितृव्यैः सह, उपवेशिनः उपवेशिभिः सह तिष्ठन्ति।

एवमेव गवादीनां पशूनामपि प्रवृत्तिर्भवति। गावो दिवसं चरितवत्यो सायंकाले गोष्ठेषु समागत्य यो यस्याः वत्सो भवति तेन सह शेरते।

गवादीनामिव अचेतनेषु अपि पदार्थेषु नियमोऽयं दृश्यते। तद्यथा – लोष्टः क्षिप्तो बहुवेगं गत्वा नैव तिर्यग् गच्छति नोर्ध्वमारोहति। सः पृथिव्याः विकारः वर्तते इति कृत्वा पृथिवीमेव आगच्छति, सादृश्यत्वात्। तथा ज्योतिषो विकारः अर्चिः आकाशदेशे निवाते सुप्रज्वलितं नैव तिर्यग् गच्छति नार्वागारोहति। ज्योतिषो विकारो ज्योतिरेव गच्छत्यान्तर्यतः।

एवमत्र महाभाष्यकाराः मानवीयं व्यावहारिकं सिद्धान्तमुपदिशन्ति। तेन सह च गुरुत्वाकर्षणस्य सिद्धान्तं पार्थिवाग्नेः सूर्येण सह सम्बन्धस्य च सिद्धान्तं सूचयन्ति।

### ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) सिद्धान्तः** નિયમ, કાયદો (કોઈ એક સાચો અને સાબિત થયેલો નિશ્ચિત મત કે નિર્ણય) **उपदेशः** બોધ, શિક્ષણ, નિર્દેશ **समाजः** માનવોનો સમૂહ **समाशः** સમાન ભોજનવાળા **समवायः** સમુદાય, મેળાવડો, સંમેલન **पाण्डु** પીળાશ પડતો ધોળો રંગ (અહીં સફેદ ચામડીવાળા - ધોળા માણસને માટે આ શબ્દ વપરાયો છે.) **मातुलः** મામા **पितृव्यः** કાકા **लोष्टः** માટીનું ઢેફું **निवातः** પવન વગરની આકાશની જગા, પૃથ્વીથી ઘણો ઉપરનો ભાગ

**(સ્ત્રીલિંગ) प्रतीतिः** ખાતરી, જ્ઞાન થવું તે **क्रिया** હલનચલન, સક્રિયતા

**(નપુંસકલિંગ) आन्तर्यम्** સમાનતા, અમુકના જેવું હોવાપણું **गोष्ठेषु** ગાયોના વાડાઓમાં

**સર્વનામ : अस्य ( पुं. नपुं. )** આના **येषाम् ( पुं. नपुं. )** જેઓનું

**વિશેષણ : विविधाः ( पदार्थाः )** જાતજાતના (પદાર્થો) **भिन्नेषु ( पदार्थेषु )** જુદા જુદા (પદાર્થો)માં **कृशः** પાતળો, દુબળો **पीनः** જાડો, સ્થૂળ **एकम् स्वाभाविकम् ( आन्तर्यम् )** એક સ્વાભાવિક (એવું સાદશ્ય), એક કુદરતી (સમાનતા) **सामाजिके ( व्यवहारे )** સમાજને લગતા (વ્યવહાર)માં **निमन्त्रिताः ( जनाः )** તેડાવેલા (માણસો), નિમંત્રેલા (માણસો) **स्वकीयम् आन्तरिकम् ( समानत्वम् )** પોતાનું આંતરિક - અંદર રહેલું (સમાનપણું) **प्रयोजनकृतम् ( सादृश्यम् )** પ્રયોજન થકી કરવામાં આવેલું (સાદશ્ય-સમાન દેખાવાપણું) **गवादीनाम् ( पशूनाम् )** ગાય વગેરે (પશુઓ)ના **अचेतनेषु ( पदार्थेषु )** અચેતન-જડ (પદાર્થો)માં **मानवीयं व्यावहारिकम् ( सिद्धान्तम् )** માનવીય વ્યવહારને લગતા (સિદ્ધાન્ત)ને

**અવ્યય : तद्यथा** જેમકે **नैव** નહિ જ **अर्थात्** એટલે કે **आकारतः** આકારથી, આકારને કારણે **प्रकारतः** પ્રકારને કારણે **तिर्यग्** ત્રાંસું, વાંકુંચૂકું **ऊर्ध्वम्** ઉપર તરફ **इति कृत्वा** એમ કરીને **अर्वाक्** સામે, નીચેની બાજુ **आन्तर्यतः** સમાનતાને કારણે **अथ च** અને વળી

**સમાસઃ** स्वर्ण–लौहादयः (स्वर्णं च लौहं च (–स्वर्णलौहे, इतरेतर द्वन्द्व), स्वर्णलौहे आदिः येषां ते – बहुव्रीहि)। वट–खदिरादयः (वटश्च खदिरश्च –वटखदिरौ, इतरेतर द्वन्द्व), वटखदिरौ आदिः येषाम् ते – बहुव्रीहि)। गो–घोटकायः (गौः च घोटकः च (–गोघोटकौ, इतरेतर द्वन्द्व), गोघोटकौ आदिः येषां ते – बहुव्रीहि)। अस्तित्वरूपेण (अस्तित्वं रूपं यस्य, तेन – बहुव्रीहि)। सत्तारूपेण (सत्ता रूपं यस्य, तेन – बहुव्रीहिः)। अर्थकृतम् (अर्थेन कृतम् – तृतीया तत्पुरुष)। भोजनविधौ (भोजनस्य विधिः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। निकटासनाः (निकटे आसनानि येषां ते – बहुव्रीहि)। प्रयोजनकृतम् (प्रयोजनेन कृतम् – तृतीया तत्पुरुष)। मातुलकुलाः (मातुलं कुलं येषां ते – बहुव्रीहि)। अचेतनेषु (न चेतनम् – अचेतनम्, तेषु – नञ् तत्पुरुष)। आकाशदेशे (आकाशस्य देशः, तस्मिन् – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( क.भू.कृ. ) कृतः** કરવામાં આવેલો, કરેલો **निमन्त्रितः** નિમંત્રિત, કોઈ કાર્યમાં બોલાવેલ **क्षिप्तः** ફેંકેલો, ફેંકવામાં આવેલો **सुप्रज्ज्वलितम्** સારી રીતે પ્રજ્વલિત થયેલું **( सं.भू.कृ. ) समागत्य** આવીને **गत्वा** જઈને

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) आ + रुह् ( आरोहति )** ચઢવું, ઉપર જવું

**દસમો ગણ (પરસ્મૈપદ) सूच् ( सूचयति )** સૂચવવું, સૂચના આપવી

## વિશેષ

**1. શબ્દાર્થ : स्वर्ण-लौहादयो धातवः** સોનું, લોઢું વગેરે ધાતુઓ **वट-खदिरादयो वृक्षाः** વડ, ખેર વગેરે વૃક્ષો **गो-घोटकादयः पशवः** ગાય, ઘોડો વગેરે પશુઓ **परस्परं भिन्नाः** એકબીજાથી જુદા જુદા **सत्तारूपेण भिन्नाः सन्तीति** સત્તાનાં (અસ્તિત્વના) રૂપમાં જુદા જુદા છે એમ **प्रतीयन्ते** પ્રતીત થાય છે. **प्रत्यक्षतः** પ્રત્યક્ષ રીતે **क्रियायां प्रयुक्ताः** ક્રિયામાં વપરાતા (થાય છે.) **द्वाविंशतिशतवर्षेभ्यः पूर्वम्** બાવીસ સો વર્ષ પહેલાં **आचार्येण पतञ्जलिना** આચાર્ય પતંજલિ દ્વારા **स्वकीये व्याकरणमहाभाष्ये** પોતાના (રચેલા) વ્યાકરણમહાભાષ્ય નામના ગ્રંથમાં **आस्यताम् इति उक्ते** (જમવા) બેસો એમ કહેવામાં આવે ત્યારે **नैव कृशाः कृशैः सह आसते** દુબળા માણસો દુબળા માણસની સાથે બેસતા નથી જ. **न पाण्डवः पाण्डुभिः** ન તો ધોળા માણસો ધોળા માણસો સાથે **कश्चित्** થોડું **अर्थकृतम् आन्तर्यम्** અર્થ (એટલે કે કોઈ હેતુ-પ્રયોજન)ને લઈને કરવામાં આવેલી છેકની નિકટતા **तैः एव सह आसते** તેમની જ સાથે બેસે છે. **भोजनविधौ प्रवृत्तिः भवति** જમવાની કામગીરીમાં પ્રવૃત્તિ થાય છે. **समानत्वं पश्यन्तः** સમાનતા-નિકટતા જોતા **परस्परम्** પરસ્પર, આપસમાં **निकटासनाः** પાસે પાસે આસનવાળા **भवन्ति** થાય છે. બને છે. **आकारेण कश्चित् कृशः** આકારથી કોઈ દુબળો **पीनेन सह** જાડાની સાથે **किञ्चित् अर्थकृतम्** કોઈક અર્થ-હેતુ દ્વારા કરવામાં આવેલું **तं सादृश्यम् अनुसरन्तः** તે સાદશ્યને અનુસરીને **उपवेशिनः उपवेशिभिः सह तिष्ठन्ति** પાડોશીઓ પાડોશીઓની સાથે બેસે છે. **गावः दिवसं चरितवत्यः** ગાયો આખો દિવસ ચરતી રહીને **यः यस्याः वत्सः भवति** જે જેનું વાછરડું હોય છે **तेन सह शेरते** તેની સાથે સૂઈ જાય છે. **बहुवेगं गत्वा** ઘણા વેગથી (ઉપર) જઈને **नैव तिर्यग् गच्छति** તીરછું-ત્રાંસું નથી જતું **नोर्ध्वमारोहति** નથી ઉપર તરફ જતું. **इति कृत्वा** એમ કરીને **पृथिवीमेव आगच्छति** પૃથ્વી તરફ જ આવે છે. **सादृश्यत्वात्** સાદશ્યના કારણે **एवमेव** એવી રીતે જ **ज्योतिषो विकारः** જ્યોતિ-સૂર્યનો વિકાર **अर्चिः** પ્રકાશનું કિરણ **आकाशदेशे** આકાશ પ્રદેશમાં, આકાશમાં **नार्वागारोहति** ન તો નીચેની બાજુએ ઊતરે છે. **ज्योतिरेव गच्छत्यान्तर्यतः** તેથી જ્યોતિ તરફ જ જાય છે સમાનતાને કારણે **गुरुत्वाकर्षणस्य सिद्धान्तम्** ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને **पार्थिवाग्नेः** પૃથ્વી ઉપરના અગ્નિનો **सूर्येण सह** સૂર્યની સાથેના **सम्बन्धस्य** સંબંધના

**2. સંધિ :** स्वर्णादयो धातवः (स्वर्णादयः धातवः)। चास्यताम् (च आस्यताम्)। इत्युक्ते (इति उक्ते)। सहास्ते (सह आस्ते)। किञ्चिदर्थकृतमान्तर्यम् (किञ्चित् अर्थकृतम् आन्तर्यम्)। तैरेव (तैः एव)। सहासते (सह आसते)। प्रकारतश्च (प्रकारतः च)। सादृश्यमनुसरन्तः (सादृश्यम् अनुसरन्तः)। प्रवृत्तिर्भवति (प्रवृत्तिः भवति)। गावो दिवसम् (गावः दिवसम्)। यो यस्याः (यः यस्याः)। प्रसवो भवति (प्रसवः भवति)। नियमोऽयम् (नियमः अयम्)। क्षिप्तो बहुवेगम् (क्षिप्तः बहुवेगम्)। नोर्ध्वमारोहति (न ऊर्ध्वम् आरोहति)। ज्योतिषो विकारः (ज्योतिषः विकारः)। नार्वागारोहति (न अर्वाक् आरोहति)। ज्योतिषो विकारो ज्योतिरेव (ज्योतिषः विकारः ज्योतिः एव)। गच्छत्यान्तर्यतः (गच्छति आन्तर्यतः)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) केन रूपेण पदार्थाः परस्परं भिन्नाः प्रतीयन्ते ? ◯

(क) आकारेण (ख) सत्तारूपेण (ग) मूल्येन (घ) प्रदेशरूपेण

(2) यदा पदार्थाः क्रियायां प्रयुक्ताः भवन्ति तदा कस्य प्रतीतिः भवति ? ◯

(क) सादृश्यस्य (ख) भिन्नतायाः (ग) आकारस्य (घ) प्रकारस्य

(3) स्वर्णादयः .................... सन्ति। ◯

(क) पशवः (ख) धातवः (ग) मनुष्याः (घ) भिन्नाः

(4) पतञ्जले: स्थितिकाल: कति वर्षेभ्य: पूर्वमस्ति ? ◯

(क) द्वाविंशतिशतवर्षेभ्य: पूर्वम् (ख) विंशतिसहस्रवर्षेभ्य: पूर्वम्

(ग) द्विसहस्रेभ्य: वर्षेभ्य: पूर्वम् (घ) शतेभ्य: वर्षेभ्य: पूर्वम्

(5) समाशेषु आस्यताम् इत्युक्ते कीदृशा: जना: परस्परं निकटासना: भवन्ति ? ◯

(क) आन्तरिकं समानत्वं पश्यन्त: (ख) आकारं पश्यन्त:

(ग) भारं पश्यन्त: (घ) पदवीं पश्यन्त:

## 2. विशेष्यानुसारं विभक्तिवचनयुक्तम् उपयुक्तं विशेषणपदं रिक्तस्थाने लिखत ।

(1) संसारे .............. पदार्था: सन्ति। (विविध)

(2) .............. व्यवहारे भोजनार्थं जना: निमन्त्रिता:। (सामाजिक)

(3) एवमेव .............. पशूनामपि प्रवृत्तिर्भवति। (गवादि)

(4) .............. व्यावहारिकं सिद्धान्तमुपदिशन्ति। (मानवीय)

(5) आकारेण कश्चित् कृश: .............. कृशेन .............. सह न तिष्ठति। (जन)

## 3. एकवाक्येन संस्कृतभाषायां उत्तरत ।

(1) परस्परं भिन्नेषु पदार्थेषु कीदृशम् आन्तर्यं भवति ?

(2) के निकटासना: भवन्ति ?

(3) गोष्ठेषु गाव: केन सह शेरते ?

(4) लोष्ट: कस्य विकार: वर्तते ?

(5) पार्थिवाग्ने: केन सह सम्बन्ध: वर्तते ?

## 4. विसर्गसन्धिं प्रयोजयत।

(1) स्वर्णादय: धातव: ..............................

(2) कृशै: सहास्ते ..............................

(3) तै: एव ..............................

(4) प्रकारत: च ..............................

(5) नियम: अयम् दृश्यते ..............................

## 5. रेखाङ्कितपदानि आधृत्य प्रश्नवाक्यं रचयत ।

(कुत्र, कै:, कस्या:, कस्य, कस्मात्)

(1) कृशा <u>कृशै:</u> सहासते।

(2) <u>गोष्ठेषु</u> समागत्य यो यस्या: प्रसवो भवति तेन सह गाव: शेरते।

(3) स: <u>पृथिव्या:</u> विकार: वर्तते।

(4) महाभाष्यकार: <u>सम्बन्धस्य</u> सिद्धान्तं सूचयति।

## 6. मातृभाषायाम् उत्तराणि लिखत ।

(1) સજીવોમાં સ્વાભાવિક સાદૃશ્ય કયા કારણથી હોય છે ?

(2) અચેતન પદાર્થોમાં સાદૃશ્યનું કારણ શું હોય છે ?

(3) જ્યોતિ ઉપર તરફ શા માટે જાય છે ?

### प्रवृत्ति

- સંસ્કૃત સાહિત્યના વૈજ્ઞાનિક ગ્રંથોનાં તથા તેમના રચયિતાનાં નામોનો સંગ્રહ કરો.

•

# 18. मुक्तानि मुक्तकानि

સંસ્કૃત સાહિત્યમાં પ્રહેલિકા, કૂટશ્લોકો, અંતરાલાપ, પ્રશ્નોત્તરમાલા જેવાં વિવિધ પ્રકારનાં રમૂજી અને તર્કબુદ્ધિયુક્ત મુક્તકો વિપુલ પ્રમાણમાં રચાયેલાં છે. મુક્તક પ્રકારની આ રચનામાં ક્યારેક શ્લેષનો તો ક્યારેક સંધિનો ઉપયોગ કરીને ચમત્કૃતિ ઊભી કરવામાં આવે છે. ક્યારેક વળી સમાસફેર કરીને તો ક્યારેક અન્વયફેર કરીને દ્વિવિધ અર્થઘટન કરીને ચમત્કૃતિ સર્જવામાં આવે છે.

આ પ્રકારનાં મુક્તકોની રચના સળંગ એક ગ્રંથ તરીકે થઈ હોતી નથી પરંતુ આવાં મુક્તકો તો કાલાન્તરે જુદા જુદા પ્રદેશમાં વિદ્વાન કવિઓ દ્વારા રચવામાં આવેલાં છે. વળી, તેમનો સંગ્રહ પણ ભિન્ન ગ્રંથોમાં થતો રહ્યો છે. વર્તમાનમાં આવાં મુક્તકોનો સંગ્રહ કરીને તેને સુભાષિતરત્નભાણ્ડાગાર તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પાઠમાં વિવિધ પ્રકારે વિવિધ પ્રકારની ચમત્કૃતિ સર્જતાં આઠ પદ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આવી ચમત્કૃતિ માત્ર મનોરંજન માટે જ હોય છે તેવું નથી. શાબ્દિક રીતે અને આર્થિક રીતે ચમત્કૃતિ સર્જતાં આ પદ્યોમાં માનવીય જીવનને ઉત્તમ બનાવવા માટેના ઉપાયોનો પણ ઉપદેશ હોય છે. આ ઉપદેશ મુજબ જીવન જીવીને માણસ સર્વત્ર સફળતા પ્રાપ્ત કરી શકે છે અને પોતાના જીવનને સુખી બનાવી શકે છે.

---

पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिनीयुता।
पवर्गरचिता मूर्तिरपवर्गप्रदास्तु वः ॥ 1 ॥

भगवन् किमुपादेयं गुरुवचनम्, हेयमपि च किमकार्यम्।
को गुरुरधिगततत्त्वः, शिष्यहितायोद्यतः सततम् ॥ 2 ॥

अपूर्वोऽयं मया दृष्टः कान्तः कमललोचने।
शोऽन्तरं यो विजानाति स विद्वान्नात्र संशयः ॥ 3 ॥

शस्त्रं न खलु कर्तव्यमिति पित्रा नियोजितः।
तदेव शस्त्रं कृतवान् पितुराज्ञा न लङ्घिता ॥ 4 ॥

वृक्षस्याग्रे फलं दृष्टं फलाग्रे वृक्ष एव च।
अकारादि सकारान्तं यो जानाति स पण्डितः ॥ 5 ॥

यथा नयति कैलासं नगं गानसरस्वती।
तथा नयति कैलासं न गङ्गा न सरस्वती ॥ 6 ॥

युधिष्ठिरः कस्य पुत्रो गङ्गा वहति कीदृशी।
हंसस्य शोभा का वास्ति धर्मस्य त्वरिता गतिः ॥ 7 ॥

द्वन्द्वो द्विगुरपि चाहं मद्गेहे नित्यमव्ययीभावः।
तत्पुरुष कर्मधारय येनाहं स्यां बहुव्रीहिः ॥ 8 ॥

**નામ : (પુંલ્લિંગ) उद्यतः** ઉદ્યત, તૈયાર **कान्तः** પ્રિયજન **शः** 'શ' વર્ણ, શકાર **नगः** પર્વત, ગિરિ **कैलासः** કૈલાસ એ નામનો પર્વત **द्वन्द्वः, द्विगुः, अव्ययीभावः, तत्पुरुष, कर्मधारय, बहुव्रीहिः** આ બધાં સમાસના પ્રકારોનાં નામ છે. (સમાસના આ પ્રકારોમાંથી કેટલાક તમે નવમા ધોરણમાં શીખી ગયા છો. અન્યની સમજ પાછળ અભ્યાસ-5માં આપવામાં આવેલી છે.) આ સાથે આ શબ્દોનો પોતાનો પણ એક અર્થ હોય છે. જેમ કે **द्वन्द्वः** બે-બેની જોડ, બે-બેનાં જોડકાં, યુગ્મ **द्विगुः** બે કે વધારેનો સમૂહ, જેની પાસે બે હોય તેવો **अव्ययीभाव** એટલે વ્યય અર્થાત્ ખર્ચનો અભાવ, ત્યાં અવ્યયીભાવ છે એમ કહેવાય. **तत्पुरुष** પદમાં જુદા જુદા વિભક્તિ તત્પુરુષ સમાસ માનીએ, તો વિવિધ અર્થ નીકળે છે. અહીં ષષ્ઠી તત્પુરુષ સમાસ માનીને 'તેનો પુરુષ' - એવો અર્થ લેવાય છે. કર્મધારય એ પદને કર્મ અને ધારય - એ રીતે બે ભાગમાં વહેંચીને કર્મને ધારણ કર - એવો અર્થ મળે છે. બહુવ્રીહિ શબ્દમાં (बहवः व्रीहयः सन्ति यस्य सः बहुव्रीहिः - એ વિગ્રહ મુજબ) બહુવ્રીહિ સમાસ માનીને બહુ છે વ્રીહિ જેના એવો, ઘણાં બધાં ધાન્ય-અનાજવાળો - એવો અર્થ મળે છે.)

**(સ્ત્રીલિંગ) पवर्गरचिता मूर्तिः** પ-વર્ગ દ્વારા રચવામાં આવેલી મૂર્તિ (પ-વર્ગ એટલે પ, ફ, બ, ભ અને મ વર્ણ. અહીં શ્લોકના પૂર્વાર્ધમાં જે શબ્દપ્રયોગ છે, તેમાં આ પ-વર્ગના વર્ણોથી પ્રારંભ થતા શબ્દો (જેવા કે - पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिनीयुता) વાપરીને ભક્તે પોતાના મનમાં ઈશ્વરની એક મૂર્તિ-છબી ઊભી કરી છે.) **अपवर्गप्रदा** अपवर्ग એટલે મુક્તિ-મોક્ષ અને प्रदा એટલે આપનારી, મુક્તિ આપનારી (બીજી રીતે જોઈએ તો શ્લોકના પૂર્વાર્દ્ધમાં જે મૂર્તિ કલ્પવામાં આવી છે, તે પ-વર્ગ-રચિતા છે. હવે આ પ-વર્ગ-રચિતા મૂર્તિ અ-પવર્ગ = પ-વર્ગ વગરની કેવી રીતે હોય ? અપવર્ગ એટલે 'મુક્તિ' અર્થ સમજતાં અહીં મુક્તિ માગવામાં આવી રહી છે ! અહીં આ રીતે વિરોધ સમજાય પણ अपवर्ग = મોક્ષ સમજતાં વિરોધ દૂર થાય છે.) **लङ्घिता** લાંઘી, ઉથાપી **गानसरस्वती** ગાનરૂપી સરસ્વતી **गंगा, सरस्वती** આ નામની પ્રસિદ્ધ નદીઓ **त्वरिता** ઝડપી, ત્વરિત ગતિની. આ શ્લોક બોલવામાં આવે ત્યારે સાંભળનારને ગૂંચવડો લાગે છે પણ તે ધ્યાનથી વિચારતાં સાચો અર્થ સમજાય છે.

**(નપુંસકલિંગ) अकार्यम्** ન કરવા જેવું **नखलु** નખને કાપવાનું સાધન, નરણી (न અને खलु - એ રીતે છૂટા પાડીને પણ અર્થ કરવાનો છે. न એટલે નહિ, खलु એટલે ખરેખર, નક્કી) (આ खलु અવ્યય ક્યારેક વાક્યમાં કોઈ અર્થ બતાવતો નથી. તે માત્ર વાક્યના અલંકાર તરીકે શોભા વધારવા માટે વપરાયો હોય છે.)

**સર્વનામ : कस्य** કોનું **का** (સ્ત્રી.) કોણ

**વિશેષણ : पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिनीयुता** પિનાક-ધનુષ્ય, ફણી-નાગ, બાલેન્દુ-બીજનો બાળ-ચંદ્ર, ભસ્મ-રાખ, મન્દાકિની-ગંગા. આ (પ, ફ, બ, ભ અને મ-એ પાંચ વર્ણોથી પ્રારંભ થતા) પદાર્થોથી યુક્ત, ધનુષ્ય વગેરેવાળી (પ-વર્ગરચિતા મૂર્તિનું વિશેષણ) **उपादेयम्** ગ્રહણ કરવા યોગ્ય, સ્વીકાર કરવા પાત્ર **हेयम्** છોડવા યોગ્ય, ત્યજવા લાયક **अधिगततत्त्वः** જાણી લીધું છે રહસ્ય તેવો, જેણે તત્ત્વ પ્રાપ્ત કરી લીધું છે તેવો **त्वरिता** ઝડપવાળી, ઉતાવળી

**અવ્યય : अनन्तरम्** પછી, ત્યાર બાદ **खलु** નિશ્ચિત, ખરેખર, ચોક્કસ **इति** એમ, આવું

**સમાસઃ** पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिनीयुता (पिनाकः च फणी च बालेन्दुः च भस्म च मन्दाकिनी च इति पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिन्यः (इतरेतर द्वन्द्व), पिनाक-फणि-बालेन्दु-भस्म-मन्दाकिनीभिः युता - तृतीया तत्पुरुष)। पवर्गरचितामूर्तिः (पवर्गेण रचिता पवर्गरचिता (तृतीया तत्पुरुष), पवर्गरचिता चासौ मूर्तिः - कर्मधारय)। गुरुवचनम् (गुरोः वचनम् - षष्ठी तत्पुरुष)। अकार्यम् (न कार्यम् - नञ् तत्पुरुष)। अधिगततत्त्वः (अधिगतं तत्त्वं येन सः - बहुव्रीहि)। शिष्यहिताय (शिष्यस्य हितम्, तस्मै - षष्ठी तत्पुरुष)। कमललोचने (कमले इव लोचने यस्याः सा बहुव्रीहि)। नखलु (नखं लुनाति (लुनीते) - उपपद तत्पुरुष)। फलाग्रे (फलस्य अग्रम्, तस्मिन् - षष्ठी तत्पुरुष)। अकारादिसकारान्तम् (अकारः आदिः यस्य तत्, अकारादि - बहुव्रीहि। सकारः अन्ते यस्य तत्, सकारान्तम् - बहुव्रीहि। अकारादि च सकारान्तं च - समाहार द्वन्द्व)। गानसरस्वती (गानस्य सरस्वती - षष्ठी तत्पुरुष)।

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) वह् (वहति)** વહન કરવું, એક જગાએથી બીજી જગાએ લઈ જવું.

## વિશેષ

**1. શબ્દાર્થ : अपूर्वः** પૂર્વમાં એટલે કે અગાઉ ક્યારેય ન હોય તેવો **दृष्टः** જોયેલો **कान्तः** પ્રિય, ગમતો, જેની કામના હોય તેવો **कमललोचने** હે કમળ જેવી આંખોવાળી **नियोजितः** જોતર્યો. યોજ્યો. **लङ्घिता** ઉલ્લંઘન કરી. ઉથાપી દીધી. **अकारादि-सकारान्तम्** આદિમાં અકાર (अ) અને અન્તમાં સકાર (स) હોય, તેવું (અનનાસ નામે ઓળખાતા ફળને ધ્યાનમાં રાખીને આ કથન છે.) **मद्गेहे** મારા ઘરમાં **स्याम्** થાઉં. બનું. **विजानाति** જાણે છે.

(પ્રસ્તુત પાઠ ખાસ પ્રકારનાં વિવિધ પદ્યો-શ્લોકોનો સંગ્રહ છે. પ્રથમ શ્લોકમાં શાબ્દિક ચમત્કૃતિ છે. પ-વર્ગરચિત મૂર્તિ પાસે અપવર્ગની કામના કરવામાં આવી છે. દ્વિતીય શ્લોકમાં પ્રશ્નોત્તર છે. પ્રથમ ચરણમાં **भगवन् किमुपादेयम्** પ્રશ્ન છે અને તેનો ઉત્તર **गुरुवचनम्** છે. એવી જ રીતે **हेयमपि च किम्** એ પ્રશ્ન છે અને તેનો ઉત્તર **अकार्यम्** છે. એ પછી તૃતીય અને છેલ્લો પ્રશ્ન છે **को गुरुः** અને તેનો ઉત્તર છે **अधिगततत्त्वः, शिष्यहिताय उद्यतः सततम्.** તૃતીય શ્લોકમાં પ્રહેલિકા છે અને **अशोक** શબ્દને ધ્યાનમાં રાખીને તે પૂછવામાં આવી છે. ચતુર્થ શ્લોક રહસ્યાત્મક છે. તેમાં વપરાયેલાં **शस्त्रं न खलु** પદોને બે રીતે વાંચવાનાં છે. 1. **शस्त्रं न खलु।** અને 2. **शस्त्रं नखलु।** પ્રથમ પ્રકારે વાંચતાં સમસ્યા થાય છે, જ્યારે બીજી રીતે વાંચતાં કથનનું રહસ્ય સમજાય છે. પાંચમો શ્લોક પ્રહેલિકાત્મક પ્રશ્ન છે. તેનો ઉત્તર 'અનનાસ' છે. છઠ્ઠા શ્લોકમાં શાબ્દિક ચમત્કૃતિ છે. શ્લોકના બીજા અને ચોથા ચરણના અક્ષરો સમાન છે. પણ તે અક્ષરોને બે રીતે જોડીને બે જુદા જુદા અર્થ સમજવાના છે. જેમકે 1. **कैलासं नगं गानसरस्वती।** અને 2. **कैलासं न गङ्गा न सरस्वती।** સાતમા શ્લોકમાં પ્રથમ ત્રણ ચરણમાં ત્રણ પ્રશ્નો છે અને ચોથા ચરણમાં તે પ્રશ્નોના ક્રમશઃ ઉત્તર આપવામાં આવ્યા છે. છેલ્લા અને આઠમા શ્લોકમાં સમાસના પ્રકારોનાં નામ વાપરીને એક માણસ બીજા માણસ પાસે કંઈક મેળવવાની પ્રાર્થના કરી રહ્યો છે.)

**2. સંધિ :** मूर्तिरपवर्गप्रदास्तु (मूर्तिः अपवर्गप्रदा अस्तु)। को गुरुरधिगततत्त्वः (कः गुरुः अधिगततत्त्वः)। शिष्यहितायोद्यतः (शिष्यहिताय उद्यतः)। अपूर्वोऽयम् (अपूर्वः अयम्)। शोऽन्तरं यो विजानाति स विद्वान्नात्र (शः अन्तरम् यः विजानाति सः विद्वान् न अत्र)। तदेव (तत् एव)। पितुराज्ञा (पितुः आज्ञा)। वृक्षस्याग्रे (वृक्षस्य अग्रे)। वृक्ष एव (वृक्षः एव)। यो जानाति (यः जानाति)। स पण्डितः (सः पण्डितः)। पुत्रो गङ्गा (पुत्रः गङ्गा)। वास्ति (वा अस्ति)। द्वन्द्वो द्विगुरपि चाहम् (द्वन्द्वः द्विगुः अपि च अहम्)।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) कस्य मूर्तिः पवर्गरचिता अस्ति ? ◯

(क) कृष्णस्य (ख) रामस्य (ग) शिवस्य (घ) विष्णोः

(2) किम् उपादेयम् अस्ति ? ◯

(क) कार्यम् (ख) अकार्यम् (ग) गुरुवचनम् (घ) मित्रवचनम्

(3) यः शिष्यस्य .................. उद्यतः सः गुरुः ? ◯

(क) हिताय (ख) सुखाय (ग) धनाय (घ) रक्षणाय

(4) का नदी त्वरिता वहति ? ◯

(क) गङ्गा (ख) यमुना (ग) सरस्वती (घ) नर्मदा

(5) कर्मणा पुरुषः .................. भवति।

(क) द्विगुः (ख) तत्पुरुषः (ग) द्वन्द्वः (घ) बहुव्रीहिः

(6) मद्गेहे नित्यं किं वर्तते ?

(क) अव्ययीभावः (ख) बहुव्रीहिः (ग) द्विगुः (घ) द्वन्द्वः

(7) तृतीयाविभक्तेः रूपं किम् ?

(क) वः (ख) मया (ग) द्विगुः (घ) कदा

(8) विध्यर्थकृदन्तस्य उदाहरणं किम् ?

(क) कृतवान् (ख) दृष्ट्वा (ग) रचिता (घ) कर्तव्यम्

**2. एकेन वाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।**

(1) हेयं किम् अस्ति ?

(2) का कैलासं नगं नयति ?

(3) पितुः का आज्ञा ?

**3. रेखाङ्कितानां पदानां स्थाने प्रकोष्ठात् पदं चित्वा प्रश्नवाक्यं रचयत।**

(का, किम्, केन, कस्य)

(1) युधिष्ठिरः धर्मस्य पुत्रः।

(2) गङ्गा कैलासं न नयति।

(3) वृक्षस्याग्रे फलं दृष्टम्।

**4. सन्धिविच्छेदं कुरुत ।**

(1) अपवर्गप्रदास्तु ......................

(2) अपूर्वोऽयम् ......................

(3) पितुराज्ञा ......................

(4) द्विगुरपि ......................

**5. समासप्रकारं लिखत ।**

(1) गुरुवचनम् ................ (2) फलाग्रे ................

(3) गानसरस्वती ................ (4) बहुव्रीहिः ................

**6. शब्दरूपाणां परिचयं कारयत ।**

(1) हिताय ......................

(2) हंसस्य ......................

(3) मया ......................

(4) कमललोचने ......................

**7. गुर्जरभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।**

(1) અપવર્ગપ્રદા શિવની મૂર્તિ પ-વર્ગથી કેવી રીતે રચાયેલી છે ?

(2) ગુરુ કેવા હોવા જોઈએ ?

(3) કોઈ પણ વ્યક્તિ બહુવ્રીહિ કેવી રીતે બની શકે છે ?

**8. गुर्जरभाषायाम् अर्थविस्तारं कुरुत ।**

(1) भगवन् किमुपादेयं गुरुवचनम्, हेयमपि च किमकार्यम्।
को गुरुरधिगततत्त्वः, शिष्यहितायोद्यतः सततम् ॥

(2) यथा नयति कैलासं नगं गानसरस्वती।
तथा नयति कैलासं न गङ्गा न सरस्वती ॥

**પ્રવૃત્તિ**

- પાઠમાં આવતી પ્રહેલિકા જેવી કોઈ એક બીજી પ્રહેલિકા શોધીને લખો.
- શબ્દને જુદી જુદી રીતે છૂટો પાડતાં બે અર્થ મળતા હોય, તેવા જુદી જુદી ભાષાના ત્રણેક શબ્દ શોધો અને તેમના અર્થ લખો.

•

# 19. सत्यं मयूरः

સંસ્કૃત રૂપકોના દસ પ્રકાર છે. તેમાંનો એક પ્રકાર પ્રહસન છે. આ પ્રહસન એકાંકી હોય છે અને તેનું કથાવસ્તુ એક દિવસ પૂરતું મર્યાદિત હોય છે. સંસ્કૃત સાહિત્યમાં આવાં જે અનેક પ્રહસનો રચાયાં છે, તેમાં સૌથી વધારે પ્રસિદ્ધિ भगवदज्जुकीयम् નામના પ્રહસનને મળી છે. કેટલાક વિદ્વાનોના મતે આના રચયિતા બોધાયન નામના કવિ છે, જ્યારે કેટલાક વિદ્વાનો આ રચના કોઈ અજ્ઞાત કર્તાની છે, એમ માને છે. આનો રચનાકાળ લગભગ ઈ.સ.ની ચોથી સદીનો છે. પ્રસ્તુત નાટ્યાંશ આ भगवदज्जुकीयम् પ્રહસનમાંથી સંપાદિત કરીને લેવામાં આવ્યો છે.

ગરીબ પરિવારમાં જન્મેલો શાંડિલ્ય સરળતાથી ખાવાનું મળી રહેશે એવી ભાવનાથી ઘર છોડી દે છે અને બૌદ્ધ સાધુ બની જાય છે પરંતુ અહીં તો વારંવાર ઉપવાસ કરવાના હોવાથી હવે આ શાંડિલ્ય બૌદ્ધ સાધુનો વેશ છોડી દઈ એક પહોંચેલા યોગી સાધુનો શિષ્ય બને છે. અહીં પણ તેને તો ખાવામાં જ રસ હોય છે પણ એના આ ગુરુ સતત ભણવાની ફરજ પાડતા હોય છે. રોજ ભિક્ષા લેવા માટે નગરમાં આવતા આ ગુરુ-શિષ્ય એક દિવસે સમય કરતાં વહેલા નગરમાં આવી ચઢે છે. સમયની કિંમત જાણનાર ગુરુ પોતાના શિષ્યને આ સમય દરમિયાન રસ્તામાં આવેલા એક બગીચામાં બેસીને થોડું ભણી લેવાનું કહે છે. બંને જણ બગીચામાં પ્રવેશ કરે છે, તે સમયનું દૃશ્ય આ નાટ્યાંશમાં છે.

શાંડિલ્યની બહાનાબાજી હાસ્ય પીરસે છે. આ સંવાદ ઉપરથી એ વાતનો ખ્યાલ આવે છે કે બાળપણમાં માતાએ કહેલી વાતોની કેટલી ગંભીર અસર માનવીના જીવન ઉપર પડતી હોય છે. માણસ ગમે તેટલો મોટો થઈ જાય તો પણ માતાએ કહેલી વાતોથી તેનામાં જે સંસ્કાર પડી ગયા છે, તે દૂર થઈ શકતા નથી. વળી, વિદ્યા શા માટે ભણવી જોઈએ એ પ્રશ્નનો ઉત્તર પણ અહીં આવતા સંવાદોમાંથી મળી રહે છે.

---

**शाण्डिल्यः** – भो भगवन् ! इदमुद्यानम्।

**परिव्राजकः** – प्रविश अग्रतः।

**शाण्डिल्यः** – भगवान् एव पुरतः प्रविशतु। अहं पृष्ठतः प्रविशामि।

**परिव्राजकः** – किमर्थम्।

**शाण्डिल्यः** – पौराणिक्याः मम मातुः श्रुतम् अशोकपल्लवान्तरनिरुद्धो व्याघ्रः प्रतिवसति। तत् भगवानेव पुरतः प्रविशतु अहं पृष्ठतः प्रविशामि।



**परिव्राजकः –** बाढम्। (प्रविशति।)

(ततः प्रविशति शाण्डिल्यः।)

**शाण्डिल्यः –** अविहा ! व्याघ्रेण गृहीतोऽस्मि। मोचयथ मां व्याघ्रमुखात्। अनाथ इव व्याघ्रेण खादितोऽस्मि। इदं खलु रुधिरं प्रस्रवति कण्ठात्।

**परिव्राजकः –** शाण्डिल्य ! न भेतव्यं, न भेतव्यम्। मयूरः खलु एषः।

**शाण्डिल्यः –** सत्यं मयूरः।

**परिव्राजकः –** अथ किम्। सत्यं मयूरः।

**शाण्डिल्यः –** यदि मयूरः उद्घाटयामि अक्षिणी।

**परिव्राजकः –** छन्दतः।

**शाण्डिल्यः –** अविधा ! दास्याः पुत्रो व्याघ्रो मद्भयेन मयूररूपं गृहीत्वा पलायते। ही ही ! चम्पक–कदम्ब–सप्तपर्ण–चन्दन–तगर–खदिर–कदलीसमवकीर्णं मालती-लता-मण्डप-मण्डितं सुखावहमहो रमणीयं खलु इदम् उद्यानम्।

**परिव्राजकः –** मूर्ख ! क्षणे क्षणे क्षीयमाणे शरीरे किं ते रमणीयम्। आगच्छ वत्स ! पठ तावत्।

**शाण्डिल्यः –** न तावत् पठिष्यामि।

**परिव्राजकः –** किमर्थम् ?

**शाण्डिल्यः –** पठनस्य तावत् अर्थं ज्ञातुम् इच्छामि।

**परिव्राजकः –** पठितपाठैः अपि कालान्तरविज्ञेया भवन्ति पठनार्थाः। तस्मात् पठ तावत्।

**शाण्डिल्यः –** पठनेन किं भविष्यति ?

**परिव्राजकः –** शृणु – पठनेन विना न प्राप्यते विद्या।

न विद्यया विना सौख्यं नराणां जायते ध्रुवम्।

अतो धर्मार्थमोक्षेभ्यो विद्याभ्यासं समाचरेत्॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) शाण्डिल्यः** આ નામનો શિષ્ય **व्याघ्रः** વાઘ **मयूरः** મોર

**(સ્ત્રીલિંગ) पौराणिक्याः** પુરાણોનો અભ્યાસ કરનારી, પુરાણ જાણનારી

**(નપુંસકલિંગ) उद्यानम्** બગીચો, બાગ **रुधिरम्** લોહી, રક્ત

**વિશેષણ : सुखावहम् रमणीयम् ( उद्यानम् )** સુખનું વહન કરનારો, પસંદ આવે તેવો - ગમી જાય તેવો સુંદર (બાગ) **क्षीणमाणे ( शरीरे )** ક્ષીણ થતા (શરીર)માં

**અવ્યય : अग्रतः** આગળથી **पुरतः** સામેથી **पृष्ठतः** પાછળથી **अविहा** દુઃખમિશ્રિત આશ્ચર્ય વ્યક્ત કરવા માટે વપરાતો અવ્યય, હાય રે ! **अथ किम्** હા સ્તો, તો શું **छन्दतः** ભલે ત્યારે, મરજી મુજબ **अविधा** દુઃખમિશ્રિત આશ્ચર્ય વ્યક્ત કરવા માટે વપરાતો અવ્યય, હાય રે ! **तावत्** તેટલું, તે મુજબનું

**સમાસઃ** अशोकपल्लवान्तरनिरुद्धः (अशोकस्य पल्लवः (अशोकपल्लवः, षष्ठी तत्पुरुष), अशोकपल्लवस्य अन्तरम् (अशोकपल्लवान्तरम्, षष्ठी तत्पुरुष), अशोकपल्लवान्तरे निरुद्धः – सप्तमी तत्पुरुष)। व्याघ्रमुखात् (व्याघ्रस्य मुखम्, तस्मात् – षष्ठी तत्पुरुष))। मद्भयेन (मत् भयम्, तेन – पञ्चमी तत्पुरुष)। मयूररूपम् (मयूरस्य रूपम् – षष्ठी तत्पुरुष)। चम्पक–कदम्ब–सप्तपर्ण–चन्दन–तगर–खदिर–कदलीसमवकीर्णम् (चम्पकः च कदम्बः च सप्तपर्णः च चन्दनः च तगरः च खदिरः च कदली च चम्पक–कदम्ब–सप्तपर्ण–चन्दन–तगर–खदिर–कदल्यः (इतरेतर द्वन्द्व), ताभिः समवकीर्णम् – तृतीया तत्पुरुष)। मालती–लता–मण्डप–मण्डितम् मालतीलतायाः मण्डपम् (–मालतीलतामण्डपम्, षष्ठी तत्पुरुष), मालतीलतामण्डपेन मण्डितम् – तृतीया तत्पुरुष)। पठितपाठैः (पठितः पाठः येन – पठितपाठः, तैः – बहुव्रीहि)। कालान्तरविज्ञेया (कालस्य अन्तरम् (कालान्तरम्, षष्ठी तत्पुरुष), कालान्तरे विज्ञेया – सप्तमी तत्पुरुष)। धर्मार्थमोक्षेभ्यः (धर्मः च अर्थः च मोक्षः च – धर्मार्थमोक्षाः, तेभ्यः – इतरेतर द्वन्द्व)। विद्याभ्यासः (विद्यायाः अभ्यासः – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : (क.भू.कृ.) गृहीत** ગ્રહણ કર્યું, પકડ્યું **खादित** ખાધેલું, ખાધું **(वि.कृ) भेतव्यम्** ડરવું જોઈએ, ડરવા યોગ્ય **रमणीयम्** ગમવા યોગ્ય, ગમે તેવું

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) आ + गम् > गच्छ् (आगच्छति)** આવવું **पठ् (पठति)** ભણવું, પાઠ કરવો **इष् > इच्छ् (इच्छति)** ચાહવું, ઇચ્છવું

**છઠ્ઠો ગણ : (પરસ્મૈપદ) प्र + विश् (प्रविशति)** પ્રવેશવું, દાખલ થવું

## વિશેષ

**1. શબ્દાર્થ : अशोकपल्लवान्तरनिरुद्धो व्याघ्रः** અશોકનાં પાંદડાંઓની પાછળ અટકીને ઊભેલો-સંતાયેલો વાઘ **प्रतिवसति** રહે છે **तत्** તેથી **बाढम्** વારુ, ભલે ત્યારે. **व्याघ्रेण गृहीतोऽस्मि** વાઘે મને પકડી લીધો છે. વાઘ દ્વારા હું પકડાઈ ગયો છું. **मोचयथ मां व्याघ्रमुखात्** છોડાવો મને વાઘના મોઢામાંથી. **अनाथ इव** અનાથ હોઉં એમ **व्याघ्रेण खादितोऽस्मि** વાઘે મને ખાઈ લીધો છે. વાઘ દ્વારા હું ખવાઈ ગયો છું. **रुधिरं प्रस्रवति** લોહી વહી રહ્યું છે. **कण्ठात्** ગળામાંથી, કંઠમાંથી **मयूरः खल्वेषः** આ તો સાચે જ મોર છે. **सत्यं मयूरः** સાચે જ મોર છે ? **यदि मयूरः उद्घाटयाम्यक्षिणी** જો મોર જ હોય તો હું મારી આંખો ઉઘાડું છું. **दास्याः पुत्रो व्याघ्रः** દાસીનો દીકરો એવો વાઘ (સંસ્કૃત ભાષામાં दास्याः पुत्रः – એ પ્રયોગ કોઈ વ્યક્તિ તરફ ઊતરતો ભાવ વ્યક્ત કરવા માટે થાય છે.) **मद्भयेन** મારી બીકે, મારા ભયથી **मयूररूपं गृहीत्वा** મોરનું રૂપ લઈને, મોરનું રૂપ ધારણ કરીને **पलायते** ભાગી જાય છે. ભાગી ગયો છે. **ही ही !** અહો હો **चम्पक-कदम्ब-सप्तपर्ण-चन्दन-तगर-खदिर-कदलीसमवकीर्णम्** ચમ્પક, કદમ્બ, સપ્તપર્ણી, ચંદન, તગર, ખેર અને કેળથી છવાયેલું **मालती-लता-मण्डप-मण्डितम्** માલતીની વેલના મંડપથી શોભતું **मूर्ख** અરે પાગલ, મૂર્ખ **क्षणे क्षणे क्षीयमाणे शरीरे** ક્ષણે ક્ષણે ક્ષીણ થતા-ઘસાતા જતા શરીરમાં, ક્ષણે ક્ષણે જ્યારે શરીર ક્ષીણ થઈ રહ્યું છે ત્યારે. **किं ते रमणीयम्** તારા માટે શું રમણીય હોય ? **न तावत् पठिष्यामि** ત્યારે તો હું નહિ ભણું. **ज्ञातुम् इच्छामि** જાણવા ઇચ્છું છું. **पठितपाठैः अपि** પાઠને જે લોકો ભણી ગયા છે, તે લોકોને પણ **कालान्तरविज्ञेयाः** સમય આવ્યે જાણમાં આવતા જણાય તેવા **पठनार्थाः** પઠનના-ભણવાના અર્થ **तस्मात् पठ तावत्** તેથી તો તું ભણ. **पठनेन किं भविष्यति** ભણવાથી શું થશે ? **पठनेन विना** ભણ્યા વગર **न प्राप्यते विद्या** વિદ્યા પ્રાપ્ત થતી નથી. **विद्यया विना** વિદ્યા વગર **सौख्यम्** સુખનો ભાવ, સુખીપણું **ध्रुवम्** ચોક્કસ, નિશ્ચિત

**2. સંધિ :** अशोकपल्लवान्तरनिरुद्धो व्याघ्रः (अशोकपल्लवान्तरनिरुद्धः व्याघ्रः)। प्रतिवसतीति (प्रतिवसति इति)। गृहीतोऽस्मि (गृहीतः अस्मि)। अनाथ इव (अनाथः इव)। खादितोऽस्मि (खादितः अस्मि)। पुत्रो व्याघ्रो मद्भयेन (पुत्रः व्याघ्रः मद्भयेन)। अतो धर्मार्थमोक्षेभ्यो विद्याभ्यासम् (अतः धर्मार्थमोक्षेभ्यः विद्याभ्यासम्)।

## 1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।

(1) शाण्डिल्यः उद्याने कस्मात् भयम् अनुभवति ? ◯

(क) चौरात् (ख) सिंहात् (ग) व्याघ्रात् (घ) परिव्राजकात्

(2) क्षणे क्षणे ............. शरीरे किं रमणीयम् ? ◯

(क) नूतने (ख) क्षीयमाणे (ग) जायमाने (घ) वर्धमाने

(3) केन विना जनानां सौख्यं न भवति ? ◯

(क) शक्त्या (ख) सम्पत्त्या (ग) विद्यया (घ) बुद्ध्या

(4) पुरतः शब्दस्य विरुद्धार्थकः कः शब्दः ? ◯

(क) अग्रतः (ख) पृष्ठतः (ग) अनन्तरम् (घ) अपरः

(5) शाण्डिल्यस्य ............. रुधिरं प्रस्रवति। ◯

(क) कण्ठात् (ख) कण्ठे (ग) कण्ठम् (घ) कण्ठेन

(6) व्याघ्रः मयूररूपं ............. पलायते। ◯

(क) ग्रहीतुम् (ख) गृहीतम् (ग) ग्राह्यम् (घ) गृहीत्वा

(7) यदि मयूरः उद्घाटयामि अक्षिणी। अत्र अक्षिणी-शब्दस्य स्थाने उचितं शब्दं चिनुत। ◯

(क) नेत्राणि (ख) नेत्रे (ग) नेत्रम् (घ) नेत्रस्य

## 2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।

(1) कुत्र निरुद्धः व्याघ्रः उद्याने प्रतिवसति ?

(2) उद्यानं कः पुरतः प्रविशति ?

(3) शाण्डिल्यः कं व्याघ्रं मत्वा आक्रोशति ?

(4) विद्यां विना मनुष्याणां किं न जायते ?

## 3. अधोलिखितानां कृदन्तानां प्रकारं लिखत ।

(1) श्रुतम् ............... (2) निरुद्धः ...............

(3) भेतव्यम् ............... (4) विज्ञेयाः ...............

(5) रमणीयम् ...............

**4. समासप्रकारं लिखत ।**

(1) व्याघ्रमुखात् ................ (2) धर्मार्थमोक्षेभ्यः ................

(3) पठितपाठैः ................ (4) मयूररूपम् ................

(5) पठनार्थाः ................

**5. वचनानुसारं धातुरूपैः रिक्तस्थानानि पूरयत ।**

| | | | |
|---|---|---|---|
| (1) | प्रविश | ................ | ................ |
| (2) | ................ | ................ | प्रस्रवन्ति |
| (3) | पठ | पठतम् | ................ |
| (4) | समाचरेत् | ................ | ................ |

**6. मातृभाषायाम् उत्तराणि लिखत ।**

(1) શાંડિલ્ય ઉદ્યાનમાં પ્રવેશતાં કેમ ભય અનુભવે છે ?

(2) પોતાને વાઘે પકડ્યો છે એમ માનીને શાંડિલ્ય કેવી બૂમો પાડે છે ?

(3) શાંડિલ્યે કરેલું ઉદ્યાનનું વર્ણન લખો.

(4) પઠનનો અર્થ કોણ ક્યારે સમજી શકે છે ?

(5) વિદ્યાભ્યાસ શા માટે કરવો જોઈએ ?

**પ્રવૃત્તિ**

- સંસ્કૃતભાષાનાં આવાં બીજાં પ્રહસનો અને તેમના રચયિતાઓની માહિતી મેળવો.
- તમારા નગર-ગામમાં આવેલા બગીચાની મુલાકાત લો અને તે ઉપર નોંધ લખો.

•

# 20. तथैव तिष्ठति

જેમ પ્રત્યેક ફળનો પોતાનો આગવો રસ હોય છે તેમ સંસ્કૃતના પ્રત્યેક કવિએ રચેલા દરેક પદ્યમાં પોતાનો આગવો રસ હોય છે. છતાં આપણી વ્યક્તિગત રુચિને કારણે અમુક ફળને વધારે પસંદ કરીએ છીએ. આ વ્યવહાર જેમ કોઈ ફળના મહત્ત્વને હાનિ પહોંચાડતો નથી, તેમ મહાકવિઓનાં અમુક જ પદ્યો તરફ પસંદગી ઉતારીને તેમનો રસાસ્વાદ કરાવવાનો પ્રસ્તુત પાઠમાં કરવામાં આવેલો વ્યવહાર આ કવિઓનાં અન્ય પદ્યોનું મહત્ત્વ કોઈ રીતે ઓછું કરતો નથી.

આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને અહીં જુદા જુદા કાળખંડમાં થઈ ગયેલા અને નાટક, મહાકાવ્ય, કથા, આખ્યાયિકા જેવા વિવિધ સાહિત્યપ્રકારની કાવ્યરચના કરીને સાહિત્યજગતમાં અમર થઈ ગયેલા છ મહાકવિઓની એક એક રચના પસંદ કરીને અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

પહેલો શ્લોક મહાકવિ ભાસના એકાંકી कर्णभारમાંથી લેવામાં આવ્યો છે. તેમાં દાન અને હોમનો મહિમા દર્શાવ્યો છે. બીજો શ્લોક મહાકવિ કાલિદાસના मालविकाग्निमित्रમાંથી છે જેમાં બીજાથી દોરવાયા વગર મનુષ્યે પોતે પોતાની બુદ્ધિથી સારા-નરસાનો વિચાર કરીને કોઈ નિશ્ચય કરવાનું જણાવ્યું છે. ભવભૂતિના उत्तररामचरितમાંથી લીધેલા ત્રીજા શ્લોકમાં મહાપુરુષોના મનની જે રીતે લાક્ષણિકતા વર્ણવેલી છે તે દર્શાવે છે કે દરેક મહાપુરુષનું મન વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હોય છે. ચોથો શ્લોક ગદ્યકાર બાણભટ્ટની રચના તરીકે પ્રસિદ્ધિ પામેલો છે. તેમાં દુષ્ટ માણસના સ્વભાવની હકીકત વર્ણવેલી છે. પાંચમો શ્લોક નાટ્યકાર શૂદ્રકના मृच्छकटिकમાંથી પસંદ કરેલો છે. તેમાં દરિદ્ર માણસના દિલનું દયામણું દુ:ખ આલેખાયું છે. છેલ્લો શ્લોક રવિગુપ્ત નામના કવિની રચના છે જેમાં સજ્જનની પ્રશંસા સુપેરે કરવામાં આવી છે. આ વર્ણનમાં સૂચિત થયેલી હકીકતો આજે પણ એટલી જ પ્રસ્તુત છે. તે મનુષ્યજીવનનો ભાગ બનવી જોઈએ, તો જ કાવ્યનું શિક્ષણ સફળ બની શકે.

---

शिक्षा क्षयं गच्छति कालपर्ययात्
सुबद्धमूलाः निपतन्ति पादपाः।
जलं जलस्थानगतं च शुष्यति
हुतं च दत्तं च तथैव तिष्ठति ॥ 1 ॥ – भासस्य ॥

पुराणमित्येव न साधु सर्वं
न चापि काव्यं नवमित्यवद्यम्।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते
मूढः परप्रत्ययनेयबुद्धिः ॥ 2 ॥ – कालिदासस्य ॥

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुमर्हति ॥ 3 ॥ – भवभूतेः ॥

अन्यस्माल्लब्धपदो नीचः प्रायेण दुःसहो भवति।
रविरपि न दहति तादृग् यादृग् दहति वालुकानिकरः ॥ 4 ॥ – बाणस्य ॥

सुखं हि दुःखान्यनुभूय शोभते
घनान्धकारेष्विव दीपदर्शनम्।
सुखात्तु यो याति नरो दरिद्रतां
धृतः शरीरेण मृतः स जीवति ॥ 5 ॥ – शूद्रकस्य ॥

सुजनो न याति वैरं परहितनिरतो विनाशकालेऽपि।
छेदेऽपि चन्दनतरुः सुरभयति मुखं कुठारस्य ॥ 6 ॥ – रविगुप्तस्य ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) क्षयः** વિનાશ, નાશ **पादपः** વૃક્ષ, ઝાડ (પાદ અર્થાત્ પગથી-મૂળથી પાણી પીતું હોવાથી વૃક્ષને પાદપ કહે છે.) **मूढः** મૂર્ખ, ઓછી બુદ્ધિવાળો **रविः** સૂર્ય **बालुकानिकरः** રેતીનો ઢગલો **सुजनः** સજ્જન, સારો માણસ **चन्दनतरुः** ચંદનનું વૃક્ષ

**(સ્ત્રીલિંગ) शिक्षा** કેળવણી, શિક્ષણ **दरिद्रता** દરિદ્રપણું, દારિદ્ર્ય

**(નપુંસકલિંગ) मुखम्** અણી, ધાર, અગ્રભાગ **पदम्** પદવી, હોદ્દો, સ્થાન

**સર્વનામ : अन्यतरत्** (નપું.) બેમાંથી કોઈ એક **अन्यः** (પું.) બીજો, પારકો માણસ

**વિશેષણ : सुबद्धमूलाः ( पादपाः )** સારી રીતે બંધાયેલા મૂળવાળાં (વૃક્ષો) **जलस्थानगतम् ( जलम् )** પાણીના સ્થાન (તળાવ કે સમુદ્ર)માં રહેલું (પાણી) **पुराणम् ( काव्यम् )** પ્રાચીન - જૂનું (કાવ્ય) **नवम् ( काव्यम् )** નવું, તાજું (રચાયેલું કાવ્ય) **लब्धपदः ( नीचः )** મેળવ્યું છે પદ જેણે તેવો (નીચ-નગુણો માણસ) **नीच** નીચ, દુષ્ટ માણસ, હલકટ વ્યક્તિ **हुतम्** (યજ્ઞના અગ્નિમાં) હોમેલું **दत्तम्** (કોઈ જરૂરિયાતવાળાને) આપેલું **पुराणम्** જૂનું, પ્રાચીન

**અવ્યય : तथैव** તેમનું તેમ જ, છે તે જ રીતે **प्रायेण** ઘણું કરીને, મોટે ભાગે

**સમાસ:** कालपर्ययात् (कालस्य पर्ययः, तस्मात् – षष्ठी तत्पुरुष)। सुबद्धमूलाः (सुबद्धानि मूलानि येषां ते – बहुव्रीहि)। जलस्थानगतम् (जलस्य स्थानम् (–जलस्थानम्, षष्ठी तत्पुरुष), जलस्थानं गतम् –द्वितीया तत्पुरुष)। पर-प्रत्यय-नेय-बुद्धिः (परेषां प्रत्ययः (परप्रत्ययः, षष्ठी तत्पुरुष), परप्रत्ययेन नेया (–परप्रत्ययनेया, तृतीया तत्पुरुष), परप्रत्ययनेया बुद्धिः यस्य सः – बहुव्रीहि)। लोकोत्तराणाम् (लोकेभ्यः उत्तराः, तेषाम् – पञ्चमी तत्पुरुष)। लब्धपदः (लब्धं पदं येन सः – बहुव्रीहि)। वालुकानिकरः (वालुकानां निकरः – षष्ठी तत्पुरुष)। घनान्धकारेषु (घनः चासौ अन्धकारः, तेषु – कर्मधारय)। दीपदर्शनम् (दीपस्य दर्शनम् – षष्ठी तत्पुरुष)। परहितनिरतः (परेभ्यः हितम् (परहितम्, चतुर्थी तत्पुरुष), परहितेषु निरतः – सप्तमी तत्पुरुष)। विनाशकाले (विनाशस्य कालः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। चन्दनतरुः (चन्दनस्य तरुः – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( क.भू.कृ. ) धृतः** ધારણ કરેલો **मृतः** મરણ પામેલો **( सं.भू.कृ. ) परीक्ष्य** તપાસીને, પરીક્ષા કરીને **अनुभूय** અનુભવીને, અનુભવ કરીને **( हे.कृ. ) विज्ञातुम्** જાણવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) नि + पत् ( निपतति )** પડવું, નીચે પડવું **दह् ( दहति )** બાળવું **जीव् ( जीवति )** જીવવું

**(આત્મનેપદ) भज् ( भजते )** ભજવું **शुभ् ( शोभते )** શોભવું

## વિશેષ

**1. શબ્દાર્થ : कालपर्ययात्** સમયના બદલાવથી **निपतन्ति** નીચે પડી જાય છે. **साधु** સારું, યોગ્ય **अवद्यम्** ટીકા ન કરી શકાય તેવું **पर-प्रत्यय-नेय-बुद्धिः** પર અર્થાત્ પારકાના પ્રત્યય એટલે કે જ્ઞાનથી, વિશ્વાસથી નેય - દોરવાયેલી બુદ્ધિવાળો

**लोकोत्तराणाम्** લોક-સંસારથી ઉપરના (મહાપુરુષો)નાં, સામાન્ય લોકો કરતાં ઊંચા દરજ્જાના માણસોનાં **विज्ञातुम् अर्हति** જાણી શકાય છે. જાણવા યોગ્ય છે. **अन्यस्मात्** બીજી વ્યક્તિ પાસેથી **यादृग् दहति** જેવું બાળે છે **बालुकानिकरः** રેતીનો ઢગલો **घनान्धकारेषु** ઘેરા અંધારામાં **दीपदर्शनम्** દીવાનું દર્શન **परहितनिरतः** પારકાના હિત-કલ્યાણમાં લાગેલો **छेदे अपि** કાપવામાં આવે તો પણ **सुरभयति** સુગંધીદાર બનાવે છે. **कुठारस्य** કુહાડીના (એટલે કે કાપનાર સાધનના)

**2. સંધિ :** पुराणमित्येव (पुराणम् इति एव)। न चापि (न च अपि)। नवमित्यवद्यम् (नवम् इति अवद्यम्)। वज्रादपि (वज्रात् अपि)। कुसुमादपि (कुसुमात् अपि)। को नु (कः नु)। अन्यस्माल्लब्धपदो नीचः (अन्यस्मात् लब्धपदः नीचः)। दुःसहो भवति (दुःसहः भवति)। रविरपि (रविः अपि)। दुःखान्यनुभूय (दुःखानि अनुभूय)। घनान्धकारेष्विव (घनान्धकारेषु इव)। सुखात्तु (सुखात् तु)। यो याति (यः याति)। नरो दरिद्रताम् (नरः दरिद्रताम्)। सुजनो न (सुजनः न)। परहितनिरतो विनाशकालेऽपि (परहितनिरतः विनाशकाले अपि)। छेदेऽपि (छेदे अपि)।

## સ્વાધ્યાય

### 1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।

(1) शिक्षा कस्मात् कारणात् क्षयं गच्छति ? ◯

(क) अवस्थापर्ययात् (ख) कालपर्ययात् (ग) बुद्धिपर्ययात् (घ) गुरुपर्ययात्

(2) सन्तः किं कृत्वा अन्यतरत् भजन्ते ? ◯

(क) परीक्ष्य (ख) दृष्ट्वा (ग) अनुभूय (घ) विचार्य

(3) कीदृशः नीचः प्रायेण दुःसहो भवति ? ◯

(क) लब्धपदः (ख) लब्धधनः (ग) लब्धयशाः (घ) लब्धविद्यः

(4) दुःखानि अनुभूय किं शोभते ? ◯

(क) धर्मः (ख) धनम् (ग) विद्या (घ) सुखम्

(5) सुजनो न याति वैरं .............. विनाशकाले अपि। ◯

(क) परहितनिरतः (ख) परकर्मनिरतः (ग) परधर्मनिरतः (घ) परहानिनिरतः

### 2. एकेन वाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।

(1) सुबद्धमूलाः पादपाः कस्मात् कारणात् निपतन्ति ?

(2) मूढः जनः कीदृशः भवति ?

(3) लोकोत्तराणां चेतांसि कस्मादपि मृदूनि भवन्ति ?

(4) सुखं कदा शोभते ?

### 3. सन्धिविच्छेदं कुरुत ।

(1) नवमित्यवद्यम् ..............

(2) कुसुमादपि ..............

(3) अन्यस्माल्लब्धपदो नीचः ……………

(4) यो याति ……………

(5) विनाशकालेऽपि ……………

**4. समासप्रकारं लिखत ।**

(1) सुबद्धमूलः …………… (2) लोकोत्तराणाम् ……………

(3) लब्धपदः …………… (4) वालुकानिकरः ……………

(5) परहितनिरतः ……………

**5. रिक्तस्थाने विशेष्यानुसारं योग्यं कोष्ठगतं विशेषणपदं लिखत ।**

(1) …………… पादपाः निपतन्ति। (सुबद्धमूल)

(2) …………… काव्यम् अवद्यं भवति इति न। (नव)

(3) लोकोत्तराणां चेतांसि वज्रादपि …………… भवन्ति। (कठोर)

(4) नीचः प्रायेण …………… भवति। (दुःसह)

(5) …………… सुजनः विनाशकालेऽपि वैरं न याति। (परहितनिरत)

**6. गुर्जरभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।**

(1) મૂઢ અને સજ્જનનો ભેદ

(2) નીચ માણસની માનસિકતા

(3) સુજનની સુજનતાનું સ્વરૂપ

**7. गुर्जरभाषायाम् अर्थविस्तारं कुरुत ।**

(1) शिक्षा क्षयं गच्छति कालपर्ययात्
सुबद्धमूलाः निपतन्ति पादपाः।
जलं जलस्थानगतं च शुष्यति
हुतं च दत्तं च तथैव तिष्ठति ॥

(2) वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुमर्हति ॥

(3) सुखं हि दुःखान्यनुभूय शोभते
घनान्धकारेष्विव दीपदर्शनम्।
सुखात्तु यो याति नरो दरिद्रतां
धृतः शरीरेण मृतः स जीवति ॥

**પ્રવૃત્તિ**

- મહાકવિ કાલિદાસના મહાકાવ્યમાંથી તમને પસંદ પડે તેવું કોઈ એક પદ્ય લખો.
- કર્ણભારનું કથાવસ્તુ સંક્ષેપમાં લખો.

# अभ्यास 1 : પુનરાવર્તન અને ક્રિયાપદ પરિચય

## (1) પુનરાવર્તન

નીચેનાં વાક્યો વાંચો -

(1) अंशः क्रीडनकानि क्रीडति।

(2) नित्या प्रातःकाले विद्यालयं गच्छति।

(3) दिव्यः हस्ते चषकम् आदाय जलं पिबति।

ધોરણ નવમાં તમે ઉપર મુજબની વાક્યરચનાનો અભ્યાસ કરી ગયા છો. આ પ્રકારની વાક્યરચનાથી આગળની વાક્યરચના ઉપર વિચાર કરીએ, તે પહેલાં થોડું પુનરાવર્તન કરી લઈએ.

ઉપરનાં વાક્યોમાં 1. क्रीडति 2. गच्छति અને 3. पिबति એ ત્રણ ક્રિયાપદ છે. આ ક્રિયાપદો ક્રમશઃ क्रीड्, गम् > गच्छ् અને पा > पिब् - એ પ્રથમ ગણના ધાતુઓના વર્તમાનકાળ, અન્ય પુરુષ (ત્રીજો પુરુષ), એકવચનનાં છે.

આ ક્રિયાપદોની સાથે अंशः એ કર્તાકારક (પ્રથમા વિભક્તિ) અને क्रीडनकानि (દ્વિતીયા વિભક્તિ) એ કર્મકારક - એમ બે કારક પદ વપરાયાં છે. (આ રીતે અહીં વાક્યમાં માત્ર ત્રણ પદો છે.) બીજા વાક્યમાં गच्छति એ ક્રિયાપદની સાથે नित्या એ કર્તાકારક (પ્રથમા વિભક્તિ), प्रातःकाले એ અધિકરણકારક (સપ્તમી વિભક્તિ) અને विद्यालयम् એ કર્મકારક (દ્વિતીયા વિભક્તિ) છે. (આ રીતે અહીં વાક્યમાં ચાર પદો છે.) ત્રીજા વાક્યમાં पिबति એ ક્રિયાપદની સાથે दिव्यः એ કર્તાકારક (પ્રથમા વિભક્તિ), हस्ते એ અધિકરણકારક (સપ્તમી વિભક્તિ), आदाय એ (ગૌણક્રિયા) અવ્યય પદ છે. पिबति એ મુખ્ય ક્રિયાપદના કર્મકારક તરીકે चषकम् છે અને તેથી તે દ્વિતીયા વિભક્તિમાં વપરાયું છે. એવી જ રીતે आदाय એ ગૌણ ક્રિયાપદના કર્મકારક તરીકે जलम् છે અને તેથી તેને પણ દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યું છે. (આમ અહીં આ વાક્યમાં છ પદો છે.)

આ રીતે પ્રત્યેક ક્રિયા સાથે તેનો કારક પરિવાર જોડાયેલો હોય છે. ટૂંકમાં કહેવું હોય તો કહી શકાય કે પ્રાથમિક સ્તરની વાક્યરચનામાં મોટે ભાગે એક ક્રિયાપદ અને તેની સાથે કર્તા, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ - આ પૈકીનાં કેટલાંક અથવા બધાં જ કારકપદો વપરાતાં હોય છે. વળી, ક્યારેક આ બધાં કારકપદોની સાથે સંબંધવાચક પદ પણ વપરાતું હોય છે. આમ, છ કારકપદો અને તેમની સાથેનું સંબંધપદ - એ સાતને માટે વપરાતી સાત વિભક્તિઓનાં રૂપો તમે ધોરણ નવમાં ભણી ગયા છો.

હવે નીચેનાં વાક્યો વાંચો -

(1) (क) सः वेदं पठति। (ख) त्वं वेदं पठसि। (ग) अहं वेदं पठामि।

(2) (क) सः वेदम् अपठत्। (ख) त्वं वेदं अपठः। (ग) अहं वेदम् अपठम्।

(3) (क) सः वेदं पठिष्यति। (ख) त्वं वेदं पठिष्यसि। (ग) अहं वेदं पठिष्यामि।

ઉપરના આ વાક્યસમૂહમાં (क) વિભાગનાં વાક્યોમાં કર્તા (सः) અને કર્મ (वेदम्) તરીકે વપરાયેલાં પદો એકસરખાં છે, જ્યારે ક્રિયાપદો पठ् ધાતુનાં હોવા છતાં पठति, अपठत् અને पठिष्यति, એ રૂપમાં જરા જુદાં જુદાં છે. આવું જ (ख) વિભાગનાં અને (ग) વિભાગનાં વાક્યોમાં જોઈ શકાય છે. આનું કારણ पठ् ધાતુની પાછળ વપરાયેલો કાળ છે. વળી, (क) વિભાગ (ख) વિભાગ અને (ग) વિભાગનાં વાક્યોમાં એક સમાન કાળ વપરાયેલો હોવા છતાં पठति, पठसि, અને पठामि। એ રૂપમાં તેમનાં રૂપો પણ જુદાં જુદાં છે. આનું કારણ પુરુષોનો ફેર છે. અહીં ક્રમશઃ અન્ય પુરુષ, મધ્યમ પુરુષ અને ઉત્તમ પુરુષ વપરાયેલો છે, એટલે રૂપો પણ જુદાં જુદાં છે. એવી જ રીતે નીચેનાં બીજાં કેટલાંક વાક્યો વાંચો -

(1) (क) सः वेदं पठति। (ख) तौ वेदं पठतः। (ग) ते वेदं पठन्ति।

(2) (क) सः वेदम् अपठत्। (ख) तौ वेदं अपठताम्। (ग) ते वेदम् अपठन्।

(3) (क) सः वेदं पठिष्यति। (ख) तौ वेदं पठिष्यतः। (ग) ते वेदं पठिष्यन्ति।

આ વાક્યોમાં વપરાયેલાં બધાં જ ક્રિયાપદો पठ् ધાતુનાં છે. પ્રથમ ક્રમાંકે આવેલાં વાક્યોમાં क વિભાગનું ક્રિયાપદ

અન્ય પુરુષ (ત્રીજા પુરુષ) એકવચનનું છે, જ્યારે ख વિભાગનું ક્રિયાપદ અન્ય પુરુષ (ત્રીજા પુરુષ)નું હોવાની સાથે દ્વિવચનનું છે. એ જ રીતે ग વિભાગનું ક્રિયાપદ અન્ય પુરુષ બહુવચનનું છે. આમ, અહીં પ્રથમ ક્રમે આવેલાં વાક્યો કાળની દૃષ્ટિએ અને પુરુષની દૃષ્ટિએ એકસરખાં હોવાં છતાં પણ એક બીજાથી જુદાં પડે છે. આનું કારણ ક્રિયાપદોમાં રહેલાં વચનનો ફેર છે.

આમ, આ પ્રકારનાં પ્રત્યેક ક્રિયાપદ ધરાવતાં વાક્યમાં કાળ, પુરુષ અને વચન મુજબ ક્રિયાપદનાં રૂપોમાં અપેક્ષિત પરિવર્તન થતું રહે છે. આ પરિવર્તન પ્રસંગે જે નિયમો કામ કરે છે, તે નિયમો તમે ધોરણ 9માં શીખી ગયા છો. તમે જાણો છો કે સંસ્કૃત ભાષામાં જ્યારે કોઈ ક્રિયાપદ વાપરવાનું થાય છે, ત્યારે સર્વપ્રથમ તો તે ક્રિયાપદને કહેનારો ધાતુ જાણી લેવો પડે છે અને પછી તે ધાતુને કેટલાક પ્રત્યયો જોડવાના રહે છે. આવા પ્રત્યય જોડતી વખતે 1. કાળ, 2. પુરુષ અને 3. વચન - એમ ત્રણ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે.

ઉદાહરણ તરીકે 'ઋષિ વેદને વાંચે છે' એ વાક્યમાં આવતાં 'વાંચે છે' ક્રિયાપદનો સંસ્કૃતમાં અનુવાદ કરતી વખતે સર્વપ્રથમ તે વાંચવાની ક્રિયાને કહેવા માટેનો ધાતુ (पठ्) જાણી લેવાનો હોય છે અને તે પછી તે કયા ગણનો છે, કયા કાળમાં, કયા પુરુષમાં અને કયા વચનમાં વપરાયો છે, તે જાણી લેવું પડે છે. આટલી માહિતી મેળવી લીધા પછી, તે પ્રમાણેનું ધાતુરૂપ બનાવીને વાક્યમાં વાપરવાનું રહે છે. જેમ કે, અહીં વપરાયેલો पठ् ધાતુ પ્રથમ ગણનો છે અને 1. વર્તમાનકાળના 2. અન્ય પુરુષના 3. એકવચનનો છે. આથી હવે पठ् ધાતુની સાથે પ્રથમ ગણના વિકરણ પ્રત્યય તરીકે अ અને 1. વર્તમાનકાળના 2. અન્ય પુરુષના 3. એકવચનનો ति (એમ બંનેને ભેગા કરીને જોઈએ તો अति) પ્રત્યય જોડીને पठति એ રૂપનું ક્રિયાપદ વાપરવામાં આવે છે. આવી જ રીતે આ पठ् ધાતુને હ્યસ્તન ભૂતકાળ, મધ્યમ પુરુષ અને એકવચનમાં વાપરવો હોય, તો अपठः એવું (હ્યસ્તન ભૂતકાળ, મધ્યમ પુરુષ અને એકવચનનું) ક્રિયાપદ વાપરવું પડે છે. એવી જ રીતે આ पठ् ધાતુને સામાન્ય ભવિષ્યકાળ, ઉત્તમપુરુષ અને એકવચનમાં વાપરવો હોય, તો पठिष्यामि એવું (સામાન્ય ભવિષ્યકાળ, ઉત્તમ પુરુષ અને એકવચનનું) ક્રિયાપદ વાપરવું પડે છે. આ પ્રકારનાં જુદા જુદા કાળનાં રૂપો પણ તમે નવમા ધોરણમાં ભણી ચૂક્યા છો.

### (1) ક્રિયાપદ પરિચય

આટલું પુનરાવર્તન કરી લીધા પછી હવે તમારે કેટલાક નિયત ધાતુઓનાં આજ્ઞાર્થ (लोट् लकार) અને વિધ્યર્થ (लिङ् लकार)નાં ક્રિયાપદોનો પણ અભ્યાસ કરવાનો છે.

## આજ્ઞાર્થ ( लोट् लकार )

નીચેનાં વાક્યો વાંચો -

(1) हे बाल ! त्वम् आलस्यं त्यज। (હે બાળક, તું આળસને છોડી દે.)

(2) हे प्रभो ! काले पर्जन्यः वर्षतु। (હે પ્રભુ, કાળ આવે (સમય થાય) ત્યારે વરસાદ વરસજો.)

(3) हे बालक ! त्वं शतं जीव। (હે બાળક, તું સો વર્ષ જીવજે.)

ઉપરનાં વાક્યોમાં જે રેખાંકિત પદો છે, તે બધાં ક્રિયાપદો છે. આ ક્રિયાપદો વર્તમાન જેવા કોઈ કાળનો અર્થ બતાવવા માટે નહિ પરંતુ ક્રમશઃ આજ્ઞા, પ્રાર્થના અને આશીર્વાદ - એ અર્થ કહેવા માટે વપરાયાં છે. પ્રથમ વાક્ય ( हे बाल ! त्वम् आलस्यं त्यज। હે બાળક તું આળસને છોડી દે.)માં કોઈ વડીલ માણસ પોતાનાથી નાની ઉંમરના બાળકને આજ્ઞા આપી રહ્યા છે. દ્વિતીય વાક્ય (हे प्रभो ! काले पर्जन्यः वर्षतु। હે પ્રભુ કાળ આવે (સમય થાય) ત્યારે વરસાદ વરસજો.)માં કોઈ ભક્ત ભગવાનને પ્રાર્થના કરી રહ્યો છે. જ્યારે તૃતીય વાક્ય (हे बालक ! त्वं शतं जीव। હે બાળક, તું સો વર્ષ જીવજે.)માં કોઈ વડીલ નાની ઉંમરના બાળકને આશીર્વાદ આપી રહ્યા છે.

ધ્યાનમાં રાખો, જેમ વર્તમાન વગેરે કાળનો અર્થ કહેવા માટે કાળ, પુરુષ અને વચન - એમ ત્રણ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે, એ જ પ્રમાણે આજ્ઞા વગેરે અર્થોને કહેવા માટે અમુક (આજ્ઞા, પ્રાર્થના અને આશીર્વાદ વગેરે જેવો કોઈ) ચોક્કસ અર્થ, પુરુષ અને વચન - એમ ત્રણ જ બાબતો ધ્યાનમાં લેવાની હોય છે.

આમ, સંસ્કૃત ભાષામાં આજ્ઞા, પ્રાર્થના, આશીર્વાદ વગેરે જેવા અર્થને કહેવા માટે આજ્ઞાર્થ વાપરવામાં આવે છે. જ્યારે કોઈ ક્રિયાના સંદર્ભે આજ્ઞા વગેરેનો અર્થ કહેવાનો થાય છે, ત્યારે આજ્ઞાર્થ ક્રિયાપદો વાપરવાં પડે છે.

(આમાં આજ્ઞાનો અર્થ પ્રથમ આવતો હોવાથી આવાં ક્રિયાપદોને આજ્ઞાર્થ (लोट् लकार) તરીકે ઓળખવામાં આવે છે.)

જુદા જુદા ધાતુઓ સાથે પરસ્મૈપદના અને આત્મનેપદના આજ્ઞાર્થ (लोट् लकार)ના જે પ્રત્યયો જોડવાના થાય છે, તે આ મુજબ છે :

**આજ્ઞાર્થ ( लोट् लकार ) ( परस्मैपद )ના પ્રત્યયો**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | आनि | आव | आम |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | (0) – हि | तम् | त |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | तु | ताम् | अन्तु |

**આજ્ઞાર્થ ( लोट् लकार ) ( आत्मनेपद )ના પ્રત્યયો**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | ऐ | आवहै | आमहै |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | स्व | इथाम् ( आथाम् ) | ध्वम् |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | ताम् | इताम् ( आताम् ) | अन्ताम् ( अताम् ) |

આ પ્રત્યયોને જે-તે ધાતુની સાથે જોડતી વખતે ધાતુ અને આ ઉપર્યુક્ત પ્રત્યયોની વચ્ચે જે-તે ગણનો વિકરણ પ્રત્યય પણ જોડવાનો હોય છે. જેમકે - खाद् + अ + तु = खादतु। (ધોરણ 9માં તમે શીખ્યા છો કે ધાતુઓના દસ ગણ છે. તે ગણ પ્રમાણે વિકરણ પ્રત્યય હોય છે. તમારે અહીં પહેલો, ચોથો, છઠ્ઠો અને દસમો - એમ ચાર જ ગણના ધાતુઓનાં રૂપો શીખવાનાં છે. તેથી આ ચાર ગણના વિકરણ પ્રત્યયો ધ્યાનમાં રાખવાના છે. જેમકે પહેલો ગણ अ, ચોથો ગણ य, છઠ્ઠો ગણ अ અને દસમો ગણ अय.)

ગણ પ્રમાણે ધાતુઓનાં રૂપો આ પ્રમાણે છે :

**पठ् ભણવું (પહેલો ગણ) આજ્ઞાર્થ ( लोट् लकार ) ( परस्मैपद )નાં રૂપ**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | पठानि<br>હું વાંચું. | पठाव<br>અમે બંને વાંચીએ. | पठाम<br>અમે બધા વાંચીએ. |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | पठ<br>તું વાંચ. | पठतम्<br>તમે બે વાંચો. | पठत<br>તમે બધા વાંચો. |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | पठतु<br>તે (પેલો) વાંચે. | पठताम्<br>તેઓ (પેલા) બે વાંચે. | पठन्तु<br>તેઓ (પેલા) બધા વાંચે. |

**लभ् મેળવવું, પ્રાપ્ત કરવું (પહેલો ગણ) આજ્ઞાર્થ ( लोट् लकार ) ( आत्मनेपद )નાં રૂપ**

| | **एकवचन** | **द्विवचन** | **बहुवचन** |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | लभै | लभावहै | लभामहै |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | लभस्व | लभेथाम् | लभध्वम् |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | लभताम् | लभेताम् | लभन्ताम् |

આવી જ રીતે પ્રથમ ગણના બીજા ધાતુઓનાં રૂપો સમજી લેવાં. (નિયત ધાતુઓ આ પ્રમાણે છે : (પરસ્મૈપદ) पठ्, हस्, चल्, खेल्, खाद्, पा, गम्, भू, दृश्, स्था, वस्, जीव्। (આત્મનેપદ) लभ्, भाष्, रम्, वन्द्, मुद्, शुभ्।)

## नृत् नाचवुं, नृत्य करवुं (चोथो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( परस्मैपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | नृत्यानि | नृत्याव | नृत्याम |
| मध्यम पुरुष (बीजो पुरुष) | नृत्य | नृत्यतम् | नृत्यत |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | नृत्यतु | नृत्यताम् | नृत्यन्तु |

## विद् होवुं (चोथो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( आत्मनेपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | विद्यै | विद्यावहै | विद्यामहै |
| मध्यम पुरुष (बीजो पुरुष) | विद्यस्व | विद्येथाम् | विद्यध्वम् |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | विद्यताम् | विद्येताम् | विद्यन्ताम् |

आवी ज रीते चोथा गणना बीजा धातुओनां रूपो समजी लेवां. (नियत धातुओ आ प्रमाणे छे - (परस्मैपद) कुप्, नश्, नृत्, क्रुध्, द्रुह्। (आत्मनेपद) बुध्, मन्, युध्, विद्।)

## लिख् लखवुं (छठ्ठो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( परस्मैपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | लिखानि | लिखाव | लिखाम |
| मध्यम पुरुष (बीजो पुरुष) | लिख | लिखतम् | लिखत |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | लिखतु | लिखताम् | लिखन्तु |

## मिल् मळवुं, (छठ्ठो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( आत्मनेपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | मिलै | मिलावहै | मिलामहै |
| मध्यम पुरुष (बीजो पुरुष) | मिलस्व | मिलेथाम् | मिलध्वम् |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | मिलताम् | मिलेताम् | मिलन्ताम् |

आवी ज रीते छठ्ठा गणना बीजा धातुओनां रूपो समजी लेवां. (नियत धातुओ आ प्रमाणे छे - (परस्मैपद) लिख्, प्र+विश्। (आत्मनेपद) मुच्, मिल्, विद्, क्षिप्।)

## कथ् कहेवुं, (दसमो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( परस्मैपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | कथयानि | कथयाव | कथयाम |
| मध्यम पुरुष (बीजो पुरुष) | कथय | कथयतम् | कथयत |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | कथयतु | कथयताम् | कथयन्तु |

## कथ् कहेवुं, (दसमो गण) आज्ञार्थ ( लोट् लकार ) ( आत्मनेपद )नां रूप

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (पहेलो पुरुष) | कथयै | कथयावहै | कथयामहै |
| मध्यम पुरुष (बीजो पुरुष) | कथयस्व | कथयेथाम् | कथयध्वम् |
| अन्य पुरुष (त्रीजो पुरुष) | कथयताम् | कथयेताम् | कथयन्ताम् |

આવી જ રીતે દસમા ગણના બીજા ધાતુઓનાં રૂપો સમજી લેવાં. (નિયત ધાતુઓ આ પ્રમાણે છે - (પરસ્મૈપદ-આત્મનેપદ) कथ्, गण्, रच्, स्पृह्, पूज्।)

ઉપર્યુક્ત ધાતુઓનાં રૂપોની સાથે સાથે कृ અને अस् ધાતુઓનાં પરસ્મૈપદનાં રૂપો પણ મહત્ત્વનાં છે કેમકે આ બે ધાતુઓનાં રૂપો વધારે વપરાય છે. આથી જાણ માટે તે અહીં આપવામાં આવ્યાં છે.

### कृ કરવું, આજ્ઞાર્થ ( लोट् लकार ) ( परस्मैपद )નાં રૂપ

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | करवाणि | करवाव | करवाम |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | कुरु | कुरुतम् | कुरुत |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | करोतु | कुरुताम् | कुर्वन्तु |

### अस् હોવું, આજ્ઞાર્થ ( लोट् लकार ) ( परस्मैपद )નાં રૂપ

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | असानि | असाव | असाम |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | एधि | स्तम् | स्त |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | अस्तु | स्ताम् | सन्तु |

## विध्यर्थ ( लिङ्लकार )

નીચેનાં વાક્યો વાંચો -

(1) प्रातः मन्त्रान् पठेत्। (સવારે મંત્રોનો પાઠ કરવો જોઈએ.)

(2) अतिथिः मध्याह्ने तक्रं पिबेत्। (મહેમાન બપોરે (કદાચ) છાશ પીશે.)

(3) जीवेम शरदः शतम्। (અમે સો (100) શરદ ઋતુઓ સુધી જીવીએ.)

ઉપરનાં વાક્યોમાં વપરાયેલાં ક્રિયાપદો વિધ્યર્થ (लिङ् लकार)નાં છે. પ્રથમ વાક્યમાં ગુરુ શિષ્યને સવારે મંત્રોનો પાઠ કરવાનો વિધિ કહી રહ્યા છે અથવા આજ્ઞા આપી રહ્યા છે, એવો અર્થ જોઈ શકાય છે. બીજા વાક્યમાં વિધ્યર્થ (लिङ् लकार)નો પ્રયોગ કરીને અતિથિ કદાચ છાશ પીશે, એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્રીજા વાક્યમાં 100 વર્ષ સુધી જીવતા રહેવાની પ્રાર્થના કરવામાં આવી રહી છે.

આમ, આ વિધ્યર્થ (लिङ् लकार) પણ આજ્ઞાર્થ (लोट् लकार)ની જેમ જ આજ્ઞા, સંભાવના અને પ્રાર્થના જેવા અર્થોમાં વપરાય છે. (જોકે આ રીતે બંને लकारના આજ્ઞા વગેરે અર્થ સરખા છે, પણ આશીર્વાદના સંદર્ભે એક વાત ખાસ યાદ રાખવા જેવી છે. તે એ રીતે કે लिङ् लकारમાં આશીર્વાદનો અર્થ કહેવા માટેનાં રૂપો, આજ્ઞા વગેરે અર્થને કહેવા માટે વપરાતાં રૂપો કરતાં જરા જુદાં હોય છે. રૂપફેરના આ ભેદને સ્પષ્ટરૂપે દર્શાવવાના ઇરાદે આજ્ઞા, પ્રાર્થના, સંભાવના જેવા અર્થને કહેવા માટેની રૂપાવલીને વિધિલિङ् (विधिलिङ् लकार) અને આશીર્વાદનો અર્થ કહેવા માટેની રૂપાવલીને આશીર્લિङ् (आशीर्लिङ् लकार) તરીકે ઓળખવામાં આવે છે. (આમ, विधिलिङ् लकार અને आशीर्लिङ् लकार એમ બે પ્રકારનાં રૂપો હોય છે. અહીં તો તમારે માત્ર આજ્ઞા વગેરેનો અર્થ કહેનારાં विधिलिङ् लकारનાં રૂપો જ શીખવાનાં છે. आशीर्लिङ् लकारનાં રૂપો શીખવાનાં નથી.) અહીં પ્રથમ પરસ્મૈપદ અને તે પછી આત્મનેપદના નિયત ધાતુઓનાં विधिलिङ् लकारના પ્રત્યયો અને રૂપો જોઈશું.

### विध्यर्थ ( विधिलिङ् लकार ) ( परस्मैपद )ના પ્રત્યયો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | ईयम् | ईव | ईम |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | ईः | ईतम् | ईत |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | ईत् | ईताम् | ईयुः |

## વિધ્યર્થ ( विधिलिङ् लकार ) ( आत्मनेपद )ના પ્રત્યયો

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | ईय | ईवहि | ईमहि |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | ईथाः | ईयाथाम् | ईध्वम् |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | ईत | ईयाताम् | ईरन् |

અહીં આ પ્રત્યયોને જે-તે ધાતુની સાથે જોડતી વખતે અગાઉની જેમ જ ધાતુ અને આ ઉપર્યુક્ત પ્રત્યયોની વચ્ચે જે-તે ગણનો વિકરણ પ્રત્યય પણ જોડવાનો હોય છે. જેમકે - खाद् + अ + ईत् = खादेत्।

નમૂનાનાં રૂપો તરીકે અહીં पठ् અને लभ् ધાતુઓનાં રૂપો જ આપવામાં આવ્યાં છે.

## पठ् વાંચવું, ભણવું (પહેલો ગણ) વિધ્યર્થ ( विधिलिङ् लकार )નાં રૂપ

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | पठेयम्<br>મારે વાંચવું જોઈએ. | पठेव<br>અમારે બંનેએ વાંચવું જોઈએ. | पठेम<br>અમારે બધાએ વાંચવું જોઈએ. |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | पठेः<br>તારે વાંચવું જોઈએ. | पठेतम्<br>તમારે બંનેએ વાંચવું જોઈએ. | पठेत<br>તમારે બધાએ વાંચવું જોઈએ. |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | पठेत् તેણે<br>(પેલાએ) વાંચવું જોઈએ. | पठेताम् તે<br>(પેલા) બંનેએ વાંચવું જોઈએ. | पठेयुः તે<br>(પેલા) બધાએ વાંચવું જોઈએ. |

## लभ् મેળવવું, પ્રાપ્ત કરવું (પહેલો ગણ) વિધ્યર્થ ( विधिलिङ् लकार )નાં રૂપ

| | एकवचन | द्विवचन | बहुवचन |
|---|---|---|---|
| उत्तम पुरुष (પહેલો પુરુષ) | लभेय | लभेवहि | लभेमहि |
| मध्यम पुरुष (બીજો પુરુષ) | लभेथाः | लभेयाथाम् | लभेध्वम् |
| अन्य पुरुष (ત્રીજો પુરુષ) | लभेत | लभेयाताम् | लभेरन् |

આ જ પ્રકારે અન્ય ધાતુઓનાં રૂપો પણ સમજી લેવાં.

## સ્વાધ્યાય

**1. वर्तमानकालस्य क्रियापदानां स्थाने आज्ञार्थस्य ( लोट्लकारस्य ) योग्यं क्रियापदं लिखत ।**

(1) जाया मधुमतीं वाचं वदति।

(2) त्वं स्थलान्तरं गच्छसि।

(3) बालः शुद्धं जलं पिबति।

(4) सुपुत्रः जनकं वन्दते।

(5) छात्राः प्रातः पाठशालां गच्छन्ति।

**2. ह्यस्तन भूतकालस्य क्रियापदस्य अनुरूपं वर्तमानकालस्य क्रियापदं लिखत ।**

(1) काले पर्जन्यः अवर्षत्।

(2) तातः पुत्रं समादिशत्।

(3) सायं भोजनम् अभवत्।

(4) जलाशयान्तरं मत्स्याः अगच्छन्।

(5) छात्राः आलस्यम् अत्यजन्।

**3. उदाहरणानुसारं प्रदत्तानां रूपाणां परिचयं कारयत ।**

**उदाहरणम् –** भवति। भू धातु, परस्मैपद, वर्तमानकाल, अन्यपुरुष, एकवचन

(1) त्यजति (2) विनश्यति (3) गच्छ (4) वर्षतु

(5) वर्तताम् (6) आचरेत्

**4. योग्यं क्रियापदं चित्वा रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

(1) अहं तावत् जलाशयान्तरं ............... । (गच्छेत्, गच्छामि, गमिष्यति)

(2) पश्चात् घटोत्कचोऽहम् ............... । (अभिवादये, अभिवादयति, अभिवादयसि)

(3) प्रत्युत्पन्नमतिः सुखम् ............... । (एधेते, एधते, एधन्ते)

(4) तेन भवान् काष्ठानि ............... । (आहर, आहरतु, आहरन्तु)

(5) सः विधिवदुपयम्य स्वनगरम् ............... । (अनयत्, नयामि, नयन्तु)

**5. अधोलिखितेषु वाक्येषु प्रयुक्तस्य आज्ञार्थस्य क्रियापदस्य अर्थं लिखत ।**

(1) सर्वे भवन्तु सुखिनः।

(2) व्यायामम् आचर।

(3) स्मर नाम हरेः सदा।

(4) शतं जीव।

(5) जनकः भोजने फलानि खादेत्।

•

નીચેનાં વાક્યો વાંચો -

(1) नगरे एकः धार्मिकः विनम्रः श्रेष्ठिपुत्रः प्रतिवसति।
(શહેરમાં ધાર્મિક અને વિનમ્ર એવો શેઠનો એક દીકરો રહે છે.)

(2) समायां परिशुद्धायां भूमौ तान् तप्तवती।
(સમતલ સ્વચ્છ જમીન ઉપર તેમને તપાવ્યા.)

(3) ततः स्नानशुद्धाय तस्मै अतिथये सा भोजनं दत्तवती।
(તે પછી સ્નાનથી શુદ્ધ થયેલા તે અતિથિને તેણે ભોજન આપ્યું.)

ઉપરના પ્રથમ વાક્યમાં જે રેખાંકિત પદો છે, તેમને વિશેષણ પદો તરીકે ઓળખવામાં આવે છે. વિશેષણ પદો જ્યારે વપરાય છે, ત્યારે વાક્યમાં તેમનું કોઈ વિશેષ્ય પદ પણ હોય જ છે. જેમકે - ઉપરના પ્રથમ વાક્યમાં एकः धार्मिकः विनम्रः એ ત્રણ વિશેષણ પદો છે અને આ વિશેષણ પદોનું વિશેષ્ય પદ श्रेष्ठिपुत्रः છે. એવી જ રીતે બીજા વાક્યમાં समायां परिशुद्धायां એ બે વિશેષણ પદો છે અને भूमौ એ વિશેષ્ય પદ છે. જ્યારે ત્રીજા વાક્યમાં स्नानशुद्धाय तस्मै એ બે વિશેષણ પદ છે અને अतिथये એ વિશેષ્ય પદ છે.

### વિશેષણ એટલે શું ?

વિશેષણને સમજાવતાં કહેવાયું છે કે - भेदकं विशेषणम्। અર્થાત્ જે ભેદ પાડનાર હોય છે, તે વિશેષણ છે. (અને भेद्यं विशेष्यम् અર્થાત્ જે ભેદ્ય એટલે કે ભેદ પાડવા યોગ્ય હોય છે, જેનો ભેદ પાડવાનો હોય છે, તે વિશેષ્ય છે.) જેમકે - पुष्पम्. આ પુષ્પ શબ્દનું ઉચ્ચારણ થતાં દુનિયાભરમાં જેટલાં પણ પુષ્પો છે, તેમનું જ્ઞાન થાય છે. પણ હવે જો આ પુષ્પ શબ્દની સાથે रक्तं पुष्पम् એમ રક્ત શબ્દનો પ્રયોગ કરવામાં આવે, તો દુનિયાભરનાં જે પુષ્પો હતાં તેમાંથી બાકીનાં બધાં ખસી જાય છે અને તે બધાંમાંથી માત્ર લાલ પુષ્પનો જ બોધ થાય છે. આમ, પુષ્પ એવા શબ્દથી જે દુનિયાભરનાં તમામ પુષ્પ એવો જે અર્થ પ્રાપ્ત થતો હતો, તેમાં ભેદ પાડવાનું-અલગ કરવાનું કામ આ रक्त શબ્દે કર્યું છે અને તેથી તેને (પુષ્પના) વિશેષણ તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે જોઈએ તો જણાય છે કે જ્યારે કોઈ પણ નામપદ બોલવામાં આવે છે ત્યારે તે સમગ્રનો અર્થ આપે છે. હવે જો આ સમગ્રનો અર્થ ન કહેવો હોય, તો તે સમગ્રના અર્થમાંથી અમુકનો ભેદ કરી શકે તેવું કોઈ બીજું નામપદ વાપરવાનું રહે છે. આવા ભેદ પાડવા માટે વપરાતા નામપદને વિશેષણ કહે છે.

બગીચામાં અનેક વૃક્ષો હોય છે. હવે જો માત્ર वृक्षः એમ કેવળ એક જ નામ ઉચ્ચારવામાં આવે તો બગીચામાં રહેલાં બધાં જ વૃક્ષો પૈકી ગમે તેનો બોધ થાય છે પરંતુ હવે જો આ વૃક્ષની સાથે મોટું (महत् - महान्) એવું એક વધારાનું પદ વાપરવામાં આવે તો બગીચામાં રહેલાં બધાં વૃક્ષોમાંથી હવે માત્ર જે-જે મોટાં વૃક્ષો છે, તે પૈકીના કોઈ એક વૃક્ષનો જ બોધ થાય છે. ત્યાર બાદ મોટાં વૃક્ષ એવાં બે પદોની સાથે ફળવાળું (फलवत् - फलवान्) એવું એક ત્રીજું નામપદ વાપરવામાં આવે, તો બગીચામાં રહેલાં બધાં મોટાં વૃક્ષોમાંથી માત્ર જે-જે ફળવાળાં વૃક્ષો છે, તે પૈકીના જ કોઈ એક ફળવાળા વૃક્ષનો બોધ થાય છે. થોડા આગળ વધીને ચોથું તૂટેલું (भग्न-भग्नः) એવું એક વધારાનું નામપદ વાપરીએ તો હવે ફળવાળાં વૃક્ષો પૈકીના એક ભગ્ન એવા વૃક્ષનો જ બોધ થાય છે. આમ, વૃક્ષ એ નામપદથી દુનિયાભરનાં વૃક્ષોરૂપી જે વિશાળ અર્થ પ્રાપ્ત થતો હતો, તેમાં महान्, फलवान् અને भग्नः એ ત્રણ પદોએ ભેદ પાડ્યો હોવાથી આ ત્રણેય महत् - महान्, फलवत् - फलवान् અને भग्न-भग्नः એ ત્રણ પદોને વિશેષણપદ તરીકે ઓળખવામાં આવે છે.

આ વિશેષણપદોનો પ્રયોગ ક્યારેક વાક્યની વૃદ્ધિ કરવા માટે પણ થાય છે. જેમકે - रामः वेदं पठति। આ એક પ્રારંભિક નાનું વાક્ય છે. આમાં એક કર્તા, એક કર્મ અને એક ક્રિયાપદ એમ કુલ મળીને ત્રણ પદો છે. આમાંથી કર્તા અને કર્મ એ બે નામપદો છે અને તે બંને વિશેષ્ય પદો છે.

હવે, આ બંને વિશેષ્યપદોની સાથે જેમ જેમ વિશેષણપદો જોડતાં જઈશું, તેમ તેમ આ વાક્યનો વિસ્તાર થતો જશે. જેમકે - धीरः रामः धर्मग्रन्थं वेदं पठति। અહીં રામ અને વેદ - એ બે વિશેષ્યપદની સાથે જે એક એક વધારાનાં નામપદો વપરાયાં છે, તે વિશેષણપદો છે. આ વિશેષણપદોને કારણે ત્રણ પદવાળું વાક્ય વધીને પાંચ પદવાળું વાક્ય બની ગયું છે. આવી જ રીતે વિશેષ્યપદોની સાથે બીજાં વધારે વિશેષણો વાપરવામાં આવે, તો આ વાક્ય આથી પણ વધારે મોટું બની શકે છે. જેમકે - सूर्यवंशीयः कौशल्यानन्दनः राघवः विनीतः रामः प्राचीनतमं सुप्रसिद्धं धर्मग्रन्थं वेदं पठति। (સૂર્યવંશમાં જન્મેલા, કૌશલ્યાના પુત્ર, રઘુકુળના, વિનયી રામ અતિશય પ્રાચીન એવા સુપ્રસિદ્ધ ધર્મગ્રંથ વેદને વાંચે છે.)

આ રીતે સમજાશે કે વિશેષણપદો વાક્યની વૃદ્ધિ કરનારાં હોય છે. આમ, કોઈ ચોક્કસ અર્થની પ્રતીતિ કરાવવા માટે અથવા વાક્યની વૃદ્ધિ કરવા માટે વાક્યમાં વિશેષણપદોનો વપરાશ આવશ્યક બની જાય છે.

વિશેષણોનો પ્રયોગ કરતી વખતે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે. વિશેષ્યનું જે લિંગ, વચન અને વિભક્તિ હોય છે, તે જ લિંગ, વચન અને વિભક્તિ વિશેષણનાં પણ હોય છે.

આથી, હવે જો કોઈ વિશેષ્યપદ પુંલ્લિંગ, પ્રથમા વિભક્તિ અને બહુવચનમાં વપરાયું હોય, તો તેનું વિશેષણ પણ પુંલ્લિંગ, પ્રથમા વિભક્તિ અને બહુવચનમાં જ વાપરવાનું હોય છે. નિમ્નલિખિત વાક્યો વાંચો -

(1) बालकः प्रातःकाले मधुरं दुग्धं पिबति।

(2) अस्मिन् वर्षे मधुरा द्राक्षा मिलति।

(3) विगते सोमवासरे वयं मधुरान् आम्रान् अखादाम।

ઉપરનાં ત્રણેય વાક્યોમાં મધુર એવું (ગુણવાચક) વિશેષણ વાપરવામાં આવ્યું છે. તે જ્યારે दुग्धम् (નપું.-પ્ર.-એકવચન) વિશેષ્યની સાથે વપરાયું છે, ત્યારે मधुरम् એ રૂપમાં નપુંસકલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચન વપરાયું છે. બીજા વાક્યમાં તે द्राक्षा (સ્ત્રી.-પ્ર.-એકવચન) વિશેષ્યની સાથે વપરાયું છે, ત્યારે मधुराનું સ્ત્રીલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચન વપરાયું છે. એવી જ રીતે ત્રીજા વાક્યમાં आम्रान् (પું. દ્વિ. બહુવચન) વિશેષ્યની સાથે વપરાયું છે, ત્યારે તે मधुरान् એ રૂપમાં (પુંલ્લિંગ, દ્વિતીયા વિભક્તિ, બહુવચનમાં) વપરાયું છે.

આવી જ રીતે બધાં વિશેષણો પોતાનાં વિશેષ્યપદનાં લિંગ, વચન અને વિભક્તિ મુજબ જ વાપરવાનાં હોય છે.

## વિશેષ્ય-વિશેષણના પ્રયોગને લગતી કેટલીક વિશેષ માહિતી

સંખ્યાવચક શબ્દો (પદો) પણ વિશેષણો છે, તેમાં एक, द्वि, त्रि અને चतुर् આ ચાર શબ્દો વિશેષ્ય મુજબ પોતાનું લિંગ બદલીને પુંલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ - એ ત્રણેય લિંગમાં વપરાતા રહે છે; પરંતુ તે પછી पञ्चથી લઈ अष्टादश સુધીના શબ્દોનાં રૂપો ત્રણેય લિંગમાં એકસરખાં હોય છે, જ્યારે एकोनविंशतिःથી લઈને છેક नवनवतिः સુધીના બધા શબ્દો સ્ત્રીલિંગમાં અને शतम्, सहस्रम् વગેરે શબ્દો નપુંસકલિંગમાં વપરાય છે. (અહીં એ વાત પણ યાદ રાખવાની છે કે एकનાં રૂપો ત્રણેય વચનમાં હોય છે. પરંતુ द्विનાં રૂપો માત્ર દ્વિવચનમાં અને त्रि, चतुर्, पञ्च વગેરેનાં રૂપો માત્ર બહુવચનમાં જ હોય છે.)

જે નામપદો ક્રિયાનાં વિશેષણો તરીકે વપરાય છે, તેમને મોટે ભાગે નપુંસકલિંગ દ્વિતીયા વિભક્તિ અને એકવચનમાં જ વાપરવાનાં હોય છે. જેમકે - सुन्दरं लिखति। मन्दं गायति। मधुरं वदति। सत्वरं गच्छति। આ બધાં વાક્યોમાં सुन्दर વગેરે જે નામપદો ક્રિયાના વિશેષણ તરીકે વપરાયાં છે, તે બધાં નપુંસકલિંગ, દ્વિતીયા વિભક્તિ અને એકવચનમાં વપરાયાં છે.

# સર્વનામોનાં રૂપો

## अस्मद् હું (ત્રણેય લિંગમાં એકસરખાં રૂપો રહે છે.)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | अहम् | आवाम् | वयम् |
| દ્વિતીયા વિભક્તિ | माम्, मा | आवाम्, नौ | अस्मान्, नः |
| તૃતીયા વિભક્તિ | मया | आवाभ्याम् | अस्माभिः |
| ચતુર્થી વિભક્તિ | मह्यम्, मे | आवाभ्याम्, नौ | अस्मभ्यम्, नः |
| પંચમી વિભક્તિ | मत् | आवाभ्याम् | अस्मत् |
| ષષ્ઠી વિભક્તિ | मम, मे | आवयोः, नौ | अस्माकम्, नः |
| સપ્તમી વિભક્તિ | मयि | आवयोः | अस्मासु |

## युष्मद् તું (ત્રણેય લિંગમાં એકસરખાં રૂપો)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | त्वम् | युवाम् | यूयम् |
| દ્વિતીયા વિભક્તિ | त्वाम्, त्वा | युवाम्, वाम् | युष्मान्, वः |
| તૃતીયા વિભક્તિ | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| ચતુર્થી વિભક્તિ | तुभ्यम्, ते | युवाभ्याम्, वाम् | युष्मभ्यम्, वः |
| પંચમી વિભક્તિ | त्वत् | युवाभ्याम् | युष्मत् |
| ષષ્ઠી વિભક્તિ | तव, ते | युवयोः, वाम् | युष्माकम्, वः |
| સપ્તમી વિભક્તિ | त्वयि | युवयोः | युष्मासु |

## तद् પેલો, તે (પુંલ્લિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सः | तौ | ते |
| દ્વિતીયા વિભક્તિ | तम् | तौ | तान् |
| તૃતીયા વિભક્તિ | तेन | ताभ्याम् | तैः |
| ચતુર્થી વિભક્તિ | तस्मै | ताभ्याम् | तेभ्यः |
| પંચમી વિભક્તિ | तस्मात् | ताभ्याम् | तेभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | तस्य | तयोः | तेषाम् |
| સપ્તમી વિભક્તિ | तस्मिन् | तयोः | तेषु |

## तद् પેલી, તે (સ્ત્રીલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सा | ते | ताः |
| દ્વિતીયા વિભક્તિ | ताम् | ते | ताः |
| તૃતીયા વિભક્તિ | तया | ताभ्याम् | ताभिः |
| ચતુર્થી વિભક્તિ | तस्यै | ताभ्याम् | ताभ्यः |
| પંચમી વિભક્તિ | तस्याः | ताभ्याम् | ताभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | तस्याः | तयोः | तासाम् |
| સપ્તમી વિભક્તિ | तस्याम् | तयोः | तासु |

## तद् પેલું, તે (નપુંસકલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | तत् | ते | तानि |
| દ્વિતીયા વિભક્તિ | तत् | ते | तानि |
| તૃતીયા વિભક્તિ | तेन | ताभ्याम् | तैः |
| ચતુર્થી વિભક્તિ | तस्मै | ताभ्याम् | तेभ्यः |
| પંચમી વિભક્તિ | तस्मात् | ताभ्याम् | तेभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | तस्य | तयोः | तेषाम् |
| સપ્તમી વિભક્તિ | तस्मिन् | तयोः | तेषु |

(નોંધ : तद्નાં નપું.નાં તૃતીયાથી સપ્તમી વિભક્તિનાં રૂપો પુંલ્લિંગનાં તે રૂપો જેવાં જ છે તે ખ્યાલમાં આવ્યું હશે. આ જ પ્રમાણે यद्નાં રૂપોનું પણ છે.)

## यद् જે (પુંલ્લિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | यः | यौ | ये |
| દ્વિતીયા વિભક્તિ | यम् | यौ | यान् |
| તૃતીયા વિભક્તિ | येन | याभ्याम् | यैः |
| ચતુર્થી વિભક્તિ | यस्मै | याभ्याम् | येभ्यः |
| પંચમી વિભક્તિ | यस्मात् | याभ्याम् | येभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | यस्य | ययोः | येषाम् |
| સપ્તમી વિભક્તિ | यस्मिन् | ययोः | येषु |

## यद् જે (સ્ત્રીલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | या | ये | याः |
| દ્વિતીયા વિભક્તિ | याम् | ये | याः |
| તૃતીયા વિભક્તિ | यया | याभ्याम् | याभिः |
| ચતુર્થી વિભક્તિ | यस्यै | याभ्याम् | याभ्यः |
| પંચમી વિભક્તિ | यस्याः | याभ्याम् | याभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | यस्याः | ययोः | यासाम् |
| સપ્તમી વિભક્તિ | यस्याम् | ययोः | यासु |

## यद् જે (નપુંસકલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | यत् | ये | यानि |
| દ્વિતીયા વિભક્તિ | यत् | ये | यानि |
| તૃતીયા વિભક્તિ | येन | याभ्याम् | यैः |
| ચતુર્થી વિભક્તિ | यस्मै | याभ्याम् | येभ्यः |
| પંચમી વિભક્તિ | यस्मात् | याभ्याम् | येभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | यस्य | ययोः | येषाम् |
| સપ્તમી વિભક્તિ | यस्मिन् | ययोः | येषु |

## किम् કોણ, શું (પુંલ્લિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | कः | कौ | के |
| દ્વિતીયા વિભક્તિ | कम् | कौ | कान् |
| તૃતીયા વિભક્તિ | केन | काभ्याम् | कैः |
| ચતુર્થી વિભક્તિ | कस्मै | काभ्याम् | केभ्यः |
| પંચમી વિભક્તિ | कस्मात् | काभ्याम् | केभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | कस्य | कयोः | केषाम् |
| સપ્તમી વિભક્તિ | कस्मिन् | कयोः | केषु |

## किम् કોણ, શું (સ્ત્રીલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | का | के | काः |
| દ્વિતીયા વિભક્તિ | काम् | के | काः |
| તૃતીયા વિભક્તિ | कया | काभ्याम् | काभिः |
| ચતુર્થી વિભક્તિ | कस्यै | काभ्याम् | काभ्यः |
| પંચમી વિભક્તિ | कस्याः | काभ्याम् | काभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | कस्याः | कयोः | कासाम् |
| સપ્તમી વિભક્તિ | कस्याम् | कयोः | कासु |

## किम् કોણ, શું (નપુંસકલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | किम् | के | कानि |
| દ્વિતીયા વિભક્તિ | किम् | के | कानि |
| તૃતીયા વિભક્તિ | केन | काभ्याम् | कैः |
| ચતુર્થી વિભક્તિ | कस्मै | काभ्याम् | केभ्यः |
| પંચમી વિભક્તિ | कस्मात् | काभ्याम् | केभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | कस्य | कयोः | केषाम् |
| સપ્તમી વિભક્તિ | कस्मिन् | कयोः | केषु |

## इदम् આ (પુંલ્લિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | अयम् | इमौ | इमे |
| દ્વિતીયા વિભક્તિ | इमम् | इमौ | इमान् |
| તૃતીયા વિભક્તિ | अनेन | आभ्याम् | एभिः |
| ચતુર્થી વિભક્તિ | अस्मै | आभ्याम् | एभ्यः |
| પંચમી વિભક્તિ | अस्मात् | आभ्याम् | एभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | अस्य | अनयोः | एषाम् |
| સપ્તમી વિભક્તિ | अस्मिन् | अनयोः | एषु |

## इदम् આ (સ્ત્રીલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | इयम् | इमे | इमाः |
| દ્વિતીયા વિભક્તિ | इमाम् | इमे | इमाः |
| તૃતીયા વિભક્તિ | अनया | आभ्याम् | आभिः |
| ચતુર્થી વિભક્તિ | अस्यै | आभ्याम् | आभ्यः |
| પંચમી વિભક્તિ | अस्याः | आभ्याम् | आभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | अस्याः | अनयोः | आसाम् |
| સપ્તમી વિભક્તિ | अस्याम् | अनयोः | आसु |

## इदम् આ (નપુંસકલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | इदम् | इमे | इमानि |
| દ્વિતીયા વિભક્તિ | इदम् | इमे | इमानि |
| તૃતીયા વિભક્તિ | अनेन | आभ्याम् | एभिः |
| ચતુર્થી વિભક્તિ | अस्मै | आभ्याम् | एभ्यः |
| પંચમી વિભક્તિ | अस्मात् | आभ्याम् | एभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | अस्य | अनयोः | एषाम् |
| સપ્તમી વિભક્તિ | अस्मिन् | अनयोः | एषु |

## सर्व બધું (પુંલ્લિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सर्वः | सर्वौ | सर्वे |
| દ્વિતીયા વિભક્તિ | सर्वम् | सर्वौ | सर्वान् |
| તૃતીયા વિભક્તિ | सर्वेण | सर्वाभ्याम् | सर्वैः |
| ચતુર્થી વિભક્તિ | सर्वस्मै | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| પંચમી વિભક્તિ | सर्वस्मात् | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | सर्वस्य | सर्वयोः | सर्वेषाम् |
| સપ્તમી વિભક્તિ | सर्वस्मिन् | सर्वयोः | सर्वेषु |

## सर्व બધું (સ્ત્રીલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सर्वा | सर्वे | सर्वाः |
| દ્વિતીયા વિભક્તિ | सर्वाम् | सर्वे | सर्वाः |
| તૃતીયા વિભક્તિ | सर्वया | सर्वाभ्याम् | सर्वाभिः |
| ચતુર્થી વિભક્તિ | सर्वस्यै | सर्वाभ्याम् | सर्वाभ्यः |
| પંચમી વિભક્તિ | सर्वस्याः | सर्वाभ्याम् | सर्वाभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | सर्वस्याः | सर्वयोः | सर्वासाम् |
| સપ્તમી વિભક્તિ | सर्वस्याम् | सर्वयोः | सर्वासु |

## સર્વ બધું (નપુંસકલિંગ)

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सर्वम् | सर्वे | सर्वाणि |
| દ્વિતીયા વિભક્તિ | सर्वम् | सर्वे | सर्वाणि |
| તૃતીયા વિભક્તિ | सर्वेण | सर्वाभ्याम् | सर्वैः |
| ચતુર્થી વિભક્તિ | सर्वस्मै | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| પંચમી વિભક્તિ | सर्वस्मात् | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| ષષ્ઠી વિભક્તિ | सर्वस्य | सर्वयोः | सर्वेषाम् |
| સપ્તમી વિભક્તિ | सर्वस्मिन् | सर्वयोः | सर्वेषु |

## સ્વાધ્યાય

**1. समुचितेन रूपेण रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
|---|---|---|---|
| (1) | ............... | ............... | ये |
| (2) | सर्वस्मै | ............... | ............... |
| (3) | ............... | कयोः | ............... |
| (4) | तस्मिन् | ............... | ............... |
| (5) | यस्याः | ............... | ............... |

**2. कोष्ठगतशब्दस्य योग्यं रूपं प्रयुज्य रिक्तस्थानानि पूरयत ।**

(1) ............... विघ्नेभ्यः जनाः रक्षिताः भवन्ति। (कठिन)
(2) सुरापानं ............... वर्तते। (विघ्नरूप)
(3) ............... समयः सञ्जातः। (प्रलम्ब)
(4) जलम् ............... अस्ति रोटिका च ............... अस्ति। (उष्ण)
(5) मत्स्यः ............... जले प्रविष्टः। (गभीर)

**3. सङ्ख्यावाचकेन विशेषणेन रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

(1) ............... श्रेष्ठिपुत्रः वसति। (एक)
(2) कूपे ............... कन्या दृष्टा। (एक)
(3) ............... विघ्नाः भवन्ति। (चतुर्)
(4) संस्कृतभाषायां ............... वचनानि सन्ति। (त्रि)
(5) वर्गखण्डे ............... छात्राः पठन्ति। (पञ्चविंशति)

**4. कोष्ठगतशब्दस्य उचितरूपेण रिक्तस्थानानि पूरयत ।**

(1) ............... जलाशयं दृष्ट्वा धीवरैः उक्तम्। (तत्)
(2) तत्कथं ............... भार्याम् अहं विन्देयमिति। (गुणवती)
(3) ............... शालीन् प्रथमम् आतपे तप्तवती। (तत्)
(4) ............... मानवाः सुखिनः भवन्तु। (सर्व)
(5) ............... पात्राणि अपि तत्र स्थापितवान्। (नूतन)

**5. कोष्ठगतं विशेषणं वाक्ये योग्यरीत्या प्रयोजयत।**

(1) जाया पत्ये ............... वाचं वदतु। (मधुमती)
(2) दुष्टानां विद्या ............... भवति। (भाररूप)
(3) ............... पुस्तकानि तत्र सन्ति। (सर्व)
(4) इदं जलं ............... । (सगर)
(5) एषा ............... स्थितिः सञ्जाता। (मदीय)

•

## (1) પુનરાવર્તન

નીચેનાં વાક્યો વાંચો -

(1) परिजनेन सुखम् अनुभवति। (પરિજનથી સુખનો અનુભવ કરે છે.)

(2) अनागतविधाता परिजनेन सह निष्क्रान्तः। (અનાગતવિધાતા પરિજનની સાથે નીકળી ગયો.)

(1) सः तां पश्यति। (પેલો તેને જુએ છે.)

(2) स तां निकषा संगत्य सविनयम् आह। (પેલો તેની પાસે જઈને વિનયપૂર્વક બોલ્યો.)

(1) शक्तिकुमारः कन्याम् उद्वहति। (શક્તિકુમાર કન્યાને પરણે છે.)

(2) शक्तिकुमारः कन्यां प्रति समाकृष्टः। (શક્તિકુમાર કન્યા તરફ આકર્ષાયો.)

આ વાક્યયુગલોમાં જે રેખાંકિત પદો છે, તે એક સરખી વિભક્તિનાં છે; પરંતુ આ એક સરખી દેખાતી વિભક્તિ હકીકતમાં જુદી જુદી છે. પ્રથમ ક્રમે રહેલાં વાક્યોમાં રેખાંકિત પદો સાથે યોજાયેલી વિભક્તિને કારકવિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે જ્યારે બીજા ક્રમે રહેલાં વાક્યોમાં રેખાંકિત પદો સાથે યોજાયેલી વિભક્તિને ઉપપદવિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

### કારકવિભક્તિનો આશય

વક્તાએ વાક્યમાં વાપરવા ધારેલા અમુક પદાર્થની પ્રથમ તો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન કે અધિકરણ પૈકી કોઈ કારકસંજ્ઞા થાય છે અને તે પછી તે કારકના કારણે અમુક ચોક્કસ વિભક્તિ વાપરવાની થાય છે, ત્યારે તે (કારકને કારણે વપરાયેલી) વિભક્તિને કારકવિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે - शिष्यः संस्कृतं पठति। અહીં વક્તાએ ભણવાની ક્રિયાના કર્મ તરીકે સંસ્કૃતને કહેવાનું ધાર્યું છે. આથી સંસ્કૃત શબ્દ પ્રથમ તો કર્મકારક બને છે અને તે પછી કર્મમાં દ્વિતીયા વિભક્તિ વાપરવામાં આવતી હોવાથી અહીં દ્વિતીયા વિભક્તિ વપરાય છે. આ રીતે કર્મ એવી કારકસંજ્ઞાને કારણે આવેલી આ દ્વિતીયા વિભક્તિને કારકવિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

### ઉપપદ વિભક્તિનો આશય

પરંતુ જ્યારે વાક્યમાં વપરાયેલ કોઈ (उप=) નજીકના પદને કારણે અમુક વિભક્તિ વાપરવાની થાય છે, ત્યારે તે વિભક્તિને ઉપપદ વિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે - गणेशाय नमः। અહીં વાક્યમાં नमः એવું જે એક પદ વપરાયું છે, તેના કારણે गणेश શબ્દની ચતુર્થી વિભક્તિ યોજવાની થાય છે. આ રીતે અહીં गणेशाय એવી જે ચતુર્થી વિભક્તિ વાપરવામાં આવી છે, તે ઉપપદ વિભક્તિ તરીકે ઓળખાય છે. (તમે જોઈ શકો છો કે અહીં गणेशને પ્રથમ કોઈ કારક બતાવીને, તે કારક પ્રમાણે વિભક્તિ યોજવામાં આવી નથી પરંતુ વાક્યમાં नमः એવા નજીકના પદને કારણે ચતુર્થી વિભક્તિ વાપરવામાં આવી છે. આથી આ ચતુર્થી વિભક્તિને ઉપપદ વિભક્તિ તરીકે ઓળખવામાં આવે છે.)

### ઉપપદવિભક્તિના પ્રયોગો

ઉપપદવિભક્તિના પ્રયોગોને શીખવા માટે કયાં કયાં પદના યોગમાં કઈ કઈ વિભક્તિ થાય છે, તેની જાણકારી મેળવી લેવાની રહે છે. આથી અહીં કેટલાંક નિયત પદોના યોગમાં થનારી ઉપપદવિભક્તિના નિયમો આપવામાં આવી રહ્યા છે.

1. વાક્યમાં જ્યારે उभयतः (બંને બાજુએ) परितः (ચારે બાજુએ) प्रति (ની તરફ, ની પ્રત્યે) विना (વગર, સિવાય) અને अन्तरा (વિના, વચ્ચે) निकषा (પાસે) જેવાં અવ્યયપદોનો પ્રયોગ થયો હોય, ત્યારે ત્યાં દ્વિતીયા વિભક્તિ વાપરવાની હોય છે. જેમકે - मार्गं उभयतः वृक्षाः सन्ति। (રસ્તાની બંને બાજુએ ઝાડ છે.) गिरिं परितः मार्गः वर्तते। (પર્વતની ચારેય તરફ રસ્તો છે.) वृक्षं प्रति प्रकाशते विद्युत्। (ઝાડ તરફ વીજળી પ્રકાશે છે.) विद्यां विना निष्फलं हि जीवनम्। (વિદ્યા વગરનું જીવન નિષ્ફળ જ છે.)

આ બધાં વાક્યોમાં ક્રમશઃ उभयतः, परितः, प्रति અને विना પદોનો પ્રયોગ થયો હોવાથી, તે પદોના યોગને કારણે ક્રમશઃ मार्गम्, गिरिम्, वृक्षम् અને विद्याम् પદોમાં દ્વિતીયા વિભક્તિ વાપરવામાં આવી છે.

2. વાક્યમાં જ્યારે सह (સાથે) सार्धम्/समम् (સાથે) अलम् (પર્યાપ્તિના અર્થમાં, અટકાવવા માટેના અર્થમાં, પૂર્ણતાના અર્થમાં) જેવાં અવ્યયપદોનો પ્રયોગ થયો હોય, ત્યારે તૃતીયા વિભક્તિ વાપરવાની હોય છે. જેમકે - जलप्रवाहेण सह समुद्रं मिलति। (જળપ્રવાહની સાથે સમુદ્રમાં મળે છે.) गिरिणा सार्धं/समं वनमपि अस्ति। (પર્વતની સાથે વન પણ છે.) अलं पठनेन। (હવે ભણવાનું રહેવા દે. આટલું ભણવાનું પર્યાપ્ત છે.)

આ બધાં વાક્યોમાં ક્રમશઃ सह, सार्धम् અને अलम् પદોનો પ્રયોગ થયો હોવાથી, તે પદોના યોગને કારણે ક્રમશઃ जलप्रवाहेण, गिरिणा અને पठनेन પદોમાં તૃતીયા વિભક્તિ વાપરવામાં આવી છે. (ઉપર જણાવેલાં પદો પૈકી જે विना (વગર, સિવાય) પદ છે, તેના યોગમાં ક્યારેક તૃતીયા અથવા પંચમી વિભક્તિ પણ વપરાય છે. જેમકે - धर्मेण/धर्मात् विना सुखं न भवति। ધર્મ વગર સુખ થતું નથી.)

3. વાક્યમાં જ્યારે नमः (પ્રણામ-વંદન-નમન, માન કરવું), स्वाहा (દેવોને કોઈ વસ્તુ સમર્પિત કરતી વખતે બોલાતો શબ્દ, સમર્પણનો ભાવ), स्वस्ति (કલ્યાણ થાઓ, ભલું થાઓ - એ અર્થ આપતો ઉદ્ગાર) જેવાં અવ્યયપદોનો પ્રયોગ થયો હોય, ત્યારે ત્યાં ચતુર્થી વિભક્તિ વપરાય છે. જેમકે - रामाय नमः। (રામને વંદન !) अग्नये स्वाहा। (આ દ્રવ્ય અગ્નિને માટે સમર્પિત છે.) पुत्राय स्वस्ति। (પુત્રનું કલ્યાણ થાઓ !).

આ બધાં વાક્યોમાં ક્રમશઃ नमः, स्वाहा અને स्वस्ति પદોનો પ્રયોગ થયો હોવાથી, તે પદોના યોગને કારણે ક્રમશઃ रामाय, अग्नये અને पुत्राय પદોમાં ચતુર્થી વિભક્તિ વાપરવામાં આવી છે.

4. વાક્યમાં જ્યારે ऋते (સિવાય, વિના), प्रभृति (થી લઈને) જેવાં અવ્યયપદોનો પ્રયોગ થયો હોય, ત્યારે ત્યાં પંચમી વિભક્તિ વપરાય છે. જેમકે - ऋते ज्ञानात् न सुखम्। (જ્ઞાન સિવાય સુખ નથી.) बाल्यात् प्रभृति गायति। (બાળપણથી માંડીને ગાન કરે છે.)

આ બધાં વાક્યોમાં ક્રમશઃ ऋते અને प्रभृति પદોનો પ્રયોગ થયો હોવાથી, તે પદોના યોગને કારણે ક્રમશઃ ज्ञानात् અને बाल्यात् પદોમાં પંચમી વિભક્તિ વાપરવામાં આવી છે.

5. વાક્યમાં જ્યારે कृते (માટે, કાજે), अग्रे (આગળ), पुरतः (આગળ, પૂર્વમાં, સામે) જેવાં અવ્યયપદોનો પ્રયોગ થયો હોય, ત્યારે ત્યાં ષષ્ઠી વિભક્તિ વપરાય છે. જેમકે - संस्कृतस्य कृते जीवति। (સંસ્કૃતને કાજે જીવે છે.) देशस्य अग्रे अहं किमपि नास्मि। (દેશની આગળ હું કંઈ જ નથી.) सज्जनस्य पुरतः दुर्जनः न तिष्ठति। (સજ્જનની સામે દુર્જન ઊભો રહેતો નથી.)

આ બધાં વાક્યોમાં ક્રમશઃ कृते, अग्रे અને पुरतः પદોનો પ્રયોગ થયો હોવાથી, તે પદોના યોગને કારણે ક્રમશઃ संस्कृतस्य, देशस्य અને सज्जनस्य પદોમાં ષષ્ઠી વિભક્તિ વાપરવામાં આવી છે.

ઉપપદ વિભક્તિના પ્રયોગને 'વિભક્તિનો વિશિષ્ટ પ્રયોગ પણ કહેવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. समुचितेन रूपेण रिक्तस्थानानां पूर्तिः करणीया ।**

(1) ............... समं पाठशालां गच्छ। (मित्र)

(2) ............... समाचर। (धर्म)

(3) ............... निकषा कन्या दृष्टा। (कूप)

(4) समरेषु ............... भव। (भीम)

**2. रेखाङ्कितेषु पदेषु प्रयुक्तायाः विभक्तेः परिचयं कारयत ।**

(1) मार्गे कदाचित् दुर्घटनाः अपि घटन्ति।

(2) भीताः पूर्वराजपुरुषाः देशान्तरं व्रजन्ति।

(3) पठनेन विना न प्राप्यते विद्या।

(4) भोः श्रेष्ठिन् ! अलम् आशङ्कया।

**3. परस्परं मेलयत ।**

| क | ख |
|---|---|
| (1) पञ्चमी विभक्तिः | (1) सह |
| (2) षष्ठी विभक्तिः | (2) कृते |
| (3) द्वितीया विभक्तिः | (3) ऋते |
| (4) तृतीया विभक्तिः | (4) स्वाहा |
| | (5) परितः |

•

# અભ્યાસ 4 : કૃદંત-પરિચય

ધોરણ 9માં તમે સંબંધક ભૂતકૃદંત અને હેત્વર્થ કૃદંતોનો પરિચય કરી ચૂક્યા છો. હવે તમારે બીજાં બે કૃદંતોનો પરિચય કરવાનો છે. આ બે કૃદંતો છે 1. ભૂતકૃદંત અને 2. વિધ્યર્થકૃદંત

## (1) ભૂતકૃદંત :

નીચે આપવામાં આવેલા क વિભાગ અને ख વિભાગનાં વાક્યોને ધ્યાનથી વાંચો :

| क | ख |
|---|---|
| (1) कृष्णः पठनाय गुरुकुलम् अगच्छत्। | (1) कृष्णः पठनाय गुरुकुलम् गतवान्। |
| (2) गार्गी एकं वेदम् अपठत्। | (2) गार्गी एकं वेदं पठितवती। |
| (3) छात्रः काव्यम् अलिखत्। | (3) छात्रः काव्यं लिखितवान्। |

ઉપર क વિભાગ સામે બીજો એક ख વિભાગ આપવામાં આવ્યો છે. આ બંને વિભાગોમાંનાં વાક્યોમાં જે રેખાંકિત પદો છે તે બધાં ક્રિયાપદો છે. બંને વર્ગમાં સામસામે આપવામાં આવેલા દરેક વાક્યમાં જોકે (अगच्छत्। અને गतवान्। એ રૂપમાં) ક્રિયાપદ અલગ અલગ પ્રકારનાં છે, પણ તેમ છતાં क વિભાગનું વાક્ય જે અર્થ આપી રહ્યું છે, તે જ અર્થ ख વિભાગનું વાક્ય પણ આપે છે. આમ, એક જ અર્થને કહેવા માટે બંને વાક્યોમાં જુદાં જુદાં ક્રિયાપદો વાપરવામાં આવ્યાં છે.

આ ઉપરથી જણાય છે કે વક્તા ધારે તો ઉપર્યુક્ત क વિભાગમાં આવેલાં વાક્યના બદલામાં તેની સામે ख વિભાગમાં આવેલું બીજું વાક્ય પણ વાપરી શકે છે. બીજી રીતે કહીએ તો ઉપરનાં વાક્યોમાં ક્રિયાપદો જુદાં જુદાં હોવા છતાં (क વિભાગ અને ख વિભાગનાં) બંને વાક્યોનો અર્થ સમાન છે. વક્તા ધારે તે વાક્યને વાપરી શકે છે.

क વિભાગના 1. कृष्णः पठनाय गुरुकुलम् अगच्छत्। અને ख વિભાગના 1. कृष्णः पठनाय गुरुकुलम् गतवान्। બંને વાક્યોનાં ક્રિયાપદમાં गम् – गच्छ् ધાતુ વપરાયો છે. વળી, અહીં બંને વાક્યોમાં ભૂતકાળને કહેવાની વક્તાની ઇચ્છા (વિવક્ષા) છે. આમ, ધાતુ અને કાળ સમાન હોવા છતાં બંને વાક્યોમાં ક્રિયાપદો अगच्छत् અને गतवान् એવાં રૂપમાં જુદાં જુદાં છે. આનું કારણ અહીં ધાતુની પાછળ આવેલા પ્રત્યય છે. જેમકે -

(1) क વિભાગ નીચે જે વાક્યો આપવામાં આવ્યાં છે, તેમાં આવેલાં ક્રિયાપદો હ્યસ્તન ભૂતકાળનાં છે અને તે તિ-પ્રત્યયાન્ત તિઙન્ત (तिप् વગેરે પરસ્મૈપદના પ્રત્યયો ધરાવે) છે. આથી આવાં ક્રિયાપદોમાં પુરુષ તથા વચનની યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવાની હોય છે. (આવી વ્યવસ્થાના નિયમો તમે ધોરણ 9માં શીખી ગયા છો.)

(2) क વિભાગની સામે ख વિભાગમાં જે વાક્યો આપવામાં આવ્યાં છે, તેમાં આવેલાં ક્રિયાપદો ભૂતકાળનાં છે; પરંતુ તે (તિઙન્તનાં નહિ, પરંતુ) કૃદંત (कृत् પ્રત્યય ધરાવતાં) છે. આવાં ક્રિયાપદો ધરાવતાં વાક્યમાં તિઙન્ત ક્રિયાપદની જેમ પુરુષ અને વચનની વ્યવસ્થા વિચારવાની હોતી નથી.

પરંતુ યાદ રાખો કે આવાં ભૂતકૃદંત ક્રિયાપદો બે પ્રકારનાં છે. - 1. त (क्त) પ્રત્યયાન્ત (કર્મણિ ભૂતકૃદંત) અને 2. वत् (क्तवत्) પ્રત્યયાન્ત (કર્તરિ ભૂતકૃદંત). આવાં ક્રિયાપદોનો પ્રયોગ કરતી વખતે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી બને છે. જેમકે -

**क.** त (क्त) પ્રત્યયાન્ત ક્રિયાપદ હોય છે, તે કર્મણિ કે ભાવે (એટલે કે કર્મ અર્થમાં અથવા તો ભાવ અર્થમાં) હોય છે. આ કારણથી त (क्त) પ્રત્યયાન્ત ક્રિયાપદોનો પ્રયોગ કરતી વખતે कर्मणि અને भावे વાક્ય રચવાનું રહે છે. હવે, कर्मणि વાક્યરચના માટે નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની છે. જેમકે -

(1) कर्मणि કે भावे વાક્યરચનામાં કર્તા હંમેશાં તૃતીયા વિભક્તિમાં મુકાય છે.

(2) કર્મ પ્રથમા વિભક્તિમાં મુકાય છે.

(3) ક્રિયાપદ, કર્મની જેમ લિંગ, વિભક્તિ અને વચન લે છે.

દા.ત., कुशेन आम्ररसः पीतः। (કુશે કેરીનો રસ પીધો.) અહીં कुशेन એ કર્તામાં તૃતીયા વિભક્તિ અને आम्ररसः એ કર્મમાં (પુંલ્લિંગ) પ્રથમા વિભક્તિ, એકવચન વપરાયું છે. એ પછી અહીં આવેલા आम्ररसः એ કર્મ પ્રમાણે पीतः એ ક્રિયાપદમાં પુંલ્લિંગ, પ્રથમા વિભક્તિ અને એકવચન વપરાયું છે.

આવી જ રીતે જ્યારે ભાવે વાક્યરચના (જેમાં કર્મ ન હોય તેવી અકર્મક વાક્યરચના) કરવાની હોય છે, ત્યારે પણ નીચેની ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. જેમકે -

(1) ભાવે વાક્યરચનામાં કર્તા હંમેશાં તૃતીયા વિભક્તિમાં મુકાય છે.

(2) ભાવે વાક્યરચનામાં ક્યારેય કર્મ હોતું નથી. (આવાં વાક્યોમાં આવતાં ક્રિયાપદો અકર્મક હોય છે. તેથી ત્યાં કર્મ આવતું નથી. પરિણામે તેના પ્રયોગની બાબતમાં કશું જ ધ્યાન રાખવાનું હોતું નથી.)

(3) ક્રિયાપદ હંમેશાં નપુંસકલિંગ, પ્રથમા વિભક્તિ અને એકવચનમાં વાપરવાનું હોય છે.

દા.ત., रामेण हसितम्। (રામથી હસી પડાયું.) અહીં रामेण એ કર્તા તૃતીયા વિભક્તિમાં છે. અહીં કર્મ છે નહિ, તેથી તેને વાપરવાના નિયમનો કોઈ વિચાર કરવાનો રહેતો નથી. એ પછી અહીં જે ક્રિયાપદ છે, તે हसितम् છે. તે નિયમ મુજબ નપુંસકલિંગ, પ્રથમા વિભક્તિ અને એકવચનમાં વપરાયું છે. ( આ જ રીતે सीतया हसितम्। વગેરે પ્રયોગોમાં કે જ્યાં કર્તા સ્ત્રીલિંગનો હોય છે, ત્યાં પણ ક્રિયાપદ હંમેશાં નપુંસકલિંગ, પ્રથમા વિભક્તિ અને એકવચનમાં જ વપરાય છે.)

**ख.** तवत् (क्तवतु > क्तवत् > तवत्) પ્રત્યયાન્ત ક્રિયાપદ कर्तरि (એટલે કે કર્તા અર્થમાં) હોય છે. આ કારણે वत् પ્રત્યયાન્ત ક્રિયાપદ જ્યારે વાપરવાનું હોય, ત્યારે ત્યાં कर्तरि વાક્યરચના કરવાની હોય છે.

कर्तरि વાક્યરચના કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની છે. જેમકે -

(ક) कर्तरि વાક્યરચનામાં કર્તા પ્રથમા વિભક્તિમાં રહે છે.

(ખ) કર્મ હોય, તો તે દ્વિતીયા વિભક્તિમાં મુકાય છે.

(ગ) કૃદંત પદમાં કર્તાને અનુસરીને કર્તાની જેમ જ લિંગ, વચન અને વિભક્તિ વાપરવાનાં હોય છે.

દા.ત., - देवदत्तः ग्रन्थान् दत्तवान्। અહીં કર્તા देवदत्तः છે, તે (પું.) પ્રથમા વિભક્તિ એકવચનમાં છે. ग्रन्थान् એ કર્મ છે. તે દ્વિતીયા વિભક્તિમાં વપરાયું છે. એ પછી दत्तवान् એવું જે કૃદંત ક્રિયાપદ છે, તે કર્તા પ્રમાણે (दत्तवत् > दत्तवान् એમ) પુંલ્લિંગમાં પ્રથમા, એકવચનમાં વપરાયું છે.

## કર્મણિભૂતકૃદંત (क्त > त પ્રત્યયાન્ત રૂપો)

(1) कृ + त = कृत। (पुं. कृतः, स्त्री. कृता, नपुं. कृतम्।)

(2) भू + त = भूत। (पुं. भूतः, स्त्री. भूता, नपुं. भूतम्।)

(3) पा + त = पीत। (पुं. पीतः, स्त्री. पीता, नपुं. पीतम्।)

(4) खाद् + त = खादित। (पुं. खादितः, स्त्री. खादिता, नपुं. खादितम्।)

(5) गम् + त = गत। (पुं. गतः, स्त्री. गता, नपुं. गतम्।)

(6) दा + त = दत्त। (पुं. दत्तः, स्त्री. दत्ता, नपुं. दत्तम्।)

## કર્તરિ ભૂતકૃદંત (क्तवतु > तवतु > तवत् પ્રત્યયાન્ત) રૂપો

(1) कृ + तवत् = कृतवत्।। (पुं. कृतवान्, स्त्री. कृतवती, नपुं. कृतवत्।)

(2) भू + तवत् = भूतवत्। (पुं. भूतवान्, स्त्री. भूतवती, नपुं. भूतवत्।)

(3) पा + तवत् = पीतवत्। (पुं. पीतवान्, स्त्री. पीतवती, नपुं. पीतवत्।)

(4) खाद् + तवत् = खादितवत्। (पुं. खादितवान्, स्त्री. खादितवती, नपुं. खादितवत्।)

(5) गम् + तवत् = गतवत्। (पुं. गतवान्, स्त्री. गतवती, नपुं. गतवत्।)

(6) दा + तवत् = दत्तवत्। (पुं. दत्तवान्, स्त्री. दत्तवती, नपुं. दत्तवत्।)

ઉપરનાં ઉદાહરણો પરથી જણાશે કે કર્મણિ ભૂતકૃદંતને (भूत) वत् લગાડવાથી કર્તરિ ભૂતકૃદંત બને છે - (भूतवत्).

## (2) વિધ્યર્થકૃદંત

નીચે આપવામાં આવેલા क વિભાગ અને ख વિભાગનાં વાક્યોને ધ્યાનથી વાંચો :

| क | ख |
|---|---|
| (1) कृष्णः श्लोकं लिखेत्। | (1) कृष्णेन श्लोकः लिखितव्यः। |
| (2) छात्राः प्रातः वेदं पठेयुः। | (2) छात्रैः प्रातः वेदः पठितव्यः। |
| (3) छात्रः हसेत्। | (3) छात्रेण हसितव्यम्। |

ઉપર क સામે બીજો એક ख વિભાગ આપવામાં આવ્યો છે. આ બંને વિભાગોમાંનાં વાક્યોમાં જે રેખાંકિત પદો છે તે બધાં ક્રિયાપદો છે. બંને વર્ગમાં સામસામે આપવામાં આવેલા દરેક વાક્યમાં જોકે (लिखेत् અને लिखितव्यः। એ રૂપમાં) ક્રિયાપદ અલગ અલગ પ્રકારનાં છે, પણ તેમ છતાં क વિભાગનું વાક્ય જે અર્થ આપી રહ્યું છે, તે જ અર્થ ख વિભાગનું વાક્ય પણ આપે છે. આમ, એક જ અર્થને કહેવા માટે બંને વાક્યોમાં જુદાં જુદાં ક્રિયાપદો વાપરવામાં આવ્યાં છે.

આ ઉપરથી જણાય છે કે વક્તા ધારે તો અહીં પણ ઉપર્યુક્ત क વિભાગમાં આવેલા વાક્યના બદલામાં તેની સામે ख વિભાગમાં આવેલું બીજું વાક્ય પણ વાપરી શકે છે.

આવા પ્રકારનાં વાક્યની સંરચના સમજવા માટે નીચેની કેટલીક બાબતો જાણી લેવી જરૂરી છે. (આમાંની કેટલીક બાબતો તો ઉપર ભૂતકૃદંતના વાક્યપ્રયોગોનો વિચાર કરતી વખતે તમે જોઈ ગયા છો. અહીં તે સમાન બાબતોનું પુનરાવર્તન જ થવાનું છે.

क વિભાગના 1. कृष्णः श्लोकं लिखेत्। અને ख વિભાગના 1. कृष्णेन श्लोकः लिखितव्यः। બંને વાક્યોનાં ક્રિયાપદમાં लिख् ધાતુ વપરાયો છે. વળી, અહીં બંને વાક્યોમાં વિધ્યર્થને કહેવાની વક્તાની ઇચ્છા (વિવક્ષા) છે. આમ, ધાતુ અને (વિધ્યર્થ એવો) અર્થ એક સમાન હોવા છતાં બંને વાક્યોમાં ક્રિયાપદો लिखेत् અને लिखितव्यः એવાં રૂપમાં જુદાં જુદાં છે. આનું કારણ અહીં ધાતુની પાછળ આવેલ પ્રત્યય છે. જેમકે -

1. क વિભાગની નીચે જે વાક્યો આપવામાં આવ્યાં છે, તેમાં આવેલાં ક્રિયાપદો વિધ્યર્થનાં છે, तिङन्त છે. આવાં ક્રિયાપદોમાં પુરુષ તથા વચનની યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવાની હોય છે. (આવી વ્યવસ્થાના નિયમો તમે ધોરણ 9માં શીખી ગયા છો.)

2. क વિભાગની સામે ख વિભાગમાં જે વાક્યો આપવામાં આવ્યાં છે, તેમાં આવેલાં ક્રિયાપદો વિધ્યર્થનાં છે, પરંતુ તે (तिङन्त નહિ, પરંતુ) કૃદંત (कृत् પ્રત્યય ધરાવતાં) છે. આવાં ક્રિયાપદો ધરાવતાં વાક્યોમાં तिङन्त ક્રિયાપદની જેમ પુરુષ અને વચનની વ્યવસ્થા વિચારવાની હોતી નથી.

યાદ રાખો, વિધ્યર્થ કૃદંતનાં ક્રિયાપદો બે પ્રકારનાં છે - 1. तव्य प्रत्ययान्त અને 2. अनीय प्रत्ययान्त. આવાં ક્રિયાપદોનો પ્રયોગ કરતી વખતે એ વાત યાદ રાખવાની છે કે વિધ્યર્થ કૃદંતના આ બંને પ્રત્યયો कर्मणि (કર્મ અર્થમાં) કે भावे (ભાવ અર્થમાં) આવે છે. તેથી આ तव्य અને अनीय प्रत्ययान्त ક્રિયાપદવાળી વાક્યરચના માટે (क्त) त प्रत्ययान्त ક્રિયાપદના પ્રયોગની જેમ બધા નિયમો લાગુ પડે છે. જેમકે -

कर्मणि વાક્યરચના માટે નીચે પ્રમાણે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. જેમકે -

कर्मणि વાક્યરચનામાં (1) કર્તા હંમેશાં તૃતીયા વિભક્તિમાં મુકાય છે.

(2) કર્મ પ્રથમા વિભક્તિમાં મુકાય છે.

(3) ક્રિયાપદ કર્મની જેમ લિંગ, વિભક્તિ અને વચન લે છે.

દા.ત., चन्दनदासः शिष्येण अत्र आनेतव्यः। (ચંદનદાસને શિષ્યે અહીં લઈ આવવો જોઈએ.) અહીં शिष्येण એ કર્તામાં તૃતીયા વિભક્તિ, चन्दनदासः એ કર્મમાં (પું.) પ્રથમા વિભક્તિ અને आनेतव्यः એ ક્રિયાપદ चन्दनदासः એ કર્મ

પ્રમાણે પુંલ્લિંગ પ્રથમા વિભક્તિમાં વપરાયું છે. (આવી જ રીતે જ્યારે अनीय પ્રત્યયનો પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે चन्दनदासः शिष्येण अत्र आनयनीयः। એવો વાક્યપ્રયોગ થાય.)

આવી જ રીતે જ્યારે ભાવે વાક્યરચના કરવાની હોય છે, ત્યારે તે માટે પણ નીચે પ્રમાણે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. જેમકે -

(1) ભાવે વાક્યરચનામાં કર્તા હંમેશાં તૃતીયા વિભક્તિમાં મુકાય છે.

(2) ભાવે વાક્યરચનામાં ક્યારેય કર્મ હોતું નથી. (તેથી તેના પ્રયોગની બાબતમાં કાંઈ ધ્યાન રાખવાનું નથી.)

(3) ક્રિયાપદ હંમેશાં નપુંસકલિંગ, પ્રથમા વિભક્તિ એકવચનમાં મુકાય છે.

દા.ત., (इदमासनम्, तत्र) मोहेशेन स्थातव्यम्। (આ આસન છે, ત્યાં મોહેશે બેસવું જોઈએ.) અહીં मोहेशेन એ કર્તા તૃતીયા વિભક્તિમાં છે, કર્મ હોતું નથી તેથી તેનો વિચાર કરવાનો રહેતો નથી અને स्थातव्यम् એ ક્રિયાપદ નપુંસકલિંગ પ્રથમા વિભક્તિ એકવચનમાં વપરાયું છે. (આવી જ રીતે જ્યારે अनीय પ્રત્યયનો પ્રયોગ કરવામાં આવે ત્યારે (इदमासनम्, तत्र) मोहेशेन स्थानीयम्। એવો વાક્યપ્રયોગ થાય)

## વિધ્યર્થ કૃદંત (तव्य પ્રત્યયાન્ત) રૂપો

(1) भू + तव्य = भवितव्य। (पुं. भवितव्यः, स्त्री. भवितव्या, नपुं. भवितव्यम्।)।

(2) पा + तव्य = पातव्य।। (पुं. पातव्यः, स्त्री. पातव्या, नपुं. पातव्यम्।)।

(3) खाद् + तव्य = खादितव्य। (पुं. खादितव्यः, स्त्री. खादितव्या, नपुं. खादितव्यम्।)।

(4) गम् + तव्य = गन्तव्य। (पुं. गन्तव्यः, स्त्री. गन्तव्या, नपुं. गन्तव्यम्।)।

(5) दा + तव्य = दातव्य। (पुं. दातव्यः, स्त्री. दातव्या, नपुं. दातव्यम्।)।

## વિધ્યર્થ કૃદંત (अनीयर् પ્રત્યયાન્ત)

(1) भू + अनीय = भवनीय। (पुं. भवनीयः, स्त्री. भवनीया, नपुं. भवनीयम्)।

(2) पा + अनीय = पानीय।। (पुं. पानीयः, स्त्री. पानीया, नपुं. पानीयम्।)।

(3) खाद् + अनीय = खादनीय। (पुं. खादनीयः, स्त्री. खादनीया, नपुं. खादनीयम्।)।

(4) गम् + अनीय = गमनीय। (पुं. गमनीयः, स्त्री. गमनीया, नपुं. गमनीयम्।)।

(5) दा + अनीय = दानीय। (पुं. दानीयः, स्त्री. दानीया, नपुं. दानीयम्।)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां कृदन्तपदानां प्रकारं लिखत ।**

| | | | |
|---|---|---|---|
| (1) पठनीयम् | ............... | (2) दानीयः | ............... |
| (3) रक्षितः | ............... | (4) गन्तव्यः | ............... |

**2. अधोलिखितेषु पदेषु विध्यर्थकृदन्तपदानां चयनं कुरुत ।**

| | | | |
|---|---|---|---|
| (1) स्थातव्यम् | ............... | (2) पानीयम् | ............... |
| (3) परिचेतुम् | ............... | (4) हसनीयम् | ............... |
| (5) लिखिता | ............... | (6) द्रष्टव्या | ............... |

**3. निम्नलिखितानां कृदन्तानां प्रत्ययनिर्देशपूर्वकं प्रकारं लिखत ।**

| | | | |
|---|---|---|---|
| (1) गन्तव्यम् | ............... | (2) कृता | ............... |
| (3) भूतः | ............... | (4) खादनीयः | ............... |
| (5) पठितव्यम् | ............... | (5) प्रवेष्टव्यम् | ............... |

**4. क्रियापदस्य स्थाने कर्मणि भूतकृदन्तस्य योग्यं रूपं लिखत ।**

(1) मत्स्यः उत्प्लुत्य गभीरं नीरं प्राविशत्।

(2) पितामहं द्रष्टुं त्वं स्वर्गम् अगच्छः।

(3) वेदव्यासः महाभारतम् अरचयत्।

(4) बालकाः संस्कृतम् अपठन्।

(5) देवेशः इदानीं किम् अपश्यत्।

**5. क्रियापदस्य स्थाने विध्यर्थकृदन्तस्य योग्यं रूपं लिखत ।**

(1) नन्दस्य गुणान् स्मरेत्।

(2) क्वचित् सहसा न वदेः।

(3) एवं कथं भवेत्।

(4) नीरिमा एव पुरतः प्रविशेत्।

(5) विद्याभ्यासं समाचरेत्।

સંસ્કૃતમાં સમાસના મુખ્યત્વે ચાર પ્રકાર છે : 1. અવ્યયીભાવ 2. તત્પુરુષ 3. બહુવ્રીહિ 4. દ્વન્દ્વ. આમાંથી તમે તત્પુરુષ અને દ્વન્દ્વ - એ બે પ્રકારના સમાસોનો નવમા ધોરણમાં અભ્યાસ કરી ચૂક્યા છો. અહીં તત્પુરુષ સમાસનો જ એક પ્રકાર મનાતા કર્મધારય અને બહુવ્રીહિ - એમ બે સમાસો તમારે શીખવાના છે.

કર્મધારય અને બહુવ્રીહિ સમાસનો અભ્યાસ પ્રારંભ કરીએ, તે પહેલાં વિગત વર્ષે તમે સમાસને લગતી જે બાબતોનો અભ્યાસ કરી ગયા છો, તેનું થોડુંક પુનરાવર્તન કરવું આવશ્યક છે. આ માટે નીચેનાં વાક્યોને ધ્યાનપૂર્વક વાંચો -

(1) सेवितव्यः <u>महान्</u> <u>वृक्षः</u>।

(2) सेवितव्यः <u>महावृक्षः</u>।

આ વાક્યયુગલોને વાંચતાં જણાય છે કે પ્રથમ વાક્યમાં જે બે રેખાંકિત નામપદો વપરાયાં છે, તે બે નામપદો બીજા વાક્યમાં સમાસ થઈને (એટલે કે એક થઈને, સંક્ષિપ્ત થઈને) વપરાયાં છે. અહીં જોઈ શકાય છે કે પહેલા વાક્યમાં महान् અને वृक्षः એવાં જે બે નામપદો છે, તે જુદાં જુદાં પદ તરીકે વપરાયાં છે અને તેમની સાથે જુદો જુદો વિભક્તિ-પ્રત્યય જોડાયેલો છે. એ પછી બીજા વાક્યમાં જોતાં આ બંને નામપદોનો સમાસ (महावृक्षः એવો) થઈને જે પ્રયોગ થયો છે, તેમાં બંને નામોના અંતે એક જ વિભક્તિ પ્રત્યય જોડાયેલો છે. તમે શીખી ગયા છો કે આમ થવાનું કારણ સમાસ છે.

હવે, સમાસનો અભ્યાસ આગળ વધારીએ.

## (1) કર્મધારય સમાસ :

કર્મધારય સમાસ તત્પુરુષ સમાસનો એક પેટા પ્રકાર છે. આથી આને કર્મધારય તત્પુરુષ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમાસ વિશેષ્ય અને વિશેષણ - એવાં બે પદોનો થાય છે. (વિશેષ્ય-વિશેષણની સમજ તમને અભ્યાસ-2માં મળી ચૂકી છે.) જેમકે નીચેનાં બે વાક્યો વાંચો :

(1) सरोवरे <u>नीलं</u> <u>कमलं</u> वर्तते।

(2) सरोवरे <u>नीलकमलं</u> वर्तते।

અહીં પ્રથમ વાક્યમાં नीलम् અને कमलम् એવાં જે બે પદો છે, તે પ્રથમા વિભક્તિમાં છે. આ પ્રથમા વિભક્તિમાં રહેલાં બંને પદો દ્વિતીય વાક્યમાં સમાસ કરીને વાપર્યાં છે. તમારે એ યાદ રાખવાનું છે કે -

(1) અહીં नीलम् એ વિશેષણ પદ છે અને कमलम् એ વિશેષ્ય પદ છે.

(2) જ્યારે વિશેષ્ય અને વિશેષણનો સમાસ થાય છે, ત્યારે ત્યાં પૂર્વપદમાં અને ઉત્તરપદમાં - બંને પદોમાં એક સરખી વિભક્તિ હોય છે. અહીં બંને પદોમાં પ્રથમા વિભક્તિ છે.

(3) આવાં વિશેષ્ય - વિશેષણપદોના તત્પુરુષ સમાસને કર્મધારય તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રકારના વિશેષ્ય અને વિશેષણ પદોના થયેલા સમાસવાળા પદનો વિગ્રહ કરતી વખતે (જો બંને પદો પુંલ્લિંગનાં હોય, તો) બંને પદોની વચ્ચે च असौ (चासौ), (સ્ત્રીલિંગનાં હોય, તો) च असौ (चासौ) અને (નપુંસકલિંગનાં હોય, તો) च तत् પદો પણ મુકાય છે. જેમકે -

(1) वामः च असौ बाहुः – वामबाहुः।

(2) मुक्ता च असौ (चासौ) मणिः – मुक्तामणिः।

(3) विक्रान्तं च तत् कार्यम् – विक्रान्तकार्यम्।

ઉપરનાં વાક્યોમાં ક્રમશઃ પુંલ્લિંગ વિશેષણોનો પુંલ્લિંગ વિશેષ્યની સાથે, સ્ત્રીલિંગ વિશેષણનો સ્ત્રીલિંગ વિશેષ્યની સાથે અને નપુંસકલિંગ વિશેષણનો નપુંસકલિંગ વિશેષ્યની સાથે સમાસ થયો છે.

હવે નીચેનું બીજું એક વાક્ય વાંચો -

(1) पाणिनेः कृतिः अष्टाध्यायी वर्तते।

(1) पाणिनेः कृतिः अष्टानाम् अध्यायानां समाहारः वर्तते।

પ્રથમ વાક્યમાં વપરાયેલા अष्टाध्यायी પદમાં સમાસ છે. બીજા વાક્યમાં તેનું વિગ્રહવાક્ય अष्टानाम् अध्यायानां समाहारः વપરાયું છે. યાદ રાખો કે આ વિગ્રહવાક્યમાં આવેલું अष्टानाम् એ પદ વિશેષણ છે અને अध्यायानाम् એ પદ વિશેષ્ય છે. વળી, આ વિશેષ્ય અને વિશેષણ બંને પદોમાં એક સરખી વિભક્તિ – ષષ્ઠી વિભક્તિ છે. આ રીતે અહીં પણ વિશેષ્ય - વિશેષણનો અને એકસરખી વિભક્તિવાળાં પદોનો સમાસ હોવાથી, આ કર્મધારય તત્પુરુષ સમાસ છે. પરંતુ આ સમાસમાં એક અન્ય વિશેષતા પણ છે. કે વિશેષ્ય - વિશેષણનો આ સમાસ સમાહાર (એટલે કે અમુક વસ્તુનો સમૂહ) અર્થમાં છે. આ પ્રકારના સમાહાર અર્થમાં થનારા કર્મધારય તત્પુરુષ સમાસમાં જો સંખ્યાવાચક પદ પૂર્વપદમાં હોય, તો તેને દ્વિગુ સમાસ પણ કહે છે. આ દ્વિગુ સમાસ જો अकारान्त હોય, તો તે કાયમી ધોરણે સ્ત્રીલિંગમાં જ વપરાય છે. (અને આ કારણે સ્ત્રીલિંગનો વાચક ई પ્રત્યય તેની સાથે જોડાય છે.) વળી, આ સમાસમાં સમાહાર એવો અર્થ સામેલ છે, એમ બતાવવા માટે સામાસિક પદનું વિગ્રહ વાક્ય આપતી વખતે બંને પદોના અંતે समाहारः પદ પણ મૂકવામાં આવે છે. જેમકે - अष्टानाम् अध्यायानां समाहारः = अष्टाध्यायी। આ દ્વિગુ (કર્મધારય) તત્પુરુષ સમાસનું ઉદાહરણ છે.

આ કર્મધારય તત્પુરુષ સમાસનો જ એક પ્રકાર હોવાથી અહીં પણ ઉત્તરપદના અર્થની પ્રધાનતા હોય છે.

## (2) બહુવ્રીહિ સમાસ :

નીચેનાં વાક્યોને ધ્યાનથી વાંચો :

(1) <u>तीक्ष्णबुद्धिः</u> जनः सर्वान् अर्थान् धिया पश्यति।

(2) <u>बहुमत्स्यः</u> अयं ह्रदः।

(3) अर्जुनः अपि <u>जातहर्षः</u> तैः सह संलग्नः अभवत्।

આ બધાં વાક્યોમાં રેખાંકિત પદો સમાસપદો છે અને અહીં બહુવ્રીહિ સમાસ થયો છે. આ સમાસપદોને છૂટાં પાડતાં એટલે કે તેમનો વિગ્રહ કરતાં (तीक्ष्णबुद्धिः) तीक्ष्णा बुद्धिः यस्य सः, (बहुमत्स्यः) बहवः मत्स्याः यस्मिन् सः, (जातहर्षः) जातः हर्षः यस्य सः એવાં ચાર ચાર પદો વાપરવાનાં થાય છે. બહુવ્રીહિ સમાસના વિગ્રહવાક્યમાં વપરાયેલાં આ બધાં પદોને તમે ધ્યાનથી જુઓ. તમને જણાશે કે -

(1) છૂટાં પડેલાં ચાર પદોમાંથી સમાસ તો માત્ર બે જ પદોનો થયેલો છે.

(2) જે બે પદોનો સમાસ થયેલો છે, તેમાં એક સરખી રીતે પ્રથમા વિભક્તિ વપરાયેલી છે.

(3) વિગ્રહ વાક્યમાં જે બીજાં બે પદો દેખાય છે, તેવાં બે પદો આ બહુવ્રીહિ સમાસના વિગ્રહવાક્યમાં જ જોવા મળે છે, તે સિવાયના અન્ય સમાસોનાં વિગ્રહ વાક્યોમાં દેખાતાં નથી. (આથી હવે, એ વિચારવાનું રહે છે કે બહુવ્રીહિ સમાસમાં જ આ પદો શા માટે વપરાય છે, બીજા સમાસોમાં કેમ નહિ.)

હવે, આ ત્રણ બાબતોની નોંધ લઈને બહુવ્રીહિ સમાસની પ્રક્રિયા શીખવાની છે. યાદ રાખો -

(1) બહુવ્રીહિ સમાસ એકી સાથે અનેક વિભક્તિનાં પદોનો થઈ શકે છે.

(2) સમાસમાં જેટલાં વિભક્તિનાં પદો જોડવાનાં હોય છે, તે બધાં પ્રથમા વિભક્તિમાં હોય છે.

(3) સમાસમાં વાપરવા ધારેલાં બધાં જ પદો, આખો સમાસ પોતાના અર્થને જતો કરે છે અને અન્ય કોઈ પદનો અર્થ કહે છે. (આવા અન્ય પદના અર્થને દર્શાવવા માટે જ વિગ્રહ વાક્યમાં यस्य सः જેવાં વધારાનાં પદોનો પ્રયોગ થાય છે.)

કેટલાક પ્રયોગ જુઓ :

(1) स्नेहपूर्णदृष्टिः (कुमारः)। આનું વિગ્રહવાક્ય છે - स्नेहपूर्णा दृष्टिः यस्य सः।

(2) लब्धपदः (नीचः)। આનું વિગ્રહવાક્ય છે - लब्धं पदं येन सः।

(3) गतरोगः (नरः)। આનું વિગ્રહવાક્ય છે - गतः रोगः यस्य सः।

(4) कृतबुद्धिः (ऋषिः)। આનું વિગ્રહવાક્ય છે - कृता बुद्धिः येन सः।

અહીં પ્રથમ પ્રયોગમાં વાક્યમાં स्नेहपूर्णा અને दृष्टिः એવાં બે પદોનો સમાસ થયો છે. આ બંને પદો પ્રથમા વિભક્તિમાં છે. હવે, આ બંને પદો, પોતાનો જે અર્થ છે, (જેમકે - स्नेहपूर्णा એટલે સ્નેહથી ભરેલી અને दृष्टिः એટલે નજર), તે અર્થને પડતો મૂકીને कुमारः એવા અન્ય પદના અર્થમાં આવી જાય છે. આ અન્ય પદના અર્થમાં આવી જવાની બાબતને બતાવવા માટે વિગ્રહવાક્યમાં (यत् સર્વનામનું યોગ્ય રૂપ વાપરવામાં આવે છે. જેમકે અહીં) यस्य પદ વાપરવામાં આવ્યું છે. આવી જ રીતે लब्धपदः (नीचः) જેવા પ્રયોગમાં लब्धम् અને पदम् એ બે પદોનો સમાસ થયેલો છે. આ બંને પદો પ્રથમા વિભક્તિવાળાં છે અને પોતાના અર્થને પડતો મૂકીને અહીં नीचः એવા અન્ય પદના અર્થમાં આવી ગયાં છે. આ અન્ય પદનો અર્થ બતાવવા માટે આના વિગ્રહવાક્યમાં અહીં येन सः એવાં બે સર્વનામોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આથી આનું વિગ્રહવાક્ય लब्धं पदं येन सः છે. આ રીતે બહુવ્રીહિ સમાસ વિશેષણ બની રહે છે. દા.ત., <u>पीताम्बरः</u> विष्णुः।

આ જ પ્રકારે બહુવ્રીહિના બધા જ પ્રયોગોમાં સમાસવ્યવસ્થા વિચારવાની રહે છે.

ઉપર જોયું તેમ બહુવ્રીહિ સમાસમાં વપરાયેલાં બંને પદો અન્ય પદોનો અર્થ આપે છે. તે કારણે આ બહુવ્રીહિ સમાસાન્ત પદ પ્રાયઃ વિશેષણ તરીકે વપરાય છે. આથી બહુવ્રીહિ સમાસવાળા પદનું લિંગ તેના વિશેષ્યના લિંગની જેમ રાખવાનું હોય છે, તેથી તે બદલાતું રહે છે. એટલે કે જો વિશેષ્ય પુંલ્લિંગનું હોય, તો બહુવ્રીહિ સમાસાન્ત પદ પણ પુંલ્લિંગમાં પ્રયોજાય છે. જો વિશેષ્ય સ્ત્રીલિંગનું હોય, તો બહુવ્રીહિ સમાસાન્ત પદ પણ સ્ત્રીલિંગમાં પ્રયોજાય છે અને જો વિશેષ્ય નપુંસકલિંગનું હોય, તો બહુવ્રીહિ સમાસાન્ત પદ પણ નપુંસકલિંગમાં પ્રયોજાય છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां पदानां समासप्रकारं लिखत ।**

(1) शिलालिखितम् ............... (2) नीतिनिपुणाः ...............

(3) प्रत्युत्पन्नमतिः ............... (4) लब्धविजयाः ...............

(5) प्रकृतिनिर्मिताः ............... (4) अधिगततत्त्वः ...............

**2. निम्नलिखितानि पदानि संयोज्य योग्यं समासं विरचयत ।**

(1) तीक्ष्ण + तुण्ड ............... (2) कृत + कार्य ...............

(3) न + प्राप्त ............... (4) गभीर + जल ...............

(5) उग्र + स्वभाव ...............

**3. क-विभागं ख-विभागेन सह संयोजयत।**

| क | ख |
|---|---|
| (1) भग्नदन्ता | (1) इतरेतर द्वन्द्वः |
| (2) प्राप्तबुद्धिः | (2) बहुव्रीहि (पुं.) |
| (3) परिवारजनः | (3) षष्ठी तत्पुरुष |
| (4) भयक्रोधौ | (4) बहुव्रीहि (स्त्री.) |
| (5) महावृक्षः | (5) कर्मधारय |
| | (6) द्वितीया तत्पुरुष |

નીચેનું વાક્ય જુઓ :

(1) राक्षसेभ्योऽपि भवन्त एव क्रूरतराः। (રાક્ષસો કરતાં પણ તમે જ વધારે ક્રૂર છો.)

આ વાક્યમાં આવેલાં પ્રથમ પદ (राक्षसेभ्योऽपि)માં ऽ પ્રકારનું ચિહ્ન દેખાય છે. તેને અવગ્રહ કહે છે. સંસ્કૃતભાષામાં આ ચિહ્નનો ઘણી વાર ઉપયોગ થતો હોય છે. તેથી આ અવગ્રહના ઉચ્ચારને જાણી લેવો જરૂરી છે.

વાસ્તવમાં આ અવગ્રહના ચિહ્નનો કોઈ સ્વતંત્ર રીતે ઉચ્ચાર કરવાનો હોતો નથી. આ અવગ્રહનું ચિહ્ન તો પોતાની પહેલાં આવેલા વર્ણનું ઉચ્ચારણ કરવામાં માત્ર માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે. જેમકે , પ્રસ્તુત ઉદાહરણમાં મૂળમાં તો राक्षसेभ्यः અને अपि એવાં બે પદો હતાં. પછી સંધિ થઈને હવે તે राक्षसेभ्योऽपि એ રૂપમાં છે. અહીં વપરાયેલા આ અવગ્રહના ચિહ્ન ઉપરથી એ સમજવાનું છે કે આગળના ओ વર્ણમાં પાછળનો अ વર્ણ ભળી ગયો છે. તેથી જ્યારે ओ વર્ણનું ઉચ્ચારણ કરવાનું થાય છે, ત્યારે એ ओ વર્ણ ઉપર થોડોક ભાર આપવાનો છે. (પ્રત્યક્ષ રીતે તો તમે તમારા શિક્ષક પાસેથી આનું ઉચ્ચારણ શીખી શકશો. છતાં પણ તમે પોતે सरोवरः અને सरोऽपि બે શબ્દોનું ઉચ્ચારણ કરીને જુઓ. તમને આ બંને સ્થળોમાં ઉચ્ચારાતા ओ વર્ણના ઉચ્ચારણનો ભેદ પકડાશે.)

હવે, આ જ વાક્યમાં વપરાયેલા એક બીજા ચિહ્ન તરફ ધ્યાન આપો. જુઓ - क्रूरतराः। એવા છેલ્લા પદને અંતે : આ પ્રકારનું એક ચિહ્ન વાપરવામાં આવ્યું છે. આને વિસર્ગ કહે છે. આનો ઉચ્ચાર સહેજ ह् વર્ણના જેવો થાય છે. સંસ્કૃતભાષામાં આ વિસર્ગનો વ્યાપક રીતે પ્રયોગ થાય છે.

આટલી સમજ કેળવી લીધા પછી હવે, નીચેનાં કેટલાંક વાક્યોને વાંચો :

(1) अधुना अस्माभिः किं (अस्माभिः किं) कर्तव्यम्।

(2) युधिष्ठिरादयश्च (युधिष्ठिरादयः च) भवन्तमभिवादयन्ति।

(3) भवता श्रोतव्यो जनार्दनस्य (श्रोतव्यः जनार्दनस्य) सन्देशः।

(4) भवन्त एव (भवन्तः एव) क्रूरतराः।

(5) शत्रोरपि (शत्रोः अपि) गुणाः ग्राह्याः।

ઉપરનાં પાંચેય વાક્યોમાં કૌંસની અંદર જે પદાવલિ મૂકવામાં આવી છે, તે વિસર્ગનું મૂળ રૂપ સૂચવે છે, જ્યારે વાક્યમાં તે વિસર્ગનો સંધિ કર્યા પછીનો પ્રયોગ દર્શાવેલો છે. તમે જોઈ શકો છો કે -

(1) પ્રથમ વાક્યમાં વિસર્ગ જેમનો તેમ જ રહ્યો છે.

(2) બીજા વાક્યમાં વિસર્ગના સ્થાનમાં श् વર્ણ વપરાયેલો છે.

(3) ત્રીજા વાક્યમાં વળી વિસર્ગને બદલે ओ થયો છે.

(4) ચોથા વાક્યમાં વિસર્ગ દેખાતો નથી. (વિસર્ગનો લોપ થયેલો છે.)

(5) પાંચમા વાક્યમાં વિસર્ગના સ્થાને र् દેખાય છે.

આ ઉપરથી જણાય છે કે સંસ્કૃત વાક્યરચનામાં વિસર્ગસંધિનો પ્રયોગ કરવાનો હોય, તો વિસર્ગ પોતાના સ્વરૂપ ઉપરાંત ઓછામાં ઓછાં બીજાં ચાર રૂપ (વિસર્ગના સ્થાનમાં श् વર્ણ, વિસર્ગને બદલે ओ, વિસર્ગનો લોપ અને વિસર્ગના સ્થાને र्) લઈ શકે છે. આ સ્થિતિમાં એ જાણી લેવું જરૂરી બને છે કે કયા સ્થળે વિસર્ગ કયું રૂપ લે છે. આ માટે સંધિના કેટલાક નિયમો જાણવા જોઈએ. જેમકે,

(1) વિસર્ગ પછી (ક) च् छ् અને श् આવે, તો વિસર્ગના સ્થાનમાં श् થઈ જાય છે. (ખ) ट्, ठ् અને ष् આવે, તો ष् અને (ગ) त्, थ् અને स् આવે તો स् થઈ જાય છે.

જેમકે - युधिष्ठिरादयः च। અહીં વિસર્ગ પછી च છે, તેથી વિસર્ગના સ્થાનમાં श् થઈને युधिष्ठिरादयश्च એવો પ્રયોગ થાય છે.

(2) વિસર્ગ પહેલાં જો अ (अ-વર્ણ) હોય અને વિસર્ગ પછી अ કે કોઈ ઘોષ વર્ણ (પ્રત્યેક વર્ગના ત્રીજા, ચોથા અને પાંચમા વર્ણને घोष वर्ण કહે છે.) આવેલો હોય, તો વિસર્ગનો ओ થઈ જાય છે.

જેમકે - श्रोतव्यः जनार्दनस्य। અહીં વિસર્ગ પહેલાં (य માંનો) अ વર્ણ છે અને વિસર્ગ પછી (च्, छ्, ज्, झ्, ञ् કે જે ચ-વર્ગ છે, તેમાંનો ત્રીજો) ज् છે, તેથી અહીં વિસર્ગનો ओ થઈ ગયો છે અને श्रोतव्यो जनार्दनस्य એમ પ્રયોગ થયો છે.

(3) (ક) વિસર્ગ પહેલાં જો आ હોય અને વિસર્ગની પાછળ સ્વર, ઘોષ (વર્ગનો ત્રીજો, ચોથો અને પાંચમો) વર્ણ અથવા અંતઃસ્થ (य् र् ल् व् પૈકી કોઈ) વર્ણ આવેલો હોય, તો વિસર્ગનો લોપ થઈ જાય છે. વળી, (ખ) વિસર્ગ પહેલાં જો अ (अ-વર્ણ) હોય અને વિસર્ગ પાછળ अ સિવાયનો કોઈ પણ અન્ય સ્વર આવેલો હોય, તો પણ વિસર્ગનો લોપ થઈ જાય છે.

જેમકે - विघ्नविहताः विरमन्ति। અહીં ताમાં આવેલા आ વર્ણ પછી વિસર્ગ છે અને તે વિસર્ગની પાછળ व् એ અંતઃસ્થ વર્ણ આવેલો છે, તેથી (ક નિયમ પ્રમાણે) વિસર્ગનો લોપ થઈ જાય છે અને विघ्नविहता विरमन्ति એવો સંધિપ્રયોગ થાય છે. એવી જ રીતે भवन्तः एव પ્રયોગ. અહીં પણ तમાં આવેલા अ વર્ણ પછી વિસર્ગ છે અને તે વિસર્ગ પછી ए એવો સ્વર આવેલો છે, તેથી (ખ નિયમ પ્રમાણે) વિસર્ગનો લોપ થઈને भवन्त एव એવો પ્રયોગ થાય છે.

(4) વિસર્ગની પહેલાં अ કે आ સ્વર સિવાયનો કોઈ પણ સ્વર આવેલો હોય અને વિસર્ગ પછી ગમે તે કોઈ સ્વર અથવા ઘોષ વ્યંજન પૈકીનો કોઈ વર્ણ આવેલો હોય તો વિસર્ગના સ્થાનમાં र् (रेफ) થઈ જાય છે.

જેમકે - शत्रोः अपि। અહીં त्रोમાં આવેલા ओ-વર્ણ પછી વિસર્ગ આવેલો છે અને વિસર્ગ પછી अ સ્વર આવેલો છે, તેથી વિસર્ગના સ્થાનમાં र् થઈને शत्रोरपि। એવું સંધિનું રૂપ બને છે. વળી नीतिः + नની સંધિ नीतिर्न થાય છે.

**ધ્યાનમાં રાખો :** ઉપર જણાવેલ નિયમ - 2 મુજબ જ્યાં વિસર્ગનો ओ થાય છે, ત્યાં વિસર્ગના થયેલા ओ પછી જો अ વર્ણ હોય, તો તે ખસી જાય છે. જેમકે, (राक्षसेभ्यः अपि) राक्षसेभ्योऽपि। અહીં વિસર્ગ પૂર્વે (भ्यમાંનો) अ વર્ણ છે અને વિસર્ગ પછી अ વર્ણ છે. તેથી અહીં વિસર્ગના સ્થાનમાં ओ થાય છે. - राक्षसेभ्यो अपि। એ પછી પાછળ રહેલો अपिમાંનો अ પેલા ओમાં ભળી જાય છે. આ બાબતની સૂચના આપવા માટે આવા સ્થળે અવગ્રહનું ચિહ્ન ऽ મૂકવામાં આવે છે.

## સ્વાધ્યાય

**1. नियमानुसारं विसर्गसन्धिं कुरुत ।**

(1) मानवाः सन्तु निर्भयाः।

(2) सुखिनः सर्वे सन्तु।

(3) अनाथः दरिद्रः जरारोगयुक्तः।

(4) दास्याः पुत्रः व्याघ्रः मद्भयेन मयूररूपं गृहीत्वा पलायते।

(5) नीचः प्रायेण दुःसहो भवति।

**2. सन्धिविच्छेदं कृत्वा वाक्यानि पुनः लिखत।**

(1) सं वो मनांसि जानताम्।

(2) अनेन तुषेभ्यस्तण्डुलाः पृथक् सञ्जाताः।

(3) अनाथ इव व्याघ्रेण खादितोऽस्मि।

(4) अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते।

(5) चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।

**3. क-वर्गेण सह ख-वर्गस्य मेलनं कुरुत ।**

| क | | ख | |
|---|---|---|---|
| (1) | सुजनो न | (1) | विसर्गस्य लोपः |
| (2) | गतिस्त्वम् | (2) | विसर्गस्य सन्धिः न |
| (3) | परोऽपि | (3) | विसर्गस्य रेफः |
| (4) | स्वर्गस्थितः कर्दनः | (4) | विसर्गस्य सकारः |
| (5) | वृद्ध इव | (5) | विसर्गस्य ओकारः अवर्णस्य परतः |
| | | (6) | विसर्गस्य ओकारः |

•